ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ગુજરાતી

## (દ્વિતીય ભાષા)

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

તમસોમા જ્યોતિર્ગમય

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર – 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. રમેશ આ. ઓઝા

**લેખન-સંપાદન**

ડૉ. ગુણવંત વ્યાસ
ડૉ. બળવંત તેજાણી
ડૉ. હાજીભાઈ બાદી
શ્રી પ્રવીણ કુકડિયા
ડૉ. વિશ્વનાથ પટેલ
ડૉ. દિપ્તીબહેન કુંડલ
ડૉ. રૂપલબહેન કુબાવત
પ્રિ. ઘનશ્યામસિંહ રાઠોડ
ડૉ. ગિરિજાશંકર જોષી
શ્રી તુષાર વ્યાસ

**સમીક્ષા**

શ્રી ધરમસિંહ પરમાર
ડૉ. રાકેશ રાવત
ડૉ. દિલીપ વ્યાસ
શ્રી મંગળદાસ મકવાણા
શ્રી લાભુભાઈ ચાવડા
શ્રી જીતેન્દ્ર ફિલિપ ડાભી
શ્રી મીનાબહેન બ્રહ્મભટ્ટ
શ્રી નીતાબહેન પટેલ

**સંયોજન**

ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન.સી.ઈ.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 11, ગુજરાતી (દ્વિતીય ભાષા)**નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા આ હસ્તપ્રતની સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષકે વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લેવી તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસે પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા. 04-11-2019

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016, પુનઃમુદ્રણ : 2017, 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51 (ક)

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | જાગને જાદવા | (પદ) | નરસિંહ મહેતા | 1 |
| 2. | ખરી મા | (નવલિકા) | રમણલાલ વ. દેસાઈ | 3 |
| 3. | સુદામાચરિત્ર | (આખ્યાન-ખંડ) | પ્રેમાનંદ | 9 |
| 4. | મારા રાહબર : અહેમદ જલાલુદ્દીન | (આત્મકથા-ખંડ) | ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ | 13 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-1)** | **શબ્દભંડોળ અને શબ્દઘડતર** | | 19 |
| 5. | પિતાની સેવા | (ઊર્મિકાવ્ય) | દલપતરામ | 23 |
| 6. | આંટી | (નવલિકા) | પન્નાલાલ પટેલ | 26 |
| 7. | ગવતરી | (લોકગીત) | સંકલિત | 30 |
| 8. | પુસ્તક : દિલોજાન દોસ્ત | (ચિંતન) | મોહમ્મદ માંકડ | 33 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-2)** | **સમાનાર્થી, વિરુદ્ધાર્થી અને જોડણી** | | 38 |
| 9. | હરિનાં દર્શન | (ભક્તિગીત) | ન્હાનાલાલ | 42 |
| 10. | બે લઘુકથાઓ | (લઘુકથા) | | 45 |
| | 1. ઠેસ 2. ઘા | | મોહનલાલ પટેલ, જનક ત્રિવેદી | |
| 11. | ભવિષ્યવેત્તા | (ઊર્મિકાવ્ય) | ચં. ચી. મહેતા | 48 |
| 12. | કર્ણ-કુંતી સંવાદ | (નાટ્યખંડ) | મનુભાઈ પંચોલી | 51 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-3)** | **સંધિ અને સમાસ** | | 56 |
| 13. | પૂજારી તું પાછો જા ! | (ઊર્મિકાવ્ય) | કૃષ્ણલાલ શ્રીધરાણી | 61 |
| 14. | દાદાજી | (નવલિકા) | કુન્દનિકા કાપડિયા | 64 |
| 15. | એક જ દે ચિનગારી | (ઊર્મિકાવ્ય) | હરિહર ભટ્ટ | 72 |
| 16. | મૌન એ જ વીરતા | (ચિંતન) | ચંદ્રકાન્ત મહેતા | 74 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-4)** | **શુદ્ધ-અશુદ્ધ વાક્યરચના** | | 76 |
| 17. | મારું ઘર | (ઊર્મિકાવ્ય) | રાજેન્દ્ર શાહ | 79 |
| 18. | અણદો | (ચરિત્રલેખ) | દિલીપ રાણપુરા | 81 |
| 19. | રસ્તા વસંતના | (ગઝલ) | મનોજ ખંડેરિયા | 86 |
| 20. | દિલાવરી | (લોકકથા) | રાઘવજી માધડ | 88 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-5)** | **રૂઢિપ્રયોગ, કહેવતો અને અનુવાદ** | | 92 |
| 21. | વિસામો | (ઊર્મિકાવ્ય) | વેણીભાઈ પુરોહિત | 97 |
| 22. | મચ્છુ-પિચ્છુ | (પ્રવાસનિબંધ) | રમણલાલ ચી. શાહ | 99 |
| 23. | સહવાસ | (ઊર્મિકાવ્ય) | અશ્વિની પાનસે | 104 |
| 24. | કેટલી જમીન જોઈએ ? | (નવલિકા) | લિયો ટૉલ્સ્ટૉય | 106 |
| • | **વ્યાકરણ-લેખન (એકમ-6)** | **નિબંધ, સંક્ષેપીકરણ, વિચારવિસ્તાર અને પત્રલેખન** | | 111 |


**પૂરક વાચન**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | વ્હાણું વાય | (ઊર્મિગીત) | પ્રિયકાન્ત મણિયાર | 117 |
| 2. | બાબુ વીજળી | (ચરિત્રલેખ) | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 118 |
| 3. | બે મા | (નવલિકા) | અહેમદ નદિમ કાસમી | 122 |


•

# 1 જાગને જાદવા

**નરસિંહ મહેતા**

**(સમય : ઈ.સ. પંદરમી સદી)**

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો. તેમનું વતન જૂનાગઢ હતું. નરસિંહના જીવન વિશે આધારભૂત વિગતો મળતી નથી. તેમના વિશે ઘણી માન્યતાઓ પણ પ્રચલિત છે. તેઓ પ્રેમલક્ષણા ભક્તિ ઉપરાંત જ્ઞાનમાર્ગી પરંપરાની પદકવિતાના ઉત્તમ ઊર્મિકવિ છે. તેઓ આપણા 'આદિ કવિ' તરીકે જાણીતા છે. કૃષ્ણલીલાનાં પદ ઉપરાંત જ્ઞાનભક્તિ અને વૈરાગ્યનાં પદ રચીને તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'મામેરું', 'શ્રાદ્ધ' જેવી એમની કાવ્યરચનાઓમાં એમણે પોતાના જીવનના કેટલાક પ્રસંગોનું નિરૂપણ કર્યું છે. ઝૂલણા છંદમાં રચાયેલાં એમનાં પદ 'પ્રભાતિયાં' તરીકે જાણીતાં છે. 'ચાતુરીઓ', 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલાનાં પદ', 'ભક્તિબોધનાં પદ' - વગેરેમાં તેમની સર્જકતાનો પરિચય મળતો રહે છે. 'શૃંગારમાળા', 'ગોવિંદગમન', 'રાસ સહસ્રપદી', 'વસંતનાં પદ' જેવી કૃતિઓ તેમના નામે મળે છે.

લોકજીભે વસેલું આ પદ શ્રીકૃષ્ણની બાળલીલા અને અવતારલીલાનો ભાવસભર પરિચય કરાવે છે. ગોપાલ તરીકે જાણીતા શ્રીકૃષ્ણને અહીં 'ગોવાળિયો' કહ્યો છે. યાદવકુળમાં જન્મ્યો હોવાથી 'જાદવો' કહ્યો છે. ગાયોને ચરાવવા ધણ સાથે જવા શ્રીકૃષ્ણને જગાડતા કવિના શબ્દોમાં જશોદાભાવ નીતરે છે. ગોવાળોના ટોળાનો વડો થવા શ્રીકૃષ્ણને જ યોગ્ય ગણતાં કવિ ગોવાળોની સંખ્યા ત્રણસો અને સાઇઠ બતાવે છે, તેમાં કોઈ વર્ષના દિવસો, તો કોઈ શરીરની નાડીનો આંકડો જુએ છે અને એમાં શ્રીકૃષ્ણને મુખ્ય સ્થાને મૂકી આપે છે. દહીં, ઘેબર અને કઢિયેલ દૂધ ખાવાપીવા શ્રીકૃષ્ણને જગાડતા કવિ કુવલયાપીડ હાથીને મારવાના, કાલિયનાગ નાથવાના અને પાપીઓને હણીને ભૂમિનો ભાર હળવો કરવાના એમના અવતારકાર્ય માટે પણ જગાડે છે. ગાયો ચારતા અને વાંસળી વગાડતા શ્રીકૃષ્ણને સંસારસાગરમાંથી ડૂબતા બચાવનાર-તારણહાર તરીકે ઓળખાવી, કવિ પોતાની નિર્મળ ભક્તિનો પરિચય આપે છે.

---

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કુણ જાશે?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
વડો રે ગોવાળિયો કુણ થાશે? જાગને૦

દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં,
કઢિયલ દૂધ તે કુણ પીશે?
હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કુણ લેશે? જાગને૦

જમુનાને તીરે, ગૌધન ચરાવતાં,
મધુરી શી મોરલી કુણ વાશે?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝીએ,
બૂડતાં બાંયડી કુણ સા'શે? જાગને૦

### શબ્દ-સમજૂતી

**જાદવા** યાદવ, યદુનો વંશજ, કૃષ્ણ **કૃષ્ણ** શ્યામ, કાળું, (અહીં) વિષ્ણુનો આઠમો અવતાર **ગોવાળિયા** ગોવાળ, ગાય-ઢોર ચરાવનારો **તુજ** તારું, (અહીં) તારા **વિના** સિવાય, વગર **ધેનમાં** (ધેન-ધેનું, ગાય) (અહીં) ગાયો ચરાવવા **ત્રણ સેં** ત્રણસો **વડો** વડું, મોટું (અહીં) મુખ્ય **તણાં** -નાં **દહીંથરાં** એક જાતની જાડી, પોચી પૂરી **ઘેબરાં** એક વાની, પકવાન **કઢિયલ** કઢેલું, ખૂબ ઉકાળેલું **હાથિયો** સત્તાવીસ નક્ષત્રમાંનું તેરમું નક્ષત્ર **કાળીનાગ** કાલિય, શ્રીકૃષ્ણે નાથેલો કાળીનાગ **ભૂમિ** પૃથ્વી, જમીન **જમુના** કાલિંદી, યમુના નદી **તીરે** કાંઠે, કિનારે

**ગૌધન** ગાયોરૂપી ધન **મધુરી** મધુર, મીઠી **વાશે** વહાવશે, વગાડશે **રીઝીએ** રીઝવું, ખુશ થવું, સંતુષ્ટ થવું
**બૂડતાં** ડૂબતાં **બાંયડી** હાથ, બાવડું **સા'શે** સાહવું, ઝાલવું, પકડવું, સહાય-મદદ કરવી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શ્રીકૃષ્ણને શા માટે જગાડવામાં આવે છે?

(2) ગોવાળિયાને કયો પ્રશ્ન મૂંઝવે છે?

(3) શ્રીકૃષ્ણ માટે કવિએ કયા શબ્દો પ્રયોજ્યા છે?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) શ્રીકૃષ્ણ નહીં જાગે તો કયાં કયાં કાર્યો અટકી પડશે?

(2) 'ત્રણ સેં ને સાઠ ગોવાળ'ના કયા કયા અર્થ સંભવિત છે?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

શ્રીકૃષ્ણને જગાડવા માટે કયાં કયાં કારણો આપ્યાં છે તે સવિસ્તર જણાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- આ પદનું વર્ગમાં સમૂહગાન કરો.
- શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો મેળવી વર્ગમાં ચર્ચા કરો.
- શ્રીકૃષ્ણને જગાડવાનો એકપાત્રીય અભિનય કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● નરસિંહનું આ પદ લોકજીભે રમતું રહ્યું છે, એથી તત્સમ શબ્દ 'યાદવ' પરથી 'જાદવ' કે 'જાદવા' શબ્દ બન્યો છે. આ રીતે લોકજીભે રમતા થયેલા બીજા શબ્દો નોંધો : જમુના (યમુના), જશોદા (યશોદા).

● સંસ્કૃત શબ્દ 'ગો' એટલે ગાય. ગાયનો વાળનાર એટલે જ ગોવાળ. તેને 'ઇય + આ' પ્રત્યય લાગતાં 'ગોવાળિયા' થયું.

● કાવ્યમાં વપરાયેલા 'તુજ', 'કુણ', 'વાશે', 'સા'શે' શબ્દો અનુક્રમે 'તારું', 'કોણ', 'વગાડશે', 'સહાશે (પકડશે)' જેવા શિષ્ટ શબ્દોના લોકજીભે રમતા થયેલા તળપદા શબ્દો છે. જે કાવ્યભાવને રસમય રીતે વ્યક્ત કરવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

● દરેક કડીમાં 'જાશે', 'થાશે', 'પીશે', 'લેશે', 'વા'શે', 'સા'શે' જેવા ભવિષ્ય સૂચવતા પ્રશ્નાર્થસૂચક ક્રિયાપદોનું થતું આવર્તન શ્રીકૃષ્ણની ગેરહાજરીને ઘેરી બનાવે છે. 'દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં'માં આવતો આ'કારાન્ત તથા 'હરિ તાર્યો હાથિયો, કાળીનાગ નાથિયો'માં 'ઓ'કારાન્ત એક પ્રકારના દેશી લયહિલ્લોળનો અનુભવ કરાવે છે.

## શિક્ષકપ્રવૃત્તિ

- નરસિંહ મહેતાનાં શ્રીકૃષ્ણભક્તિનાં પદોનો હસ્તલિખિત અંક તૈયાર કરાવવો.
- નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો વિદ્યાર્થીઓને કહેવા.
- વિદ્યાર્થીઓને નરસિંહ મહેતાના જીવન-કવન વિશેની ફિલ્મ બતાવવી.

●

# 2 ખરી મા

**રમણલાલ વ. દેસાઈ**

**(જન્મ : 12-5-1892 અવસાન : 20-9-1954)**

રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ વડોદરા જિલ્લાના શિનોર ગામમાં થયો હતો. જાણીતા વિવેચક વિશ્વનાથ ભટ્ટે એમને 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે ઓળખાવ્યા હતા. 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', 'ગ્રામલક્ષ્મી (ભાગ **1** થી **4**)', 'કોકિલા', 'હૃદયનાથ', 'હૃદયવિભૂતિ' એમની યશસ્વી નવલકથાઓ છે. તેમણે નવલકથા ઉપરાંત નવલિકા, એકાંકી, કવિતા, ચરિત્ર, વિવેચન, પ્રવાસ તેમજ આત્મચરિત્ર જેવાં સ્વરૂપોમાં પણ પુષ્કળ ખેડાણ કર્યું છે. 'મહારાણા પ્રતાપ', 'નાના ફડનવીસ', 'માનવસૌરભ'- એમનાં ચરિત્રવિષયક પુસ્તકો છે. ર. વ. દેસાઈની નવલિકાઓમાં 'ખરી મા' વિશેષ નોંધપાત્ર બની છે, એટલું જ નહિ, પણ ગુજરાતી નવલિકાના ઈતિહાસમાં પણ તેની ગણના થાય છે.

સમગ્ર વાર્તામાં, વાત અપરમાની છે, પણ મહત્તા 'ખરી મા'ની છે. ર. વ. દેસાઈએ કુસુમાયુધના પાત્રના સૂક્ષ્મ ભાવોનું સરળ છતાં સચોટ ભાષામાં તાર્કિક ચિત્રણ કર્યું છે. સાચા નિર્મળ પ્રેમની પ્રતીતિ કેવી અસરકારક નીવડે છે તે નવલિકાના અંત સાથે સૌ ભાવકો અનુભવી શકે છે. પ્રેમ સ્વયં ઔષધ છે. સામાજિક જીવનના અનેક વિરોધો અને વિષમતાઓને પ્રેમના ઔષધથી મિટાવી શકાય છે, એની પ્રતીતિ નવલિકા વાંચ્યા પછી અનુભવાશે.

---

**1.**

નાનકડો કુસુમાયુધ આજે મૂંઝવણભર્યો આનંદ અનુભવતો હતો. ગમી જાય એવી, સારાં કપડાં ધારણ કરેલી સ્મિતભરી કોઈ યુવતી ઘરમાં ફરતી હતી. કુસુમાયુધ તેનાં માતા-પિતાને એટલો વહાલો હતો કે તેનું નામ લાંબું પણ નવાઈભર્યું પાડ્યું હતું, પરંતુ માતા એ પુત્રને લાડ લડાવવા જીવી નહીં; તેને ચાર વર્ષનો મૂકી તે સ્વર્ગવાસી થઈ અને ત્યાર પછી બે વર્ષ વીતી ગયાં છતાં તેની માતા પાછી આવી નહીં.

'મા ક્યાં ગઈ?' એ પ્રશ્ન કુસુમાયુધના હૃદયમાં સતત રમ્યા કરતો હતો.

કોઈ કહેતું : 'એ તો પ્રભુના ધામમાં ગઈ.' કોઈ કહેતું : 'મામાને ઘેર ગઈ.' કોઈ કહે : 'એ તો જાત્રા કરવા ગઈ છે.' નોકર કહેતો : 'એ તો મરી ગઈ.'

'પણ મને લીધા વગર એ કેમ ગઈ ?' કુસુમાયુધની એ આંસુભરી ફરિયાદ સૌની આંખમાં આંસુ લાવતી હતી. એક વર્ષ સુધી એ ફરિયાદ કરીકરી થાકેલા બાળકે છેવટે પ્રશ્ન બદલ્યો : 'પણ પાછી તો આવશે જ ને?'

એ પ્રશ્ન સાંભળી સૌ કોઈ તેની સામે જોઈ રહેતું. ક્વચિત્ આંખ ઉપર લૂગડું ઢાંકી દેતું અને કોઈ વખત થડકતે કંઠે જવાબ આપતું :

'હા, હા, આવશે હોં! જાઓ, રમો.'

એટલો જવાબ બાળકના અંગેઅંગમાં સ્ફૂર્તિ પ્રેરતો. તે દોડતો, રમતો, હસતો. ચાર-પાંચ દિવસે વળી પાછો એનો એ પ્રશ્ન પુછાતો. છેવટે તેણે એ પ્રશ્ન પૂછવાનું પણ ઓછું કરી નાખ્યું. આસપાસના સર્વ મનુષ્યોએ કાવતરું કરી તેને તેની માથી વિખૂટો પાડ્યો હોય એવી માન્યતા તેના હૃદયમાં જન્મી અને તે એકલોએકલો રમવા લાગ્યો. માત્ર રાત્રે ઊંઘમાં તે કોઈ વાર લવી ઊઠતો : 'મા! મા!'

તેનો પિતા ઝબકીને જાગી ઊઠતો અને તેને શરીરે હાથ ફેરવતો.

એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. માનું મુખ કોઈ પણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો. માના સરખું લૂગડું પહેર્યું હોય એવી સ્ત્રીને તે ધારીધારીને જોતો. એવી કોઈ સ્ત્રી મળવા આવી હોય તેને ઘરમાં રહેવા આગ્રહ કરતો. માની નજરનો ભૂખ્યો બાળક આમ તેની સમજ પ્રમાણે માની શોધખોળ કર્યા કરતો હતો.

બીજી સ્ત્રીઓ આવીને જતી રહેતી. આ સ્ત્રી તો પાછી બધાંની માફક નાસી નહિ જાય? એ વિચારે તેને ગભરાવ્યો. સૌની માફક આ યુવતીએ પણ તેને પાસે બોલાવ્યો. તેણે બે-ત્રણ પેટીઓ પોતાના સૂવાના ઓરડામાં ગોઠવાવી, તે ઉપરથી એને લાગ્યું તો ખરું કે આ સ્ત્રી બહુ ઝડપથી નાસી નહિ જાય છતાં ખાતરી કરવા તેણે પૂછ્યું : 'તમે અહીં રહેશો કે જતાં રહેશો ?'

પેલી યુવતીને હસવું આવ્યું. એણે સામો પ્રશ્ન કર્યો : 'તમને શું ગમશે? હું રહું તે કે જાઉં તે?'

'અહીં રહો તે જ ગમે.' કુસુમાયુધે જવાબ આપ્યો. તેને સમજ પડી નહિ કે આ સ્ત્રી તેને બહુવચનથી શા માટે સંબોધે છે.

તે સ્ત્રીએ કુસુમાયુધને થોડાં રમકડાં આપ્યાં, સારાં કપડાં પહેરાવ્યાં. માથું ઓળી આપ્યું. પોતાની સાથે જમવા બેસાડ્યો. બાળકને બહુ નવાઈ લાગી. આવી સ્ત્રી કોણ હશે? કેમ આવી હશે? કુસુમાયુધ તેની આસપાસ જ ફરવા લાગ્યો.

તેને એમ પણ લાગ્યું હશે કે પોતાની માફક પિતાને પણ આ સ્ત્રી ગમી છે ખરી, પરંતુ પિતા આગળ તે બહુ ધીમેધીમે કેમ બોલતી હતી? આડું કેમ જોયા કરતી હતી? આછું આછું હસતી કેમ હતી? આ સ્ત્રી ઘરમાં રહ્યા જ કરે તો કેવું સારું? મા પણ કેવી ઠરીને ઘરમાં રહેતી હતી?

કુસુમાયુધથી રહેવાયું નહિ એટલે સૂતાં પહેલાં તેણે પૂછ્યું : 'તમે મારાં સગાં થાઓ કે નહિ?'

'હા.'

'શાં સગાં થાઓ?'

યુવતી સહજ અટકી, તેની આંખ સ્થિર થઈ. તેને સગપણની સમજ નહીં પડી હોય કે શું? તત્કાળ સ્થિર થઈ તેણે જવાબ આપ્યો : 'હું તમારી મા થાઉં.'

'મા?'

કુસુમાયુધના હૃદયમાં અનેક વિચારો આવી ગયા. સગપણ સાંભળતાં બરોબર તેને એક વખત તો એમ જ થયું કે માની કોટે બાઝી પડું, પરંતુ કોણ જાણે કેમ તે એવી ચેષ્ટા કરી શક્યો નહીં. છતાં તેણે તે સ્ત્રીનો હાથ પકડી લીધો અને પોતાને બે હાથ વડે દાબ્યો. મા કહેવરાવવા માગતી સ્ત્રી જરા હસી, પરંતુ એકલું હસવું કાંઈ બસ થાય? શા માટે તે પોતાને ખોળામાં લઈ વહાલ નથી કરતી? કુસુમાયુધે શંકા પૂછી : 'તમે મારાં મા થાઓ?'

બાળકની બુદ્ધિ મોટાંને તાવે છે. પરણીને આવી તે પહેલે જ દિવસે એક બાળક આ યુવતીની કપરી પરીક્ષા લેતો હતો. તે જાણતી હતી કે મારે એક બાળકને ઉછેરવાનો છે, તે જાણીને જ તેણે પોતાનાં લગ્ન થવા દીધાં હતાં, પરંતુ બાળઉછેર એ માને જ અતિ વિકટ થઈ પડતો પ્રશ્ન અપરમાને તો ઘણો જ વિકટ થઈ પડે એવો હતો, એની તેને પૂરી ખબર નહોતી. છતાં તેણે જવાબ આપ્યો : 'હા ભાઈ, હું તમારી ખરી મા થાઉં હોં!'

'ત્યારે તમે મને ''તું'' કહીને કેમ બોલાવતાં નથી?'

'એમ કરીશ.'

'અને હું તમને શું કહું?'

'બહેન કહેજો.'

મા કે બા જેવો શબ્દોચ્ચાર સાંભળવાની એ યુવતીની હજી તૈયારી નહોતી. પત્ની તરીકેના કંઈકંઈ કોડ તેને પૂરવાના હતા. 'મા' કે 'બા' શબ્દ તો બહુ ઘરડો પડે એમ તેને લાગ્યું.

બાળક હતાશ થયો. એ તેની ખરી મા નહોતી. નિઃશ્વાસ નાખી તે ઊંઘી ગયો.

**2.**

બાળક કુસુમાયુધના પિતાએ ફરી લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. પુરુષના એ હકનો તત્કાલ સ્વીકાર થયો અને તેનાં લગ્ન થયાં. પુરુષ સમજણો હતો. તેણે પરણવા તૈયાર થયેલી યુવતીને કહી દીધું કે ગત પત્નીના પુત્રને પોતાના પુત્ર તરીકે જ તેણે ઉછેરવો પડશે. યુવતીએ તે કબૂલ કર્યું : એક પ્રકારના ઉત્સાહથી કબૂલ કર્યું અને ઘરમાં આવી માતૃભાવભૂખ્યા કુસુમાયુધને પોતાના જ પુત્રની માફક ઉછેરવાનો પ્રામાણિક પ્રયત્ન તેણે આદર્યો.

'કુસુમાયુધ હવે ઊઠશો કે? સાત વાગી ગયા.' ધીમેથી તે બાળકને જગાડતી.

'હવે માથામાં ધુપેલ નાખવું જોઈએ.' બાળક તેની પાસે બેસી વાળ ઓળાવતો.

'હવે નાહી લ્યો.' કુસુમાયુધ નાહી લેતો.

'ભાઈ હવે ઊઠી જાઓ. બે કરતાં વધારે રોટલી ન ખવાય.' માતાની આજ્ઞા પાળી બાળક ઊઠી જતો.

'બહુ દોડવું નહિ હો,' બાળકના પગ આજ્ઞા થતાં અટકી જતા.

'અને ચીસ પાડીને બોલાય જ નહીં.' બાળકના અણુઅણુમાં ઊભરાતો ઉત્સાહ શમી જતો.

બાળકને રીતસર ઉછેરવાની તીવ્ર વૃત્તિ અપરમામાં જાગ્રત થઈ ગઈ. બાળક સુખી અને સારો થાય એ માટે તેણે ભારે જહેમત લેવા માંડી.

બાળક સારો થતો ચાલ્યો, આજ્ઞાધારક થતો ચાલ્યો; પરંતુ તેને ખરેખર શંકા થવા લાગી : 'મા આવી હોય?'

આકાશમાં ઊડતું કલ્લોલતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની જાય અને જે સ્થિતિ અનુભવે તે સ્થિતિ કુસુમાયુધની થઈ. તેનાં કપડાંમાં સ્વચ્છતા આવી, તેની ગતિમાં સ્થિરતા આવી. ગૂંચવનારી પ્રશ્નપરંપરાને બદલે ડહાપણભરી શાંતિનો એણે સહુને અનુભવ કરાવ્યો અને આખો દિવસ પગ ન વાળતો ધાંધલિયો છોકરો નિશાળે જવાની પણ હા પાડવા લાગ્યો.

માત્ર તેનું શરીર સુકાતું ચાલ્યું.

'આ કુસુમાયુધ બિલકુલ લોહી લેતો નથી. ડૉક્ટરને પૂછો ને?' અપરમાને ચિંતા થઈ.

પિતાને વધારે ખાતરી થઈ કે મા પોતાની ફરજ બરાબર બજાવે છે. તેણે સારા ડૉક્ટરને બોલાવ્યો. ડૉક્ટરે કુસુમાયુધને જોઈ મત આપ્યો : 'કાંઈ ખાસ વિક્રિયા નથી, આ દવા આપો.'

માએ દવા કાળજીપૂર્વક પાવા માંડી. બાળકને લાગ્યું કે આ ગંદી દવા પીવી એના કરતાં માંદા રહેવું એ વધારે સારું છે; છતાં માની શિખામણ અને આગ્રહ આગળ તેણે પોતાના મતને કચડી નાખ્યો.

'ભાઈ! આટલી દવા પી લ્યો, પછી રમવા જાઓ.' મા કહેતી.

'બહેન! એ તો નથી ભાવતી.'

'ન ભાવે તોય એ તો પીવી પડે.'

'કેમ?'

'ડૉક્ટરસાહેબે કહ્યું છે.'

'એમના કહ્યા પ્રમાણે કરવું જોઈએ?'

'હાસ્તો. '

'તે બધાયના કહ્યા પ્રમાણે કરવું જોઈએ?'

'મોટાં કહે તે પ્રમાણે નાનાએ કરવું જ જોઈએ.'

'ન કરીએ તો?'

'માંદા પડાય.'

'હું માંદો પડ્યો છું?'

'હા, જરાક.'

'દવા ન પીઉં તો?'

'તો મરી જવાય.'

અપરમાએ બીક બતાવી. બાળકને તે ધમકાવતી નહીં. બાળઉછેર વિશે તેણે ઘણું વાંચ્યું હતું એટલે ધમકાવવા કરતાં વાદવિવાદ કરી બાળકને નિરુત્તર બનાવી તેની પાસે પોતાનું કહ્યું કરાવતી. આટલી લાંબી વાત ક્વચિત્ જ થતી, પરંતુ થતી ત્યારે બાળકને શાસ્ત્રીય રીતે સમજાવ્યાનો તેને સંતોષ થતો. જોકે બાળકનો મત એ વિશે જુદો જ હતો.

'મરી જવાય તો શું ખોટું?' શાંત બની દવા પી જતા બાળકના હૃદયમાં પ્રશ્ન થયો.

'મા મરી ગઈ છે એમ કોઈ કહેતું હતું.' તેને પોતાની માતા સંબંધી ઝાંખી ભુલાઈ જવા આવેલી વાત યાદ આવી.

'હું પણ મરી જાઉં તો માને મળાય, નહીં?' તેના મને તર્ક કર્યો. એ તર્ક તેને પ્રમાણરૂપ લાગ્યો.

દવા અને કાળજી છતાં કુસુમાયુધ ખરેખર માંદો પડ્યો.

## 3.

'ભાઈ, તમને શું થાય છે?' નિત્યનિયમ પ્રમાણે નાહીને જમવા આવતા બાળકને માતાએ પૂછ્યું.

'કાંઈ નહિ બહેન!' કુસુમાયુધે જવાબ આપ્યો.

'અરે, પણ તમારી આંખો તો લાલ થઈ ગઈ છે?'

'મને ખબર નથી.'

'અને આ શરીર ઉપર રૂંવાં ઊભાં થઈ ગયાં છે!'

'જરા ટાઢ વાય છે.'

'ત્યારે તમે નહાયા શું કરવા?'

'નહાયા સિવાય જમાય નહિ અને જમ્યા સિવાય તો નિશાળે કેવી રીતે જવાય?' કુસુમાયુધે પોતાના જીવનને ઘડતા એક ગૃહનિયમનું પ્રમાણ ટાંક્યું. એમ કરતાં બાળક વધારે કંપી ઊઠ્યો. માતાએ જોયું કે કુસુમાયુધના દાંત કકડી ઊઠતા હતા. તેણે બૂમ પાડી, 'અરે બાઈ! જોને ભાઈને તાવ તો નથી આવ્યો?' નોકરબાઈએ આવી બાળકના શરીરને હાથ અડાડ્યો અને કહ્યું : 'બા સાહેબ! શરીર તો ધીકી ઊઠ્યું છે!'

'આમ એકદમ શાથી થયું?'

'હું નવરાવતી હતી ત્યારે મને શરીર જરા ઊનું લાગતું હતું.'

'ત્યારે તેં નવરાવ્યો શું કામ?'

'મારા મનમાં કે અમસ્તું જ હશે.'

'જા, જા, પથારી પાથરી ભાઈને સુવાડી દે. બરાબર ઓઢાડજે. હું ડૉક્ટરને બોલાવું.'

'પણ બહેન! મારી નિશાળનું શું?' નોકરબાઈના હાથમાં ઊંચકાતા કુસુમાયુધે પૂછ્યું.

માતાને આ બાળકની નિયમભક્તિ જોઈ દયા આવી. તે બોલી ઊઠી : 'માઈ નિશાળ! આવા તાવમાં જવાય? જઈને સૂઈ જાઓ, ભાઈ, હોં! હું આવું છું.'

નોકરબાઈ બાળકને ઊંચકી લઈ ગઈ. માતા બબડી ઊઠી : 'ભાડૂતી માણસો! એમને શી કાળજી? શરીર ઊનું હતું ત્યારે નવરાવ્યો જ શું કામ? પણ નોકરને શું?'

થોડીવારમાં ભાડૂતી ડૉક્ટર પણ આવી પહોંચ્યા. ભાડૂતી બાઈના હવાલાને બદલી નાખી તે ક્ષણ પૂરતો હવાલો અપરમાએ લીધો. બાળકને તાવ કેમ આવ્યો, ક્યારે આવ્યો વગેરે હકીકત તેણે ડૉક્ટરને કહી. સૂવા મથતા બાળકની આંખોનાં પોપચાં ડૉક્ટરે ખેંચી ઉઘાડ્યાં. તેની બગલમાં થરમૉમિટર ખોસી દીધું. બાળકને તેમણે ચત્તું કર્યું. ઊંધું સુવાડ્યું અને તેની છાતી, પેટ તથા વાંસામાં તડિંગ તડિંગ આંગળાં ઠોક્યાં. ઊથલાઊથલી પૂરી કરી ડૉક્ટરે દવા લખી આપી, અને જરૂર પડ્યે ફરી બોલાવવાનું ધીરજપૂર્વક સૂચન કરી તેઓ ચાલ્યા ગયા.

બાળકનો તલખાટ વધી ગયો. તેનો દેહ આમતેમ તરફડતો હતો. માતાએ ડૉક્ટરને ફરી બોલાવ્યા, બાળકના પિતાને પણ કચેરીમાંથી બોલાવ્યા. પતિપત્ની બાળકની પાસેથી ઊઠ્યાં નહીં. રાત્રે માએ જમવાનું પણ માંડી વાળ્યું.

બાળકના માથા ઉપર સતત બરફ મૂકવાનો ડૉક્ટરનો હુકમ હતો. ડૉક્ટરો હુકમ આપતી વખતે હુકમ પાળવાની શક્યતાનો ભાગ્યે જ વિચાર કરે છે. નોકરો બરફ મૂકી કંટાળ્યા અને બાળકના માથા ઉપર જ ઝોકાં ખાવા લાગ્યા. માતાએ નોકરોને સુવાડી દીધા અને બરફ ફેરવવાનું પોતે શરૂ કર્યું. ફરજ બજાવવા મથતી માતાને એમાં કાંઈ ભારે કામ લાગ્યું નહિ. રાતના બાર વાગતા સુધી તેણે વગર આંખ મીંચ્યે બાળકને માથે બરફની થેલી ફેરવ્યા કરી પછી તેના પતિએ આગ્રહ કરીને તેને સુવાડી, અને તે પોતે પુત્રની શુશ્રૂષામાં રોકાયો.

માતાને કોણ જાણે કેમ ઊંઘ ન આવી. જરા વાર થઈ અને બાળકે ચીસ પાડી : 'ઓ મા!'

અપરમા પથારીમાંથી એકદમ ઊઠીને બેઠી થઈ ગઈ. અણઘડ પુરુષના હાથમાંથી થેલી તેણે લઈ લીધી અને તે પછી પોતે બાળક પાસે બેઠી.

રાત્રિના એકાન્તમાં ફરી બાળક લવી ઊઠ્યો, 'મા!'

'ઓ દીકરા!' એમ જીભે આવેલા શબ્દ માતાએ ઉચ્ચાર્યા નહીં. તેને જરા શરમ આવી. તેણે માત્ર એટલું જ પૂછ્યું : 'કેમ ભાઈ! શું છે?'

બાળકે આંખ ઉઘાડી અને અપરમા સામે જોયું.

'તમે નહીં,' કહી બાળકે આંખ મીંચી દીધી.

'બૂમ પાડી ને?'

'એ તો માને બૂમ પાડી.' આંખ ખોલ્યા વગર બાળકે કહ્યું.

'તે હું જ મા છું ને!' માતાએ કહ્યું.

બાળકે ફરી આંખ ઉઘાડી માતા તરફ તાકીને જોયું.

'હા, પણ હું તો મારી ખરી માને બોલાવું છું.'

અપરમાનું હૃદય ધડકી ઊઠ્યું. તેના હૃદયમાં ચીરો પડ્યો. હજી આ બાળકને હું ખરી માતા સરખી નથી લાગતી?

તેણે કહ્યું : 'તે હું જ વળી ખરી મા છું.'

'ખરી મા મને ''તું'' કહેતી હતી : ''તમે'' નહિ.'

'મેં ક્યારે તને ''તમે'' કહીને બોલાવ્યો?' માતા જૂઠું બોલી.

'પણ મારી ખરી મા તો મરી ગઈ છે ને?'

'તે હું આવી, જોતો નથી?'

'કેમ?'

'ઓ દીકરા, તારે માટે!'

અપરમા ખરી મા બની ગઈ. તેણે બાળકના મુખ ઉપર પહેલું ચુંબન લીધું. તેના હૃદયમાં માતૃત્વનો પાતાળકૂવો ફૂટી નીકળ્યો. બાળકની નાની પલંગડીમાં તે સૂતી અને બાળકને તેણે છાતીસરસો લીધો.

બાળકને આ ઉમળકાનો ઊંડો અર્થ સમજવાની જરૂર નહોતી. તે તો એટલું જ સમજ્યો કે આમ છાતી-સરસી ચાંપીને ખરી મા જ સૂએ. ખરી માને બાઝીને કુસુમાયુધ ગાઢ નિદ્રામાં પડ્યો. તેના દેહને બાળતો અગ્નિ શાંત પડી ગયો.

હવે તેના મસ્તક ઉપર બરફ મૂકવાની જરૂર નહોતી. આજે તે માની અમૃતભરી સોડ પામ્યો હતો.

### શબ્દ-સમજૂતી

**વિક્રિયા** વિકાર, વિકૃતિ (અહીં) ભયજનક રોગ **રૂંવાં** રૂંવાડાં, રોમ **તલખાટ** બકવાટ, લવારો **વિકટ** મુશ્કેલ, દુર્ગમ **અપરમા** સાવકી મા **શુશ્રૂષા** સેવાચાકરી **અણઘડ** કેળવાયા વિનાનું **તાવવું** કસોટી કરવી **કવચિત્** ક્યારેક

### રૂઢિપ્રયોગ

**પ્રભુના ધામમાં જવું** મૃત્યુ પામવું **ઠરીને રહેવું** કાયમી, એક સ્થળે સ્થિર થવું **શરીર લોહી ન લેવું** ખાવાપીવા છતાં શરીર સૂકાતું જવું **હૃદયમાં ચીરો પડવો** અત્યંત આઘાત લાગવો **પાતાળકૂવો ફૂટવો** એકાએક ભાવ કે પ્રેમ ઉભરાઈ આવવો **છાતીસરસો લેવો** પ્રેમથી ચાંપી લેવો, ભેટી પડવું

### સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) નવી સ્ત્રી ઘરમાં જોયા પછી કુસુમાયુધે તેને પ્રથમ શો પ્રશ્ન પૂછ્યો?

(2) નવી સ્ત્રીને કુસુમાયુધ કયું સંબોધન કરે છે?

(3) આ પાઠમાં 'ભાડૂતી' શબ્દ કોના કોના માટે વપરાયો છે?

(4) બીમાર કુસુમાયુધનું કયું વાક્ય નવી માનું હૃદય ચીરી નાખે છે?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) માની ગેરહાજરી વિશે કુસુમાયુધને નાનપણમાં કેવા કેવા જવાબો મળતા ?

(2) કુસુમાયુધ માની શોધખોળ કેવી રીતે કર્યા કરતો હતો ?

(3) નવી મા કુસુમાયુધને કેવી કેવી ભલામણો કરતી?

(4) નવી સ્ત્રીએ પોતે જ 'ખરી મા' બનવા શું કર્યું?

**3. નીચેના પ્રશ્નનોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'બાળકની બુદ્ધિ મોટાંને તાવે છે' - આ વાક્ય પાઠને આધારે સમજાવો.

(2) 'ખરી મા' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) નવી મા શરૂઆતમાં બાળકની કેવી કેવી કાળજી લે છે? અંતે ખરી મા બનવા તેણે શું કર્યું?

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- 'માના ગુણ' વિષય પર વિદ્યાર્થીઓને લખવાનું કહેવું.
- 'માની લાગણી' - એ વિષય પર પોતાના જીવનમાં બનેલો પ્રસંગ બાળકોને રજૂ કરવા કહેવું.

## ભાષા-અભિવ્યક્તિ

**નીચેનું વાક્ય વાંચો :**

● 'આકાશમાં ઊડતું કલ્લોલતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની જાય અને જે સ્થિતિ અનુભવે તે સ્થિતિ કુસુમાયુધની થઈ.'

● અપરમા કુસુમાયુધને ધમકાવતી નથી, બીક બતાવે છે. વાદવિવાદ કરી બાળક પાસે પોતાનું ધાર્યું કરાવે છે. બાળક પ્રત્યે એને વિવેકની વધુ પડતી અપેક્ષા છે, સામે સહજ રીતનો પ્રેમ નથી. એથી બાળક કૃત્રિમ આચરણ કરે છે.

લેખકે આ પરિસ્થિતિની અભિવ્યક્તિ માટે કેવી રીતે ભાષા પાસેથી કામ લીધું છે તે જુઓ.

જે બાળકને જીવનના મુક્ત આકાશમાં કલ્લોલતું, ઊડતું - સ્વતંત્ર વિહાર કરતું - જોવાનું હોય ત્યાં તે આજ્ઞા પ્રમાણે ચાલતા વિમાન - કૃત્રિમ સ્થિતિ - જેવું બની જતું લેખક દર્શાવે છે. એ માટે લેખકે આલંકારિક ભાષા પ્રયોજી છે. પક્ષીને વિમાન બની જતું કલ્પ્યું છે. તમે તમારી ભાષામાં આવા અલંકારો ક્યારે વાપરો છો તેની નોંધ કરો.

## શિક્ષકપ્રવૃત્તિ

- બાળક માટે માતા કેવી કેવી કાળજી લે છે તેની વર્ગમાં ચર્ચાસભા કરો.
- 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...' અથવા 'મા તે મા' અથવા 'માતૃપ્રેમ' વિશે નિબંધ લખાવવો.
- 'માના ગુણ' વિશે બાળકોને લેખનના મુદ્દાઓ આપવા.
- 'મહાન વ્યક્તિઓના જીવનમાં માનો ફાળો' એ વિષયસંબંધી ઉદાહરણો વિદ્યાર્થીઓને કહેવાં.

●

# 3 સુદામાચરિત્ર

**પ્રેમાનંદ**

**(સમય : ઈ.સ. સત્તરમી સદી)**

પ્રેમાનંદ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સર્વોત્તમ 'આખ્યાન કવિ' છે. એમનો જન્મ વડોદરામાં થયો હતો. પિતાનું નામ કૃષ્ણરામ ભટ્ટ હતું. કથાકાર તરીકેનો વ્યવસાય કરીને તેઓ ગુજરાન ચલાવતા હતા. વ્યવસાય અર્થે તેઓ થોડો સમય સુરત અને નંદરબાર પણ ગયેલા. આંગળી પર વેઢ પહેરી, તાંબાની માણ રણકાવી, તાલ આપી, સુરીલા કંઠે લોકસમુદાય સમક્ષ તેઓ આખ્યાનનું ગાન કરતા. એમની લોકપ્રિયતા અજોડ હતી. તેમણે રામાયણ, મહાભારત, ભાગવત વગેરેનાં પ્રસંગો, પાત્રો અને જીવનદર્શનનો આધાર લઈ અનેક આખ્યાનો આપ્યાં છે. આખ્યાન કથનની કળા હોવાથી તેઓ વાર્તારસની સરસ જમાવટ કરી શકતા. હૃદયના ભાવોનું સુંદર નિરૂપણ, પાત્રો અને પ્રસંગોનું વર્ણન-કૌશલ્ય અને સચોટ તથા તાજગીભરી ભાષાને કારણે તેમનાં આખ્યાનો ઘણાં સમૃદ્ધ બન્યાં છે. એક રસમાંથી બીજા રસમાં સ્વાભાવિકતાથી સરકી જવાની એમની આવડત વાચકો અને શ્રોતાઓની પ્રસન્નતાનું નિમિત્ત બની છે. 'અભિમન્યુ આખ્યાન,' 'ચંદ્રહાસાખ્યાન', 'ઓખાહરણ', 'સુદામાચરિત', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' એમનાં જાણીતાં આખ્યાનો છે. એમનાં આખ્યાનોથી ગુજરાતી ભાષા તેમજ કવિતા સમૃદ્ધ થઈ છે.

આ મધ્યકાલીન કાવ્યસ્વરૂપ આખ્યાનનો એક ખંડ છે, જેને 'કડવું' કહે છે. કડવું 4માં પૌરાણિક કથાનકનો વિષયવસ્તુ તરીકે કવિએ ઉપયોગ કર્યો છે, લોકરુચિનો ખ્યાલ પણ એમાં રાખવામાં આવ્યો છે. દ્વારિકા જઈ મિત્ર શ્રીકૃષ્ણને યાચવા જવાનું કહેતાં પત્નીને સુદામા પ્રારબ્ધવાદી વિચારધારાથી જ્ઞાનબોધ આપે છે. સુદામા એમનાં પત્નીને કહે છે કે ઈશ્વરે ભાગ્યમાં જે કંઈ નિર્માણ કર્યું હોય તે જ થાય છે. ભાગ્યના બંધનમાંથી મનુષ્ય છૂટી શકતો નથી. પૂર્વજન્મમાં પુણ્યકાર્ય ન કર્યું હોય, દાન ન આપ્યું હોય તો આ જન્મમાં વૈભવની આશા કેવી રીતે રાખી શકાય! પૂર્વજન્મમાં આપણે સદ્કાર્યોને બદલે માત્ર ઉદરપોષણ જ કર્યું, છતાં પ્રભુકૃપાએ આપણે પશુના અવતારમાંથી છૂટ્યાં અને મનુષ્ય અવતાર મળ્યો, તેનાથી આપણે સંતોષ માનવો જોઈએ. પતિના જ્ઞાનબોધ સામે, એમનાં પત્ની સુદામાને કંઈક પુરુષાર્થ કરવાની વાત કરે છે અને નક્કર વાસ્તવિકતા સમજાવે છે. જ્ઞાન કે તત્ત્વજ્ઞાન વડે ઘરમાં ભૂખે ટળવળતાં બાળકોને પોતે આશ્વાસન આપી શકે એમ નથી. અન્ન વિના કોઈને ચાલતું નથી, અન્ન બ્રહ્મ છે, અન્નથી આખું જગત જીવે છે એમ સુદામાપત્ની કહે છે. વિશેષમાં કહે છે કે મોટા દેવ શિવ પોતાની પાસે અન્નપૂર્ણાને રાખે છે. સૂર્યદેવ પોતાની પાસે અક્ષયપાત્ર રાખીને જગતનું પોષણ કરે છે. સપ્તર્ષિઓ કામધેનુને આરાધે છે. આમ ધર્મ સાથે કામ કે મોક્ષ માટેની તમામ પ્રવૃત્તિઓ અન્ન વિના શક્ય નથી. અન્ન મળે તો જીવી શકાય અને જીવી શકાય તો જ ધર્મનું આચરણ કરી શકાય એ સત્ય સમજાવી, સુદામાને શ્રીકૃષ્ણની સહાય મેળવવા વિનવે છે.

---

**(રાગ : રામગ્રી)**

પછે સુદામાજી બોલિયા, સુણ સુંદરી રે;
હું કહું તે શિખામણ માન; ઘેલી કોણે કરી રે?
જે નિર્મ્યું હોય તે પામીએ, સુણ સુંદરી રે;
વિધિએ લખી વૃદ્ધિ હાણ; ઘેલી કોણે કરી રે?
સુકૃત દુકૃત બે મિત્ર છે, સુણ સુંદરી રે;
જાય પ્રાણ આત્માને સાથ; ઘેલી કોણે કરી રે?
દીધા વિના નવ પામીએ, સુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ; ઘેલી કોણે કરી રે?
જો ખડધાન ખેડી વાવીએ, સુણ સુંદરી રે;
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે?
જળ વહી ગયે શી શોચના? સુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ; ઘેલી કોણે કરી રે?

એકાદશી-વ્રત કીધાં નથી, સુણ સુંદરી રે;
નથી કીધાં તીરથ-અપવાસ; ઘેલી કોણે કરી રે?
અગ્નિ તૃપ્ત કીધા નહિ, સુણ સુંદરી રે;
નહિ શ્વાન વાયસ ગૌગ્રાસ; ઘેલી કોણે કરી રે?
બ્રહ્મભોજન કીધાં નહિ, સુણ સુંદરી રે;
નથી કીધા હોમહવન; ઘેલી કોણે કરી રે?
અતીત નિર્મુખ વાળિયા, સુણ સુંદરી રે;
તો ક્યાંથી પામીએ અન્ન? ઘેલી કોણે કરી રે?
હરિપ્રસાદ લીધો નહિ, સુણ સુંદરી રે;
હુતશેષ ન કીધો આહાર; ઘેલી કોણે કરી રે?
આ ઉદર પાપે ભર્યાં, સુણ સુંદરી રે;
છૂટ્યાં પશુનો અવતાર; ઘેલી કોણે કરી રે?
સંતોષ-અમૃત ચાખીએ, સુણ સુંદરી રે;
હરિચરણ સોંપી મન; ઘેલી કોણે કરી રે,
ભક્તિએ નવનિધ પામશે, સુણ સુંદરી રે?
ધરો ધીર તમે સ્ત્રીજન; ઘેલી કોણે કરી રે,

આંખ ભરી અબળા કહે, ઋષિરાયજી રે;
મારું જડ થયું છે મન; લાગું પાયજી રે.
એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે,
રુએ બાળક લાવો અન્ન; લાગું પાયજી રે.
કોને અન્ન વિના ચાલે નહિ, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત; લાગું પાયજી રે.
અન્ન વિણ ભજન સૂઝે નહિ, ઋષિરાયજી રે,
જીવે અન્ને આખું જગત; લાગું પાયજી રે.
શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે;
રવિએ રાખ્યું અક્ષયપાત્ર; લાગું પાયજી રે.
ઋષિ સેવે કામધેનુને, ઋષિરાયજી રે,
તો આપણે તે કોણ માત્ર? લાગું પાયજી રે,
સુર સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે,
મનવાંછિત પામે આહાર; લાગું પાયજી રે.
ધર્મ પ્રાણ અન્ન વિના નહિ, ઋષિરાયજી રે.
ઊભો અન્ને સકળ સંસાર; લાગું પાયજી રે.
ફેરાનું ફળ જાશે નહિ, ઋષિરાયજી રે;
જઈ જાચો કૃષ્ણ બળદેવ; લાગું પાયજી રે.
અક્ષર લખ્યા દારિદ્રના, ઋષિરાયજી રે,
ધોશે ધરણીધર તતખેવ; લાગું પાયજી રે;

**(વલણ)**

તતખેવ ત્રિકમ છેદશે, દારિદ્ર કેરાં ઝાડ રે;
પ્રાણનાથ પધારો દ્વારિકા, હું માનું તમારો પા'ડ રે.

●

## શબ્દ-સમજૂતી

**પછે** પછી, પાછળ, પાછળથી **સુદામોજી** સુદામા, શ્રીકૃષ્ણનો એક ગરીબ સહાધ્યાયી મિત્ર **બોલિયા** બોલ્યા **સુણ** સુણવું તે, શ્રવણ, (અહીં) સાંભળ **શિખામણ** બોધ, શિક્ષા, સલાહ **ઘેલી** ગાંડી, અક્કલ વગરની **નિર્મ્યું** નિર્મિત, નિર્માયેલું, રચાયેલું, નક્કી થયેલું, નિયત **પામીએ** મેળવીએ, પ્રાપ્ત કરીએ **વિધિએ** બ્રહ્માએ, ભાગ્યદેવતાએ **વૃદ્ધિ** વધારો, આબાદી **હાણ** હાનિ, નુકસાન **સુકૃત** સારું કામ, પુણ્ય **દુકૃત** ખરાબ કામ, પાપ **નવ** (અહીં) નહિ **ખડધાન** ખડ જેમ વગર ખેડે ઊગતું 'ધાન', ખેડ્યા કે વાવ્યા વિના થતું ધાન (સામો, મણકી વગેરે), હલકી જાતનું અન્ન **ખેડી** ખેડવું, જમીનને હળ વડે ખોદી, ચાસીને પોચી કરવી **શાળ** ડાંગર, એક ધાન્ય, જેમાંથી ચોખા નીકળે છે **શોચના** શોચ, શોક, ફિકર, પસ્તાવો **એકાદશી વ્રત** અગિયારસનું વ્રત **કીધાં** કર્યાં **તૃપ્ત** ધરાયેલું, સંતુષ્ટ **શ્વાન વાયસ ગૌગ્રાસ** જમતાં પહેલાં કૂતરાં-કાગડા-ગાયને માટે જુદું કાઢેલું અન્ન **બ્રહ્મભોજન** બ્રાહ્મણને જમાડવા તે **હોમહવન** યજ્ઞ **અતીત** અતિથિ, મહેમાન, અભ્યાગત, ભિક્ષુક **નિર્મુખ** ખાધા વગર પાછું ગયેલું, નિરાશ થઈ પાછું ગયેલું **વાળિયા** વળાવવું, (અહીં) વિદાય કર્યા **અન્ન** અનાજ, ખોરાક **હરિપ્રસાદ** (અહીં) દેવને ધરેલ નૈવેદ્ય **હુતશેષ** (અહીં) હોમેલું-બલિરૂપ, આપેલો શેષ ભાગ - પ્રસાદ **આહાર** ખોરાક, ખાવું તે, ખાનપાન **ઉદર** પેટ **સંતોષ-અમૃત** સંતોષરૂપી અમૃત **હરિચરણે** (અહીં) પ્રભુના પગમાં **નવનિધ** કુબેરના નવ ભંડાર, સર્વપ્રકારની સમૃદ્ધિ **ધીર** ધીરજ **અબળા** સ્ત્રી **ઋષિરાયજી** (અહીં) સુદામા માટે તેની પત્નીએ વાપરેલું સંબોધન **જડ** જીવ વિનાનું, સ્થૂળ, લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું **લાગું પાયજી** પગે લાગવું **જોગેશ્વર** યોગેશ્વર - શિવ, મહાદેવ **હરિભક્ત** વિષ્ણુ, શ્રીકૃષ્ણનો ભક્ત, હરિનો ભક્ત **વિણ** વિના, વગર **સૂઝે** સૂઝવું તે, સમજ, ગમ **અન્નપૂર્ણા** અન્ન પૂરનારી-પૂરું પાડનારી દેવી **રવિ** સૂર્ય **અક્ષયપાત્ર** જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ એવું વાસણ **સેવે** સેવવું તે, સેવા કરવી, ઉપયોગમાં લેવું **કામધેનુ** મનકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય **સુર** દેવ **કલ્પવૃક્ષ** સ્વર્ગનું એક કાલ્પનિક ઝાડ કે જેની નીચે બેસીને જે સંકલ્પ કરે તે વસ્તુ મળે એવું ઝાડ **મનવાંછિત** મનથી ઇચ્છેલું **સકળ** સર્વ, તમામ **સંસાર** સૃષ્ટિ, જગત **ફેરાનું ફળ** (અહીં) પૃથ્વી પર જન્મ લીધાનું ફળ **જાચો** જાચવું, યાચવું, યાચના કરવી, માગવું **બળદેવ** શ્રીકૃષ્ણના મોટા ભાઈ **દારિદ્ર** દરિદ્રતા, ગરીબાઈ **ધરણીધર** (અહીં) વિષ્ણુ **તતખેવ** તે જ વખતે, તરત જ **ત્રિકમ** ત્રિવિક્રમ, વિષ્ણુ **છેદશે** છેદવું, કાપવું **પ્રાણનાથ** પ્રાણનો નાથ, પતિ, (અહીં) કૃષ્ણ **દ્વારિકા** એક તીર્થ-કૃષ્ણના રાજ્યની રાજધાની

## રૂઢિપ્રયોગ

**પાણી પહેલાં પાળ બાંધવી** અગમચેતી દાખવવી, આપત્તિ આવ્યા પહેલાં જ નિવારણ કરવું **પાડ માનવો** આભાર માનવો

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સુદામા પત્નીને શું માનવા કહે છે?

(2) સુદામા કયા બે મિત્રોનો ઉલ્લેખ કરે છે?

(3) સુદામા એની પત્નીને 'ક્યાંથી જમીએ શાળ?' - એમ શા માટે કહે છે ?

(4) સુદામાનાં બાળકો શા કારણે રડે છે?

(5) આ આખ્યાનખંડમાં સ્ત્રી માટે કયા કયા શબ્દો પ્રયોજાયા છે?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પોતાને અન્ન ન મળવા પાછળ સુદામાએ કયાં કારણો રજૂ કર્યાં છે?

(2) સુદામાપત્ની પુરાણોમાંથી કોનાં કોનાં દૃષ્ટાંતો ટાંકે છે?

(3) સુદામાપત્નીને સુદામાની જ્ઞાનની વાતો કેમ ગળે ઊતરતી નથી?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

આ કાવ્યમાં રજૂ થયેલી સુદામાની દરિદ્રતા તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- સુદામા વિશે સાત વાક્યો લખો.
- સુદામા વિશે એકોક્તિ તૈયાર કરીને ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

● આખ્યાન કવિ પ્રેમાનંદે, લોકરુચિનો ખ્યાલ રાખીને, સરળ-સહજ અભિવ્યક્તિ માટે સૌનું જાણીતું પૌરાણિક કથાનક પસંદ કર્યું છે. સાથેસાથે એને 'રામગ્રી' રાગમાં ઢાળ્યું છે, જેથી વાચક-શ્રોતાને કથાનક સુગમતાથી સમજાય. આખ્યાન કરતાં માણભટ્ટ માટે રાગ અને ગાન એ અભિવ્યક્તિનાં મહત્ત્વનાં પરિબળો છે.

● જીવનમાં સુદામા કર્મ પ્રમાણે ફળ મળે છે, એવું માને છે. પત્ની એમને પુરુષાર્થ માટે પ્રેરે છે. પતિ-પત્નીના સંવાદમાં આટલી વિકટ સ્થિતિમાં પણ કડવાશ નથી, તે પ્રેમાનંદે પ્રયોજેલા ભાષાકૌશલથી જાણી શકાય છે.

● આ આખ્યાન છે, પદ્યમાં છે, ભાષામાં લાઘવ સાથે અર્થની સૂક્ષ્મતા વ્યક્ત કરવા માટે કવિએ શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કર્યો છે. સંસ્કૃતના તત્સમ શબ્દો, સાંસ્કૃતિક કે સામાજિક સંદર્ભોને વ્યક્ત કરવા માટે કેટલા સમર્થ છે તે જુઓ :

પત્નીને સુદામાએ કરેલું સંબોધન 'સુણ સુંદરી રે,' તેમજ પત્નીએ સુદામાને કરેલું સંબોધન. 'ઋષિરાયજી રે.', 'હરિપ્રસાદ', 'હુતશેષ', 'નવનિધ', 'અન્નપૂર્ણા', 'અક્ષયપાત્ર', 'કામધેનુ', 'કલ્પવૃક્ષ', 'ફેરાનું ફળ', 'પ્રાણનાથ' વગેરે.

ભાવ કે અર્થની અભિવ્યક્તિ માટે યોગ્ય કે ઉચિત શબ્દની પસંદગી પણ કથાવસ્તુની અભિવ્યક્તિનું સબળ સાધન બને છે.

● આખ્યાનખંડમાંથી 'શબ્દસમૂહ માટે એક શબ્દ' જુદા તારવો. એનો વાક્યપ્રયોગ કરો.

દા.ત.,
- સૂર્યદેવ જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ તેવા પાત્ર દ્વારા જગતનું પોષણ કરે છે.
- સૂર્યદેવ અક્ષયપાત્ર દ્વારા જગતનું પોષણ કરે છે.

ભાષા-અભિવ્યક્તિની દૃષ્ટિએ આવાં વાક્યોનો અભ્યાસ કરો.

## શિક્ષકપ્રવૃત્તિ

- કૃષ્ણ-સુદામાના આશ્રમજીવનના પ્રસંગો વિદ્યાર્થીઓને કહી શકાય.
- ટીવી પરથી પ્રસારિત થતા માણભટ્ટના આખ્યાન અંગેના કાર્યક્રમો જોવાનું આયોજન કરી શકાય.

●

# 4 મારા રાહબર : અહેમદ જલાલુદ્દીન

**ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ**

**(જન્મ : 15-10-1931, અવસાન : 27-07-2015)**

એ. પી. જે. અબ્દુલ કલામનો જન્મ તમિલનાડુ રાજ્યમાં આવેલા રામેશ્વરમ્ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ જૈનુલબ્દીન અને માતાનું નામ આશિયામ્મા. તેમનું પ્રાથમિક શિક્ષણ રામેશ્વરમ્માં જ થયું હતું. માધ્યમિક શિક્ષણ રામનાથપુરમ્માં અને ઉચ્ચ શિક્ષણ એમણે તિરુચિરિપલ્લીમાં મેળવ્યું. એ પછી 'મદ્રાસ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (MIT)'માં દાખલ થઈ ઍરોનોટિક્સનો ગહન અભ્યાસ કર્યો. ભારતીય અવકાશવિજ્ઞાન–રૉકેટવિજ્ઞાનની સિદ્ધિઓ દ્વારા ભારતના ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિક તરીકેની નામના તેમણે પ્રાપ્ત કરી હતી. તેઓ વૈજ્ઞાનિક હોવા ઉપરાંત ઉચ્ચ આધ્યાત્મિક રસ ધરાવતા હતા. 'ઇન્ડિયા : એ વિઝન ફૉર ધ ન્યૂ મિલેનિયમ' અને 'ઈગ્નાઈટેડ માઈન્ડ'- એ તેમણે અંગ્રેજીમાં લખેલાં પુસ્તકો છે. ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ', 'પદ્મવિભૂષણ' અને 'ભારતરત્ન'થી નવાજ્યા હતા એ એમની વિશેષતા છે. એક સમયે તેઓ ભારતના રાષ્ટ્રપતિ હતા. તેમણે અરુણ તિવારીના સહકારથી પોતાની આત્મકથા 'વિંગ્ઝ ઑફ ફાયર' લખી છે. ગુજરાતીમાં તે આત્મકથાનો અનુવાદ 'અગનપંખ' ખૂબ જાણીતો છે.

પ્રસ્તુત આત્મકથાખંડમાં જિજ્ઞાસુ બાળ-કલામ ઉપર જલાલુદ્દીનની કર્તવ્યનિષ્ઠા, સઘન પુરુષાર્થ, વફાદારી અને ખુદાપરસ્તીની અમીટ છાપ પડી છે. કુદરતનાં અવનવાં રહસ્યો, અસીમ અવકાશ અને અદ્ભુત ખગોળીય ઘટનાઓની બાળસહજ કુતૂહલતાએ આઠ વર્ષના કિશોર જોડે **23** વર્ષના યુવાન જલાલુદ્દીનની મૈત્રીએ ઉંમરના ભેદને ઓગાળી દીધો છે. કુમળા માનસ પર ઝિલાયેલાં આત્યંતિક ઈશ્વરનિષ્ઠા અને સર્વધર્મ સમાદરનાં જીવનમૂલ્યો મોટી ઉંમરે ડૉ. કલામ સાહેબને કેવા માનવતાવાદી વિશ્વનાગરિક બનાવે છે તેમજ તેનું જીવંત ઉદાહરણ અહીં જોવા મળે છે. જીવનના વિવિધ તબક્કે ઊભા થતા પ્રશ્નો - ગંભીર કટોકટીવાળા પ્રસંગોએ અપાતું મૈત્રીયુક્ત માર્ગદર્શન - ઝીણી કાળજી ભાવિ મિસાઈલ મૅનની ઘડતરપ્રક્રિયાનો સાદ્યંત આલેખ બખૂબી રજૂ કરે છે. જન્મતું પ્રત્યેક બાળક ડૉ. કલામ બની શકે - જો તેને બચપણમાં જ જલાલુદ્દીન મળી શકે. ડૉ. અબ્દુલ કલામની 'માય જર્ની' આત્મકથા-મારી જીવનયાત્રા-નો અનુદિત-અંશ અહીં લીધો છે. આત્મકથાનો રસપ્રદ અનુવાદ શ્રી ખ્યાતિ ખારોડે કર્યો છે.

---

મારા સદ્નસીબે જિંદગીના દરેક મોડ પર મને એવા સારા રાહબર મળતા રહ્યા, જેમણે મારી કારકિર્દીને યોગ્ય ઘાટ આપ્યો અને જરૂર પડ્યે મારા વિચારોને વળવા માટે સુંદર દિશાઓ આપી. મારા જીવનમાં આ રાહબરોનો ફાળો ઘણો કીમતી કહી શકાય. આખી જિંદગી મને તેમના આ અહેસાનનો અનુભવ થતો રહ્યો છે. જીવનના આ તબક્કે મારી વ્યસ્તતા ઓછી થઈ હોવાથી મને સમય મળે, ત્યારે હું આ બધી જ વ્યક્તિઓને પ્રેમથી સતત યાદ કરવાનું પસંદ કરું છું. સૂરજની જેમ તેમણે મારા જીવનને રોશન કર્યું છે અને પવનની જેમ ડગલે ને પગલે મારો સાથ નિભાવ્યો છે. મારા જીવનનો આવો પહેલો રાહબર હું મારા પિતરાઈ અહેમદ જલાલુદ્દીનને ગણું છું.

હું આઠેક વર્ષનો હતો ત્યારે મારા પિતાએ હોડીનો વ્યવસાય શરૂ કરવાનું વિચાર્યું. આ હોડીના બાંધકામમાં મને ખૂબ રસ પડવા લાગ્યો. જલાલુદ્દીન પણ રામેશ્વરમ્માં જ રહેતો અને મારા પિતાને હોડી બાંધવામાં મદદ કરતો. તે કારણે હું તેના ગાઢ પરિચયમાં આવ્યો. હું ઝીણવટપૂર્વક બાંધકામનું અવલોકન કરતો રહેતો. આ વાત આસપાસનાં બીજાં કોઈની નજરમાં આવી નહિ, પરંતુ જલાલુદ્દીને તેની નોંધ લીધી. તેણે દરરોજ મારી સાથે થોડો વખત વાતો કરવાનું રાખ્યું. સ્વાભાવિક છે, વાતના કેન્દ્રમાં હોડી જ હોવાની. હોડી કેવી હોવી જોઈએ, કઈ રીતે બાંધવી જોઈએ, આપણે તેને કેવી રીતે રંગ કરીશું, એ બધી જ વાતો એ મને કરતો. મારા રસના વિષયને સીંચવામાં તેણે બહુ મોટો ભાગ ભજવ્યો. હોડી તો બનીને તૈયાર થઈ ગઈ, પણ અમારી દોસ્તીનો સિલસિલો અટક્યો નહિ. અમારી ઉંમરમાં ખાસ્સાં પંદર વર્ષનો તફાવત હતો, પણ આ તફાવત અમારી દોસ્તીની આડે કદી આવ્યો નહિ.

અમારી મુલાકાતો ચાલુ જ રહી, પણ વાતના વિષયો બદલાતા ગયા. દિવસો પસાર થતા ગયા. વર્ષો બાદ આ જ જલાલુદ્દીન સાથે મારી મોટી બહેન ઝોહરાના નિકાહ થયા. દોસ્તી હવે સગપણમાં બદલાઈ ગઈ, તેથી આત્મીયતા પણ વધતી રહી. જલાલુદ્દીન સાથે વિતાવેલા મારા બાળપણના દિવસો યાદ કરું, તો સાંજના

સમયની અમારી મુલાકાતો મને સૌથી વધુ યાદ આવે. અમે અમારી મસ્જિદ-શેરીમાંથી બહાર આવીને દરિયા તરફ ચાલી નીકળીએ. આમ ફરતાં ફરતાં મંદિરને ઓટલે આવીને અટકીએ. સાંજ પડવા આવી હોય, એટલે બજારમાં યાત્રાળુઓની ચહલપહલ ચાલતી હોય. મંદિરનો રસ્તો પણ તેમની ભીડથી એકદમ જીવંત બની ગયો હોય. કેટલાક મંદિરની પ્રદક્ષિણા કરતા હોય, તો કેટલાક નીચે નમીને મંદિરનાં પગથિયાંની રજ માથે ચડાવતા હોય. કોઈક વળી ઘરડાં માબાપને દર્શન કરાવવા નીકળ્યું હોય, તો બંનેના હાથ ઝાલી, ટેકો આપીને મંદિર તરફ તેમને દોરી જતું નજરે ચડે. સંધ્યાકાળે મંદિરના આ પવિત્ર અને આધ્યાત્મિક માહોલમાં ક્યારેક અમે પણ ભગવાનની વાતો પર ચડી જતા.

જલાલુદ્દીન આસ્તિક તો હતો, પણ ખુદા અંગેની તેની માન્યતા મારા પિતાની આસ્તિકતા કરતાં અલગ હતી. મારા પિતા ઇસ્લામના રીતિરિવાજોનું પાલન કરવામાં માનતા. પાંચ વખતની નમાજ રિવાજ ખાતર કરવાના બદલે સાચા દિલથી અદા કરતા. તેમનો ખુદા તેમના માટે સર્વોપરી હતો અને તેમની બંદગી તેઓ ગંભીરતાપૂર્વક કરતા. આપણે જેમ ખાઈએ-પીએ કે શ્વાસ લઈએ, તેવી જ સહજતાથી આ બંદગી તેમના દૈનિક ક્રમમાં સામેલ થઈ ગઈ હતી. જલાલુદ્દીનની આસ્થા જરા જુદી હતી. તેના માટે ખુદા એક દોસ્ત જેવો હતો. એક એવો ભરોસાપાત્ર દોસ્ત, જેની સાથે નિખાલસતાથી વાતો કરી શકાય, દિલ ખોલીને તેની સામે મૂકી દઈ શકાય અને કોઈ મુશ્કેલી હોય, તો તેની આગળ રજૂ પણ કરી શકાય. તેના માટે જાણે તેનો ખુદા હાજરાહજૂર હતો. પોતે કોઈ તકલીફ ખુદાને જણાવે, તો ખુદા તેને હલ કરશે જ, તેવો તેને અડગ ભરોસો રહેતો. અમારી આવી બધી વાતો ચાલતી હોય, ત્યારે હિંદુ ભક્તો તેમની આરતી કે સંધ્યાપૂજા કરતા હોય. એક જ સમયે દરરોજ આસ્થાનાં આ અલગઅલગ રૂપો મને જોવા મળતાં. તેથી આ બધી જ બાબતોએ ખુદા માટેની મારી માન્યતાને ઘડવામાં ફાળો આપ્યો. રામેશ્વરમ્‌ના આ પવિત્ર વાતાવરણમાં સૌ કોઈ દિલથી પૂજા કરતા. પોતપોતાના સૈકાઓ જૂના ધર્મ અનુસાર કોઈની બંદગી, તો કોઈની અર્ચના સતત ચાલતી રહેતી. અહીં અજાન, ત્યાં મંત્રોચ્ચાર અને દૂર દેવળમાં તેમની પ્રાર્થનાનો ઘંટારવ! જો ભાવ બધાનો સરખો, તો આ પ્રાર્થના સાંભળનારો અલગ અલગ કેવી રીતે હોઈ શકે? મારા મનમાં એ ખ્યાલ પાકો થઈ ગયો હતો કે અંતે તો ઉપરવાળો એક જ હશે, અલગ નહિ. તેમાંય જલાલુદ્દીનને તો બધે જ ખુદાના દીદાર થતા અને તે તેની સાથે વાતો કરતો. આસ્થાનું આ સ્વરૂપ મને બહુ નવાઈ પમાડતું.

જલાલુદ્દીન બહુ ભણેલો નહોતો. તેણે આઠમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. પછી ઘરનું ગુજરાન ચલાવવાની જવાબદારી તેની પર આવી ગઈ, તેથી આગળ ભણવાનું છોડીને કામ પર લાગી ગયો, પણ અંગ્રેજી પર તેની પકડ સારી હતી. તે સારી રીતે અંગ્રેજી લખી-વાંચી શકતો. તેથી શહેરના કોઈને પણ અંગ્રેજીમાં અરજી લખાવવી હોય કે કચેરીનું કામકાજ હોય તો લોકો તરત તેને યાદ કરતા, આ કારણે લોકોમાં તેનું ઘણું માન હતું. મને એ જોવું ગમતું અને હું પણ વિચારતો કે બહુ સારી રીતે ભણીએ, તો આવાં માનપાન મળે. આ એક આડકતરું પ્રોત્સાહન હતું. બીજી તરફ જલાલુદ્દીન ભણેલો હોવાથી ભણવાની મારી ધગશને તે જ સૌથી પહેલાં ઓળખી શક્યો અને મને સવાલો પૂછવા માટે પ્રોત્સાહિત કરતો રહ્યો. બાળસહજ જિજ્ઞાસાથી હું હજારો સવાલો પૂછતો રહેતો અને તે ધીરજપૂર્વક મારા બધા સવાલો સાંભળતો અને તેને આવડતા હોય, તે જવાબો આપતો, પણ મને કદીય નિરાશ કરતો નહિ. ઊલટું મને નવું જાણવા માટે ચાવી ચડાવવાનું કામ કરતો. ચોપડીમાં વાંચી ન હોય, તેવી કેટલીય બાબતો વિશે તે મને જાણકારી આપતો. કુદરત, અવકાશ કે ખગોળની માહિતી, વૈજ્ઞાનિક શોધખોળ અને નામી-અનામી વ્યક્તિઓની વાતો તે મારી આગળ કરતો. આ બધા વિષયો સાથે મારો પહેલો પરિચય જલાલુદ્દીને જ કરાવ્યો.

મારા આ બચપણને યાદ કરું, ત્યારે હું વિચારવા લાગું છું કે બાળકના ઘડતરમાં તેના આસપાસના વાતાવરણનું યોગદાન કેટલું હોતું હશે અને કેટલા અંશે તેની પોતાની પ્રતિભાના જોરે તેનો વિકાસ થતો હશે? મારા અનુભવના આધારે આજે હું આંગળીના વેઢે ગણાવી શકું તેમ છું, કે મારી આસપાસનાં લોકો પાસેથી હું શું શીખ્યો. જીવનમાં પ્રામાણિકતા, શિસ્ત, વિશ્વસનીયતા અને દયાના પાઠ મારાં માતાપિતા પાસેથી મને શીખવા મળ્યા. મારા ખાસ મિત્રો જલાલુદ્દીન અને શમસુદ્દીન મને એ વાતનો અહેસાસ કરાવ્યો કે દરેક વ્યક્તિમાં કંઈક તો ખાસ વાત છુપાયેલી હોય છે જ. હું તો મારામાં છુપાયેલી એ ખાસ વાતને ઓળખી શકવા માટે ઘણો નાનો હતો, પણ આ બંને મિત્રો તેને

ઘણી વહેલી ઓળખી શક્યા. તેમણે તેને વિકસાવવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડ્યું. આ હતી તેમનામાં છુપાયેલી ખાસ વાત. તેમના આ ગુણના કારણે તેઓ મારી અંદરની ક્ષમતાને બહાર કાઢવામાં મહત્ત્વનો ભાગ ભજવી શક્યા.

મારી નિશાળનું ભણતર પૂરું થવા આવ્યું, ત્યારે સૌથી પહેલાં જલાલુદ્દીનને જ એ વિચાર આવ્યો હતો કે મારે હવે રામેશ્વરમ્ છોડીને બહાર ભણવા જવું જોઈએ. મારે આગળ ભણવા માટે રામનાથપુરમ્‌ની મોટી સ્કૂલમાં જવું હતું. હવે તે સમયે મારાં સપનાં ભલે મોટાં હતાં, પણ ઉંમર એટલી મોટી નહોતી. બહારની દુનિયાનો મને કંઈ અનુભવ નહોતો. તે વખતે જલાલુદ્દીને જ તેને લગતી બધી વ્યવસ્થાનું કામકાજ સંભાળી લીધું. મને રામનાથપુરમ્ પહોંચાડવાની અને ત્યાં રહેવા-જમવાની ગોઠવણની જવાબદારી તેણે પોતાના માથે લઈ લીધી. ત્યાં પહોંચ્યા બાદ મને ઘરની બહુ યાદ સતાવતી. આ રીતે ઘરથી દૂર રહેવા માટે હું ઘણો નાનો હતો. એક સાચા રાહબરની જેમ જલાલુદ્દીને મને જીવનના આ મોડ પર ઘણી હિંમત આપી. તેણે મને પ્રેમપૂર્વક સમજાવ્યું કે જિંદગીમાં આગળ વધવા માટે કંઈક તો છોડવું પડે. આપણી લાગણીઓ પર કાબૂ રાખવાનું આપણે શીખી લેવું જોઈએ. તેની આ બધી સકારાત્મકતાભરી વાતોથી હું મન મક્કમ કરતાં શીખી શક્યો. પછીથી રામનાથપુરમ્‌માં ક્યારેક એકલતા સાલતી, ત્યારે હું જલાલુદ્દીનના શબ્દોને યાદ કરી લેતો.

આ રીતે, બાળપણ, કિશોરાવસ્થા અને યુવાનીના દરેક વળાંકે જો કોઈ સતત મારી સાથે રહીને મને કાળજીપૂર્વક સંભાળતું રહ્યું હોય, તો તે હતો મારો આ દોસ્ત જલાલુદ્દીન. જિંદગીની આ રાહ પર ક્યારેક હું ડગ્યો હોઈશ અને ક્યારેક ઠોકર ખાધી હશે, પણ દરેક વખતે તેનો હાથ મને પકડી લેવા માટે મારી સાથે રહ્યો. તેણે મને બહુ જતનથી સાચવ્યો અને હંમેશાં પ્રોત્સાહન પૂરું પાડતો રહ્યો. જલાલુદ્દીન અને શમસુદ્દીન મારા દરેક ડગલે મને સાથ આપતા રહ્યા. એન્જિનિયર બન્યા બાદ ‘ઇન્ડિયન નેશનલ કમિટી ફૉર સ્પેસ રિસર્ચ’માં હું જોડાયો અને તેમના નેજા હેઠળ મારે અમેરિકા જવાનું થયું. હું નાસાના તાલીમ-કાર્યક્રમમાં ભાગ લેવા, છ મહિના માટે યુએસ જઈ રહ્યો હતો, ત્યારે જલાલુદ્દીન અને શમસુદ્દીન મુંબઈ ઍરપોર્ટ પર મને મૂકવા આવ્યા હતા. તે દિવસની તેમની એ લાગણીભરી મુલાકાતને હું કદી નહિ ભૂલી શકું. વીસ વર્ષ પહેલાં અમારામાંથી કોઈએ ક્યાં કલ્પના પણ કરી હતી કે એક દિવસ હું આટલા મહત્ત્વના સ્થાને પહોંચી શકીશ પણ આજે એ ખુશીમાં સામેલ થવા આવ્યા, ત્યારે મારા કરતાં તેઓ વધુ ખુશ હતા.

જીવનમાં પહેલી વાર હું પરદેશ જતો હતો, તેથી મારા મનમાં એક ફડક હતી. બરાબર તેવી જ ફડક મારા આ બંને મિત્રોને મુંબઈ જેવા મોટા શહેરમાં પહેલી વાર આવ્યા હોવાથી લાગતી હતી. આમ છતાં, ઍરપોર્ટના ગેટ પર મને મળતી વખતે તેમણે સ્વસ્થતા જાળવી રાખી. તેમને જોતાંવેંત મારી ફડક તો દૂર થઈ ગઈ અને હંમેશની જેમ મારા જોમજુસ્સો પાછા આવી ગયા. તેમણે સદાય મારી ક્ષમતામાં એટલો બધો વિશ્વાસ રાખ્યો હતો કે જીવનના આ નવા વળાંક પર તેમને જોઈને મને હૈયે ધરપત વળી ગઈ. છૂટા પડતી વખતે હું થોડો લાગણીવશ બની ગયો અને મારી આંખમાં આંસુ આવી ગયાં. તે વખતે જલાલુદ્દીને મારો હાથ પકડીને મને જે કહ્યું, તે મને આજેય બરાબર યાદ છે. તે શબ્દો હતા - ‘અબ્દુલ, અમને તારા માટે ખૂબ પ્રેમ છે. અમારા દિલમાં એ શ્રદ્ધા છે કે તું જરૂર કંઈક કરી દેખાડીશ. તારા માટે બહુ ગર્વ છે, દોસ્ત !’

મારી જિંદગીમાં જલાલુદ્દીનના સ્થાન વિશે આજે હું વિચાર કરું, તો મને દિવસે દિવસે તેનું મહત્ત્વ વધતું હોય, તેવું લાગે છે. તેણે મને બહારની દુનિયાની છબી બતાવી, તેણે દુનિયામાં મારો હાથ ઝાલીને ડગ માંડતાં શીખવ્યું અને મારી ક્ષમતાને બહાર લાવવા કોશિશ કરી, એટલો ઉપકાર પૂરતો ન હોય તેમ, મારો માનસિક વિકાસ અને વિચારશક્તિ પણ તેણે જ ખીલવ્યાં છે. મારી જાતે હું વિચારતો થયો, મારી સર્જનશક્તિમાં નિખાર આવ્યો અને હું નક્કી કરેલી મંજિલ તરફ મક્કમતાથી કદમ ઉઠાવતાં શીખ્યો, તે પણ તેની જ કમાલ હતી. ઘર, પરિવાર અને રામેશ્વરમ્‌થી દૂર નીકળી ગયા બાદ પણ જલાલુદ્દીનની આ તાલીમ હંમેશાં મારી સાથે રહી છે. કારણ કે તેની તાલીમ એવી હતી જેણે મને જીવન કેમ જીવાય, તે શીખવ્યું. મારા માટે કમનસીબીની વાત એ છે કે જીવનની જેમ મને મોતનો પરિચય કરાવવામાં પણ તે જ નિમિત્ત બન્યો.

હું જ્યારે ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ISRO) ખાતે SLV 3 રૉકેટ પ્રોજેક્ટ પર કામ કરતો હતો ત્યારે અચાનક મને મારા આ બનેવી, દોસ્ત અને રાહબર એવા જલાલુદ્દીનના અવસાનના સમાચાર મળ્યા.

ઘડીભર માટે હું અવાક થઈ ગયો. આપણે સૌ હયાત હોઈએ અને આ દોસ્ત આમ સાવ અચાનક જન્નતની વાટ પકડી લે, એ વાત મારા ગળે ઊતરતી જ નહોતી. અસહ્ય દુઃખની આ ઘડીમાં હું થોડી વાર સુધી તો અર્થ વિનાનું કંઈક બબડતો રહ્યો. જ્યારે થોડી કળ વળી, ત્યારે મારા રાહકર્મીને જરૂરી સૂચનાઓ આપીને હું તરત રામેશ્વરમ્ જવા રવાના થયો.

રામેશ્વરમ્‌ના રસ્તે બસ દોડતી હતી. ખુલ્લી બારીમાંથી પવન વાતો હતો અને મારી સાથેના મુસાફરો પોતપોતાની વાતોમાં લીન હતા, પણ તે હકડેઠઠ ભીડમાં મને સહી ન શકાય, તેવું એકલવાયાપણું લાગતું હતું. દરેકની જિંદગીમાં આવો વખત આવતો હશે, જ્યારે બાળપણ છૂટી ગયાનો અહેસાસ થાય. મારા આ દોસ્તના અચાનક ચાલ્યા જવાથી મારી અંદરનો બાળક અબ્દુલ પણ જાણે મરી ગયો. વહાલથી જવાબ આપનારો દોસ્ત ન રહે, તો પછી સવાલ પૂછનારો પેલો નાનકડો બાળક ક્યાં જવાનો? મને ઝાલનારા અને પીઠ થાબડનારા હાથ હવે આ દુનિયામાં નહોતા, તે સ્વીકારવું બહુ વસમું હતું, જૂની યાદો આંખ સામેથી ખસતી નહોતી. દરિયાની રેતીમાં મારી સાથે પગલાં પાડતો જલાલુદ્દીન, ચાંદ-તારાની ઓળખાણ કરાવતો જલાલુદ્દીન, સૂરજ દરિયામાં ડૂબીને ક્યાં ગયો, તે સમજાવતો જલાલુદ્દીન, રામનાથપુરમ્ ગયા બાદ મારી ચોપડીઓ માટે નાણાંની વ્યવસ્થા કરતો જલાલુદ્દીન, સાંતાક્રુઝ ઍરપોર્ટ પર મને મળતી વખતે ખુશીનાં આંસુ છલકાવતો જલાલુદ્દીન - આવાં આંસુ તો એ જ છલકાવી શકે, જેણે ખરી લાગણીથી તે વ્યક્તિને ઉછેરી હોય અને ગર્વ લઈ શકે, તેવા સ્થાને પહોંચાડી હોય. જલાલુદ્દીને મારા જીવનમાં આ ભૂમિકા બખૂબી નિભાવી હતી.

રામેશ્વરમ્ પહોંચીને મેં જોયું કે મારી બહેન ઝોહરા હૈયાફાટ રુદન કરી રહી હતી. તેની સાથે તેની પુત્રી અને મારી ભાણેજ એવી નાનકડી મહેબૂબ બેઠી હતી. જેણે અકાળે તેના પિતાને ખોયા હતા. હું મારા પિતા પાસે ગયો. તેઓ તેમની જિંદગીનાં સો વર્ષ પૂરાં કરી ચૂક્યા હતા. છતાં, તેઓ મને ક્યારેય ઘરડા નહોતા લાગ્યા, પણ તે દિવસે તેઓ અચાનક ઘણા વૃદ્ધ લાગ્યા. જમાઈને ગુમાવ્યાનો અફસોસ તેમના ચહેરા પર સાફ દેખાતો હતો. અમે સૌએ ભેગા મળીને દફનક્રિયા પૂરી કરી. હું આ આઘાતથી એવો સ્તબ્ધ થઈ ગયો હતો કે રડી શક્યો પણ નહોતો. બસ, મનમાં તેની યાદો છલકાતી હતી.

દફનવિધિ પૂરી થયા બાદ સૌ ઘરે આવ્યાં, ત્યારે મારા પિતાએ મને તેમની બાજુમાં બેસાડ્યો. આ જૈફ વયે પણ તેઓ એટલા સભાન હતા કે મારું દુઃખ અનુભવી શકે. મને ત્યારે જ ખ્યાલ આવ્યો કે મારી જેમ તેઓ પણ રડ્યા નથી. મારો હાથ તેમના હાથમાં લઈ તેમણે મને કહ્યું, 'અબ્દુલ, તું જાણે છે ને, ખુદા પડછાયાને કઈ રીતે લાંબો અને ટૂંકો કરે છે? તે ધારે, તો પડછાયાને એકસરખા કદનો રાખતાં તેને કોણ અટકાવી શકે? પણ એમ થતું નથી. ખુદાએ તેના રાહબર સૂરજને તેની સાથે જ મોકલ્યો છે. આ સૂર્યના આધારે પડછાયો શરૂમાં ખૂબ લાંબો થાય છે અને પછી ટૂંકો થઈ જાય છે. રાત પડે, ત્યારે આ પડછાયો દેખાતો બંધ થઈ જાય છે. આ જ રીતે આપણો જલાલુદ્દીન પણ તેની આ લાંબી રાતમાં પોઢી ગયો છે. ખુદાની ઇચ્છા વગર કંઈ થતું નથી, તે આપણે જાણીએ છીએ ને? તો આપણે તેનામાં ભરોસો રાખીને તેની આ ઇચ્છા પણ કબૂલ કરવી જ રહી.'

હું મારા પિતાના આ શબ્દોને વાગોળતો થોડી વાર ત્યાં બેઠો રહ્યો. મને ક્યારેય મૃત્યુનો ડર લાગતો નહિ પણ એ હકીકત એ છે કે આપણી વહાલસોયી વ્યક્તિને ગુમાવ્યાનું દુઃખ કંઈ એમ તરત દૂર થતું નથી. એકવાર આપણે પણ આ દુનિયા છોડીને ચાલ્યા જઈશું, પણ જલાલુદ્દીનની જેમ કોઈ આપણી પહેલાં અકાળે વિદાય લે, ત્યારે તેની ખૂબ ખોટ સાલે છે. જલાલુદ્દીન ન તો તેનાં બાળકોના નિકાહ જોઈ શક્યો, ન તો પૌત્ર-પૌત્રીને રમાડી શક્યો. તેની આ વિદાયને અમારે હવે સહેવાની છે અને અમારી બાકીની જિંદગી તેના વિના વિતાવવાની છે એ હકીકતનો સ્વીકાર કર્યે જ છૂટકો છે.

આ જલાલુદ્દીન અન્ય લોકો માટે સામાન્ય વ્યક્તિ હશે, પણ મારો મિત્ર અને રાહબર જલાલુદ્દીન મારા માટે ઘણો ખાસ હતો. તે પોતાના નિર્ભેળ પ્રેમ અને સમજદારીથી તેની આસપાસના લોકોનાં જીવનને કેવો સુંદર ઘાટ આપી શકતો હતો, તે મેં પોતે અનુભવ્યું છે. આપણા દેશના અન્ય ગામમાં કે શહેરમાં પણ કદાચ આવા જલાલુદ્દીન હશે, જે બીજાના જીવનમાં આવું સુંદર પરિવર્તન લાવી શકતા હશે. મારા જીવનમાં તે આવ્યો અને હું આજે જે કંઈ પણ છું, તે તેના થકી ઘડાયો, તે બાબતને હું મારી ખુશનસીબી ગણું છું.

●

## શબ્દ-સમજૂતી

**રાહબર** ભોમિયો **કારકિર્દી** (અહીં) ભવિષ્યને ઘડવું **સિલસિલો** સાંકળ, ક્રમ **નિકાહ** લગ્ન **આત્મીયતા** આત્મીયપણું **પ્રદક્ષિણા** કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને તેની ચોતરફ ફરવું તે **રજ** ધૂળનો કણ **સંધ્યાકાળ** સાંજ **આધ્યાત્મિક** આત્મા કે આત્મતત્ત્વ સંબંધી **આસ્તિક** ઈશ્વર અને પરલોકના અસ્તિત્વમાં માનનારું, શ્રદ્ધાળુ **ઇસ્લામ** મુસલમાની ધર્મ (એક ધર્મ) **સર્વોપરી** સૌથી ચડિયાતું, સૌનું ઉપરી **બંદગી** પ્રાર્થના, ઇબાદત **દૈનિક** રોજ **નિખાલસતા** ખુલ્લા - શુદ્ધ દિલથી **હાજરાહજૂર** સાક્ષાત્, પ્રત્યક્ષ **હલ** નિર્ણય, ઉકેલ **અડગ** દૃઢ, ડગે નહિ એવું **આસ્થા** શ્રદ્ધા **સૈકો** સો વર્ષનો સમય **અર્ચના** પૂજા **અજાન** અઝાન, બાંગનો પોકાર **દેવળ** દેરું (ખાસ કરીને ખ્રિસ્તી લોકોનું ચર્ચ) **દીદાર** ચહેરો, (અહીં) સ્વરૂપ દેખાવું **ગુજરાન** નિર્વાહ, ગુજારો **આડકતરું** પરોક્ષ, અપ્રત્યક્ષ **પ્રોત્સાહન** ખૂબ ઉત્સાહ- ઉત્તેજન આપવું તે **ધગશ** લગન, ઉત્કટતા, ઉત્સાહ **યોગદાન** મદદ, ફાળો **પ્રતિભા** માનસિક શક્તિની ઝળક - છટા **વેઢ** આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો **ક્ષમતા** સમર્થતા **કાબૂ** અંકુશ **મન મક્કમ કરવું** દૃઢ સંકલ્પ કરવો **ફડક** બીક **હૈયાધરપત** સંતોષ, સમાધાન **છબી બતાવવી** ઓળખ કરાવવી **નિમિત્ત બનવું** (અહીં) કારણરૂપ બનવું **જન્નત** સ્વર્ગ **લીન** તલ્લીન **હકડેઠઠ** ખીચોખીચ, ચિકાર **વસમું** મુશ્કેલ, કપરું **અકાળે** કવખતનું, અયોગ્ય સમયે **જૈફ વય** મોટી ઉંમર **ખોટ સાલવી** ખોટ પડવી **નિર્ભેળ** ભેળ વગરનું, ચોખ્ખું

## રૂઢિપ્રયોગો

**ચાવી ચડાવવી** ઉશ્કેરવું, ચડાવવું **વાત ગળે ન ઊતરવી** વિશ્વાસ ન આવવો **કળ વળવી** નિરાંત કે શાંતિ થવી **હૈયાફાટ રુદન કરવું** છાતી ફાટી જાય એમ રડવું **હાથ ઝાલવો** મદદ કરવી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) અબ્દુલ કલામ એમના પહેલા રાહબર કોણ ગણે છે?

(2) જલાલુદ્દીનની દોસ્તી સગપણમાં ક્યારે બદલાઈ ગઈ?

(3) લોકોમાં જલાલુદ્દીનનું માન શા કારણે હતું?

(4) કલામને માતાપિતા પાસેથી શા પાઠ મળ્યા?

(5) કલામને રામેશ્વરમ્ છોડીને ભણવાની પ્રેરણા કોણે આપી?

(6) કલામને તેના પિતા ક્યારે અચાનક ઘણા વૃદ્ધ લાગ્યા?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) જલાલુદ્દીન કરતાં કલામના પિતાની આસ્તિકતા કઈ રીતે જુદી હતી?

(2) કઈ બાબતોએ કલામની ખુદા અંગેની માન્યતાઓ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો?

(3) પરદેશ જતાં કલામની ફડક શી રીતે દૂર થઈ?

(4) કલામને પોતાની અંદર રહેલા બાળકને મૃત્યુ પામતો ક્યારે જોયો? કેવી રીતે?

(5) દફનવિધિ પછી કલામના પિતાએ તેમને શું કહ્યું?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

(1) જલાલુદ્દીનના અબ્દુલ કલામ પ્રત્યેના નિર્ભેળ પ્રેમ વિશે સાત વાક્યો લખો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- ભારતીય વૈજ્ઞાનિક વિશે સચિત્ર ચાર્ટ તૈયાર કરો.
- અબ્દુલ કલામ વિશે લખાયેલાં, એમના જીવન વિશેનાં પુસ્તકો મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

● બનેલી, રાહબર અને મિત્ર જલાલુદ્દીનના મૃત્યુ પછી, જલાલુદ્દીન સાથેનાં અનેક સંસ્મરણોને લેખક જે રીતે મૂકે છે, તે રીતે અનુવાદકે કેવો રસાળ અનુવાદ કર્યો છે ! સંસ્મરણોની અભિવ્યક્તિ જે રીતની વાક્ય-રચના દ્વારા પ્રગટ થાય છે તે ફરી વાંચો.

● દરિયાની રેતીમાં મારી સાથે પગલાં પાડતો <u>જલાલુદ્દીન</u>, ચાંદ-તારાની ઓળખાણ કરાવતો <u>જલાલુદ્દીન,</u> દરિયામાં ડૂબીને સૂરજ ક્યાં ગયો તે સમજાવતો <u>જલાલુદ્દીન</u>, રામનાથપુરમ્ ગયા બાદ મારી ચોપડીઓ માટે નાણાંની વ્યવસ્થા કરતો <u>જલાલુદ્દીન,</u> સાંતાક્રુઝ ઍરપોર્ટ પર મને મળતી વખતે ખુશીનાં આંસુ છલકાવતો <u>જલાલુદ્દીન</u> - આવાં આંસુ તો એ જ છલકાવી શકે, જેણે ખરી લાગણીથી તે વ્યક્તિને ઉછેરી હોય અને ગર્વ લઈ શકે તેવા સ્થાને પહોંચાડી હોય.

● સંસ્મરણોનું ઘોડાપૂર ઊમટે ત્યારે વાક્યરચના - અભિવ્યક્તિ - કેવાં કેવાં સ્વરૂપો પકડે છે તે વાંચો, માણો અને પામો.

## શિક્ષકપ્રવૃત્તિ

- મિસાઇલમૅન તરીકે અબ્દુલ કલામનો પરિચય આપો.

●

# વ્યાકરણ-લેખન

## એકમ-1 શબ્દભંડોળ અને શબ્દઘડતર

### 1. શબ્દભંડોળ

ગુજરાતી ભાષા એ સંસ્કૃત ભાષામાંથી રૂપાંતરિત થયેલી ભાષા છે. ગુજરાતીમાં આજે વપરાશમાં હોય તેવા કેટલાક શબ્દો હજી પણ સંસ્કૃત ભાષાના શબ્દો જ છે, પણ કેટલાક શબ્દો સમયાંતરે થોડો ફેરફાર પામીને આજે વપરાશમાં છે. કેટલાક શબ્દો અન્ય કોઈ પ્રદેશ-દેશ કે જે-તે પ્રજાના સંપર્કને કારણે ગુજરાતી ભાષામાં સ્થાન પામ્યા છે. ક્યારેક સમાસ દ્વારા અને વિવિધ પ્રત્યયો દ્વારા પણ નવા શબ્દોનું ઉમેરણ થયા કરે છે. આપણે આવા શબ્દો વિશે ટૂંકમાં જાણીએ :

**1. તત્સમ શબ્દો** (तत् = તે, सम = સમાન) :

તે (સંસ્કૃત) સમાન રહેલા શબ્દો એટલે તત્સમ શબ્દો. મૂળ સંસ્કૃતમાં જે સ્વરૂપે વપરાતા હતા તે જ સ્વરૂપે વપરાતા શબ્દો એટલે જ તત્સમ શબ્દો. હા, તેમાં ક્યારેક બહુ જ સામાન્ય ફેરફાર થયેલો જોવા મળે ખરો. દા.ત., સંસ્કૃતમાં વપરાતા जगत्, परिषद् વગેરે ગુજરાતીમાં 'જગત', 'પરિષદ' સ્વરૂપે વપરાય છે.

(छात्र, शब्द, सत्य, चंद्र, सागर, वचन, श्रा, उपवास, शिर, वृक्ष, कवि, मत, पिता, प्रगति, मति, दान વગેરે શબ્દો ગુજરાતીમાં મૂળ સંસ્કૃત સ્વરૂપે જ વપરાય છે.)

**2. તદ્ભવ શબ્દો** (तत् = તે, તેમાંથી, भव = બનેલા, થયેલા) :

સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત અને અપભ્રંશ ભાષા દ્વારા ક્રમશઃ ગુજરાતીમાં આવેલા શબ્દો તદ્ભવ કહેવાય છે. એનું મૂળ સંસ્કૃત ભાષામાં જ હોય, પણ તેમાં લેખન-ઉચ્ચારણની દૃષ્ટિએ થોડો વધારે ફેરફાર થયેલો હોય છે.

| મૂળ સંસ્કૃત | | તદ્ભવ | મૂળ સંસ્કૃત | | તદ્ભવ |
|---|---|---|---|---|---|
| **सूर्य** | – | સૂરજ | **कर्म** | – | કામ, કરમ |
| **हस्त** | – | હાથ | **कोकीला** | – | કોયલ |
| **कज्जल** | – | કાજલ | **काक** | – | કાગ |
| **पर्ण** | – | પાન, પાંદડું | **दुग्ध** | – | દૂધ |
| **कर्ण** | – | કાન | **मधु** | – | મધ |
| **कुम्भकार** | – | કુંભાર | **बिडाल** | – | બિલાડો |
| **घृतम्** | – | ઘી | **श्रृगाल** | – | શિયાળ |
| **वधु** | – | વહુ | **मक्षिका** | – | માખી |
| **बटुक** | – | બડવો, બાળક | **पिण्ड** | – | પેંડો |
| **वट** | – | વડ | **सूचि** | – | સોય |
| **हानि** | – | હાણ | **दीपवर्ति** | – | દિવેટ |
| **औषधम्** | – | ઓસડ, દવા | **क्षीर** | – | ખીર |

**3. દેશ્ય શબ્દો :**

સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશ વગેરેમાં જે શબ્દોનું મૂળ જડતું નથી, પણ ગુજરાતીમાં કોઈ રીતે તે વપરાશી બની ગયા છે, તેવા શબ્દો દેશ્ય (દેશજ) કહેવાય છે.

દા.ત., પેટ, બકરો, ઢેફું, ડાળી, ઢીંગલી, ડુંગર, ઠૂંઠું, રોડું, ઠોબરું, ધાણી, પોદળો વગેરે.

ભારતભૂમિ ઉપર હજારો વર્ષોમાં, અનેક પ્રજાઓ આવી છે, અહીં સ્થિર થઈ છે, ભળી ગઈ છે. શક્ય છે

કે આ દશ્ય શબ્દો આર્યેતર શબ્દો હોય!

**4. પરપ્રાંતીય શબ્દો :**

અર્વાચીન ભારતીય ભાષાઓમાંથી ગુજરાતીમાં વપરાશી બનેલા પણ ઘણા શબ્દો છે. ભારતનાં જુદાં જુદાં રાજ્યો - પ્રાંતોમાં વસતી પ્રજા જ્યારે એકબીજાના સંપર્કમાં આવે છે, ત્યારે તેમના શબ્દોનું આદાન-પ્રદાન થતું હોય છે. આવા શબ્દો પછીથી ધીરે ધીરે ભાષામાં પોતાનું કાયમી સ્થાન મેળવી લે છે. વળી શાળાઓમાં પણ બાળકો એકથી વધારે ભાષા ભણે છે. તેઓ ઘણીવાર અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કરે છે એ રીતે પણ ધીરે ધીરે આવા શબ્દો પ્રચાર-પ્રસાર પામે છે.

**હિન્દી શબ્દો :** कम (ઓછું), बूढा (ઘરડો), जिन्दगी, बत्ती, आबादी, तमन्ना, मंजिल, सुहाग, आप, प्यार, शुक्रिया, पनिहारी

**મરાઠી શબ્દો :** ચળવળ, વાટાઘાટ, નિદાન, નિમણૂક, પંતુજી, તાબડતોબ

**બંગાળી શબ્દો :** બાબુ, મહાશય, શ્રીયુત, બાની

**5. વિદેશી શબ્દો**

આપણે ત્યાં વિવિધ પ્રજાઓ પરદેશમાંથી આવતી રહી છે. તેમણે ઘણાં વર્ષો સુધી અહીં વસવાટ પણ કર્યો છે. તેઓની સાથેના વહીવટ-વ્યવહારને કારણે તેમની ભાષાના કેટલાક શબ્દો આપણી ભાષામાં કાયમી સ્થાન પામી ચૂક્યા છે.

**અરબી-ફારસી શબ્દો :** ગુજરાતમાં મુસ્લિમ શાસન ઘણાં વરસો સુધી રહ્યું હતું. દરમિયાન ફારસી રાજભાષા બની હતી એટલે આ શબ્દો ગુજરાતીમાં વપરાશમાં આવ્યા છે.

દા.ત., જમીન, દરિયો, દવા, ખબર, માંદગી, ખૂબી, રૂમાલ, ગુલાબ, દોસ્ત, વગેરે, બરાબર, કારકુન, જરૂર, આબાદી, દસ્તાવેજ, ખરીદ, ગુમાસ્તો, તવંગર, તંદુરસ્તી, જિલ્લો, તાલુકો, ઈલાકો, કાનૂન, ઈન્સાફ, ફરમાન, કિલ્લો, મહેલ, મિનારો, બુરજ વગેરે.

ફારસી મારફતે અરબી શબ્દો પણ ઘણી માત્રામાં આપણે ત્યાં સ્થાન પામ્યા છે.

અવાજ, અંજીર, આબાદ, ફોજદાર, મામલતદાર, અદાલત, જલદી, સહી, પડદો, વીમો, લગામ, તબિયત, અનામત, અફવા, આબેહૂબ વગેરે.

**અંગ્રેજી શબ્દો :** અંગ્રેજોએ અહીં સાડા-ત્રણ સદી જેટલો સમય ગાળ્યો. દરમિયાનમાં અંગ્રેજી ભાષાના અઢળક શબ્દો આપણે ત્યાં ચલણમાં સ્થાન પામતા રહ્યા. આજે તો કેટલાક અંગ્રેજી શબ્દોનું ગુજરાતી આપણને તદ્દન અજાણ્યું લાગે તેવી રીતે એ શબ્દોએ ગુજરાતીમાં સ્થાન જમાવ્યું છે.

ટેબલ, સ્ટેશન, ટિકિટ, રેલ, ઑફિસ, ડૉક્ટર, બૅન્ક, હૉલ, હોટેલ, રેડિયો, ફોટો, કોટ, સૉનેટ, ટ્રેજેડી, આઈસક્રીમ, આલબમ, એન્જિન, ટિફિન, ક્રિકેટ, પૉલિશ, પોલીસ, મિટિંગ, રિપોર્ટ, સોસાયટી, સર્જન, સ્લીપર, વોચમૅન, સ્કૂલ, બસ, સર્ટિફિકેટ, સ્ટોપર, હૅન્ડલ, પિક્ચર, ડિગ્રી, નોટિસ, ચેક, જેલ, બ્લાઉઝ, રજિસ્ટર, યુનિવર્સિટી, લિસ્ટ, લોન, સેક્રેટરી, બ્રેડ, બોર્ડિંગ વગેરે.

## 2. શબ્દઘડતર

આપણે ગુજરાતીના શબ્દભંડોળમાં વિવિધ ભાષાના શબ્દો પણ વણાયેલા છે, તેના વિશે જાણ્યું. આપણાં કથન અને લેખનમાં આપણે આ બધા શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. કેટલીક વખત આવા શબ્દો (ધાતુરૂપોને) પ્રત્યયો લગાવીને એમાંથી નવા શબ્દો બનાવી લઈએ છીએ. શબ્દને જ્યારે પ્રત્યય લગાવવામાં આવે છે ત્યારે તેની કામગીરી બદલાય છે. દા.ત., 'ગરીબ' એ વિશેષણ છે, તેને 'ઈ' પ્રત્યય લાગવાથી 'ગરીબી' બને છે. આ શબ્દ ભાવવાચક સંજ્ઞા છે. 'પાપ' એ ભાવવાચક સંજ્ઞા છે, તેને 'ઈ' પ્રત્યય લાગવાથી 'પાપી' વિશેષણ બને છે.

ટૂંકમાં, વિવિધ પ્રત્યયો દ્વારા સંજ્ઞા (નામ)માંથી વિશેષણ, વિશેષણમાંથી સંજ્ઞા, ક્રિયાપદમાંથી સંજ્ઞા કે વિશેષણ આપણે બનાવીએ છીએ. આ પ્રક્રિયા એટલે જ શબ્દઘડતર. જો આમ ન કરીએ તો દરેક વાત-વિગત સમજાવવા આપણે કેટલા શબ્દોને યાદ રાખવા પડે? દરેક માટે અલગ શબ્દ હોય તો ભાષાનું શબ્દભંડોળ કેટલું બધું થાય?

આપણે હવે જે-તે શબ્દોને કયો પ્રત્યય લાગ્યો છે અને તેમાંથી કયો શબ્દ બન્યો છે, તેનાં થોડાં ઉદાહરણો જોઈએ.

**પ્રત્યયો : ઈ- આઈ**

સફેદ (વિશેષણ)+ ઈ = સફેદી (ભાવવાચક સંજ્ઞા)

કારીગર (જાતિવાચક સંજ્ઞા)+ ઈ = કારીગરી (ભાવવાચક સંજ્ઞા)

ચોર (જાતિવાચક સંજ્ઞા)+ ઈ = ચોરી (ભાવવાચક સંજ્ઞા)

બિહાર (સંજ્ઞા)+ ઈ = બિહારી (વિશેષણ)

ફોજ (સમૂહવાચક સંજ્ઞા)+ ઈ = ફોજી (વિશેષણ)

મંદ (સંજ્ઞા)+ ઈ = મંદી (સંજ્ઞા)

દલાલ (સંજ્ઞા)+ ઈ = દલાલી (સંજ્ઞા)

**પ્રત્યયો : અણ–આણ - અણી–અણું**

ગૂંથ્ (ક્રિયાપદ) + અણ = ગૂંથણ (સંજ્ઞા)

જમ્ + અણ = જમણ

ભર્ + અણ = ભરણ

સમજ્ + અણ = સમજણ

માગ્ + અણ = માગણ

પોષ્ + અણ = પોષણ

ચાળ્ + અણી = ચાળણી

કાપ્ + અણી = કાપણી

ચાવ્ + અણું = ચાવણું

દળ્ + અણું = દળણું

ટૂંકું + આણ = ટૂંકાણ

પહેર્ (ક્રિયાપદ) + અણ = પહેરણ (સંજ્ઞા)

જોડ્ + આણ = જોડાણ

ખેડ્ + આણ = ખેડાણ

રોક્ + આણ = રોકાણ

ભંગ્ + આણ = ભંગાણ

માપ્ + અણી = માપણી

કથ્ + અણી = કથણી-ની

પાથર્ + અણું = પાથરણું

રાંધ્ + અણું = રાંધણું

લાંબું + આણ = લંબાણ

પોલું + આણ = પોલાણ

**પ્રત્યયો : ત–તર**

લડ + ત = લડત

બચ + ત = બચત

ભર + ત = ભરત

ભણ + તર = ભણતર

પડ + તર = પડતર

નડ + તર = નડતર

**પ્રત્યયો : ઉ–ઉં**

રખડ + ઉં = રખડું

બોલ + ક + ઉં = બોલકું

ખેડ + ઉ = ખેડુ

ખાવ + ઉં = ખાઉં

**પ્રત્યયો : ઈક**

| | |
|---|---|
| ઈતિહાસ + ઈક = ઐતિહાસિક | ભૂગોળ + ઈક = ભૌગોલિક |
| સમાજ + ઈક = સામાજિક | અર્થ + ઈક = આર્થિક |

**પ્રત્યયો : આટ, નાર, દાર**

| | |
|---|---|
| ઉકળ + આટ = ઉકળાટ | ખા + નાર = ખાનાર |
| કકળ + આટ = કકળાટ | જા + નાર = જનાર |
| કામ + દાર = કામદાર | ચોકી + દાર = ચોકીદાર |
| | જોર + દાર = જોરદાર |

### સ્વાધ્યાય

**1. સૂચના મુજબ કરો :**

(1) <u>ગુજરાતમાં વસનારો માણસ</u> માયાળુ હોય છે.
(રેખાંકિત પદોને સ્થાને 'ઈ' પ્રત્યય ધરાવતો એક શબ્દ બનાવીને મૂકો.

(2) વર્ષો પહેલાં શાળામાં <u>કાંતવું</u>ના વર્ગો ચાલતા હતા.
(રેખાંકિત ક્રિયાપદના સ્થાને 'ણ' પ્રત્યય ધરાવતું સંજ્ઞાપદ મૂકો.)

(3) <u>માગનાર માણસ</u> આંગણે આવીને ઊભો રહ્યો.
('માગ' ક્રિયાપદનું યોગ્ય રૂપ રેખાંકિત સ્થાને મૂકો.)

(4) જમીનને માપવાનું કાર્ય એટલે ...........
('માપ' ક્રિયાપદને યોગ્ય પ્રત્યય લગાવીને ખાલી જગ્યા પૂરો.)

(5) <u>રાજસ્થાન પ્રદેશના</u> રસોઈયાઓનું <u>રાંધવાનું કામ</u> ખૂબ સારું.
(રેખાંકિત પદોનાં સ્થાને અનુક્રમે ઇ અને અણું પ્રત્યય લગાવીને યોગ્ય રૂપ બનાવીને મૂકો.)

(6) <u>ડાંગ પ્રદેશની</u> પ્રજામાં <u>સમાજને લગતા</u> રિવાજો ઘણા વિચિત્ર છે.
(રેખાંકિત પદોનાં સ્થાને અનુક્રમે 'ઈ' અને 'ઈક' પ્રત્યય લાગેલાં યોગ્ય રૂપો મૂકો.)

(7) ગીત <u>ગાઈ શકે તેવું</u> અહીં હવે કોઈ નથી.
(રેખાંકિત સ્થાને 'નાર' પ્રત્યય ધરાવતું યોગ્ય રૂપ મૂકો.)

**2. તમારા પાઠ્યપુસ્તકમાંથી વિવિધ પ્રત્યયો લાગીને બનેલાં હોય તેવાં પદો ધરાવતાં વીસ વાક્યો લખો. આવાં પદોને રેખાંકિત કરો અને કૌંસમાં પ્રત્યયો જુદા તારવો.**

**ઉદાહરણ :** વાવણી ટાણે ખેડુ લોકો કંઈ ઘરમાં હોય?
(વાવ + ણી= વાવણી, ખેડ + ઉ= ખેડુ)

**3. તત્સમ અને તદ્ભવ એટલે શું? ઉદાહરણો સાથે સમજાવો.**

**4. ઉદાહરણો આપી સમજાવો :**

(1) દેશ્ય શબ્દો
(2) પરપ્રાંતીય શબ્દો
(3) વિદેશી શબ્દો

•

# 5 પિતાની સેવા

**દલપતરામ**

**(જન્મ : 21-1-1820, અવસાન : 25-3-1898)**

કવિ, નાટ્યકાર, નિબંધકાર દલપતરામ ડાહ્યાભાઈ કવિનો જન્મ એમના વતન વઢવાણમાં થયો હતો. વ્યવસાય અર્થે તેઓ અમદાવાદ રહેતા. અર્વાચીન ગુજરાતી કવિતાના સુધારક યુગના તેઓ પ્રથમ અને મહત્ત્વના સર્જક છે. સુધારાની દૃષ્ટિએ પણ તેમણે ગુજરાતની મોટી સેવા કરી છે. તેમની પાસેથી 'દલપતકાવ્ય', 'ફાર્બસવિરહ', 'વેનચરિત્ર', 'હુન્નરખાનની ચઢાઈ', 'માંગલિક ગીતાવલી' જેવાં કાવ્યોનાં પુસ્તકો મળ્યાં છે. તેમની સમગ્ર કવિતા 'દલપત ગ્રંથાવલિ'ના ત્રણ ભાગમાં પ્રકાશિત થઈ છે. ગુજરાતના સંસ્કારઘડતરમાં એમની કવિતાનો નોંધપાત્ર ફાળો છે. સાદી, સરળ, વર્ણાનુપ્રાસ અને યમક વગેરેથી મધુર ચાતુરીયુક્ત શૈલીમાં લખાયેલી એમની કવિતાએ મનોરંજન સાથે નીતિબોધ પણ આપ્યો છે. ગુજરાતના હાસ્યકવિઓમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. બુદ્ધિના ચમકારા, મનુષ્યસ્વભાવની પરખ અને વાસ્તવિકતાની સમજ એમની કવિતામાં વિશેષરૂપે જોવા મળે છે. તેમણે 'લક્ષ્મી' અને 'મિથ્યાભિમાન' નામનાં બે નાટકો આપ્યાં છે. તો 'ભૂતનિબંધ', 'જ્ઞાતિનિબંધ' જેવા નિબંધો પણ આપ્યા છે. તેમના છંદશાસ્ત્રના 'દલપતપિંગળ' પુસ્તકે અનેક કવિઓને પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે. તેમણે સંપાદન-અનુવાદનું કેટલુંક મહત્ત્વનું કાર્ય પણ કર્યું છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના તેઓ મંત્રી હતા. 'બુદ્ધિપ્રકાશ' સામયિકના તેઓ સ્થાપનાકાળથી જ તંત્રી હતા.

બાળકના જન્મઉછેર અને સંસ્કાર માટે માતાનો ફાળો અનન્ય છે, પરંતુ એમાં પિતાનું સ્થાન પણ કંઈ ઓછું નથી. આ કાવ્યમાં બાળકે પિતાજીને કરેલાં લાડ, તોફાન અને મસ્તીનું મધમીઠું ગાન થયું છે. છેક જન્મથી પાળીપોષીને પોતાને મોટો કરનાર પિતાજીનું ઋણ અહીં આભાર દ્વારા વ્યક્ત થયું છે. બાળપણમાં પિતાની છાતીએ ચડી એમની મૂછો ખેંચી, પોતાની દરેક વાત માની 'હા'માં 'હા' કહી, ભણાવી-ગણાવી, સારા-ખરાબનો વિવેક શીખવ્યો, પોતાને માટે અનેક કષ્ટ સહન કરી છત્રછાયા બન્યા, માગેલી વસ્તુઓ પૂરી પાડી, ભૂલ થઈ ત્યાં ક્ષમા આપી અને સમાજ વચ્ચે માનવંતું સ્થાન અપાવ્યું એવા પિતાજી પ્રત્યે ઋણ ચૂકવવા તેમની આજીવન સેવા કરવાની ઇચ્છા સેવતા કવિએ એમની પિતૃભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

---

**(ભુજંગી)**

છડો હું હતો છોકરો છેક છોટો,
પિતા પાળીપોષી મને કીધ મોટો,
રૂડી રીતથી રાખતા રાજી રાજી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી? 1
ચડી છાતીએ જે ઘડી મૂછ તાણી,
કદી અંતરે રીસ આપે ન આણી,
કહ્યું મેં મુખે તે કર્યું હાજીહાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી? 2
મને સારી શિક્ષા શિખાવી સુધાર્યો,
વળી આપી વિદ્યા વિવેકે વધાર્યો,
ભલી વાતના ભેદ સીધા દીધાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી? 3
કદી કોટિકોટિ સહી કષ્ટ કાયા,
મને છાતીમાં લૈ કરી છત્રછાયા.
અતિ પ્રાણથી પ્યાર જે આણતાજી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી? 4
મને દેખી અત્યંત આનંદ લેતા,
સુખે માગી વસ્તુ મને લાવી દેતા,

પૂરો પાડ તે તો ભૂલે પુત્ર પાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી? 5
વડા વાંકમાં આવું તો રાંક જાણી,
દીધો દંડ દેતાં દયા દિલ આણી
તજી સ્નેહ દેહે ન દીધી પીડાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી? 6
ભણાવી ગણાવી કીધો ભાગ્યશાળી,
તથા તુચ્છ જેવી બૂરી ટેવ ટાળી,
જનો મધ્ય જેથી રહી કીર્તિ ગાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી? 7
લીધો લ્હાવ ને લૈશ જે લ્હાવ સારો,
ગણું ગણું હું, તાત, તે તો તમારો,
સદા સુખ સારું ઉપાયો રાજયાજી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી? 8
મને નિર્ખતાં નેત્રમાં નીર લાવી,
લઈ દાબતા છાતી સાથે લગાવી,
મુખે બોલતા બોલ મીઠામીઠાજી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી ? 9
હતો બાળ હું આજ સુધી અજાણ્યો,
ઉરે આપનો ગુણ એકે ન આવ્યો,
હવે હું થયો જાણીતો આજ આ જી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી? 10
જગન્નાથજી જીવતો રાખશે જો,
હયાતી તમારી અમારી હશે જો,
કરું સેવના દિલ સાચે સદાજી,
ભલા કેમ આભાર ભૂલું, પિતાજી? 11
ભણે ભાવથી જો ગણે છંદ સારા,
પિતૃભક્તિ પામી ન થાશે નઠારા,
રૂડું જ્ઞાન લૈ લાગશે શુભ કામે,
રચ્યા છે રૂડા છંદ દલપતરામે પિતાજી? 12

## શબ્દ-સમજૂતી

**છડો** એકલો **છેક** તદ્દન, સાવ **છોટો** નાનો **પાળીપોષી** રક્ષણ અને ભરણપોષણ કરવું **કીધ** કર્યો **રૂડી** સારી, ઉત્તમ, સુંદર **રાજી-રાજી** ખુશી ખુશી **તાણી** તાણવું, ખેંચવું **અંતરે** અંતઃકરણમાં, મનમાં **રીસ** રિસાવું તે, રોષ ગુસ્સો **આણી** આણવું, લાવવું **હાજી હાજી** સઘળી વાતની હા કહેવી તે **ભલી** સારી **ભેદ** છાની વાત, મર્મ **કદી** કોઈક વેળા **કોટિ કોટિ** કરોડો કરોડો **સહી** (અહીં) સહન કરી **કષ્ટ** દુઃખ, સંતાપ **કાયા** શરીર **લૈ** લેવું, સ્વીકારવું **છત્રછાયા** આશ્રય **અતિ પ્રાણથી** જીવથી પણ વધારે **સુખ** સુખથી, સુખપૂર્વક **પાજી** નાદાન **વડા** મોટા **રાંક** ગરીબ, સાલસ **દંડ** શિક્ષા, સજા **તજી** તજવું, છોડવું **સ્નેહ** પ્રેમ, વહાલ **દેહે** શરીરે **પીડા** પીડ, દુઃખ **ભાગ્યશાળી** નસીબદાર **તુચ્છ** તુચ્છકારને પાત્ર **ટાળી** દૂર કરી **જનો મધ્ય** લોકોની વચ્ચે **કીર્તિ ગાજી** ખ્યાતિ-નામના થવી **લ્હાવ** આનંદનો ઉપભોગ **લૈશ** લઈશ **તાત** પિતા, બાપ **સદા** હંમેશાં **સારુ** - ને માટે, વાસ્તે **ઉપાયો સજ્યા** ઈલાજ-યુક્તિ-સાધન, રસ્તા સજ- તૈયાર કરવા **નિર્ખતાં** નીરખવું તે, બરાબર જોવું **નેત્રમાં નીર લાવી** આંખમાં આંસુ લાવીને

**બોલ** શબ્દ, વચન **બાળ** ઉંમરમાં નાનું, નાદાન, બાળક **અજાણ્યો** અજાણ, વાકેફ, માહિતગાર નહિ તે **ઉરે** હૃદયે **જાણીતો** (અહીં) જાણવું, (કશા વિશે) ખબર, આવડત કે પરિચય **જગન્નાથજી** જગતનો નાથ - પરમેશ્વર **હયાતી** હયાતપણું **સેવના** સેવા કરવી તે **દિલ સાચે** ખરા હૃદય-મન-ચિત્તથી **ભણે ભાવથી** લાગણીથી વાંચવું **છંદ** અક્ષર કે માત્રાના મેળના નિયમથી બનેલી કવિતા **પિતૃભક્તિ** પિતા પ્રત્યેનો ભક્તિભાવ **નઠારા** નઠારું, ખરાબ **શુભ** કલ્યાણકારી, ભલું **રચ્યા** રચવું, રચના કરવી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શૈશવમાં કવિએ પિતા સાથે કેવાં તોફાન કર્યાં છે?

(2) પિતાએ પુત્રને શી-શી મદદ કરી છે?

(3) પુત્રને પિતા ભૂલની સજા કેવી રીતે આપતા?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) પુત્રની જરૂરિયાતો પિતાએ શી રીતે પૂરી કરી હતી?

(2) પિતાજીની ક્ષમાદૃષ્ટિ વિશે પુત્ર શું કહે છે?

(3) પુત્રને શો પશ્ચાત્તાપ થાય છે?

(4) કાવ્યને અંતે પુત્રએ શી ઇચ્છા વ્યક્ત કરી છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) પિતાએ પુત્રની લીધેલ કાળજી વિશે કાવ્યના આધારે વિગતે લખો.

(2) પુત્ર પિતાજીનાં કયાં કયાં પુણ્યસ્મરણો વાગોળે છે?

(3) આ કાવ્યમાંથી પ્રગટતો પિતૃવાત્સલ્યનો ભાવ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- પિતા સાથેના બાળપણના તમારા અનુભવો વર્ણવો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'ભલા કેમ આભાર ભૂલું, પિતાજી?'

ભુજંગી છંદની એકધારી ચાલમાં વારંવાર દોહરાવાતી આ પંક્તિ-(ધ્રુવ પંક્તિ)માં કવિનું પિતાજીને ઉદ્‌બોધન છે. 'ભલા' શબ્દ ગામઠી બોલી સાથે ભળી ગયેલો લ્હેકારૂપ શબ્દ છે, જે પિતાની ભલમનસાઈને પણ વ્યક્ત કરે છે. વળી, એનું આવર્તન પણ કાવ્યના ભાવને ઘૂંટીઘૂંટીને વધુ આત્મીય બનાવે છે.

- અનુપ્રાસ, વર્ણપ્રાસ અને આંતરપ્રાસ દલપતરામની કવિતાનો આગવો વિશેષ છે, જેના કારણે તેમની મોટા ભાગની કવિતામાં લયહિલ્લોળનો અનુભવ થાય છે. જુઓ આ કાવ્યની પ્રથમ પંક્તિ : 'છડો હું હતો છોકરો છેક છોટો'.

- રાજી, રાજી, હાજી હાજી, મીઠા મીઠાજી, કોટિ કોટિ કે ગણું ગણું જેવા દ્વિરુક્ત પ્રયોગો માત્ર પ્રાસ કે છંદ સાચવવા માટે જ નથી, પણ તેના અર્થસંકેતો એવા જ બળુકા છે : 'વડા વાંકમાં દયા દિલ આણી'

- બહુ મોટો વાંક હોય તો જ પિતા શિક્ષા કરતા. આ દંડ પણ મનમાં દાઝ રાખીને નહિ પણ દયાપૂર્વક. આ વાત કહેવા માટે 'વાંક' અને 'રાંક' તથા પછીની પંક્તિમાં 'દ' વર્ણનું આવર્તન રવાનુકારી બની રહે છે.

## શિક્ષકપ્રવૃત્તિ

- પિતા દિવસ(ફાધર્સ ડે)ની ઉજવણી કરાવવી.

•

# 6 આંટી

**પન્નાલાલ પટેલ**

**(જન્મ : 7-5-1912, અવસાન : 6-4-1989)**

પન્નાલાલ નાનશા પટેલનો જન્મ રાજસ્થાનના ડુંગરપુર પાસે માંડલી ગામમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ મેઘરજ અને ઈડરમાં લીધું. અંગ્રેજી ચાર ચોપડી (અત્યારના આઠમા ધોરણ) સુધી અભ્યાસ કર્યો હતો. સાહિત્યસર્જન માટે પરંપરાગત માર્ગે પલોટાયા વિના કેવળ હૈયાઉકલતથી લખતા પન્નાલાલ પટેલ ગુજરાતી સાહિત્યની વિરલ ઘટના છે. વિષયવસ્તુ અને રચનારીતિમાં પોતીકી મુદ્રા ધરાવનાર વિપુલ કથાસાહિત્ય - ખાસ કરીને નવલકથા અને ટૂંકીવાર્તાના સર્જનને કારણે તેઓ કથાલેખક તરીકે વિશેષ ખ્યાતિ પામ્યા છે. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'ભાંગ્યાનાં ભેરુ', 'ઘમ્મરવલોણું ભાગ **1-2**', 'પાછલે બારણે', 'મનખાવતારે', 'કંકુ' વગેરે નવલકથાઓ, સુખદુઃખનાં સાથી, 'પાનેતરના રંગ', 'વાત્રકને કાંઠે', 'મનના મોરલા', 'જમાઈરાજ', 'વૈતરણીને કાંઠે', 'ઢોલિયા સાગસીસમના' વગેરે નાટ્યસંગ્રહો ઉપરાંત બાળસાહિત્ય અને 'જિંદગી સંજીવનીના સાત ભાગ' આત્મકથાનાં પુસ્તકો છે. ઉત્તમ સાહિત્યસેવા માટે એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા 'માનવીની ભવાઈ' માટે ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક એનાયત થયાં હતાં. એમના સાહિત્યમાં વિષયવૈવિધ્ય અને ગામડાના પ્રત્યક્ષ અનુભવનું વાસ્તવવાદી નિરૂપણ થયું છે.

સગા માજણ્યા ભાઈઓ તો એકબીજા ઉપરના અતૂટ વિશ્વાસથી જ ખેતીધંધો કહો કે સમગ્ર જીવનવ્યવહાર નિભાવતા હોય છે, પરંતુ ક્યાંક-ક્યારેક પરાયા-પોતાના, મામકા-પાંડવાના ક્ષુદ્ર ખ્યાલો કેવો ભયંકર ઉત્પાત મચાવે છે તે આ વાર્તા સુપેરે ઉદ્‌ઘાટિત કરે છે.

નાનાભાઈ ઈચ્છાશંકરની અનુપમ ઉદારતાની સામે મોટા ભાઈ મૂળશંકરની સ્વાર્થવશતા - સ્વભાવમર્યાદા નાનાભાઈ ઈચ્છાશંકર જાણતો હોવા છતાં દરગુજર કરે જ છે. આથી તો તે પોતાની પત્ની, પાડોશીઓ કે ગ્રામજનોની કોઈ વાત ધ્યાનમાં લેતો નથી. મૂળશંકરમાં ભરેલો ભારોભાર સ્વાર્થ ખુદને જ નુકસાનીની ગર્તામાં ધકેલે છે. બાળકોને કેરી આપવા જેવી તદ્દન સામાન્ય ઘટનામાં પડેલી-પાડેલી હાથની આંટી ઈચ્છાશંકરના ચિત્તમાં કેવા વણઉકલ્યાં વમળો સર્જી બંને મહાનુભાવોના જીવનમાં આંટી પાડે છે, એ મનઃસ્થિતિ લેખકની સશક્ત વાર્તાકળા દ્વારા સિદ્ધ થાય છે.

---

ગામમાં જ્યારે વાત ફેલાઈ કે આફ્રિકાવાળા ઈચ્છાશંકર એમના મોટા ભાઈ મૂળશંકરથી ભાગ વહેંચે છે ત્યારે, પચીસ હજારની વસ્તીમાં ભાગ્યે જ કોઈ એવું હશે જેણે આ વાત માની હોય. કારણ કે ઈચ્છાશંકર એ ઘણા મોટા દિલનો માણસ સાબિત થઈ ચૂક્યો હતો. જ્યારે મૂળશંકર કોઈ કાળેય પરખાય નહિ એવો પાવરધો ને હોશિયાર લેખાતો હતો.

ઈચ્છાશંકરના વીસ વરસના પરદેશ વસવાટ દરમિયાન ઘણા લોકોએ એને કાગળથી, તો વળી રજાઓ ઉપર આવતો ત્યારે મોઢામોઢ અનેક વાર કહ્યું હતું, 'મૂળશંકર સ્વાર્થી છે માટે તું જુદું વહેંચી નાખ. શા માટે એને અહીં ઘરબેઠે ભાગનો ધણી બનાવવો? અહીં એ જમીન જગ્યાની દેખરેખ રાખવાનો બોજો નહિ ઉપાડે તોય એમાંથી તને મળી પણ શું જવાનું છે? અલ્યા, 'તારું મારું સહિયારું ને મારું મારું આગવું' એવું થશે હોં? તારી કમાણીમાંથી ભાગ ને અહીંની આવક ઘાલશે પૂંછડાં નીચે.'

આનો અર્થ એમ નથી કે માત્ર વાતો કરીને જ લોકો-સંબંધીઓ વેગળા રહ્યા હતા. અરે, કોઈ કોઈએ તો મૂળશંકરના સ્વાર્થના પુરાવા પણ એની આગળ રજૂ કર્યા હતા.

પરંતુ ઈચ્છાશંકરને મોટા ભાઈ ઉપર એવડી બધી ભક્તિ હતી કે આ પુરાવાઓનેય એ વઢાવી મારવાના પેંતરામાં ઘટાવતો. બલકે કાન ઉપર લેતો પણ ધ્યાન ઉપર તો - એની પત્ની કહેતી તેમ, 'હવે લેશે આવતે ભવ!'

છેલ્લી રજાઓમાં આવ્યો હતો ત્યારે તો, અહીંનો ન્યાયતપાસ જોવા વતનમાં રહેલી પત્નીએ, પતિ સાથે એ ચારેય માસ લગભગ ઝઘડો જ રાખ્યો હતો. 'ઠીક કહું છું! તમે રહ્યા પરદેશી ને... ન કરે નારાયણ ને સાજા-માંદા પડ્યા તો તમારો આ એકનો એક છોકરો હજારોની મૂડી છતાંય રખડી પડશે હોં! માનો કહ્યું.'

પણ તોય ઈચ્છાશંકરે ભાગ તો ન જ વહેંચ્યા. પત્નીના નામે થોડાક હજારનો વીમો વધારીને એને પણ બોલતી બંધ કરી દીધી.

પછી તો પત્નીએ અને સંબંધીઓએ એનું નામ પણ છોડી દીધું : 'અમારે શું ત્યારે! ઊંધે માથે પડને ઊંડા ધરામાં.'

ઇચ્છાશંકરે ઘણી લીલીસૂકી જોઈ હતી. આફ્રિકા ગયો ત્યારે માત્ર એક લોટો ને શેઠની રસોઈ કરતાં બદલવા માટે અબોટિયું જ પાસે હતું, પરંતુ લક્ષ્મી રીઝે છે ત્યારે વાત વાતમાં વારી જાય છે. ઇચ્છાશંકરે નોકરી છોડીને નાની શી દુકાન માંડી... ને અત્યારે તો એની પેઢીઓ નાગરવેલની જેમ આખાય આફ્રિકામાં પથરાઈ રહી છે. અહીં વતનમાં પણ જમીન, મકાનો તથા શૅર વગેરેમાં ઘણું રોકાણ છે, પરંતુ નવાઈની વાત તો એ છે કે ઇચ્છાશંકરનો મોહ જેમ જેમ મિલકત વધતી જાય છે તેમ તેમ એ તરફ વધવાને બદલે ઊતરતો જાય છે.... માટે જ એણે અત્યાર સુધી મોટા ભાઈને પણ બધી જ મિલકતમાં ભાગીદાર ગણ્યા હતા ને રાખ્યા હતા. એ સારી પેઠે જાણતો હતો કે માણસનો જીવ લાલચું, લોભી ને સ્વાર્થી હોય છે, પરંતુ મોટા ભાઈને શાની કમી છે કે મારાથી બાદલું રાખે બહુ બહુ તો લોકો કે' છે એમ એમના સાસરી પક્ષને પાંચસો-હજારની મદદ કરતા હશે એ જ ને?.... અથવા તો એમની છોકરીઓ માટે થોડાક દાગીના ઘડાવ્યા હશે કે, અને એ પોતે જ આવી ઝીણી બાબત ઉપર હસી રહેતો-છેલ્લે ઉમેરતો, પણ લોકોને શી ખબર કે ભાઈના છોકરા એ મારા જ ભત્રીજા છે ને ભાઈના સંબંધી એ મારા પણ સંબંધી છે. આપણી કમાણીથી કોઈનું દુઃખ હળવું થતું હોય તો એટલું વળી કમાયું લેખે લાગ્યું....'

ત્યાં તો ધડીંબ દેતાકને એક સવારે બૉમ્બ ફૂટ્યો : 'ઇચ્છાશંકર ને મૂળશંકર આજે ભાગ વહેંચે છે.'

આખુંય ગામ - અને જ્ઞાતિ તો ખાસ - ઊંચુંનીચું થઈ ઊઠ્યું. છૂપીછૂપી - કશાક કામના બહાના ઓઠે ઇચ્છાશંકરની ખડકીમાં લોકોની અવરજવર પણ વધી પડી ને પછી તો ખડકી બહાર ફળિયામાં, ચકલામાં, બજારમાં એમ બધે જ પાંચ-સાતના ઝૂમખે મળી લોકો આ અવનવા બનાવની મીઠાશ માણી રહ્યા. ભવિષ્યવેત્તા તો એટલા બધા ફાટી નીકળ્યા હતા કે કોઈ કોઈના ભવિષ્ય માટે હકાર જ નહોતો ભણતો. એક કહેતો, 'હું તો જાણતો જ હતો.' જ્યારે બીજા તો, 'હું તો પોક પાડીને કે' તો 'તો કે જોજો પાપનો ઘડો-'

પણ કોઈનેય ખબર ન હતી કે શું પાપ હતું ને કેવડો મોટો ઘડો હતો, ને તે કોનાથી કેવી રીતે ફૂટ્યો! ખુદ ઇચ્છાશંકરની પત્ની કે મૂળશંકરની વહુએય નહોતાં જાણતાં. અરે, દુઃખની વાત તો એ હતી કે મૂળશંકરને પણ કારણ નહોતું સમજાયું. એટલું જ જાણતો હતો : કાલ સાંજે એક જ ઓરડામાં બેઠેલો ઇચ્છાશંકર ધૂનમાં હોય તેમ ઊભો થયો ને ફરવા નીકળ્યો. ફરીને આવ્યો ને ખબર આપી, 'મોટા ભાઈ, કાલે આપણે ભાગ વહેંચવાના છે.' બસ આ સિવાય લાંબી કે ટૂંકી. મૂળશંકરને તો ઘણુંય પૂછવું હતું. પણ એ જરાકેય ઊભો રહે તો ને?'

અને આમ ભાગ વહેંચવાનું નક્કી જાણ્યા પછી વળી પાછું ઘરના - સંબંધીઓ અને ગામ આખું ઊંચું-નીચું થઈ રહ્યું : 'પણ આનું કારણ? ભાઈઓમાં નથી તો જરા બોલાચાલી થઈ કે નથી એવો કોઈ બનાવ બન્યો. ત્યારે બેઉની વચ્ચે આંટી શી પડી?'

પરંતુ આંટી એવડી તો ક્ષુલ્લક હતી કે -

ગઈ કાલે સાંજે બેઉ ભાઈ મેડી ઉપર બેઠા હતા. બારણાની પેલી બાજુ ગાદી ઉપર બેઠેલો ઇચ્છાશંકર આફ્રિકાની ટપાલ ઊથલાવતો હતો. મોખરાવાળી ગાદી પર બેઠેલા મૂળશંકર તકિયાને અઢેલી છાપું વાંચતો હતો આથમતી વસંતનો ગરમ પવન હજુય આહ્લાદક હતો, એની ઉષ્ણતામાં હજુય માદકતા હતી. એના ફરફરાટમાં હજુય હળવાશ હતી. ટૂંકમાં યુવાનોને ગલીપચી કરવાની ને આધેડોને તરબતર રાખવાની શક્તિ હજુય એનામાં સભર હતી.

નીચે ખેલતાં બાળકોનો કોલાહલ પણ આ બે ભાઈઓને પેલા પવન જેટલો જ સ્વાભાવિક લાગતો હતો...

એવામાં એક ખેડૂત મેડી ઉપર આવી ચઢ્યો. મોટા ભાઈ મૂળશંકરને ખેતરોની આડીતેડી વાત કરતાં ફળેલા આંબાની ને કેરીઓની વાત નીકળી. આ સાથે જ પેલા ખેડૂતે દેવને પાયે ધરતો હોય તેમ એક નવા ફળેલા આંબાની બે શાખ ધરી. 'લો, આ આપણા નારિયેળીની પેલ-પરથમ શાખો.'

અલબત્ત, ખેડૂતને મન તો આ મહિમા જ હતો, કારણ કે હજુ આ તરફ કેરીઓનો ફાલ ઊતરવા નહોતો માંડ્યો. ઉપરાંત આ તો પહેલી જ વાર ફળેલા આંબાની શાખો હતી. એને મન તો, ઘેર સીમંત આવ્યું હોય એટલો જ અત્યારે આનંદ હતો...

પણ મૂળશંકરના મનથી તો આવું કંઈ જ ન હતું. ખેડૂતના ભરેલા મોંના શબ્દોએ કે પેલી કેસરવરણી મા-દીકરી જેવી નાનીમોટી બે શાખાએ એનું લક્ષ ખાસ કંઈ ન ખેંચ્યું. કારણમાં, કાં તો પંદર દિવસથી શરૂ થયેલી રસરોટલીને લીધે કેરીની નવાઈ નહિ હોય યા તો 'અમને તો રોપ્યો ત્યારની જ ખબર હતી કે ફળવાનો છે.' આવું કંઈ હોય. એણે તો અક્કેકી કેરીને એક્કેકા હાથમાં રમાડતાં ખેતર વિશેની વાતો ચાલુ જ રાખી, વચ્ચે એક હાંક મારી : 'અલ્યા બચુ, રમેશ, બેઉ જણ ઉપર આવો!' વાતો તો ચાલુ જ હતી...

ત્યાં તો, 'જોય તો પેલો કોણ જાય છે.' કરી, અંદર બહારના બેઉ દાદર ધણધણાવતા દસ-દસ વરસના બચુ-રમેશ હણહણતા વછેરાની જેમ બેઉ બાજુએથી આવી પહોંચ્યા. 'હું પે'લો આવ્યો.' 'હું પે'લો આવ્યો.'

વાતોમાં પડેલા મૂળશંકર 'લો કરતાંકને બેઉ હાથ લંબાવવા ગયો, બલકે છાતી પરથી તો રવાના થઈ ચૂક્યા હતા, પરંતુ એ તો, એના લેખે ભુલાવ્યો કે પછી લાલચુ મને દગો દીધો કે - પણ મોટી કેરી તરફ ભત્રીજાને જોતાં જ હાથને આંટી પાડી દીધી - પડી ગઈ.'

છોકરાઓએ કેરીઓ ઝડપતાં વળી હોડ બકી ને વળી પેલા દાદર ધણધણી ઊઠ્યા. એકધારા ફરફરી રહેલા પવનમાં જરાક અમસ્થી ઘૂમરી પડી ન પડી ને અસલની જેમ વળી વહી રહ્યો. મૂળશંકરની જીભ પણ ક્ષણભર થોથરાઈ ન થોથરાઈને વળી પાછી એકતાર બની રહી...

પરંતુ પેલી બાજુ ઇચ્છાશંકરની નજર તો જાણે હજુય પેલા છોકરાઓને કેરીઓ લેતા જોઈ રહી હોય તેમ હવામાં અધ્ધર લટકી રહી હતી. મોં-કળા ઉપરથી લાગતું હતું કે એનું વિચારતંત્ર જ આખું ખોટકાઈ પડ્યું છે, મૂળમાં હૃદય જ જાણે દિંગ થઈ થંભી ન ગયું હોય !....

જોકે મૂળશંકરનું તો એ તરફ પડખું હતું, પરંતુ એ પડખાનેય જાણે આંખો હોય ને તાકી રહેલા ભાઈની ચાડી ખાતી હોય તેમ એણે એ તરફ ડોક ફેરવી-

આ સાથે જ ઇચ્છાશંકરને ભાન આવ્યું ને નજર વાળી લીધી. શરીરમાં ચેતન આવ્યું ને કાગળિયાં સમેટતાં ઊભો થયો... ખેતી વિશેની કંઈક ગૂંચ કહેવા જતાં મોટા ભાઈને પણ એણે જતાં જતાં જ ટૂંકો ને ટચ એવો જવાબ આપ્યો : 'એ બધું તમે જાણો!'

પછી તો મૂળશંકર પણ કંઈક બેચેન બન્યો ને ખેડૂતના ગયા પછી એ અંતરના ઊંડાણમાં કંઈક કાળ જેવું પણ અનુભવવા લાગ્યો.

ત્યાં તો મોડી સાંજે પાછા ફરતાં ઇચ્છાશંકરે ઉંબર બહારથી જ બૉમ્બ ફેંક્યો : 'મોટા ભાઈ, કાલ આપણે ભાગ વહેંચવા છે!'

મૂળશંકર તો અવાક્ બની ગયો. ભાન આવતાં 'કારણ' પૂછવાની ઇચ્છા જાગી. 'પૂછું તો ખરો કે નથી તો બોલચાલ થઈ કે નથી એવી કંઈ આંટી પડી.'

પરંતુ જેમ અનાયાસે જ પેલા ડાબાજમણા હાથની આંટી પડી ગઈ હતી એ જ રીતે જીભ પણ આ આંટી આગળ જ થંભી ગઈ! ભાઈ પાસે તો જવાબેય હતો જ્યારે પોતાની પાસે તો અને એ પોતે જ બબડી રહ્યો. 'કયું મોઢું લઈને હું પૂછવાય જાઉં?' જાણે એણે પોતેય પોતાની જાતને આજ પહેલી જ વારે પૂરેપૂરી જ પારખી હોય!

### શબ્દ-સમજૂતી

**પાવરધો** કુશળ **વેગળા** દૂર **પુરાવો** સાબિતી **વઢાવી મારવું** તકરાર કરાવવી **પેંતરો** દાવપેચ, યુક્તિ, પ્રપંચ **ન્યાય તપાસ જોવો** ખરું-ખોટું કે યોગ્ય-અયોગ્ય તપાસવું **અબોટિયું** રસોઈ કરતી કે જમતી વખતે પહેરવાનું રેશમી વસ્ત્ર **રીઝવું** ખુશ થવું **વારી જવું** ઓવારણાં લેવાં **નાગરવેલ** એક વેલ (તેનાં પાન મુખવાસમાં ખવાય છે.) **બાદલું રાખવું** આંતરો રાખવો - છૂપું રાખવું **લેખે લાગવું** ઉપયોગમાં આવવું **ખડકી** ઘર આગળની બાંધેલી - બારણાવાળી છૂટી જગા, ડેલી **ચકલું** (અહીં) મહોલ્લા આગળની છૂટી જગા, ચાર રસ્તા મળતા હોય એવું નાકું - ચોક **ધૂનમાં હોવું** તરંગમાં હોવું **ક્ષુલ્લક** તુચ્છ, નજીવું, હલકું **આહ્‌લાદક** આહ્‌લાદ - આનંદ કરાવે તેવું **માદકતા** કેફીપણું **સીમંત** અઘરણી, ખોળાભરણું, શુભપ્રસંગ **લક્ષ ખેંચવું** ધ્યાન પર લાવવું

**હાંક** બોલાવવા માટેની બૂમ **લેખે ભૂલાવ્યો** વિધિના લેખે ભૂલ કરાવી **હોડ બકવી** શરત મારવી **દિંગ** દંગ, ચકિત, છક **અવાક્** મૂક, સ્તબ્ધ **અનાયાસે** વિના મહેનતે, સહેજે **બબડવું** અણગમાને કારણે મનમાં ગણગણવું **પારખવું** ઓળખી કાઢવું

## રૂઢિપ્રયોગ

**તારું મારું સહિયારું ને મારું મારું આગવું** ખૂબ જ સ્વાર્થી હોવું **ઊંધે માથે પડને ઊંડા ધરામાં** સાચી સલાહ ન માને ત્યારે કહેવું કે તારે જે કરવું હોય તે કરને, થાને દુ:ખી **લીલીસૂકી જોવી** સુખ અને દુ:ખ જોવાં, ચડતી-પડતી જોવી **આંટી પડવી** અણબનાવ થવો, વેર બંધાવું **જીભ થોથરાવી (જીભે લોચા વળવા)** સ્પષ્ટ કે જલદી ન બોલી શકાવું, જવાબ આપતાં ગલ્લાંતલ્લાં કરવાં

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઇચ્છાશંકર ક્યાં વસવાટ કરતા હતા?

(2) ગામલોકો કઈ વાત માનવા તૈયાર ન હતા?

(3) ઇચ્છાશંકર પત્નીની બોલતી બંધ કઈ રીતે કરતા?

(4) ઇચ્છાશંકરે મિલકતમાં ભાગ વહેંચવાનો નિર્ણય શાથી લીધો?

(5) મૂળશંકર મિલકતમાં ભાગ પાડવાનું કારણ શાથી પૂછી શક્યો નહિ?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઇચ્છાશંકરને ગામલોકો શી સલાહ આપતા? શા માટે?

(2) ઇચ્છાશંકર મોટા દિલના હતા તેમ શા પરથી કહી શકાય?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'મિલકત વધવાની સાથે ઇચ્છાશંકરનો મિલકત પ્રત્યેનો મોહ ઘટતો ગયો' તેમ શા પરથી કહી શકાય?

(2) 'આંટી' શીર્ષકની યોગ્યતા સમજાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● સંયુક્ત પરિવારની મુલાકાત લો.

## ભાષા-અભિવ્યક્તિ

નીચેનું વાક્ય વાંચો :

● ''અલબત્ત, ખેડૂતને મન તો આ મહિમા જ હતો, કારણ કે હજુ આ તરફ કેરીઓનો ફાલ ઊતરવા નહોતો માંડ્યો. ઉપરાંત આ તો પહેલી જ વાર ફળેલા આંબાની શાખો હતી. એને મન તો, ઘેર સીમંત મળ્યું હોય એટલો જ અત્યારે આનંદ હતો...''

● નાટકમાં કોઈ નાનો રૉલ કરનાર, આવીને અભિનય-સંવાદ દ્વારા ઝબકી જાય એમ આ વાર્તામાં ખેતરમાંથી આંબાની શાખો આપવા આવનાર ખેડૂતના આનંદને લેખકે કેટલો આબાદ રીતે શબ્દચિત્રથી ઝીલ્યો છે તે જુઓ. ખેડૂતને મન આ 'મહિમા' છે. બીજે હજુ ફાલ ઊતર્યો નથી. એનો આંબો પહેલી વાર ફળ્યો છે. એનો આનંદ કેવો ને કેટલો છે? - લેખકે લખ્યું છે : 'ઘેર સીમંત આવ્યું હોય એટલો જ...'

● ભાવ-સંવેદનને વ્યક્ત કરવા માટે લેખકે ભાષા પાસેથી કેવું કામ લીધું છે તે માણો.

## શિક્ષકપ્રવૃત્તિ

● 'ભાઈઓ તો આવા જ હોય' તે વાર્તા કહી આ વાર્તા સાથે તુલના કરો.

●

# 7 ગવતરી

**સંકલિત**

લોકગીત લોકસાહિત્યનું અત્યંત મહત્ત્વનું સ્વરૂપ છે. લોકગીત ભલે કોઈ એક કવિ હૃદયમાં સ્ફૂરતું હોય, પરંતુ એ બંધાતું ને ઉઘાડ પામતું હોય છે અનેક લોકોના કંઠે. લોકગીત વહેતાં ઝરણાં જેવું હોય છે. તેમાં પ્રદેશે-પ્રદેશે સુધારા-વધારા સતત ચાલતા રહેતા હોય છે. લોકગીત કંઠસ્થ પરંપરાનું સ્વરૂપ છે. દરેક સમાજજૂથને-જ્ઞાતિને પોતાનાં આગવાં લોકગીતો હોય છે. પોતાના પ્રદેશની બોલીમાં પ્રસંગોમાં-ઉત્સવોમાં એ ગવાતાં હોય છે.

પ્રસ્તુત લોકગીત કાલ્પનિક પ્રસંગકથા આધારિત છે. સ્વર્ગથી ઊતરી મૃત્યુલોકમાં આવતી કામધેનુ ગાયને વાઘનો ભેટો થતાં મૃત્યુ નજીક આવે છે. ગાય વાઘને ‘વીરા’ કહી થોડો સમય માગે છે. ઘરે નાનાં વાછરડાં છોડીને આવેલી ગાય તેને ધવરાવી પાછી ફરવાનું વચન આપે છે. સાક્ષીમાં સૂરજ-ચંદ્રને રાખે છે! સીમ, વાડી, ગામ, ગોંદરો વળોટી વાછરડાં પાસે આવતી ગાય તેને છેલ્લીવાર ધાવી લેવા કહે છે. વાઘને આપેલા વચનની વાત જણાવે છે. વાછરડાંને મન મરવા જતી માનું દૂધ કડવા લીંબડા બરાબર છે એ પણ ગાય સાથે વાઘ પાસે આવી, પહેલાં પોતાને ખાવા જણાવે છે. ગાયની સત્યનિષ્ઠા અને વચનપાલન તથા વાછરડાંનો માતૃપ્રેમ જોઈ વાઘ બધાંને જીવતાં તો છોડી જ દે છે, મુશ્કેલીમાં મદદરૂપ થવા પણ જણાવે છે.

---

સરગ ભવનથી રે ઊતર્યાં, ગવતરી,
આવ્યાં મરતૂક લોકમાં મા’લવા રે.
ચરવા ડુંગરડે ને પાણી પીવા ગંગાઃ
વાઘ વીરાની નજરે પડ્યાં રે.
ઊભાં રો’ ગવતરી પૂછું એક વાત
મોઢે આવ્યું ખાજ નહિ મેલું રે,
સાંભળ, વાઘ વીરા! કહું તને વાતઃ
ઘરે મેં મેલ્યાં નાનાં વાછરું રે.
ચંદર ઊગ્યાની, વીરા, અવધ્યું આપો
વાછરું ધવરાવી વ્હેલાં આવશું રે.
નો રે આવું તો બાવા નંદજીની આણ્યું,
ચાંદો સૂરજ આપું સાખિયા રે!
પે’લો હીંહોટો ગાયે સીમડિયે નાખ્યો,
બીજે હીંહોટે આવ્યાં વાડીએ રે.
ત્રીજો હીંહોટો ગામને ગોંદરે નાખ્યો.
ચોથે હીંહોટે વાછરું ભેટિયાં રે.
ઊઠો ઊઠો, વાછરું! ધાવો માનાં દૂધ,
અવધ્યું આવી વીરા વાઘની રે.
ઘેલી માતા કામધેનુ, ઘેલડિયાં મ બોલો!
કળપેલું દૂધ કડવો લીંબડો રે.
મોર્ય ચાલ્યાં વાછરું ને વાંસે માતા કામધેનુ,
કલ્યાણી વનમાં ઊભાં રિયાં રે.
ઊઠો ઊઠો વાઘ મામા, પે’લાં અમને મારો.
પછી મારો અમારી માતને રે.
નાનાં એવાં વાછરું, તમને કોણે શીખવિયાં,
કિયે વેરીડે વાચા આલિયું રે.

રામે શીખવિયાં, લખમણે ભોળવિયાં,
અરજણે વાચા આલિયું રે.
નાનાં એવાં વાછરું, તમે કરો લીલાલે'ર,
વસમી વેળાએ સંભારજો રે.
(ઝવેરચંદ મેઘાણી : 'રઢિયાળી રાત'માંથી)

### શબ્દ-સમજૂતી

**સરગ ભવનથી** સ્વર્ગલોકથી **ગવતરી** ગાય **મરતૂક લોકમાં** મૃત્યુલોકમાં, પૃથ્વી પર **મા'લેવા** મહાલવું, ઠાઠમાઠથી ને આનંદમાં અહીંતહીં ફરવું **ચરવા** ચરવું, ફરવું, ઘાસ, દાણો વગેરે ફરીને શોધી ખાવો (પશુપંખીએ) **ડુંગરડે** ડુંગર ઉપર **ગંગા** હિંદુઓની પવિત્ર નદી, ભાગીરથી **વીરાની** ભાઈની **મોઢે આવ્યું ખાજ** સામે આવેલો ખોરાક **મેલું** (અહીં) મૂકું, છોડું, મુક્ત કરું **વાછરું** ગાયનું બચ્ચું **ચંદર** ચંદ્ર, ચાંદો **અવધ્યું** અવધિ, નિશ્ચિત સમય **ધવરાવી** ધવડાવવું **બાવા નંદજીની આણ્યું** કૃષ્ણને ઉછેરનાર ગોકુલના મુખી નંદની આણ-દુવાઈ-શપથ **સાખિયા** સાક્ષી, સાક્ષી પૂરનાર **પે'લો** પહેલો **હીંહોટો** ગાય-બળદના ગળામાંથી નીકળતો એક જાતનો ભાંભરવાનો અવાજ **સીમડિયે** સીમ, ખેતર કે ગામની હદે **ગોંદરે** ગોંદરું, ગામનાં ઢોર ઊભાં રહેવાની ભાગોળ પાસેની જગા **ભેટિયાં** મળ્યાં, મુલાકાત થવી **ઘેલડિયાં મ બોલો** ગાંડપણભર્યું ન બોલો **કળપેલું દૂધ** (અહીં) મધુરું-મીઠું દૂધ **મોર્ય** આગળ, મોખર **વાંસે** પાછળ **કલ્યાણી** ગાય, વાછડી **રિયાં** રહ્યાં **માતને** માતાને **શીખવિયાં** શીખવ્યું **કિયે વેરીડે** યા દુશ્મન-શત્રુએ **વાચા** વાણી, બોલી **આલિયું** આપી **રામ** દશરથ રાજાના મોટા પુત્ર **લખમણ** લક્ષ્મણ, રામનો નાનો ભાઈ, સુમિત્રાનો પુત્ર **ભોળવિયાં** ભોળવ્યાં, ભરમાવ્યાં, ફોસલાવ્યાં **અરજણ** અર્જુન, પાંચ પાંડવોમાંનો ત્રીજો **લીલાલે'ર** લીલાલહેર, ખૂબ જ આનંદ, સુખ **વસમી વેળાએ** મુશ્કેલ સમયે **સંભારજો** યાદ કરજો

### સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગવતરી શબ્દ કોના માટે પ્રયોજાયો છે?
(2) ગવતરીનું અવતરણ ક્યાંથી થયું છે?
(3) વાઘે ગાયને શું કહ્યું?
(4) વાછરડાએ માનું દૂધ શાથી ન પીધું?

**2. નીચેના દરેક પ્રશ્નના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગાયે વાઘને શી વિનંતી કરી?
(2) ગાયે વાછરડાઓને શું કહ્યું?
(3) વાછરડાઓએ વાઘને શું કહ્યું?
(4) વાઘે વાછરડાઓને શી હૈયાધારણ આપી?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

આ લોકગીતનું કથાવસ્તુ તમારા શબ્દોમાં વર્ણવો.

### વિદ્યાર્થીપ્રવૃત્તિ

- 'સાચાબોલાં હરણાં' વાર્તા મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

● આ લોકગીતના કેન્દ્રમાં ગાય અને વાઘ વચ્ચેનો સંવાદ કેન્દ્રમાં છે. લોકગીતમાં તળપદા શબ્દો વધારે હોય તે સ્વાભાવિક છે.

● અહીં ગાય માટે ‘ગવતરી’ શબ્દ વપરાયો છે અને તેને માટે ‘ઊતર્યાં’ એમ માનાર્થે બહુવચન હોવાથી આ ગાય સામાન્ય ગાય નથી. સ્વર્ગમાંથી જેનું અવતરણ થયું છે તેવી કામધેનુ છે.

● લોકગીતમાં લોકકવિએ ક્યાંક શબ્દસંક્ષેપ કે શબ્દવિસ્તારનો સહારો લીધો છે. ‘સરગ’, ‘મરતૂક’, ‘ડુંગરડે’, ‘અવધ્યું’, ‘સાખિયા’, ‘સીમડિયે’, ‘ઘેલડિયા’ જેવા શબ્દ જોતાં તમને ખ્યાલ આવશે કે અનુક્રમે ‘સ્વર્ગ’, ‘મૃત્યુ’, ‘ડુંગરે’, ‘અવધિ’, ‘સાક્ષી’, ‘સીમે’, ઘેલા શબ્દોનાં તળપદાં રૂપો છે. તો કિયે, વેરીડે, લે’ર, વેરીએ અને લહેર શબ્દનો સંક્ષેપ કરવામાં આવ્યો છે.

● ‘કળપેલું દૂધ કડવો લીંબડો રે’

વાછરુના મુખે મુકાયેલા આ શબ્દો દૈવી ગાયથી અવતરેલાં તેનાં સંતાનો પણ કેવાં દૈવી છે તેનો ખ્યાલ આપશે.

## શિક્ષકપ્રવૃત્તિ

● તમારા પ્રદેશમાં ગવાતાં ગીતો એકઠાં કરાવી ગાનસ્પર્ધા ગોઠવો.

● વાર-તહેવારે ગવાતાં પ્રાદેશિક લહેકા ધરાવતાં ગીતોનો સંગ્રહ તૈયાર કરાવો.

●

# 8 પુસ્તકઃ દિલોજાન દોસ્ત

**મોહમ્મદ માંકડ**

**(જન્મ : 13-2-1928)**

લોકપ્રિય નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, બાળસાહિત્યકાર મોહમ્મદ વલીભાઈ માંકડનો જન્મ બોટાદ જિલ્લાના પાળિયાદ ગામમાં થયો હતો. તેઓએ બી.એ. સુધીનું શિક્ષણ લીધેલું. દશેક વર્ષ બોટાદ હાઈસ્કૂલમાં શિક્ષક રહેલા. લેખનનો વ્યવસાય હતો.

'કાયર', 'ધુમ્મસ', 'માટીની ચાદર', 'અજાણ્યા બે જણ', 'બંધ નગર', 'ગ્રહણરાત્રિ', 'મોરપિચ્છના રંગ', 'વંચિતા', 'રાતવાસો', 'ખેલ', 'અશ્વદોડ', 'દંતકથા', 'મંદારવૃક્ષ નીચે' વગેરે એમની લોકપ્રિય નવલકથાઓ છે. 'ના', 'ઝાકળનાં મોતી', 'મનના મરોડ', 'વાતવાતમાં' એમના નવલિકા સંગ્રહો છે. આ બધી નવલિકાઓ 'મોહમ્મદ માંકડની વાર્તા ભાગ 1-2'માં ગ્રંથસ્થ થઈ છે.

'કેલિડોસ્કોપ ભાગ 1 થી 4', 'સુખ એટલે', 'આપણે માણસો ભાગ 1-2', 'ચાલતા રહો ચાલતા રહો' અને 'ઉજાશ' વગેરે એમના નિબંધાત્મક લેખોના સંગ્રહ છે. સરળ બાની, અનુભવની સચ્ચાઈ, લાઘવયુક્ત રસાળ ભાષાશૈલી એમની વિશેષતા છે. તેઓ ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ રહી ચૂક્યા છે. શ્રી ક. મા. મુનશી સુવર્ણચંદ્રક અને જી. એમ. ત્રિપાઠી ફેલોશિપ દ્વારા તેમની સર્જકપ્રતિભાનું સંમાન થયું છે.

માનવજન્મના ઇતિહાસની જેમ પુસ્તકસર્જનના ઇતિહાસની રોચક-રોમાંચક કથા અહીં નિરૂપિત થઈ છે. સિનેમા, રેડિયો, ટી.વી. અને બહુવિધ સામાજિક-માસમીડિયાની વચ્ચે પણ પુસ્તક પોતાનું આગવું અદ્વિતીય સ્થાન આબાદ રીતે સાચવી રાખશે જ એવી અવિરત શ્રદ્ધા લેખકે પ્રગટ કરી છે. કેમ કે પુસ્તકો તો જ્ઞાનનો અદ્ભુત ખજાનો છે, જે નવા સંદર્ભો, નવું જ્ઞાન, સંતોષ-આનંદ અને નવી-નરવી જીવનદૃષ્ટિ અર્પે છે. વળી આ ખજાનો ઇચ્છીએ ત્યાંથી-ત્યારે-તેટલો પ્રાપ્ત કરી શકાય તેમ છે. જે મનુષ્યને રણમાં-ગુફામાં, જેલમાં-દરિયામાં, એકાંત અને એકલતામાં, ખુશી-વેદનામાં ટકી રહેવા-વિકસવાનું સામર્થ્ય બક્ષે છે. પુસ્તક એ કેવળ ભૌતિક-સ્થૂળ વસ્તુ નથી, તેને પણ કલેવર, ધબકારા, વિચારો, લાગણીઓ, જ્ઞાન અને આત્મા છે - જે માનવાત્માની આશા-આકાંક્ષાઓને પોષી-વિકસાવીને ચિરંજીવિતા-અસરકારકતા અર્પે છે.

---

પુસ્તક વિશે થોડું લખવાની ઇચ્છા થાય છે, પણ ઇચ્છા થાય છે ત્યારે કદાચ થોડું લખવાનું શક્ય નહિ બને. પુસ્તક શબ્દ યાદ આવતાં જ એટલા બધા વિચારો ઊભરાવા માંડે છે - વાંચેલું, જાણેલું, અનુભવેલું એટલું બધું યાદ આવવા માંડે છે કે, થોડું લખવાથી કદાચ સંતોષ નહિ થાય અને બીજી વાત એ પણ છે કે, ગમે તેટલું લખીશ તોપણ સંતોષ નહિ થાય.

પુસ્તક, આધુનિક માનવીને આનંદ આપનાર કદાચ સૌથી મોટું, સૌથી ઉમદા, સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો જ હોય છે. ઉમર ખય્યામે એની મસ્તીમાં લખેલું :

Here with a loaf of bread
beneath the bough
A book of verse and thou,
Beside me, singing in wilderness
A wilderness is Paradise enow.

વેરાન રણમાં, દરિયામાં, પહાડોમાં, ગુફામાં, જેલની કોટડીમાં માણસને જો પુસ્તક મળી જાય છે તો જાણે નવી દુનિયા મળી જાય છે. દોસ્તોયવસ્કી વિશે ક્યાંક વાંચ્યું હતું કે, વેનિસ શહેર જોવા એ ગયો ત્યારે વિક્ટર હ્યુગોનું પ્રખ્યાત પુસ્તક 'લ મિઝરેબલ' પ્રકાશિત થયેલ. દોસ્તોયવસ્કીએ વેનિસ જોવાના બદલે હોટેલના રૂમમાં ભરાઈ રહીને 'લ મિઝરેબલ' વાંચવામાં અઠવાડિયું કાઢી નાખ્યું. નેપોલિયન રણમેદાનમાં પણ પુસ્તક વાંચવાનું છોડતો નહોતો. યુરોપને ઘેલું લગાડનાર, જર્મન મહાકવિ ગેટેની નવલકથા 'The Sorrows of Werther' નેપોલિયને રણમેદાનમાં વાંચી હતી.

પુસ્તકની પ્રશસ્તિ લખવા બેસીએ તો પાર ન આવે. માણસને તેની સાથે એવી મહોબ્બત છે કે, પુસ્તક

સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે, પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને, ક્યારેક તો, માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક આધુનિક માનવી માટે દિલોજાન દોસ્ત છે.

Oh for a book and shady nook,
Either in door or out,
Where I may read all my ease,
Both of the new and old
For a jolly good book whereon to look
Is better to me than gold.

આ અંગ્રેજી લોકગીત માણસના પુસ્તક સાથેના સંબંધની અને તેના ઉમળકાની વાત કરે છે. એક પ્રજા તરીકે, આપણે ગુજરાતીઓએ પુસ્તક સાથે પ્રેમ કરવાનું બહુ મોડું શરૂ કર્યું છે, અને એટલે જ આપણી પાસે આપણાં કહી શકાય તેવાં સારાં પુસ્તકો ગણ્યાંગાંઠ્યાં છે. ગુજરાતીઓને વેપારમાં, પૈસામાં, હિસાબમાં રસ વિશેષ રહ્યો છે. ગુજરાતીઓ ચોપડી કરતાં ચોપડાને વિશેષ ચાહે છે. એટલું જ નહિ, તેનું પૂજન-ચોપડા-પૂજન પણ બહુ અદબથી કરે છે. ચોપડી વસાવવામાં અને વાંચવામાં કશુંક દેવું પડે છે. ગુજરાતીઓને લેવામાં વિશેષ રસ પડે છે, એટલે જ ચોપડો તેમને વધુ પ્રિય રહ્યો છે. છતાં ગુજરાતીઓમાં પુસ્તકના પ્રેમીઓ નથી એવું નથી- જે છે તે કદાચ બહુ ઉગ્ર અને ઉત્કટ છે.

કૅનેડાના એક પ્રોફેસર માર્શલ મેકલુહાન કહે છે કે, થોડાં વર્ષ પછી માણસ તેની પુસ્તકવાચનની ટેવ છોડી દેશે કારણ કે સિનેમા, રેડિયો, ટેલિવિઝન જેવાં માસમીડિયા સાધનો તેને પુસ્તક કરતાં ઓછા સમયમાં વધારે આનંદ અને વધારે માહિતી આપી શકે છે. યુરોપ અને અમેરિકામાં બીજા પણ ઘણા માણસો આવું જ માને છે ત્યારે વિચાર થાય છે કે, પુસ્તક વિનાની દુનિયા કેવી હશે?

માણસ શિકાર કરતો હતો, હોંકારાપડકારા કરતો હતો, નાચતો હતો, બહાદુરીના નારાઓ લગાવતો હતો, ખેતી કરતો હતો, ગીતો ગાતો હતો, એકાંતમાં જઈને ધ્યાન ધરતો હતો, પોતાને મળેલું જ્ઞાન બીજાને આપવા માટે ઉત્સુક થઈ જતો હતો ત્યારે તેની પાસે પુસ્તક નહોતું. પુસ્તક વિનાની એ દુનિયામાં થોડા નારાઓ હતા, થોડું સંગીત હતું. થોડા શ્લોકો હતા, થોડા મંત્રો હતા પણ એ બધાંને પોતાના ખિસ્સામાં સંઘરી શકે તેવી કોઈ ચીજ નહોતી. માણસને અકળામણ હતી, પણ તેના રહસ્યને, તેના હૃદયની ઊર્મિઓને કાયમ માટે ધબકતા રાખીને સંઘરી શકે તેવી કોઈ વસ્તુ તેને હાથ લાગતી નહોતી. માણસની એવી સદીઓની અકળામણ, ઉત્કટતા, ઝંખનાના પરિણામરૂપે પુસ્તકોનો જન્મ થયો છે.

એ પુસ્તક નામની વસ્તુ જો ભવિષ્યમાં નહિ હોય તો ત્યારે માણસ પાસે કદાચ કેટલુંક નહિ હોય.

પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે, તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. કલેવર, વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી, કંઈકેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, હસી શકો છો, રડી શકો છો, સફર કરી શકો છો, દરિયાપાર અવકાશમાં, ધરતીના ઊંડાણમાં, ઇચ્છા પડે ત્યાં જઈ શકો છો. પુસ્તક એક જાદુઈ દીવો છે.

ઉંદરનાં બચ્ચાં બે કે ત્રણ અઠવાડિયામાં જન્મે છે. હાથીનું બચ્ચું અઢાર મહિને જન્મે છે. 'પુસ્તક'ને જન્મ લેતાં સદીઓ લાગે છે, અને એટલે જ એ કદાચ સદીઓ સુધી જીવશે.

માણસ શબ્દો બોલતાં શીખ્યો, પોતાના વિચારો વ્યક્ત કરતાં શીખ્યો. પછી એ વિચારો ને લાગણીઓને સંઘરી રાખવાની, બીજા સુધી પહોંચાડવાની ઇચ્છા તેને થવા લાગી. તેણે ચિત્રલિપિ શરૂ કરી. મેસોપોટેમિયા, સિરિયા, ઇરાક અને તેની આજુબાજુના પ્રદેશમાં આજથી લગભગ છએક હજાર વર્ષ પહેલાં માણસે માટીની ઈંટો જેવી પ્લેટોમાં લખેલી એક ચિત્રલિપિ મળી આવી છે, પરંતુ માણસની આકાંક્ષાઓને સંતોષી શકે તેવું એ માધ્યમ નહોતું.

ઇતિહાસકારો કહે છે કે ત્યાર પછીના સમયમાં દરિયાખેડુ ફિનિશિયનોએ શબ્દોને અક્ષરોમાં વિભાજિત કરીને તેને સંઘરવાનું શરૂ કર્યું. આ બહુ મોટો ફેરફાર હતો. ફિનિશિયન બંદર બાઇબ્લોસમાં એક શિલાલેખમાં આ પ્રકારનું મૂળાક્ષરોવાળું લખાણ હજી પણ જોવા મળે છે. પછી ગ્રીક લોકોએ એ મૂળાક્ષરોને અપનાવી લીધા.

કહે છે કે, ફિનિશિયનો પાસે વ્યંજનો જ હતા - ચ ખ પ લ બ જેવાં, તેમાં ગ્રીક લોકોએ સ્વરો ઉમેર્યા અને અર્થ વધુ સ્પષ્ટ થયો : ચોખા પાલી બે. અલબત્ત, કાના-માતરની આ રીત તો ઘણી મોડી અમલમાં આવી અને તે જ સર્વોત્તમ છે.

ભાષાનો વિકાસ બહુ ઝડપથી થઈ રહ્યો હતો ત્યારે દુનિયાના જુદા જુદા ભાગોમાં વસતી એ વખતની સંસ્કારી મનુષ્યજાતિ પોતાની વિકસતી ભાષાને લખાણમાં મૂકવા માટે, અખતરાઓ કરી રહી હતી, માટીની ટેબલેટ્સ, શિલાલેખો, ભીંતચિત્રો, ઝાડની છાલ, મીણ, શોધખોળ ચાલુ હતી. લગભગ સાડા ચાર હજાર વર્ષ પહેલાં મિસરવાસીઓએ (ઇજિપ્તના રહેવાસીઓએ) એક નવી વસ્તુ શોધીને લેખનની બાબતમાં ક્રાંતિકારી ફેરફાર કર્યો. નાઈલના ફળદ્રુપ પ્રદેશમાં થતા 'પેપીરસ' નામના છોડમાંથી તેમણે લખી શકાય તેવો ચપટો પદાર્થ બનાવ્યો. (કાગળ માટે વપરાતો પેપર શબ્દ એ પેપીરસ ઉપરથી આવ્યો હોવાનું કહેવાય છે.)

પેપીરસ ઉપર લખાણ લખીને તેને ગૂંચળું વાળીને એ ગૂંચળાં સાચવી રાખવામાં આવતાં. આપણાં જૂનાં ટીપણાં અને જૂના દસ્તાવેજો એના અવશેષો છે.

આ ગૂંચળાના એક છેડે ગોળ લાકડી રહેતી અને તેને ધીમે ધીમે ઉખેળીને વાંચવામાં આવતું. એમાં ઘણી કડાકૂટ હતી, છતાં વર્ષો સુધી આ પદ્ધતિ અમલમાં રહી. ઈસુની પહેલી સદીમાં એલેકઝાન્ડ્રિયાનું શાહી પુસ્તકાલય નાશ પામ્યું ત્યારે તેમાં આવાં સાત લાખ ગૂંચળાઓ-વીંટલાઓ હતાં. એ વાત ઉપરથી તેના વ્યાપનો કાંઈક ખ્યાલ આવી શકે.

પેપીરસના વીંટલાઓ ઉપર લખાતું હતું ત્યારે બીજી તરફ એશિયા માઈનોરના કેટલાક લહિયાઓ લખવા માટે વાછરડાં, ઘેટાં કે બકરાંના કમાવેલા ચામડાનો ઉપયોગ કરતા હતા. પાર્ચમેન્ટ તરીકે ઓળખાતી આ સામગ્રી પેપીરસ કરતાં વધુ ટકાઉ અને સાનુકૂળ હતી. તેનો ઉપયોગ દિનપ્રતિદિન વધવા લાગ્યો.

ઈસુની પ્રથમ સદીના પ્રથમ વર્ષે કે ત્યાર પછી થોડા વખતે, એક રોમન લહિયાએ જુદા જુદા પાર્ચમેન્ટને એક-સાથે રાખવા માટે તેની એક બાજુના ભાગને સીવી લીધો. આ સીવેલો ભાગ પુસ્તકની પીઠ બન્યો, અને આ રીતે કદાચ પહેલું પુસ્તક અસ્તિત્વમાં આવ્યું.

કહે છે કે ઈરાનના અને આર્ય લોકો પણ લખાણવાળા ચામડાના ટુકડાઓને એક-સાથે 'પોશ્ત'માં રાખવાની આવી કલા જાણતા હતા, અને તેમાંથી જ પોશ્તક, પોશ્તી, પોથી, પુસ્તક નામ ઊતરી આવેલ છે.

આવી રીતે બનેલ પુસ્તક પેલા પેપીરસના વીંટલાઓ કરતાં ચોક્કસપણે વધુ સરળ અને અનુકૂળતાવાળું હતું. સામાન્ય માનવજાતિ જ્યારે અંધકારયુગમાં આથડતી હતી ત્યારે સાધુઓ, આશ્રમવાસીઓ, પાદરીઓ, ધર્મગુરુઓ શાહુડીના ધારદાર પીંછાની કલમ દ્વારા આવાં પુસ્તકોમાં જ્ઞાનનો સંગ્રહ કરતા રહેતા હતા.

એ દરમિયાન પુસ્તકની બાબતમાં અચાનક જ એક મોટી ક્રાંતિ આવી. ચીનમાં એ વખતે રેશમના વીંટલાઓમાં લખવાનો રિવાજ હતો. ત્સાઈ લુન નામના એક ગૃહસ્થને આ રીતે રેશમનો દુરુપયોગ થાય તે વાત ખૂંચી. કહે છે કે, તેણે હો-તી નામના ચીનના શહેનશાહ પાસે જઈને રેશમ કરતાં અનેકગણી સસ્તી અને છતાં વધુ સારી સામગ્રી તૈયાર કરી આપવાની ઇચ્છા પ્રગટ કરી. શહેનશાહે તેને છૂટ આપી, અને ત્સાઈ લુને ચીંથરાં, ઝાડની છાલ, માછલાં પકડવાની તૂટી ગયેલી જાળ જેવા કચરાને પલાળીને, છૂંદીને તેમાંથી માવો તૈયાર કર્યો અને ટીપીને તેમાંથી કાગળ (ખરબચડા પૂંઠા જેવો) તૈયાર કર્યો. આમ ઈ.સ. 105ના અરસામાં પુસ્તકની કથામાં કાગળ દાખલ થયો. આ એક અદ્ભુત, ક્રાંતિકારી, દૂરગામી પરિણામો નિપજાવનારી શોધ હતી. અને પાંચસો-છસો વર્ષ સુધી તેના રહસ્યની ખબર ચીન અને તેના પાડોશી દેશો સિવાય કોઈને નહોતી. કાગળ માટે મધ્ય-પૂર્વના અને દક્ષિણ યુરોપના બધા જ સંસ્કૃત દેશો ઓશિયાળા હતા. ત્યાર પછી એક કાગળ બનાવનાર ચીનો આરબ લોકોના હાથમાં પકડાઈ ગયો અને પરિણામે કાગળનો સફેદ જાદુ બધા દેશોમાં ઝડપથી ફેલાઈ ગયો.

જેવું કાગળ બાબતમાં બન્યું એવું જ કલમ બાબતમાં પણ બન્યું. તેમાં પણ ક્રમે ક્રમે ફેરફારો થતા રહ્યા - વતરણું, ક્ત્તિો, કલમ. પણ પછી તેમાં જે ફેરફારો થયા - હોલ્ડર, પેન, બૉલપેન, સ્કેચપેન - તેને પુસ્તક સાથે ખાસ સંબંધ રહ્યો નહિ. કારણ કે પુસ્તક એક તબક્કે હસ્તલિખિત મટીને છાપેલું બની ગયું. આવા છાપેલા પુસ્તક માટે પ્રિન્ટિંગ પ્રેસની શોધ કરવાનું માન જોહાન ગુટેનબર્ગ નામના એક જર્મનના ફાળે જાય છે. ગુટેનબર્ગે શોધેલ ટાઈપ

અને પ્રેસ આજનાં જેવાં નહોતાં, છતાં તેની તે શોધથી પુસ્તક સારા લહિયાઓના હાથમાંથી સીધું યંત્ર ઉપર ચાલ્યું ગયું. કહે છે કે બાઈબલની એકસો નેવું નકલ છાપતા ગુટેનબર્ગને ત્રણ વર્ષ લાગ્યાં હતાં. પણ છતાં તેની અસર એટલી જબરી હતી કે, તેની શોધના પરિણામે પુસ્તકોની કિંમતમાં એકાએક એંશી ટકા ઘટાડો થઈ ગયો હતો. પછીનાં પચાસ વર્ષમાં તો યુરોપના લગભગ બધા જ દેશોમાં પ્રિન્ટિંગ પ્રેસ ધમધોકાર ચાલવા લાગ્યાં હતાં. આંકડાઓની રીતે વિચાર કરીએ તો સોળમી સદીમાં લગભગ સવા પાંચ લાખ પુસ્તકો છપાઈને તૈયાર થયાં હતાં. સત્તરમી સદીમાં એ આંકડો વધીને સાડા બાર લાખે પહોંચ્યો, અઢારમી સદીમાં વીસ લાખ, ઓગણસીમી સદીમાં એંશી લાખ અને વીસમી સદીમાં... એટલે કે આજે દર વર્ષે લગભગ પાંચ લાખ પુસ્તકો પ્રેસમાંથી છપાઈને બહાર આવે છે.

ગામેગામ અને ઘરેઘરમાં ફેલાઈ ગયેલ મનુષ્યનો આ મિત્ર શું ખરેખર અમુક વર્ષો પછી નાશ પામશે?

શિકાર જતાં તીરોનું મહત્ત્વ ન રહ્યું, ટ્રૅક્ટર આવતાં કોદાળી કે હળનું મહત્ત્વ ઘટી ગયું, એમ ભવિષ્યની ઝડપી દુનિયામાં રેડિયો, ટેલિવિઝન અને એથી પણ નવાં કોક ઇલેક્ટ્રૉનિક સાધનો સામે પુસ્તક હારી જશે? માણસને જ્ઞાનવિજ્ઞાન માટે, આનંદ અને આરામ માટે પુસ્તકની જરૂર નહિ રહે?

ભવિષ્યની દુનિયા કેવી હશે તે આપણે જાણતા નથી, પણ અત્યારનાં સિનેમા, રેડિયો, ટી.વી. કે અન્ય ઇલેક્ટ્રૉનિક સાધનો સામે પુસ્તક હારી જાય અને લુપ્ત થઈ જાય એમ લાગતું નથી. રેડિયો, સિનેમા કે એવી બીજી વસ્તુઓ તમને આનંદ આપી શકે છે, માહિતી આપી શકે છે, પણ પુસ્તકનો આનંદ અને પુસ્તકમાંથી મળતું જ્ઞાન એક અનોખી, પોતાની જ વિશિષ્ટતા ધરાવે છે. પુસ્તકનાં વાંચી લીધેલ પાનાં ફેરવીને માણસ તે ફરી વાંચી શકે છે અને તેનો આનંદ માણી શકે છે. વાચનમાંથી પોતાને મનગમતાં ચિત્રો તે ઊભાં કરી શકે છે. એક પ્રસંગ કે માહિતી વાંચીને પોતાના જીવનમાં બનેલ કોઈક એવા કે એનાથી તદ્દન ભિન્ન એવા પ્રસંગની સ્મૃતિ માણી શકે છે. આવું આજના બીજા કોઈ સાધનમાં શક્ય નથી. પુસ્તકનો વાચક ઇચ્છા પડે ત્યારે, ઇચ્છા પડે ત્યાંથી, પુસ્તક વાંચી શકે છે અને વાંચવાનું બંધ કરી શકે છે. એક જ પુસ્તકમાંથી ભિન્ન ભિન્ન સ્તરના વાચકો ભિન્ન ભિન્ન પ્રકારનો આનંદ અનુભવી શકે છે. એ જ રીતે, એક જ માણસ તેની જુદી જુદી મનઃસ્થિતિમાં એક જ પુસ્તકમાંથી જુદા જ પ્રકારનો આનંદ કે જ્ઞાન મેળવી શકે છે. કેટલાંક પુસ્તકો એવી ખાણો જેવા હોય છે, જેમાંથી દરેક વાચન વખતે નવા અર્થો, નવા સંદર્ભો, નવું જ્ઞાન, નવો આનંદ, નવો સંતોષ મળે છે.

આવી સદાબહાર ચીજ અત્યારે તો બીજી કોઈ શોધાઈ નથી અને ભવિષ્યમાં પણ વર્ષો સુધી કદાચ શોધાશે નહિ. આનંદ અને જ્ઞાનનાં બીજાં માધ્યમો વપરાશ માટે થતી જથ્થાબંધ ચીજો જેવાં છે. પુસ્તક જ માત્ર એકાકી માનવીનો સાચો સાથીદાર છે અને હજી કદાચ સદીઓ સુધી રહેશે.

વિદ્વાન યોશીદા કેનાકેએ સાચું કહ્યું છે, 'દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.'

**('કેલિડોસ્કોપ'માંથી)**

### શબ્દ-સમજૂતી

**ઉમર ખય્યામ** એક સુપ્રસિદ્ધ ફારસી તત્ત્વજ્ઞાની **દોસ્તોયવ્સ્કી** રશિયાના એક સુપ્રસિદ્ધ સાહિત્યકાર **નેપોલિયન** ફ્રાન્સનો એક મહાપુરુષ **પ્રશસ્તિ** પ્રશંસા, વાહવાહ, પ્રશંસાની કવિતા કે લેખ **ઉમળકો** વહાલ-હેતનો ઊભરો **ગણ્યાંગાંઠ્યાં** થોડાંક **અદબ** વિવેક, મર્યાદા **ઉગ્ર** આકરું, જબરું **ઉત્કટ** તીવ્ર, જલદ, પ્રબળ **અકળામણ** અકળાવાની અસર, કંટાળો કે ચીડ **વિસ્મયકારક** આશ્ચર્ય-અચંબો પમાડે તેવું **ચિત્રલિપિ** સાંકેતિક ચિત્રોની બનેલી લિપિ **શિલાલેખ** પથ્થર ઉપર કોતરેલો લેખ **ટીપણું** પંચાંગ **દસ્તાવેજ** આધારભૂત એવું કોઈ પણ લખાણ **અવશેષ** બાકી રહેલો ભાગ, બચેલો ભાગ **કડાકૂટ** માથાકૂટ **વ્યાપ** વિસ્તાર, પસારો **લહિયો** લખવાનું કામ કરનારો માણસ **શાહુડી** જમીનમાં બોડ કરીને રહેતું એક અણીદાર પીંછાવાળું પ્રાણી **ક્રાંતિ** (ધરમૂળથી) ફેરફાર, પરિવર્તન, ઊથલપાથલ, રેવોલ્યુશન **દૂરગામી** દૂર સુધી જાય એવું **હસ્તલિખિત** હાથનું લખેલું, હાથપ્રત

**લુપ્ત** લોપાયેલું, નાશ પામેલું **સ્મૃતિ** સ્મરણ, યાદ **મનઃસ્થિતિ** મનોદશા, મનની સ્થિતિ **સદાબહાર** સદા લીલું રહેતું, એવરગ્રીન **એકાકી** એકલું, નિરાધાર

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) આધુનિક માનવને આનંદ આપનાર વિશિષ્ટ સાધન કયું છે?

(2) દોસ્તોયવ્સ્કીએ વેનિસ જોવાને બદલે શું કર્યું?

(3) નેપોલિયને કોની કઈ કૃતિ રણમેદાનમાં વાંચી હતી?

(4) પેપર શબ્દ ક્યાંથી આવ્યો હોવાનું મનાય છે?

(5) પ્રિન્ટિંગ પ્રેસની શોધનું શ્રેય કોને જાય છે?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગમે તેટલું લખવા છતાં લેખક શા માટે સંતોષ અનુભવતા નથી?

(2) ગુજરાતીઓ 'ચોપડી' કરતાં 'ચોપડા'ને વધુ ચાહે છે એમ લેખક શાથી કહે છે?

(3) 'માણસ વાચન છોડી દેશે' તેવું મેકલુહાન શાથી કહે છે?

(4) લેખક પુસ્તકને 'જાદુઈ દીવો' શા માટે કહે છે?

(5) પ્રથમ પુસ્તક શી રીતે અસ્તિત્વમાં આવ્યું હોવાનું લેખક માને છે?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

'પુસ્તકો જ આપણા સાચા મિત્રો છે' આ વિધાનની યથાર્થતા પાઠને આધારે સિદ્ધ કરો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- પુસ્તકમેળાની મુલાકાત લો.
- તમારી શાળાના પુસ્તકાલયમાંથી પુસ્તક મેળવી, વાંચી તેની પ્રાર્થનાસભામાં સમીક્ષા કરો.
- નજીકના પ્રિન્ટિંગ પ્રેસની મુલાકાત લો.

## ભાષા-અભિવ્યક્તિ

- નીચેનાં વાક્યો વાંચો.

'માણસ શિકાર કરતો હતો, હોંકારાપડકારા કરતો હતો, નાચતો હતો, બહાદુરીના નારાઓ લગાવતો હતો, ખેતી કરતો હતો, ગીતો ગાતો હતો, એકાંતમાં જઈને ધ્યાન ધરતો હતો, પોતાને મળેલું જ્ઞાન બીજાને આપવા માટે ઉત્સુક થઈ જતો હતો ત્યારે તેની પાસે પુસ્તક નહોતું. પુસ્તક વિનાની એ દુનિયામાં થોડા નારાઓ હતા, થોડું સંગીત હતું. થોડા શ્લોકો હતા, થોડા મંત્રો હતા પણ એ બધાંને પોતાના ખિસ્સામાં સંઘરી શકે તેવી કોઈ ચીજ નહોતી. માણસને અકળામણ હતી, પણ તેના રહસ્યને, તેના હૃદયની ઊર્મિઓને કાયમ માટે ધબકતા રાખીને સંઘરી શકે તેવી કોઈ વસ્તુ તેને હાથ લાગતી નહોતી. માણસની એવી સદીઓની અકળામણ, ઉત્કટતા, ઝંખનાના પરિણામરૂપે પુસ્તકોનો જન્મ થયો છે.'

લેખન-અભિવ્યક્તિની વિશિષ્ટ તરાહ વાંચો, સમજો. 'ત્યારે તેની પાસે પુસ્તક નહોતું,' - ત્યારે શું હતું? પુસ્તક નહોતું ત્યારે માણસ શું કરતો તે ટૂંકાં-ટૂંકાં વાક્યોમાં લેખક મૂક્યું છે. આપણી વાચન-જિજ્ઞાસાને લેખકે કેવી રીતે ખેંચી રાખી છે? એ પછીનાં વાક્યો વાંચો. પુસ્તકનો જન્મ કેમ, કેવી રીતે થયો? - એ વાત કેવા પ્રકારનાં વાક્યો દ્વારા થઈ છે? લેખક પોતાની વાત રસપ્રદ રીતે, સરળ રીતે છતાં ચોટદાર રીતે કેવી રીતે વ્યક્ત કરે છે? - વાંચો, વિચારો.

## શિક્ષકપ્રવૃત્તિ

- દર મહિને એકાદ વખત પ્રાર્થનાસભામાં પુસ્તકની ચર્ચા કરો, જેથી વિદ્યાર્થીઓને વાચનની પ્રેરણા મળે.

# એકમ-2 સમાનાર્થી, વિરુદ્ધાર્થી અને જોડણી

**શબ્દ : સમાનાર્થી (પર્યાયવાચી)**

સમાનાર્થી શબ્દ એટલે જેનો અર્થ સમાન છે એવા વિવિધ શબ્દો. જોકે આ બાબત લાગે છે એટલી સરળ નથી. સમાન અર્થ ધરાવતા શબ્દો જ્યારે વાક્યમાં પ્રયોજાય ત્યારે જે-તે શબ્દના અર્થની છાયા સહેજ જુદી પડે છે. વિદ્યાર્થી તરીકે, આપણે સચોટ અભિવ્યક્તિ માટે યોગ્ય ભાવ કે વિચાર માટે યોગ્ય શબ્દ વાપરવો જોઈએ.

ઉદાઃ અવાજ, ધ્વનિ, નાદ, રવ, સાદ - આ સમાનાર્થી શબ્દો છે.

(1) મારે સહેજ પણ <u>અવાજ</u> ન જોઈએ, સમજ્યો? (અહીં, 'ધ્વનિ' કે 'નાદ' મૂકો તો?)

(2) માએ <u>સાદ</u> પાડીને દીકરાને બોલાવ્યો. (અહીં 'અવાજ' કે 'ધ્વનિ' નહિ ચાલે.)

(3) શંકરે શંખ<u>નાદ</u> કર્યો ! ('રવ' કે 'અવાજ' નહિ ચાલે.)

યોગ્ય ભાવ-વિચાર માટે પ્રયોજાયેલો યોગ્ય શબ્દ આપણી અભિવ્યક્તિને વધુ અસરકારક કે અર્થક્ષમ બનાવે છે. આપણે કેટલાક સમાનાર્થી શબ્દો જોઈએ.

અક્કલ - સમજ, બુદ્ધિ, પ્રજ્ઞા, મેધા, મતિ, ધી

અખિલ - આખું, અખંડ, બધું, સકલ, સમસ્ત, સમગ્ર

અનલ - આગ, અગ્નિ, પાવક, હુતાશન, વહ્નિ, વૈશ્વાનર

અતિથિ - મહેમાન, અભ્યાગત, પરોણો

અમૃત - અમી, પીયૂષ, સુધા

અરજ - વિનંતી, અરજી, અનુનય, વિજ્ઞપ્તિ, વિનવણી

અલંકાર - ઘરેણું, આભૂષણ, આભરણ, દાગીનો

અંધકાર - અંધારું, તમસ, તિમિર, તમિસ્ર

આકાશ - નભ, ગગન, વ્યોમ, આભ, આસમાન, અંતરિક્ષ, અંબર

આશા - ઈચ્છા, કામના, અભિલાષા, આકાંક્ષા, સ્પૃહા

આંખ - નયન, ચક્ષુ, દગ, લોચન, નેત્ર, નેન, અક્ષ

ઈશ્વર - ઈશ, પરમેશ્વર, જગત્રાતા, વિભુ, હરિ, અંતર્યામી

કમળ - પંકજ, અરવિંદ, અંબુજ, પદ્મ, રાજીવ, વારિજ, સરોજ

ગણપતિ - ગજાનન, ગણેશ, લંબોદર, વિનાયક, ગૌરીસુત

ગરીબ - દરિદ્ર, અકિંચન, દીન, નિર્ધન, રંક, પામર

ઘર - આવાસ, ગૃહ, નિકેતન, ભવન, સદન, સદ્મ

ઘોડો - અશ્વ, હય, તુરંગ, વાજી, સૈંધવ

ચંદ્ર - ઈન્દુ, ચાંદો, નિશાકર, શશી, સોમ, સુધાકર, હિમાંશુ

જગત - જગ, દુનિયા, ભુવન, લોક, વિશ્વ, આલમ, જહાન

જિંદગી - જીવતર, આયુષ્ય, આયખું, આવરદા

ઝાડ - વૃક્ષ, તરુ, દ્રુમ, પાદપ

| | | |
|---|---|---|
| દુ:ખ | - | કષ્ટ, વ્યથા, આપત્તિ, વિપત્તિ, વ્યથા, પીડા |
| નદી | - | સરિતા, તટિની, આપગા, નદ, નિર્ઝરિણી |
| નમસ્કાર | - | વંદન, પ્રણામ, પાયલાગણ, જુહાર, સલામ, પ્રણિપાત |
| પતિ | - | ધણી, નાથ, પ્રિયતમ, કંથ, ખાવિંદ, ભરથાર, સ્વામી |
| પત્ની | - | ભાર્યા, શ્રીમતી, દારા, પ્રિયા, અર્ધાંગના, વહુ, વલ્લભા |
| પવન | - | વા, વાયરો, અનિલ, વાત, સમીર, વાયુ, મરુત, માતરિશ્વા |
| પાણી | - | જળ, નીર, અંબુ, ભૂ, વારિ, ઉદક, સલિલ, તોય |
| પુત્ર | - | દીકરો, સુત, તનુજ, તનય, આત્મજ |
| પુત્રી | - | દીકરી, સુતા, અંગના, તનુજા, આત્મજા, દુહિતા |
| પૃથ્વી | - | અવની, ધરતી, ધરા, ક્ષિતિ, વસુધા, વિશ્વંભરા, મહી |
| પ્રકાશ | - | તેજ, આભા, ઉદ્યોત, દીપ્તિ, દ્યુતિ, પ્રભા |
| ફૂલ | - | કુસુમ, બકુલ, પુષ્પ, સુમન, ગુલ, પ્રસૂન |
| માણસ | - | મનુષ્ય, જન, ઇન્સાન, મનુજ, માનવ, મર્ત્ય |
| શરીર | - | અંગ, કાયા, કલેવર, ગાત્ર, તન, દેહ, વપુ |
| સાગર | - | સમુદ્ર, દરિયો, રત્નાકર, ઉદધિ, અર્ણવ, જલધિ, સિંધુ |
| હાથ | - | હસ્ત, કર, બાહુ, પાણિ, ભુજા |
| હોશિયાર | - | ચતુર, પ્રવીણ, દક્ષ, નિપુણ, પટુ |

**વિરુદ્ધાર્થી શબ્દો :**

વ્યવહારમાં એકબીજાની સામેના છેડાના, તદ્દન ઊલટો અર્થ ધરાવતા શબ્દોની પણ જરૂરિયાત રહે છે. કોઈ સ્થિતિ-ઘટના વર્ણવતી વખતે ક્યારેક સામસામેનો અર્થ ધરાવતા બે શબ્દોને નજીકમાં મૂકવા પડે એવા સમયે વિરુદ્ધ અર્થ ધરાવતા શબ્દોનો ખપ પડે છે. ઘણીવાર શબ્દને પૂર્વ પ્રત્યય લગાવવાથી જે-તે શબ્દને વિરોધી શબ્દ મળે છે. હા, દરેક શબ્દનો વિરોધી શબ્દ હોય જ એવું હોતું નથી. આપણે આવા થોડા વિરુદ્ધાર્થી શબ્દોનો અભ્યાસ કરીએ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| અખંડ | x | ખંડિત | કાયર | x | શૂરવીર |
| અગવડ | x | સગવડ | કૃતજ્ઞ | x | કૃતઘ્ન |
| અગ્રજ | x | અનુજ | કોમળ | x | કઠોર |
| અજ્ઞ | x | સુજ્ઞ, પ્રજ્ઞ | ક્રૂર | x | દયાળુ |
| અતડો | x | મળતાવડો | અતિવૃષ્ટિ | x | અનાવૃષ્ટિ |
| ગમન | x | આગમન | અથ | x | ઈતિ |
| અદ્યતન | x | પુરાતન | અનાથ | x | સનાથ |
| અનુકૂળ | x | પ્રતિકૂળ | જયંતી | x | સંવત્સરી, પુણ્યતિથિ |
| અપેક્ષા | x | ઉપેક્ષા | જાહેર | x | ખાનગી |
| અમીર | x | ગરીબ | જ્ઞાત | x | અજ્ઞાત |
| અસલ | x | નકલ | તત્સમ | x | તદ્ભવ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અસ્ત | x ઉદય | | દુર્ગુણ | x | સદ્ગુણ |
| અંતર્ગોળ | x બહિર્ગોળ | | દૃશ્ય | x | અદૃશ્ય |
| આકાશ | x પાતાળ | | દ્વૈત | x | અદ્વૈત |
| આયાત | x નિકાસ | | નિમકહલાલ | x | નિમકહરામ |
| આશા | x નિરાશા | | નિરક્ષર | x | સાક્ષર |
| ઉડાઉ | x કંજૂસ | | નિર્દોષ | x | દોષિત |
| ઉત્તીર્ણ | x અનુત્તીર્ણ | | પરતંત્ર | x | સ્વતંત્ર |
| ઉષા | x સંધ્યા | | પૂનમ | x | અમાસ |
| પૂર્વાર્ધ | x ઉત્તરાર્ધ | | વિયોગ | x | સંયોગ |
| વૃદ્ધિ | x ક્ષય, હ્રાસ | | શુષ્ક | x | ભીનું |
| બાહ્ય | x આંતરિક | | મિત્ર | x | શત્રુ |
| સાપેક્ષ | x નિરપેક્ષ | | યજમાન | x | મહેમાન |
| સુદ | x વદ | | લઘુ | x | ગુરુ |
| હકાર | x નકાર | | લાયક | x | ગેરલાયક |

## સ્વાધ્યાય

**1. કૌંસમાં આપેલા સમાનાર્થીમાંથી યોગ્ય સમાનાર્થી પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) માત્ર તેનું ................ સુકાતું ચાલ્યું. (ક્લેવર, શરીર, તન)

(2) સૂવા મથતા બાળકની ..............નાં પોપચાં ડૉક્ટરે ખેંચી ઉઘાડ્યાં. (આંખો, નેત્રો, લોચનો)

(3) આજે તે માની ................ભરી સોડ પામ્યો હતો. (અમૃત, પીયૂષ, સુધા)

(4) માત્ર વાતો કરીને જ લોકો-સંબંધીઓ ...............રહ્યા હતા. (વેગળા, અળગા)

(5) આથમતી વસંતનો ગરમ .........હજુય આહ્લાદક હતો. (મહુત, વાયરો, પવન)

**2. નીચેના શબ્દોમાંથી યોગ્ય સમાનાર્થી લઈને ખાલી જગ્યા પૂરો :**

(કાબૂ, પેટ, સિવાય, બકવાટ, તાત, ફડક)

(1) વિના - ....................

(2) તલખાટ - ....................

(3) ઉદર - ....................

(4) અંકુશ - ....................

(5) બીક - ....................

(6) પિતા - ....................

**3. નીચેનામાંથી જે સમાનાર્થી ન હોય તે શબ્દ નીચે લીટી દોરો :**

(1) ગોંદરું, પાદર, ખેતર

(2) ગગન, જલધિ, આકાશ

(3) સભર, નિર્ભર, ભરપૂર

(4) યશ, કીર્તિ, શક્તિ

(5) પાધરું, આડુંઅવળું, સીધું

(6) અવશ, લાચાર, પોતાનું

(7) વ્યાકુળ, બાવરું, કમનસીબ

(8) નિરંતર, પ્રશાંત, સતત

(9) કાજે, વાસ્તે, ધીરજ

(10) ખોટ, ખોડ, ઘટ

**4. તમારા પાઠ્યપુસ્તકમાંથી સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દોની યાદી તૈયાર કરો.**

અક્ષરો-શબ્દોને એકબીજા સાથે જોડવાની પ્રક્રિયા એટલે જોડણી. અહીં આપણે રોજબરોજના વપરાશમાં આવતા શબ્દો માટેની જોડણીના થોડા નિયમો જોઈએ :

જોડણી :

1. **એક અક્ષરવાળા શબ્દોમાં અનુસ્વાર ન હોય ત્યારે તેના ઈ કે ઊ દીર્ઘ લખાય છે.**

   **ઉદાહરણ :** ઘી, છી, પી, બી, ફી, જૂ, ભૂ, લૂ, ઘૂ, પૂ, છૂ વગેરે.

2. **જોડાક્ષર પહેલાં 'ઈ' કે 'ઉ' આવે તો તે હ્રસ્વ લખાય છે.**

   **ઉદાહરણ :** જિલ્લો, ખિસ્સું, શિસ્ત, મિત્ર, વિશ્વ, ઇસ્તરી, રિક્ષા, સિન્ધુ, ચિઠ્ઠી, જિદ્દી, ઉત્સાહ, કિલ્લો, આદિત્ય, કિસ્સો, કિસ્તી, મિસ્ત્રી, ચિત્ર, સિત્તેર, જુસ્સો, પુષ્પ, ગુસ્સો વગેરે.

3. **રેફની પહેલાં લખાતા ઈ કે ઊ દીર્ઘ લખાય છે.**

   **ઉદાહરણ :** કીર્તિ, આશીર્વાદ, ઊર્મિ, ચૂર્ણ, સૂર્ય, પ્રકીર્ણ, મૂર્ખ, ઉત્તીર્ણ, શીર્ષાસન, શીર્ષક, ઊર્જા, પૂર્ણિમા, પૂર્તિ, સ્ફૂર્તિ વગેરે.

   અપવાદ : કારકિર્દી, ઉર્વશી

4. **ચાર કે તેથી વધુ અક્ષર ધરાવતા શબ્દમાં શરૂઆતનો અક્ષર હ્રસ્વ લખાય છે.**

   **ઉદાહરણ :** શિખામણ, ખિસકોલી, પુરવણી, મિજલસ, મિલકત, સુતરાઉ, ઘુઘવાટ, ચુકવણી, પિચકારી, ગુલમહોર, કિલકિલાટ, તિલાંજલિ, ઇતિહાસ, સુતરાઉ, ભુલામણી, ઇમારત, ગિરનાર, ઉકરડો, ફુદરડી, ઉદાહરણ, ફુરસદ વગેરે. પણ બે શબ્દો જોડાઈને નવો શબ્દ બન્યો હોય તો તેમાં જોડણી તેના મૂળ શબ્દની જેમ જ રાખવી.

   **ઉદાહરણ :** દીવાસળી, મીણબત્તી, ધૂપસળી, ભૂલચૂક વગેરે.

5. **યા-યું-યો પહેલાં લખાતી ઇ હંમેશાં હ્રસ્વ લખાય છે.**

   **ઉદાહરણ :** અળસિયું, કાગળિયું, ગોઠિયો, પગથિયું, કડિયો, ચાડિયો, વરિયાળી, પાણિયારું, રૂપિયો, રશિયા, ઑસ્ટ્રેલિયા, દરિયો, ચામાચીડિયું, ફરિયાદ, કજિયો, વાણિયો, કીમિયો, ચીપિયો, હોશિયાર, કાળિયાર, ટાઢિયો, ઢોલિયો વગેરે.

6. **જો શબ્દ રૂપને 'ઈય' પ્રત્યય લાગે તો તેવા શબ્દમાં 'ઇ' દીર્ઘ લખાય છે.**

   **ઉદાહરણ :** પૂજનીય, માનનીય, ભવદીય, વંદનીય, રાજકીય, આદરણીય, કેન્દ્રીય, કમનીય, પ્રશંસનીય, શાસ્ત્રીય, રાષ્ટ્રીય વગેરે.

7. **'ઇક' અને 'ઇકા' પ્રત્યય લાગીને જે શબ્દો બન્યા હોય તેવા શબ્દમાં 'ઇ' હ્રસ્વ લખાય છે.**

   **ઉદાહરણ :** સામાજિક, દૈનિક, વાર્ષિક, પ્રાસંગિક, નૈસર્ગિક, રાધિકા, અંબિકા, અધ્યાપિકા, નવલિકા, સંચયિકા, પુસ્તિકા, આધ્યાત્મિક, પૌરાણિક, ભૌગોલિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક, માનસિક, વાસરિકા વગેરે.

8. **વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી.**

   **ઉદાહરણ :** નદી-નદીઓ, નદીમાં; સ્ત્રી-સ્ત્રીઓ, સ્ત્રીને; ખૂબી-ખૂબીઓ

### સ્વાધ્યાય

1. તમારા પાઠ્યપુસ્તકમાંથી ઉપરના નિયમોને અનુસરતા પાંચ-પાંચ શબ્દો શોધીને લખો.
2. પાઠ્યપુસ્તકમાંથી બે કે તેથી વધારે 'ઇ' કે 'ઉ' (હ્રસ્વ-દીર્ઘ બંને) વપરાયા હોય તેવા પચીસ શબ્દોની યાદી તૈયાર કરો. દા.ત., વિદ્યાર્થિની.

•

# 9 હરિનાં દર્શન

**ન્હાનાલાલ**

**(જન્મ : 16-3-1877, અવસાન : 9-1-1946)**

ન્હાનાલાલ દલપતરામ કવિ-'પ્રેમભક્તિ'નો જન્મ અમદાવાદમાં થયો હતો. એમ.એ.ની ઉપાધિ મેળવીને તેમણે પ્રારંભે અધ્યાપન કાર્ય કર્યું, ત્યાર બાદ રાજકોટ રાજ્યના સર ન્યાયાધીશ અને નાયબ દીવાન ઉપરાંત કાઠિયાવાડ એજન્સીના શિક્ષણાધિકારી તરીકે પણ તેમણે સેવાઓ આપી છે.

તેઓ ઉત્તમ ઊર્મિકવિ અને ડોલનશૈલીના પ્રયોગશીલ સર્જક તરીકે સુખ્યાત છે. આ ઉપરાંત નાટક, વાર્તા, ચરિત્ર, વિવેચન, અનુવાદ તેમજ સંપાદન વગેરે સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે. એમની કવિતામાં 'કેટલાંક કાવ્યો ભાગ 1-2-3', 'ન્હાના ન્હાના રાસ ભાગ 1-2-3', 'ગીતમંજરી ભાગ 1-2', 'ચિત્રદર્શનો', 'પ્રેમભક્તિ ભજનાવલિ', 'બાળકાવ્યો', 'મહેરામણનાં મોતી', 'સોહાગણ' તેમજ 'પાનેતર'નો સમાવેશ થાય છે. 'વસંતોત્સવ', 'દ્વારિકાપ્રલય' જેવાં કથાકાવ્યો ઉપરાંત 'કુરુક્ષેત્ર' અને 'હરિસંહિતા' ભાગ 1-2-3 મહાકાવ્યના પ્રયોગસમાં લાંબાં કાવ્યો છે. પ્રકૃતિ, પ્રેમ, દેશભક્તિ, પ્રભુભક્તિ તથા વ્યક્તિવિશેષોને કેન્દ્રમાં રાખી એમણે અનેક કાવ્યો લખ્યાં છે.

'ઈન્દુકુમાર ભાગ 1-2-3', 'જયા-જયન્ત', 'વિશ્વગીતા', 'રાજર્ષિ ભરત', 'શાહાનશાહ અકબરશાહ' જેવાં પદ્યનાટકોમાં ડોલનશૈલીનો પ્રયોગ ધ્યાનપાત્ર છે. ચરિત્રલેખનમાં 'કવીશ્વર દલપતરામ ભાગ 1-2-3' એ પિતા વિશેની ઉત્તમ રચના છે.

એમની કવિતામાં વિશુદ્ધ જીવનદૃષ્ટિ, કલ્પનોનો વૈભવ તેમજ વાણીનું માધુર્ય પ્રગટ થાય છે.

આ ભક્તિગીતમાં કવિએ ઈશ્વરની સર્વવ્યાપક્તા પ્રગટ કરવાની સાથે મનુષ્યની મર્યાદાઓ પણ સ્પષ્ટ કરી છે. ઈશ્વર તો બ્રહ્માંડના અણુઅણુમાં વ્યાપેલો છે, પરંતુ માણસ પોતાની આળસના કારણે હરિને જોઈ શકતો નથી. સર્વત્ર વ્યાપેલા શ્રીહરિનો સાક્ષાત્કાર કરવો હોય તો ઈશ્વરકૃપા હોવી જોઈએ. કવિ આ કાવ્યમાં પ્રભુકૃપાની યાચના કરે છે અને સાથેસાથે પોતાની આંખોને આળસ ત્યજવા જણાવે છે, જેથી શ્રીહરિનાં દર્શન થઈ શકે.

---

મ્હારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી,
એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી. 1
શોક-મોહના અગ્નિ રે તપે, ત્હેમાં તપ્ત થયા,
નથી દેવનાં દર્શન રે કીધાં, ત્હેમાં રક્ત રહ્યાં. 2
પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા,
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઊભર્યા. 3
નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઈ રહે.
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે. 4
જરા ઊઘડે આંખડલી રે, તો સન્મુખ તેહ તદા,
બ્રહ્મ બ્રહ્માંડ અળગા રે, ઘડીયે ન થાય કદા. 5
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની?
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ ત્હોયે કંઈ દિનની. 6
સ્વામી સાગર સરીખા રે, નજરમાં ન માય કદી,
જીવ થાકીને વિરમે રે, 'વિરાટ, વિરાટ' વદી. 7
પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ! ક્ય્હારે ઊઘડશે?
એવાં ઘોર અન્ધારાં રે, પ્રભુ ક્ય્હારે ઊતરશે? 8
નાથ! એટલી અરજી રે, ઉપાડો જડપડદા,
નેનાં! નીરખો ઊંડેરું રે, હરિવર દરસે સદા. 9
આંખ! આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી,
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ 10

**('કેટલાંક કાવ્યો-2'માંથી)**

## શબ્દ-સમજૂતી

**મ્હારાં** મારાં **નયણાંની** આંખોની **નીરખ્યા** નીરખવું, બરાબર જોવું **જરી** જરા, થોડું, લગાર **મટકું ન માંડ્યુ** આંખનો પલકારો ન માર્યો **ઠરિયાં** ઠર્યાં, ઠરવું, થોભવું, સ્થિર થવું **ઝાંખી** ઝાંખો, ખ્યાલ કે દર્શન, ભાવપૂર્વક દર્શન, **શોક-મોહના અગ્નિ** સંતાપ-આસક્તિના અગ્નિ **તપ્ત** તપેલું કે તપાવેલું **કીધાં** કર્યાં **રક્ત** રાગવાળો, આસક્ત **સઘળે** સકળ, બધે, તમામ **વિરાજે** વિરાજવું, પ્રકાશવું, શોભવું **સૃજનમાં** સર્જનમાં, જે સર્જેલું છે તેમાં - સૃષ્ટિમાં **સભર** ભરપૂર, પૂરેપૂરું ભરેલું **અણુ** જરા જેટલું, અતિ સૂક્ષ્મ **ચરાચર** ચર અને અચર, ચેતન અને જડ, આખી સૃષ્ટિ **નાથ** સ્વામી, માલિક, (અહીં) ઈશ્વર **ગગન** આકાશ **સદા** હંમેશાં **છાઈ રહે** છવાવું, ઘેરાવું, ફેલાવું **વાયુ** પવન **પેઠે** રીતે, માફક **મુજ** મારું **ઊઘડે** ખૂલે **આંખડલી** આંખ **સન્મુખ** સામે મુખવાળું, સામે હોય તેવું **તેહ** તે **તદા** ત્યારે **બ્રહ્મ** પરમાત્મા **બ્રહ્માંડ** વિશ્વ અળગા દૂર, વેગળા **ઘડીયે** ક્ષણ માટે પણ **કદા** કોઈ સમયે **પડળ** આંખને છાવરી લેતું પડ - છારી, (અહીં) ઢાંકણ (દૃષ્ટિ કે જ્ઞાન સમજવું) **ગમ** સૂઝ **ચેતન** ચૈતન્ય, જીવનશક્તિ, પ્રાણ **ઘુવડ** રાતે જ દેખી શકતું એક પક્ષી **સ્વામી** પતિ, માલિક, (અહીં) ઈશ્વર **સરીખા** સરખા **માય** સમાય **જીવ** શરીરનું ચેતન તત્ત્વ, પ્રાણ **વિરમે** વિરમવું, અટકવું, થોભવું **વિરાટ** મોટું, ભવ્ય, અતિ વિશાળ **વદી** બોલી **દિવ્ય** દૈવી, અદ્‌ભુત, પ્રકાશમાન, સુંદર **લોચનિયાં** આંખો **ઘોર** ગાઢ **અરજી** અરજ, કોઈ પણ કામ સારું નમ્રતાથી હકીકત કહી કરેલી વિનંતી **જડપડદા** સ્થૂળ અંતરપટ **નેનાં** નયન, આંખ **ઊંડેરું** ઊંડું **હરિવર** ઉત્તમ એવા હરિ પ્રભુ **દરસે** દેખાય **છાંડો** છોડવું, તજવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ શા માટે હરિને નીરખી શક્યા નહિ?

(2) કવિની ભીતર કયો અગ્નિ તપી રહ્યો છે?

(3) કવિ ઈશ્વરને શી અરજ કરે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઈશ્વર કેવા કેવા સ્વરૂપે અને ક્યાં ક્યાં રહેલો છે?

(2) ઘુવડના દૃષ્ટાંત દ્વારા કવિ શું સમજાવવા માગે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો :**

(1) આ કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

(2) કાવ્યમાં રજૂ થયેલી કવિની હરિદર્શનની તાલાવેલી વર્ણવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● ઈશ્વરનાં જુદાં જુદાં નામોની યાદી તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● પ્રસ્તુત કાવ્ય ભક્તિગીત છે. વ્યક્તિ પોતાની મર્યાદિત શક્તિને કારણે, આળસને કારણે અમર્યાદિત સત્તા-પરમાત્માને પામી શકતી નથી, એની વેદના છે, વ્યથા છે, આરઝૂ છે. સમગ્ર ભક્તિગીતમાં 'રે'ની કમાલ જુઓ. ગુજરાતી ભાષાનો 'રે' ઉદ્‌ગાર અહીં કાવ્યભાવને યથાર્થ રીતે વ્યક્ત કરવામાં કેટલો નોંધપાત્ર છે !

'આંખ ! આળસ છોડો રે, ઠરો એક ઝાંખી કરી,
એક મટકું તો માંડો રે, હૃદયભરી નીરખો હરિ.'

● પહેલી પંક્તિમાં 'નમણાં' શબ્દ છે. આળસનો સ્વીકાર છે. છેલ્લી પંક્તિમાં 'આંખ' (સમાનાર્થી) શબ્દ છે - ત્યાં આળસ છોડવાની વિનંતી છે. પરમાત્માની ઝાંખી કરી 'ઠરો'. આ વિનંતીમાં 'રે' ઉદ્‌ગારની સાર્થકતાનો અનુભવ કરો. 'આંખ'ને ઉદ્‌બોધન કર્યું છે !

કવિ પોતાની કવિતામાં જે કાંઈ કહેવું હોય તે સીધેસીધું કહેવાને બદલે શબ્દની કરામત કરીને ભાષાનું અને ભાવનું સૌંદર્ય વધારતો હોય છે.

**શિક્ષકપ્રવૃત્તિ**

● મકરંદ દવેનું 'આવો' કાવ્ય મેળવીને ગાન કરો.

●

# 10 બે લઘુકથાઓ

**મોહનલાલ પટેલ**
**(જન્મ : 30-4-1927)**

જાણીતા સાહિત્યકાર અને કેળવણીકાર મોહનલાલ બાભાઈદાસ પટેલનો જન્મ પાટણ (ઉત્તર ગુજરાત)માં થયો હતો. તેઓ કડી કેળવણીમંડળની સંસ્થામાં આચાર્ય હતા. ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના આરંભક અને પુરસ્કર્તા તરીકે જાણીતા છે. ગુજરાત સરકારે શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડથી નવાજ્યા હતા. સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન માટે અનેક એવૉર્ડ મળ્યા છે.

'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે' એમના લઘુકથાસંગ્રહો છે. 'બંધન', 'ડેડ ઍન્ડ', 'હાસ્ય મર્મર', 'લાંછન' તેમની નવલકથાઓ છે. 'ગુડ મોર્નિંગ, અમેરિકા' એમનો પ્રવાસગ્રંથ છે. 'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ' એમનું અનુવાદનું પુસ્તક છે. 'ટૂંકી વાર્તા : મીમાંસા' એમનો વિવેચનગ્રંથ છે.

એમની ચોટદાર લઘુકથાઓમાંની 'ઠેસ' લઘુકથામાં એક 'સિચ્યુએશન' છે- પુત્રવધૂ બજારમાંથી ખરીદેલા કાપડના પીસ સાસુને બતાવે છે. સાસુનું ઊર્મિતંત્ર એથી ક્ષુબ્ધ થાય છે. સાસુ અતીતની ઘટના તરફ ખેંચાય છે. આખા વૅકેશન દરમિયાન કાલાં ફોલીને ભેગાં કરેલાં નાણાંમાંથી દીકરી કૉલેજમાં પહેરવા માટે મનપસંદ કાપડ લઈ આવી ત્યારે પોતે દીકરીને કહ્યું હતું. 'કાલાંની રકમ તો તારી ફી અને ચોપડીઓ માટે હતી અને તું આ શું લઈ આવી?...તને ભણાવવાની છે. મોટીને પરણાવવાની છે. ઘરના ખર્ચ કાઢવાના છે. આપણને આવો વૈભવ ન પોસાય, બેટા!' પુત્રવધૂએ કાપડના પીસ બતાવવા માંડ્યા ત્યારે ગમગીન બની ગયેલી સાસુના મનમાં આ વાત પડઘાતી હતી : 'દીકરી બિચારી પહેલી વાર કૉલેજમાં પહેરવા સારું કાપડ લઈ આવી, અને મૂઈ હું એ જીરવી ન શકી.'

---

## 1. ઠેસ

પુત્રવધૂ બજારમાંથી કાપડ ખરીદી લાવી અને સાસુને ઉમળકાભેર બતાવી રહી હતી. થોડીવાર સુધી કાપડના જુદા જુદા પીસ બતાવ્યા પછી વહુએ જોયું કે, સાસુના ચહેરા પર પ્રસન્નતાની કોઈ મહોર અંકિત થતી નથી. એટલે એણે કહ્યું : 'આમાંથી કોઈ પીસ ન ગમ્યો, મમ્મી?'

સાસુએ જાત સંભાળી લીધી અને કહ્યું : 'કેમ ન ગમે? બધું કાપડ સરસ છે.'

વહુને સાસુના શબ્દોમાં રણકાર જણાયો નહિ એટલે એણે બધા પીસ સંકેલી લીધા અને એમને કબાટમાં મૂકતાં મનોમન બોલી : 'કોણ જાણે શું છે તે કાપડની વાતમાં જ એમનું મોઢું ચડી જાય છે.'

દીકરો ઘણું કમાતો હતો. ગરીબીના કપરા દિવસો કમુબહેન માટે હવે ભૂતકાળ બની ગયા હતા. ઘરમાં સુખસગવડનાં સાધનોની ઘણી ખરીદી થતી હતી. એ જોઈને કમુબહેન રાજી થતાં, પણ વહુ જ્યારે મોંઘું કાપડ લઈ આવતી ત્યારે એમનું મોઢું પડી જતું. એવે સમયે એમને એક વખત દીકરીની આંખમાં ડળકી ગયેલાં આંસુ યાદ આવી જતાં. દીકરીએ ઉનાળાના વૅકેશનમાં રાત-દિવસ કપાસનાં કાલાં ફોલીને મજૂરીની સારી રકમ એકઠી કરી હતી. જૂનમાં કૉલેજ ઊઘડે એ પહેલાં એ આ રકમનું કાપડ ખરીદી લાવી અને હોંશે હોંશે માને બતાવવા લાગી.

કાપડ ગમવા ન ગમવાની વાત બાજુએ રહી. માએ કહ્યું: 'કાલાંની રકમ તો તારી ફી અને ચોપડીઓ માટે હતી અને તું આ શું લઈ આવી? આવું મોંઘું કાપડ આપણને પોસાય? તને ભણાવવાની છે, મોટીને પરણાવવાની છે, ઘરના ખર્ચા કાઢવાના છે, આપણને આવો વૈભવ ન પોસાય, બેટા!'

માની વાત સાચી હતી. એની મજૂરીની કમાણી પર ઘર નભતું હતું, એ દીકરી સમજતી હતી. એટલે તો એનો ઉત્સાહ એકાએક પાણીના તરંગની જેમ વિસર્જિત થઈ ગયો અને એની આંખમાં આંસુ તગી રહ્યાં.

વહુ જ્યારે મોંઘું કાપડ ખરીદી લાવતી, ત્યારે કમુબહેન રાજી તો થતાં પણ એમની સ્મૃતિમાં દીકરીવાળો પ્રસંગ તાજો થઈ આવતો અને એમનું મન બોલી ઊઠતું: 'દીકરી બિચારી પહેલી વાર કૉલેજમાં પહેરવા સારું કાપડ લઈ આવી, અને મૂઈ હું એ ન જીરવી શકી!'

હૈયાની આ એક ઠેસ કમુબહેનના ચહેરા ઉપર રાજીપો લાવવા ન દેતી. વહુ આ ક્યાંથી જાણે?

●

### શબ્દ-સમજૂતી

**પીસ** ટુકડા **મહોર** છાપ **કપરા** કઠિન

### રૂઢિપ્રયોગ

**મોઢું ચઢી જવું** (અહીં) અણગમો વ્યક્ત કરવો **મોઢું પડી જવું** ઝંખવાણા પડી જવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) પુત્રવધૂ સાસુને ઉમળકાભેર શું બતાવી રહી હતી ?

(2) વહુએ બધા પીસ કેમ સંકેલી લીધા ?

(3) સાસુને જુદા જુદા પીસ જોતાં કોણ યાદ આવ્યું ?

**2. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

'ઠેસ' લઘુકથાના શીર્ષકની યોગ્યતા વિશે નોંધ લખો.

## 2. ઘા

**જનક ત્રિવેદી**

**(જન્મ : 10-6-1944, અવસાન : 29-1-2007)**

સાહિત્યકાર જનકરાય નંદલાલ ત્રિવેદીનો જન્મ રાજકોટ જિલ્લાના કોઠી ગામે થયો હતો. એમણે ઈન્ટર આર્ટસ સુધી અભ્યાસ કર્યો હતો. સ્ટેશન માસ્તર તરીકે તેમણે પોતાની સેવાઓ આપી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એમના વાર્તાસંગ્રહ 'બાવળ વાવનાર અને બીજી વાતો'ને પારિતોષિક (1995) પ્રાપ્ત થયું હતું. 'નથી' નામે એક નવલકથા પણ તેમણે લખી છે. વાર્તા તેમજ નિબંધ માટે તેમને સન્ધાન એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

ઘરઆંગણામાં ચોમાસામાં ઊગી નીકળેલા ઘાસને સાફ કરવામાં નાયકની કોદાળીનું પાનું સ્વર્ગસ્થ પત્નીનાં પગલાંની છાપમાં ઊતરી જાય છે – સિચ્યુએશન આટલી.

અગાઉના ચોમાસામાં ઘર આગળ ઊગી નીકળેલા ઘાસને સાફ કરતી વખતે ભીની માટીમાં પગ ખૂંપી જવાને લીધે માટી સુકાયા પછી બીબારૂપ બની ગયેલું પગલું એક સાવ ક્ષુલ્લક સ્થિતિ.

એ પગલામાં કોદાળીનું પાનું ઊતરી જતાં પ્રગટેલું સિચ્યુએશન નાયકના ચિત્તમાં ભારે ક્ષોભનું કારણ બની રહ્યું, અને રચાઈ એક પાણીદાર મોતી જેવી લઘુકથા.

---

પાછળ આંગણામાં ચોમાસા પછી ઊગી આવેલા ઘાસ અને સુકાઈ ગયેલા કીચડવાળી ઊબડખાબડ જમીન જોઈ નિશીથે કહ્યું,- 'બાપુજી! આ ઘાસ કઢાવીને જમીન થોડી સરખી કરાવી થોડા વધુ ફૂલછોડ રોપીએ તો કેમ?'

મને પણ પીળચટ્ટું ઘાસ મનમાં ગમતું નહોતું. ગયા ચોમાસે આંગણામાં પાણી ભરાઈ કીચડ થઈ ગયો હતો. નિશીથની બાએ ફરિયાદ કરેલી - 'આ કીચડ ઉપર રેતી-કાંકરીની ભરતી ક્યારે કરાવશો? રોજ મારા પગ કીચડકીચડ થઈ જાય છે!' પણ ભરતી કરાવવાનું મને સૂઝ્યું જ નહોતું. નિશીથની બા હતી ત્યારે ચોમાસા પછી ફળીની સાફસૂફી કરી, ક્યારાઓ સરખા કરતી, પણ આજ છએક મહિના થયા, તોયે આંગણું અવાવરું પડ્યું છે.

મેં કહ્યું - 'કરાવી લઈશું. અરે, હું જ કરી નાખીશ...! તારાં છોકરાં રમાડવા સિવાય મારે બીજું કામેય શું છે!' એકાદ માસ પહેલાં જ નિશીથ બદલી કરાવી ઘરે રહેવા આવી ગયો હતો.

થોડા દિવસો એમ જ ચાલ્યા ગયા. મને અમસ્તું જ થયું- 'નિશીથ કરી નાખે તો સારું.' પણ નિશીથને આંગણું યાદ આવ્યું જ નહિ. એટલે આજે હું જ કોદાળી લઈ આંગણામાં ઘાસ અને ઊબડખાબડ હતું ત્યાં જઈ ઊભો. મેં કોદાળીનો પહેલો ઘા કરી જમીન તરફ જોયું. ગારામાં સુકાઈ ગયેલા એક પગલા મધ્યેથી ચીરતું કોદાળીનું પાનું જમીનમાં ઊંડું ઊતરી ગયું હતું. **(ગુજરાતી લઘુકથા 'સંચય'માંથી)**

•

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) નિશીથે ઘાસ કઢાવીને શું રોપવાનું કહ્યું ?

(2) આંગણું શાથી અવાવરું પડ્યું હતું ?

(3) કોદાળીનું પાનું કોના પગલા વચ્ચેથી ઊંડું ઊતરી ગયું છે ?

**2. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

'ઘા' લઘુકથાના શીર્ષકની યોગ્યતા વિશે નોંધ લખો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- શાળાના મેદાનમાંનું નકામું ઘાસ દૂર કરો, મેદાન સમતલ બનાવો.
- બચત પ્રવૃત્તિની આદત કેળવો.

## શિક્ષકપ્રવૃત્તિ

- મોહનલાલ પટેલ લઘુકથાઓ મેળવીને કહો.
- ધરમસિંહ પરમારની 'કોતરેલી ક્ષણો' લઘુકથા સમૂહ મેળવીને વિદ્યાર્થીઓને કહો.

●

# 11 ભવિષ્યવેત્તા

**ચં. ચી. મહેતા**

**(જન્મ : 6-4-1901, અવસાન : 4-5-1990)**

કવિ, નાટ્યકાર, આત્મકથાકાર, વિવેચક, પ્રવાસલેખક ચંદ્રવદન ચીમનલાલ મહેતાનો જન્મ સુરતમાં થયો હતો. મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ. થયા. અમદાવાદ 'આકાશવાણી'ના નિયામક રહ્યા. ગુજરાતી સાહિત્યના સમર્થ નાટ્યલેખક, નટ અને દિગ્દર્શક હતા. 'આગગાડી', 'ધરાગુર્જરી', 'નર્મદ', 'અખો' વગેરે એમની સફળ નાટ્યરચનાઓ છે. 'ધારાસભા' અને 'હોહોલિકા' એમની નોંધપાત્ર લઘુનાટિકા છે. 'બિબ્લિઓગ્રાફી ઓવ સ્ટેજેબલ પ્લેઝ ઇન ઇન્ડિયન લેંગ્વેજિસ ભાગ 1-2', નાટ્યસંશોધનનો ગ્રંથ છે.

'બાંધ ગઠરિયાં', 'નાટ્ય ગઠરિયાં', 'સફર ગઠરિયાં', 'છોડ ગઠરિયાં', વગેરેમાં એમણે એમનું આત્મવૃત્તાંત પ્રગટ કર્યું છે. 'ઇલાકાવ્યો' દ્વારા એમણે ભગિનીપ્રેમનાં સુંદર કાવ્યો આપણી ભાષાને આપ્યાં છે. 'ચડો રે શિખર રાજા રામનાં' નામનો પણ એમનો એક જાણીતો સંગ્રહ છે.

એમને રણજીતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક અને સાહિત્ય અકાદમી, દિલ્લીનો પુરસ્કાર મળેલ છે.

આ રચનામાં કવિએ ભાઈ-બહેનના મુગ્ધ, નિખાલસ અને નિર્દોષ સંવાદો દ્વારા ભાઈ-બહેનના ઉન્નત સંબંધોની વાત રજૂ કરી છે. નાનકડી બહેન શાળાએથી ઘરે આવી ગમ્મતમાં પોતે ભાગ્યવિધાત્રી હોય તેમ ભાઈની હથેળી જોઈ ભાગ્ય વાંચે છે. હાથની આંગળી પર મત્સ્યચિહ્ન, જવચિહ્ન અને ચક્રચિહ્ન હોય એટલે વ્યક્તિ ભાગ્યશાળી ગણાય. ભાઈના હાથમાં રહેલાં ત્રણે ચિહ્નો જોઈ બહેન ભાઈમાં રાજવી લક્ષણો હોવાનું જણાવે છે. ભાઈનું કલ્યાણ ઇચ્છતી બહેન ભાઈને ધન, વિદ્યા, કીર્તિ અને દીર્ઘાયુ જીવનની અભિલાષા સેવે છે. વાસ્તવમાં અહીં બહેનનો ભાઈ પ્રત્યેનો અખૂટ પ્રેમ જ પ્રગટ થયો છે. કોઈ પણ બહેન પોતાના ભાઈનું ભાવિ કેવું ઇચ્છે છે એ કલ્પના કાવ્યને સુંદર બનાવે છે.

---

**ઇન્દ્રવજ્રા**

કાલે રજા છે, ગઈ છુંય થાકી,
વાંચીશ વ્હેલા સહુ પાઠ બાકી,
તારી હથેલી અહીં લાવ, સાચું
હું ભાઈ આજ તુજ ભાગ્ય વાંચું.
કેવી પડી છે તુજ હસ્તરેખા!
જાણે શું લાખે નવ હોય લેખાં!
પૈસા પૂછે છે? ધનની ન ખામી,
જાણે અહોહો તું કુબેરસ્વામી!
છે ચક્રચિહ્નો તુજ અંગુલિમાં,
જાણે પુરાયા ફૂટતી કળીમાં,
છે મત્સ્ય ઊંચો, જવચિહ્ન ખાસ્સાં,
ને રાજવી-લક્ષણ ભાઈનાં શાં!
વિદ્યા ઘણી છે મુજ વીરલાને,
ને કીર્તિ એવી કુળહીરલાને!
આયુષ્યરેખા અતિ શુદ્ધ ભાળ,
ચિંતા કંઈ રોગ તણી તું ટાળ.
ને હોય ના વાહનખોટ ડે'લે.
બંધાય ઘોડા વળી ત્યાં તબેલે.
ડોલે સદાયે તુજ દ્વાર હાથી,
લે બોલ જોઉં, વધુ કાંઈ આથી?
જો ભાઈ, તારે વળી એક બહેન,

ચોરે પચાવે તુજ પાટી પેન,
તારું લખે એ ઊજમાળું ભાવી,
જાણે-વિધાત્રી થઈ હોય આવી!
મારેય તારે કદી ના વિરોધ,
રેખા વહે છે તુજ હેત ધોધ,
એ હેતના ધોધ મહીં હું ન્હાઉં,
ચાંદા ઝબોળી હરખે હું ખાઉં.
ડોસો થશે, જીવન દીર્ઘ તારું,
ખોટી ઠરું તો મુજ મુક્કી હારું.
આથી જરાયે કહું ના વધારે,
કહેતાં રખે તું મુજને વિસારે!
જોજે, કહ્યું તે સહુ સાચું થાય,
ઈલા પછી તો નહિ હર્ષ માય,
પેંડા-પતાસાં ભરી પેટ ખાજે,
ને આજ જેવી કવિતા તું ગાજે.
('ઈલાકાવ્યો'માંથી)

## શબ્દ-સમજૂતી

**ભવિષ્યવેત્તા** ભવિષ્ય જાણનાર **પાઠ** પાઠ્યપુસ્તકનો એકાદ દિવસમાં પઢી શકાય તેવો વિભાગ **ભાગ્ય વાંચવું** નસીબની વાત કહી બતાવવી **હસ્તરેખા** હથેલીમાં રહેલી લીટીઓ (જેના પરથી ભવિષ્ય જાણે છે) **લાખે** લાખ, સો હજાર **લેખાં** હિસાબ, ગણતરી **ખામી** ખોટ, ઘટ **કુબેરસ્વામી** ઇંદ્રના ધનનો ભંડારી - એક દેવ **ચક્રચિહ્નો** ચક્રના આકારનાં ચિહ્નો, સુદર્શનચક્ર આદિનાં નિશાન **અંગુલિમાં** આંગળીમાં **પુરાયા** પુરાવું, ભરાવું **ફૂટતી** ખીલતી, વિકસતી **મત્સ્ય** માછલી, (અહીં) હથેળીમાં રહેલું એક ચિહ્ન **જવચિહ્ન** જવના આકારનાં ચિહ્નો **ખાસ્સાં** મજાનાં, સુંદર **રાજવી-લક્ષણ** રાજા જેવાં ભાગ્યશાળી માણસનાં લક્ષણ, રાજચિહ્ન કુળહીરલા કુળનો હીરો, કુળનો તેજસ્વી બાળક **આયુષ્ય રેખા** આયુષ્ય જોવાની રેખા **ભાળ** ભાળવું, જોવું, અવલોકવું **ડેલે** ડેલું, મકાનનો ખડકી જેવો મોટો દરવાજો **તબેલ** તબેલો, ઘોડો, બળદ વગેરે કે ગાડી રાખવાનો ડેલો કે મકાન **ઉજમાળું** ઊજળું, પ્રકાશમાન **ભાવી** ભવિષ્યનું કે ભવિષ્યમાં થનારું, ભવિષ્ય, નસીબ **વિધાત્રી** પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી **વિરોધ** કજિયો, તકરાર (અહીં) **હેતધોધ** સ્નેહનો પ્રવાહ **ચાંદા ઝબોળી** પ્રવાહીમાં ઝબોળીને ખાવું (ખોરાક ખાવો) **હરખે** હરખથી, આનંદથી **દીર્ઘ** લાંબું **મુક્કી** ઠોંસો **રખે** કદાચ, કદાપિ **વિસારે** વીસરી-ભૂલી જવું તે, વિસ્મરણ **ઈલા** કાવ્યની નાયિકા

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બહેન કયું કામ કાલ પર રાખે છે ?

(2) બહેન ભાઈના માટે શું કરવા ઇચ્છે છે ?

(3) વ્યક્તિનું ભાગ્ય કોણ લખે છે ?

(4) બહેન ભાઈ વિશે વધારે નહિ કહેવાનું શા માટે કહે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) વિદ્યા તથા આયુષ્ય વિશે બહેન ભાઈને શું જણાવે છે?

(2) ભાઈ-બહેનના પરસ્પર સંબંધ અંગે બહેન શું કહે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ કાવ્યમાં બહેને જોયેલું ભાઈનું ભાવિ તમારા શબ્દોમાં લખો.

(2) 'ભવિષ્યવેત્તા' શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- રક્ષાબંધન વિશે નિબંધ લખો.
- ભાઈ બહેનને અને બહેન ભાઈને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પત્ર લખો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યનું શીર્ષક ઘણુંબધું કહી દેતું હોય છે. આ કાવ્યમાં પોતાના ભાઈનું ભવિષ્ય ભાખનાર બહેન છે. ખરેખર તો ભાઈના ઉજાજ્વળ ભવિષ્યની કામના કરનાર બહેનને પોતાના ભાઈ પ્રત્યેના સ્નેહભાવને કવિએ અહીં અભિવ્યક્ત કરવા ધાર્યો છે તે માટે કવિએ બહેનને ભવિષ્યવેત્તા બનાવી છે.

● કવિએ બહેન દ્વારા ભાઈ માટે વાપરેલાં વિશેષણો 'કુબેરસ્વામી', 'કુળહીરો' ભાઈ પ્રત્યેનો ભાવ અભિવ્યક્ત કરે છે.

● 'ઉજમાળું' શબ્દ ભાઈના સ્નેહસભર ઉજ્જવળ ભવિષ્યની કામનારૂપ છે.

શબ્દાડંબર કર્યા વિના અહીં કવિએ સાદી, સરળ, બાનીમાં બહેનના મુખે પ્રેમસભર ઊર્મિઓ અભિવ્યક્ત કરી છે.

મારેય તારે કદી ના વિરોધ
રેખા વહે છે તુંજ હેત ધોધ

● અહીં 'વિરોધ' અને 'ધોધ'નો પ્રાસ તો આકર્ષક છે જ સાથે આખા જીવન દરમિયાન બંને વચ્ચે ક્યારેય ખટરાગ નહિ બને એવા યોગ છે કહી બહેને પરસ્પરના આજીવન સુલેહની કામના યુક્તિપૂર્વક કરી લીધી છે.

● ભાગ્યરેખા અને હેત-ધોધનું વહેવું ગતિશીલતા-જીવનઘટમાળને પણ ગતિ બક્ષે છે.

કવિએ વિષયને અનુરૂપ 'મત્સ્ય', 'જવચિહ્‌ન', 'આયુષ્યરેખા', 'ભવિષ્યવેત્તા' જેવા શબ્દો પ્રયોજ્યા છે.

## શિક્ષકપ્રવૃત્તિ

- ભાઈ-બહેનના પ્રેમને લગતી વાર્તાઓ વિદ્યાર્થીઓને કહો.

●

# 12 કર્ણ-કુંતી સંવાદ

મનુભાઈ પંચોલી
(જન્મ : 1914, અવસાન : 2001)

મનુભાઈ રાજારામ પંચોલીનો જન્મ મોરબી જિલ્લાના પંચાશિયા ગામે થયો હતો. તેમનું ઉપનામ 'દર્શક' છે. તેમના જીવનઘડતરમાં રાષ્ટ્રપિતા ગાંધીજી, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, નાનાભાઈ ભટ્ટ વગેરેનો અમૂલ્ય ફાળો છે. લોકભારતી સણોસરામાં બુનિયાદી શિક્ષણની સંસ્થામાં વર્ષો સુધી પાયાની કેળવણીની તેઓ મથામણ કરતા રહ્યા હતા. ઇતિહાસ અને સંસ્કૃતિ તેમના પ્રિય વિષયો છે. શિક્ષણની સાથોસાથ સમાજજીવન, રાજકારણ અને લોકહિતની પ્રવૃત્તિઓ સાથે તેઓ આજીવન સંકળાયેલ રહ્યા હતા. મુખ્યત્વે નવલકથાકાર, નાટ્યલેખક, નિબંધકાર અને વિવેચક તરીકે તેઓએ સત્ત્વશીલ સાહિત્ય આપ્યું છે. 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સૉક્રેટીસ', 'કુરુક્ષેત્ર' વગેરે નવલકથાઓ, 'જલિયાંવાલા', 'પરિત્રાણ', 'અંતિમ અધ્યાય' વગેરે નાટકો અને 'વાગીશ્વરીનાં કર્ણફૂલો', 'મંદારમાલા' એ વિવેચન સંગ્રહો તથા 'સદ્ભિઃ સંગઃ' એ એમની સંસ્મરણકથા છે. ઝેર તો પીધાં... નવલકથા માટે ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર એમને મળેલો છે. આ સિવાય સાહિત્ય અકાદમી એવૉર્ડ, સરસ્વતી સન્માન વગેરે પુરસ્કારો પણ તેમને મળેલા છે.

મહાભારતના વિષયવસ્તુ પરથી દર્શકની ત્રિઅંકી નાટ્યકૃતિ 'પરિત્રાણ'નું આ એક મૂલ્યવાન પરિદૃશ્ય છે. અહીં કર્ણ-કુંતીના અર્થાત્ માતા-પુત્રના રહસ્યમય સંબંધની નાટ્યાત્મક રજૂઆત થવા પામી છે. માતા કુંતી કર્ણને પોતાના પક્ષે લેવા આવે છે ત્યારે બંને વચ્ચે થયેલા ધારદાર છતાં ઋજુ સંવાદોમાં જોવા મળેલો કર્ણનો માતા પ્રત્યેનો આદર, એની પરવશતા તથા કુંતીપક્ષે સર્જાયેલી લાચારી અને અપરાધભાવનું સુંદર નિરૂપણ લેખકે કર્યું છે. કૃષ્ણના અનુચરકાર્ય સાથે દુર્યોધન પ્રત્યેની કર્ણની અડોલ મૈત્રી, વફાદારી, કમનીય નાટ્યાત્મક સંઘર્ષ રચી આપે છે. નાટ્યલેખકના સફળ મંચનક્ષમતાયુક્ત સંવાદો 'દર્શકે' રચી આપ્યા છે.

---

### પ્રવેશ ચોથો

**સ્થળ** : ગંગાકિનારાનો એકાંત ખૂણો.

(કર્ણ ગંગાકિનારે રેતીના પટમાં પૂર્વાભિમુખ ઊભોઊભો જપ કરે છે. કુંતી ધીરેથી આવી તેની પછવાડે ઊભાં રહી જાય છે. કર્ણના ઉત્તરીયનો છેડો ઊડીઊડીને કુંતાને જાણે સૂર્યકિરણોથી ઢાંકવા મથે છે. થોડે દૂર રેતીના પટમાં શ્રીકૃષ્ણ અનુચરવેશે ઊભા છે. જપ પૂરો થતાં કર્ણ સૂર્યને વંદના કરી પૂંઠે ફરતાં)

**કર્ણ** : (ચમકી સસ્મિત) પાંડવમાતા! તમે અહીં કેમ? હું રાધાપુત્ર વસુષેણ આપને પ્રણામ કરું છું.

**કુંતી** : (સંકોચ સાથે) બેટા, તું નથી રાધાપુત્ર ને હું નથી કેવળ પાંડવજનેતા. હું કર્ણની પણ જનની છું.

**કર્ણ** : આટલો મોડો સાંભર્યો? જન્મ્યો તે દિવસનો જનનીની વાટ જોતો રહ્યો છું.

**કુંતી** : (અવરુદ્ધ કંઠે) બેટા, તું કહેવાનો અધિકારી છે. હું ઠપકાને પાત્ર છું.

**કર્ણ** : પૂર્વકથાની કશી જરૂર નથી. મા! મને સૂર્યદેવે સંકેત કર્યો જ છે. શું આવ્યાં છો?

**કુંતી** : બેટા, હું તને લેવા આવી છું.

**કર્ણ** : મને? આટલા દિવસ - વર્ષોનાં વર્ષ મારા વિના ચાલ્યું, તો હવે મારો સંધ્યાસૂર્ય ડૂબી રહ્યો છે ત્યારે શું નહિ ચાલે? મને નદીમાં વહેતો મૂક્યો ત્યારે ચાલ્યું, અધિરથને ત્યાં ઊછરવા દીધો ત્યારે ચાલ્યું, આ બધાના સંગમાં મોટો મનાવા દીધો ત્યાં ચાલ્યું અને હવે જે ગણ્યા દિવસો છે તેમાં મારા વિના નહિ ચાલે?

**કુંતી** : બેટા, તું જે અપમાન કરે, અવમાનના કરે તે બધીને માટે હું લાયક છું જ. પણ સ્ત્રીઓ માટે લજ્જાનું આવરણ ભેદવું સૌએ કેટલું કઠિન કરી મૂક્યું છે! લજ્જાનું પડ તોડવાનું કામેય દુઃસાધ્ય છે અમારા

માટે. નહિતર તે દિવસે રંગભૂમિ પર કવચકુંડલે તને શોભતો જોઈ મારાં સ્તન દૂધે ભરાયાં હતાં, ને તને અર્જુનને પડકારતો જોઈ મારી છાતીનું પાણી પણ સુકાઈ ગયું હતું. એ તો હરિકૃપા કે બધું પાધરું ઊતર્યું ને તું અંગરાજ થયો.

**કર્ણ** : અને હવે એ દિવસે અંગરાજ બનાવી તમારી આંખ ઠારનારને જ હું તજી દઉં એવું તમે કહેવા આવ્યાં છો? કારણ કે તમારા પુત્રોના જીવ ત્રાજવે તોળાઈ રહ્યા છે!

**કુંતી** : હા, એટલા માટે જ આવી છું. મારા બધા પુત્રોના જીવ કોઈક કુલદ્વેષી - અઘોરકર્મી - પરસ્ત્રીકામીઓ માટે વિના કારણે ત્રાજવે તોળાઈ રહ્યા છે. હું ક્ષત્રિયાણી છું. અમે ક્ષત્રિયાણીઓ પુત્રોને શા માટે જન્મ આપીએ છીએ તે મહારાજ કુંતીભોજને ચરણે અને તારા પિતા મહારાજ પાંડુને પડખે રહીને શીખી છું. આર્ત્તત્રાણ માટે મારા બધા પુત્રો ખપી જાય તો તો મારી છાતીમાં ગૌરવપ્રાણ ઊભરાવાના. એક આંસુયે નહિ ખરે. અંતર હર્ષ પામવાનું કે આર્ત્તનું રક્ષણ કરતાં મારા પુત્રો ખપી ગયા, પણ એક અભિમાની, બીજો પિશુન ને ત્રીજો અંધાંધ,. તેમાં આર્ત્ત છે કોણ? આર્ત્ત તો છે મારી અમૃતલતા દ્રૌપદી. (આગળ બોલી શકતાં નથી.)

**કર્ણ** : તમારી વાત સાચી છે. પણ એ જ દ્રૌપદીએ મારું અપમાન નથી કર્યું?

**કુંતી** : એણે જ શા માટે ? મેં પણ કર્યું છે. તે માટે તો ક્ષમા માગવાનું હું જનેતા પોતાના બાળક પાસે ક્ષમા માગવા માટે આવી છું.

**કુંતી** : ના મા, ના. મને એવું કહી પાપમાં ન નાંખશો, પણ હું ક્ષત્રિય ન બની શક્યો. સૂતના ઘરમાં ઊછર્યો, સૂતના જાત-સંસ્કારો પામ્યો. મને પોતાને જ હીન ગણતાં - હીન નહિ છતાં હીન ગણતાં હું શીખ્યો. લઘુ નહિ છતાં લઘુતાભાવે મને ગ્રસી લીધો. તેજ હોવા છતાં તેજોહીન, તમસ નહિ છતાં તમસાવૃત મને કોણે કર્યો? તમારા ત્યાગે, મા!

**કુંતી** : અપરાધી છું તારી સહસ્રથીયે વધારે વાર. પણ તને ત્યાં મારી સાથે રાખીનેય હું જિવાડી શકી હોત બેટા? તું કહે, કેટલા જીવી શકે છે? તું જેને તારું અપમાન કહે છે, તેને જ તારું જીવનદાન હું તો સમજી હતી.

**કર્ણ** : તેને લીધે જ હું અપમાન પણ પામ્યો છું. 'સૂતપુત્રને નહિ વરું,' એમ તેથી જ સાંભળવું પડ્યું છે.

**કુંતી** : સાંભળવું તો પડ્યું છે, પણ તેને જ કારણે તું શ્રોત્રિયોનો દાતા, રાજવીઓનો રક્ષક અને ધનુર્ધારીઓનો શિરોમણિ બની શક્યો છે. જીવન બહુ સંકુલ છે બેટા! તેની એક આંખમાં છે અમૃત, બીજીમાં છે વિષ.

**કર્ણ** : જીવન સંકુલ જ છે મા. સરલ હોત તો તો આજે કેવાં સુખો પામ્યા હોત આપણે મા!

**કુંતી** : તારા મુખે 'મા' સાંભળીને મારું બળી ગયેલું અંતર શાતા પામે છે.

**કર્ણ** : તમે જ કહ્યું ને, જીવન સંકુલ છે એટલે તમારે ચિરાતા હૈયે મારો ત્યાગ કરવો પડ્યો. મને પણ વેદના થાય છે કે શા સારું તમે મોડાં આવ્યાં? સહેજ વહેલાં કેમ ન આવ્યાં? હું તમારી સાથે કશુંયે બોલ્યા વિના ચાલી નીકળ્યો હોત.

**કુંતી** : હજી પણ ચાલ ને, બેટા! યુધિષ્ઠિર તને છત્ર ધરશે, ભીમ તને ચામર ઢોળશે.

**કર્ણ** : એ માટે મેં દુર્યોધનનો પક્ષ છોડ્યો એમ લોક માને, એટલે આવીશ નહિ મા. તમને જેમ લજ્જાનું પડ ભેદવું કઠણ છે, તેમ અમ વીરોને લોકાપવાદનું પડ ભેદવું કઠિનતમ છે. સતીત્વ વિનાની નારી ને યશ વિનાનો પુરુષ, બંને અર્ધમૃત છે મા. તમારા પુત્રને તમે અર્ધમૃત અવસ્થામાં જીવવા કહો છો, મા?

**કુંતી** : ના બેટા, એવું કેમ સહેવાય?

કર્ણ : બસ, તો થઈ રહ્યું. મેં દુર્યોધનની નૌકામાં પગ મૂક્યો છે. મને ખબર છે કે એ નૌકા બંદરે પહોંચવાની નથી. પહેલાં એટલી ખબર નહોતી, પણ મંત્રણાગૃહમાં શ્રીકૃષ્ણનું જે સ્વરૂપ જોયું પછી તો શંકા નથી રહી, કે દુર્યોધનની નૌકા ડૂબવાની છે. પણ એણે મારે ભરોસે પ્રયાણ કર્યું છે. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્યના વિશ્વાસે નહિ. આ વિશ્વાસઘાત કરું તો કયા નરકમાં હું પડું?

કુંતી : શ્રીકૃષ્ણ અહીં જ છે.

કર્ણ : અહીં... ? ક્યાં ?

(કુંતી અનુચરવેશે ઊભેલા કૃષ્ણને બતાવે છે.)

કર્ણ : (ઉતાવળે જઈને) પ્રણામ, યાદવશ્રેષ્ઠ! તમે આ વેશે? તમેય ખરા છો! લોકો પછી તમને વેશધારી કહે તેમાં તેમનો શો દોષ?

શ્રીકૃષ્ણ : બહુનો અગ્રણી તો છું. ફોઈના અનુચર થવાનું ક્યાંથી મળે?

કર્ણ : માતાને હું પ્રસન્ન નથી કરી શકતો, તેથી ખિન્ન થાઉં છું, વાસુદેવ!

શ્રીકૃષ્ણ : જનની અને સંતાનના મિલન જેવું દુર્લભ દશ્ય સ્વર્ગમાંયે નથી. કંસવધ કરી જ્યારે અમે માતાપિતાને બંધનમુક્ત કર્યાં, ને દેવકીએ અમને છાતીસરસા ચાંપ્યા, તેવું સુખ સંસારમાં ફરી સાંપડ્યું નથી. નિર્વિષયી પ્રીતિનો રસ જ અલૌકિક છે ને તેને માટે જ ફરીફરી મૃત્યુલોકે જન્મવાનું મન થાય છે.

કર્ણ : ભગવન્, હું દુર્યોધનનો ત્યાગ નથી કરી શકતો તેનું મને આજે ઘણું દુઃખ છે. પણ એણે મને મોટો કર્યો, બીજા જ્યારે અવગણતા હતા તેવા કપરા સમયે મારો હાથ ઝાલી ઊંચો લીધો, તેને તજવો તે ક્ષાત્રધર્મ નથી, તેના કરતાં તમારા હાથનું મૃત્યુ શ્રેષ્ઠતર લાગે છે.

શ્રીકૃષ્ણ : અહો, સંસાર કેવો સંકુલ છે! તેમાં રસ્તો હોય છતાં રસ્તો લેવાતો નથી. અમૃત છે છતાં પીવાતું નથી. પણ કર્ણ! તને હું એટલું જ કહું, કે ક્ષાત્રધર્મ કરતાંયે એક ઉચ્ચતર વસ્તુ છે - તે છે કશાયે આવરણ, કશાયે અભિધાન વિનાનો માત્ર ધર્મ, તે ધર્મને જે જાણે છે, આચરે છે, તે ક્ષત્રિય છે. તે ધર્મ તને એક દહાડો દેખાશે ત્યારે તું સમજીશ કે પરાક્રમ ને ક્ષાત્રત્વ એક નથી. અશ્વત્થામા ને અર્જુનની જેમ અલગ અલગ છે.

કર્ણ : ઝાંખું ઝાંખું દેખાય પણ છે, પણ હવે હું બહુ આગળ નીકળી ગયો છું. પાછું ફરાય તેમ નથી, વાસુદેવ!

શ્રીકૃષ્ણ : તને અભીષ્ટ હોય તેમ કર.

(જવા પગ ઉપાડે છે.)

કર્ણ : પણ મારી એક વિનંતી છે, તમને અને માતાને. હું જ્યેષ્ઠ પાંડવ છું, તે ધર્મરાજને ન કહેતાં. તેમનું કમલકોમલ અંતઃકરણ હું જાણું છું. તેઓ જાણશે તો યુદ્ધારંભ જ નહિ કરે ને બીજી વાત નહિ કરતાં ગાંડિવધન્વા કિરીટીને. આ વાત પછી ફાલ્ગુનની બંધુપ્રીતિ ને સૌહાર્દ ગાંડિવની પણછને પૂરી તાણવા ન દે. તે ભલે મને પ્રતિસ્પર્ધી જ સમજે. મારામાં હવે પ્રતિસ્પર્ધીની યુયુત્સા નથી. શ્રીકૃષ્ણ! હવે ઉપર વહેશે સ્વામીનિષ્ઠા, અને અંતઃસ્રવા તો થશે માતૃમહિમા!

(કુંતીને માથું નમાવી)

મા! વિજય તો તમારો જ થશે, પણ પાંડવો પાંચના પાંચ રહેશે, અર્જુન હણાશે તો હું, અને હું હણાઈશ તો અર્જુન.

કુંતી : (માથું સૂંઘી આલિંગન દેતાં) બેટા! હું તો છની આશાએ આવી હતી.

કર્ણ : સહેજ વહેલાં આવ્યાં હોત, મા !

('પરિત્રાણ'માંથી)

## શબ્દ-સમજૂતી

**પૂર્વાભિમુખ** પૂર્વ તરફના મોંનું **ઉત્તરીય** અંગવસ્ત્ર, ખેસ **અનુચર** પાછળ ચાલનારો, ચાકર, દાસ **પૂંઠે** પાછળ **વસુષેણ** કર્ણનું બીજું નામ **અવરુદ્ધ કંઠે** રૂંધાયેલા કંઠે **અધિરથ** કર્ણના પાલક પિતાનું નામ **દુ:સાધ્ય** કરવું મુશ્કેલ **કવચ** બખ્તર **પાધરું** આડુંઅવળું નહિ પણ સીધું, અનુકૂળ **કુલદ્વેષી** કુળની ઈર્ષા કરનાર **અઘોરકર્મી** ઘાતકી કર્મો કરનાર **આર્ત્તત્રાણ** પીડિતનું રક્ષણ **ખપી જવું** યુદ્ધમાં કામ આવવું, મરી જવું **પિશુન** કઠોર, નીચ **હીન** હલકું, ઊતરતું **લઘુતાભાવ** પોતે લઘુ-નાનું કે ઊતરતું છે, એવી મનમાં ગાંઠ વળે તે ભાવ, ઇન્ફિરિયૉરિટી કૉમ્પ્લેક્સ **ગ્રસી લીધો** પકડી લીધો **તમસાવૃત્ત** અંધકારથી વીંટળાયેલું **સહસ્ર** હજાર **શ્રોત્રિયો** વેદાભ્યાસી બ્રાહ્મણો **શિરોમણિ** મુખ્ય, શ્રેષ્ઠ, નાયક **સંકુલ** અવ્યવસ્થિત, ગૂંચવાયેલું **છત્ર ધરવું** (રાજચિહ્‌ન તરીકે) છત્રને માથા ઉપર રાખવું- બીજાએ ઓઢાડવું **ચામર ઢોળવી** (દેવ કે રાજા જેવા મોટા માણસ આગળ) ચમરી ફેરવવી, પંખા પેઠે આસપાસ વીંઝવી **લોકાપવાદ** વગોવણી **સતીત્વ** પતિવ્રતાપણું **યશ** કીર્તિ **બંદર** દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની આવજા થઈ શકે તેવું સ્થાન **પ્રયાણ** જવું-ચાલવા માંડવું તે, પ્રસ્થાન **વિશ્વાસઘાત** કોઈએ મૂકેલો વિશ્વાસ તોડવો તે, વિશ્વાસ આપીને અવળું કરવું તે **યાદવશ્રેષ્ઠ** કૃષ્ણ **અગ્રણી** આગેવાન **ખિન્ન** દિલગીર, ગમગીન **દુર્લભ** મળવું મુશ્કેલ **નિર્વિષયી** કામવાસના વગરનો **અલૌકિક** અસામાન્ય, અદ્‌ભુત, દિવ્ય **મૃત્યુલોક** પૃથ્વી **ક્ષાત્રધર્મ** ક્ષત્રિયોનો ધર્મ **અભિધાન** નામ, ઉપનામ **અભીષ્ટ** ઇચ્છેલું, મનગમતું **જ્યેષ્ઠ** મોટું, વડું **ધર્મરાજ** યુધિષ્ઠિર **ગાંડિવધન્વા કિરીટી** અર્જુન **સૌહાર્દ** મિત્રતા **પણછ** ધનુષની દોરી **પ્રતિસ્પર્ધી** હરીફ **યુયુત્સા** યુદ્ધ કરવાની ઇચ્છા **અંતઃસ્રવા** અંદર વહેનાર

## રૂઢિપ્રયોગ

**આંખ ઠરવી** પસંદ પડવું, ગમવું **જીવ ત્રાજવે ત્રોળાવો** જીવ જોખમમાં મુકાવો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સ્ત્રીઓએ કયું આવરણ ભેદવું કઠિન હોય છે?

(2) કુંતી જીવનને સંકુલ શાથી કહે છે?

(3) વીરોને માટે કઈ બાબત કઠિન હોય છે?

(4) કર્ણ કોને અર્ધમૃત ગણાવે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) કુંતી કર્ણ પાસે શા માટે આવ્યાં હતાં? કર્ણે તેનો શો પ્રત્યુત્તર આપ્યો?

(2) કુંતીમાતા પોતાને કર્ણના અપરાધી શા માટે સમજે છે?

(3) કર્ણ કુંતીમાતા સાથે જવા શા માટે તૈયાર થતો નથી?

(4) કૃષ્ણને વારંવાર જન્મ ધારણ કરવાની ઇચ્છા શાથી થાય છે?

(5) ધર્મ વિશે શ્રીકૃષ્ણ કર્ણને શો બોધ આપે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) નાટ્યખંડમાં રજૂ થયેલ કુંતી-કર્ણની મૂંઝવણ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કુંતીનું ચરિત્રચિત્રણ લખો.

(3) નાટ્યખંડમાં નિરૂપાયેલો માતૃપ્રેમ તમારા શબ્દોમાં લખો.

(4) કર્ણનું પાત્રાલેખન કરો.

(5) કર્ણની લાચારી તથા દુર્યોધન પ્રત્યેની વફાદારીની ચર્ચા પાઠને આધારે કરો.

### વિદ્યાર્થીપ્રવૃત્તિ

● આ નાટકને જાહેર કાર્યક્રમમાં ભજવો.

### ભાષા-અભિવ્યક્તિ

'તું નથી રાધાપુત્ર ને હું નથી કેવળ પાંડવ-જનેતા. હું કર્ણની પણ જનની છું.'

અહીં 'હું પાંડવ અને તારી પણ જનેતા છું' એમ કહેવાને બદલે કુંતીએ ઉપર્યુક્ત વિધાન કર્યું. બંનેને સામે રાખીને તમે તપાસો. ભાવ અભિવ્યક્તિમાં શો ફેર પડે છે !

લેખકને કુંતી પાસે કર્ણના પ્રશ્નો અને પોતાના (કુંતીના) મનમાં પડેલા વિષાદનો બંનેનો જવાબ એક સાથે આપવો છે માટે સામે જ ઊભેલા કર્ણ માટે સર્વનામ (તારી) વાપરવાને બદલે નામપદ (કર્ણની) વાપરે છે.

'તારા મુખે 'મા' સાંભળીને મારું બળી ગયેલું અંતર શાતા પામે છે'

આ વાક્યમાં ત્રણ ક્રિયાઓ છે : સાંભળવું, બળી જવું, શાતા પામવું. આ માટે સંબંધક ભૂતકૃદંતનો ઉપયોગ કર્યો છે. અહીં 'બળી ગયેલું અંતર' દ્વારા કુંતીને અગાઉ કેવાં કેવાં દુઃખો સહન કરવાનાં આવ્યા હશે તેનો સંકેત પણ મળી જાય છે.

આ નાટિકા છે. પાત્રો છે, ભજવણી છે, સંવાદો છે. ભાષાની અભિવ્યક્તિને પૂરક-પોષક થાય છે : આંગિક અભિનય.

### શિક્ષકપ્રવૃત્તિ

● દાનેશ્વરી કર્ણનું પાત્રાલેખન કરો.

●

# વ્યાકરણ-લેખન

## એકમ-3 | સંધિ અને સમાસ

**સંધિ :**

જ્યારે કોઈક બે જુદા જુદા શબ્દોમાંના અમુક સ્વર કે વ્યંજનોને એક સાથે, તરત જ ઉચ્ચારવાના આવે ત્યારે સાહજિક રીતે જ ક્યારેક એમાંના સ્વરો કે સ્વર-વ્યંજન જોડાઈ જાય છે અને સાથે જ બંને શબ્દો ઉચ્ચારાય છે, આ જોડાણ એટલે સંધિ.

એકબીજા સાથે જોડાતા વર્ણોના આધારે સંધિના ત્રણ પ્રકારો પડે છે : 1. સ્વરસંધિ 2. વ્યંજનસંધિ 3. વિસર્ગ સંધિ.

**1. સ્વરસંધિ :** બે સ્વરોનું એકબીજા સાથે જોડાવું એટલે સ્વરસંધિ.

હિમ + આલય = હિમાલય — ચિન્તા + આતુર = ચિન્તાતુર

(અ + આ = આ) — (આ + આ = આ)

વિદ્યા + અભ્યાસ = વિદ્યાભ્યાસ — સૂર્ય + અસ્ત = સૂર્યાસ્ત

(આ + અ = આ) — (અ + અ = આ)

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ – આ સ્વરો છે.

**2. વ્યંજનસંધિ :** બે વ્યંજનો કે વ્યંજન અને સ્વરનું એકબીજા સાથે જોડાવું એટલે વ્યંજન સંધિ.

શરદ્ + ઉત્સવ = શરદુત્સવ / શરદોત્સવ

(દ્ + ઉ = દુ)

સુ + ઉક્તિ = સૂક્તિ

(ઉ + ઉ = ઊ)

કવિ + ઈશ્વર = કવીશ્વર

(ઇ + ઈ = ઈ)

**3. વિસર્ગસંધિ :** વિસર્ગ(:) અને ઘોષ વ્યંજનો કે સ્વરોનું જોડાવું તે વિસર્ગ સંધિ.

નિઃ + ફળ = નિષ્ફળ — મનઃ + રથ = મનોરથ

દુઃ + કાળ = દુકાળ — નિઃ + સ્નાત = નિષ્ણાત

સ્વરસંધિ વિશે આપણે થોડાં ઉદાહરણો જોઈએ :

| | |
|---|---|
| અ + અ = આ દા.ત., | એક + અન્ત = એકાન્ત |
| | લોક + અપવાદ = લોકાપવાદ |
| અ + આ = આ દા.ત., | વિવેક + આનંદ = વિવેકાનંદ |
| | સત્ય + આચરણ = સત્યાચરણ |
| આ + અ = આ દા.ત., | વિદ્યા + અર્થી = વિદ્યાર્થી |
| | ભાષા + અન્તર = ભાષાન્તર |
| આ + આ = આ દા.ત., | ચિંતા + આતુર = ચિંતાતુર |
| | વાર્તા + આલાપ = વાર્તાલાપ |
| ઇ + ઇ = ઈ દા.ત., | રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર |
| | હરિ + ઇન્દ્ર = હરીન્દ્ર |
| ઇ + ઈ = ઈ દા.ત., | કવિ + ઈશ્વર = કવીશ્વર |
| | હરિ + ઇચ્છા = હરીચ્છા |

| | |
|---|---|
| ઈ + ઇ = ઈ દા.ત., | પરિ + ઈક્ષા = પરીક્ષા |
| | કવિ + ઈશ્વર = કવીશ્વર |
| ઈ + ઈ = ઈ દા.ત., | દેવી + ઇચ્છા = દેવીચ્છા |
| | અવની + ઈશ = અવનીશ |
| ઉ + ઊ = ઊ દા.ત., | પૃથ્વી + ઈશ = પૃથ્વીશ |
| | સિન્ધુ + ઊર્મિ = સિન્ધૂર્મિ |
| ઉ + ઉ = ઊ દા.ત., | બહુ + ઊર્મિ = બહૂર્મિ |
| | અનુ + ઉત્તર = અનૂત્તર |

આ બધી જ સંધિ સજાતીય સ્વરસંધિ છે. હવે આપણે વિજાતીય સ્વરસંધિનાં થોડાં ઉદાહરણો જોઈએ :

| | |
|---|---|
| અ + ઇ = એ | હર + ઇન્દ્ર = હરેન્દ્ર |
| | ઉપ + ઇન્દ્ર = ઉપેન્દ્ર |
| અ + ઈ = એ | યોગ + ઈશ = યોગેશ |
| | જ્ઞાન + ઈશ્વર = જ્ઞાનેશ્વર |
| આ + ઇ = એ | કલા + ઇન્દુ = કલેન્દુ |
| | યથા + ઇષ્ટ = યથેષ્ટ |
| આ + ઈ = એ | મહા + ઈશ = મહેશ |
| | ઉમા + ઈશ = ઉમેશ |
| અ + ઉ = ઓ | સર્વ + ઉદય = સર્વોદય |
| | પર + ઉપકાર = પરોપકાર |
| અ + ઊ = ઓ | આનંદ + ઊર્મિ = આનંદોર્મિ |
| | દેવ + ઊર્મિ = દેવોર્મિ |
| આ + ઊ = ઓ | વિદ્યા + ઊર્મિ = વિદ્યોત્તેજક |
| | મહા + ઉદય = મહોદય |
| આ + ઊ = ઓ | કલા + ઊર્મિ = કલોર્મિ |
| | મહા + ઊર્મિ = મહોર્મિ |
| અ + ઋ = અર્ | રાજ + ઋષિ = રાજર્ષિ |
| | સપ્ત + ઋષિ = સપ્તર્ષિ |
| આ + ઋ = અર્ | મહા + ઋષિ = મહર્ષિ |
| આ + એ = ઐ | સદા + એવ = સદૈવ |
| | તથા + એવ = તથૈવ |
| અ + ઐ = ઐ | રસ + ઐક્ય = રસૈક્ય |
| | હૃદય + ઐક્ય = હૃદયક્ય |
| અ + ઓ = ઔ | ગુણ + ઓઘ = ગુણૌઘ (ગુણનો પ્રવાહ) |

| | |
|---|---|
| | જલ + ઓઘ = જલૌઘ |
| અ + ઓ = ઔ | હૃદય + ઔદાર્ય = હૃદયૌદાર્ય |
| | મહા + ઔદાર્ય = મહૌદાર્ય |

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા શબ્દોની સંધિ છોડો :**

મિષ્ટાન્ન, વેદાન્ત, વિદ્યાલય, ગિરીશ, પ્રતીક્ષા, હરીચ્છા, ગજેન્દ્ર, એકોક્તિ, રામાયણ, મહોદધિ, કલ્પેશ, સ્વૈચ્છિક, ક્ષુધાતુર, બ્રહ્મર્ષિ, વનૌષધિ, યોગીન્દ્ર

**2. નીચેના શબ્દોની સંધિ કરો :**

| | |
|---|---|
| જ્યોતિ + ઈન્દ્ર | શીત + ઉષ્ણ |
| લક્ષ્મી + ઈશ | મહા + ઐશ્વર્ય |
| પુસ્તક + આલય | કાલ + ઈશ્વર |
| માલા + ઉપમા | ભૂપ + ઈન્દ્ર |
| આર્ય + આવર્ત | વાત + અનુકૂલ |
| ગંગા + ઉદક | પુરુષ + ઉત્તમ |
| મત્સ્ય + ઉદ્યોગ | પરમ + ઈશ્વર |
| ગંગા + ઓઘ | શાળા + ઉપયોગી |
| યથા + ઈષ્ટ | |

**3. નીચે આપેલા શબ્દોની સંધિ થતી હોય તો નિશાની (✓) કરો, ન થતી હોય તો (×) કરો :**

| | | |
|---|---|---|
| (1) ઘર + ઉપયોગ ( ) | (4) સત્ + જન ( ) | (7) કાપડ + ઉદ્યોગ ( ) |
| (2) લેવા + આપવા ( ) | (5) બાળ + ઉછેર ( ) | (8) ગ્રામ + ઉદ્યોગ ( ) |
| (3) બેસવા + ઊઠવા ( ) | (6) હસ્ત + ઉદ્યોગ ( ) | (9) સત્ય + આગ્રહ ( ) |

**4. નીચે આપેલા શબ્દોની સંધિ છૂટી પાડો :**

| | |
|---|---|
| (1) વિદ્યાર્થી .................. | (5) હેતુ + અર્થ .................. |
| (2) લોકાપવાદ .................. | (6) ચન્દ્ર + ઉદય .................. |
| (3) સર્વોદય .................. | (7) વિદ્યા + ઉપાસના .................. |
| (4) સુ + આગત .................. | (8) સદા + એવ .................. |

**5. રેખાંકિત શબ્દોની સંધિ કરી વાક્ય ફરી લખો.**

(1) કુસુમ આયુધથી રહેવાયું નહિ.

(2) મા કે બા જેવો શબ્દ ઉચ્ચાર સાંભળવાની એ યુવતીની હજી તૈયારી નહોતી.

(3) અતીત નિર્ મુખ વાળિયા, સુણ સુંદરી રે...!

(4) ‘મૂળશંકર સ્વ અર્થી છે માટે તું જુદું વહેંચી નાખ.’

**6. પાઠ્યપુસ્તકમાંથી સ્વરસંધિ થઈ હોય તેવા શબ્દો તારવી તેનો વિગ્રહ કરો.**

**સમાસ :**

બે કે તેથી વધુ પદો જોડાઈને એક પદ બનાવવાની પ્રક્રિયાને સમાસ કહેવામાં આવે છે. 'સમ્' એટલે સાથે અને 'આસ' એટલે થવું, હોવું, ગોઠવાવું. બે-ત્રણ પદોનું સાથે બેસવું એટલે સમાસ.

સમાસ માટે એ પદોની વચ્ચે રહેલા પ્રત્યયો કે અનુગો-નામયોગીઓને દૂર કરવા પડે છે.

<u>રામ અને લક્ષ્મણ</u> જંગલમાં જઈ રહ્યા હતા.

મેં <u>રસથી તરબોળ</u> થઈને નાટક જોયું.

<u>ટપાલ નાખવાની પેટીમાં</u> તેણે કવર નાખ્યું.

<u>નૃત્ય કરનારે</u> નૃત્ય ચાલુ કર્યું.

આ બધાં જ વાક્યોમાં રેખાંકિત પદોને સાથે મૂકી એક પદ બનાવવા માટે વધારાનાં ઘટકો દૂર કરવા પડે છે. જેનાથી વાક્ય ટૂંકું બને છે અને સરળતાથી બોલી-સમજી શકાય છે. ઉપરનાં વાક્યોને એ સ્વરૂપે લખીએ :

રામલક્ષ્મણ જંગલમાં જઈ રહ્યા હતા.

મેં રસ-તરબોળ થઈને નાટક જોયું.

ટપાલપેટીમાં તેણે કવર નાખ્યું.

નૃત્યકારે નૃત્ય ચાલુ કર્યું.

ગુજરાતી ભાષામાં આવા સમાસોને જુદા જુદા પ્રકારોમાં વહેંચવામાં આવ્યા છે. આપણે થોડા પ્રકારો વિશે જાણીએ.

1. **દ્વંદ્વ સમાસ :** દ્વંદ્વ એટલે જોડકું.

   જે સમાસમાં બે કે વધુ પદો જોડાયેલાં હોય અને એ પદોનો મોભો સમાન હોય ત્યારે તે પદને દ્વંદ્વ સમાસ કહે છે.

   દ્વંદ્વ સમાસનો વિગ્રહ કરતી વખતે 'અને' અથવા 'કે' ઉમેરવામાં આવે છે.

   ભરતશત્રુઘ્ન = ભરત **અને** શત્રુઘ્ન

   દિવસરાત = દિવસ **અને** રાત

   જયપરાજય = જય **કે** પરાજય

   ઊંચનીચ = ઊંચ **કે** નીચ

   સોયદોરો = સોય **અને** દોરો

   હારજીત = હાર **કે** જીત

2. **તત્પુરુષ સમાસ :** જે સમાસનો વિગ્રહ કરતી વખતે વિભક્તિના પ્રત્યયો ઉમેરવા પડે તે સમાસ તત્પુરુષ કહેવાય.

   માં, થી, થકી, વડે, નો-ની-નું-ના-ને વગેરે વિભક્તિના પ્રત્યયો છે.

   હસ્તલિખિત = હસ્ત(હાથ)<u>**થી**</u> લિખિત (લખેલું)

   સ્નેહપૂર્ણ = સ્નેહ<u>**થી**</u> પૂર્ણ

   ગર્ભશ્રીમંત = ગર્ભ<u>**થી**</u> શ્રીમંત

   મિત્રભાવ = મિત્ર<u>**નો**</u> ભાવ

   આશાભર્યા = આશા<u>**થી**</u> ભર્યા

   વિદ્યાચતુર = વિદ્યા<u>**માં**</u> ચતુર

   શોકાતુર = શોક <u>**વડે**</u> આતુર

   સ્નેહાધીન = સ્નેહ<u>**ને**</u> આધીન

   ફૂલહાર = ફૂલ<u>**નો**</u> હાર

વનશ્રી = વનની શ્રી (શોભા)

રણવીર = રણમાં વીર

3. **મધ્યમપદલોપી સમાસ :** આ સમાસમાં વચ્ચેનાં પદોનો લોપ થયેલો હોય છે. તેનો વિગ્રહ કરતી વખતે વચ્ચે પદો કે પદો ઉમેરવાં પડે છે.

આગગાડી = આગ વડે ચાલતી ગાડી

દહીંવડાં = દહીંમાં આથેલાં વડાં

વરાળયંત્ર = વરાળથી ચાલતું યંત્ર

ઘોડાગાડી = ઘોડા વડે ચાલતી ગાડી

કાચઘર = કાચથી બનાવેલું ઘર

સિંહાસન = સિંહની આકૃતિવાળું આસન

4. **ઉપપદ સમાસ :** આ સમાસ બે પદો મળીને બન્યો હોય છે અને તેમાં બીજું પદ ક્રિયાધાતુ હોય છે.

મનોહર = મનને હરી લેનાર

ગૃહસ્થ = ગૃહ(ઘર)માં સ્થિર રહેનાર

સરોજ = સરોવરમાં જન્મનાર

ચિત્રકાર = ચિત્ર કરનાર

ઓછાબોલું = ઓછું બોલનાર

સંહારક = સંહાર કરનાર

5. **દ્વિગુસમાસ :** આ સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે.

ચાતુર્માસ = ચાર માસ

અઠવાડિયું = આઠ વારનો સમૂહ

સપ્તર્ષિ = સાત ઋષિઓનું વૃંદ

નવરાત્રિ = નવ રાત્રિઓનો સમૂહ

અષ્ટાવક્ર = આઠ સ્થાનેથી વળાંકવાળું

ષટ્રિપુ = છ પ્રકારના રિપુઓ (દુશ્મનો)

## સ્વાધ્યાય

1. **ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી પાંચેય પ્રકારનાં પાંચ-પાંચ ઉદાહરણો શોધી તેનો વિગ્રહ કરો.**
2. **નીચેના સમાસ ઓળખાવો અને તેનો વિગ્રહ કરો :**

ત્રિકોણ, આકાશપાતાળ, જગવિખ્યાત, કર્ણપ્રિય, પ્રાર્થનામંદિર, બત્રીસલક્ષણું, પાતાળકૂવો, લાલપીળું, ટાંચણપોથી, તનતોડ, દશાનન, વ્યાજખાઉ

•

# 13 પૂજારી તું પાછો જા !

**કૃષ્ણલાલ શ્રીધરાણી**

**(જન્મ : 16-9-1911, અવસાન : 23-7-1960)**

કવિ, નાટ્યકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર જિલ્લાના ઉમરાળામાં થયો હતો. માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં લીધું. ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં જોડાયા. એમના પર ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોરનો વિશેષ પ્રભાવ હતો. તેઓની દાંડીકૂચના એક સૈનિક તરીકે પસંદગી થયેલી.

તેમની પાસેથી 'કોડિયાં', 'પુનરપિ', જેવા કાવ્યસંગ્રહ, 'વડલો', 'મોરનાં ઈંડાં', 'પિયો ગોરી', 'પીળાં પલાશ' અને 'પદ્મિની' જેવાં નાટકો મળે છે. 'ઈન્સાન મિટા દૂંગા' સંગ્રહમાં આઠ વાર્તાઓ છે. આ ઉપરાંત અંગ્રેજીમાં વિવિધ વિષયનાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પુસ્તકો આપેલાં છે. રાજકોટ ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ઈતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયના તે પ્રમુખ હતા. એમને મરણોત્તર 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળેલો છે.

આ રચનામાં મનુષ્યની ઈશ્વર પ્રત્યેનાં શ્રદ્ધા અને આડંબરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણાં મંદિરોમાં ઘણીવાર ઈશ્વર પોતે પણ અકળામણ અનુભવે છે. મંદિરે જઈ માણસે અહંકાર છોડી સૌની સાથે પ્રેમમૈત્રી કેળવવાની હોય છે. ત્યાંના ભભકા અને ઠઠારા આવનારાઓને આંજી દેતા હોય છે. બીજી બાજુ મંદિરના વહીવટમાં ભક્તિ, પ્રેમ, લાગણી અને સમભાવનો અભાવ વર્તાય છે, એટલે અકળાયેલા ભગવાન પૂજારીને મંદિરમાંથી પાછો જવાનું ફરમાન કરે છે. ઈશ્વર તો પ્રેમનો ભૂખ્યો છે. તેને પૂજા, અર્ચના ને ભવ્ય મંદિરોનાં બંધનો ખપતાં નથી. વળી ઈશ્વરની ખરી સેવા કરનારા કરતાં આંડબરીઓ મંદિર પર પોતાના અધિકારો સ્થાપી શ્રદ્ધાનો વેપાર કરે છે. ઈશ્વરની ખરી શ્રદ્ધાથી સેવા, મંદિરનિર્માણમાં મહેનત અને મજૂરી કરનારો વર્ગ તો મંદિરની બહાર બેઠો છે, તેનો મંદિરોમાં પ્રવેશ નિષેધ છે. જ્યારે કશું ન કરનારો પૂજારી ઈશ્વર સામે જઈ ધૂપદીપ કરી ખોટાં નામ ખાટી રહ્યો છે. ઈશ્વરના માધ્યમથી કવિ આવા પૂજારી એવા જ અન્ય આડંબરીઓ સામે પોતાનો રોષ પ્રગટ કરે છે.

---

ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય;<br>
ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય.<br>
ન નૈવેદ્ય તારું આ, પૂજારી તું પાછો જા!<br>
મંદિરના આ ભવ્ય મહાલય, બંધન થાય મને;<br>
ઓ રે પૂજારી! તોડ દીવાલો પાષાણ કેમ ગમે!<br>
ન પ્રેમનું ચિહ્ન આ, પૂજારી તું પાછો જા!<br>
એરણ સાથ અફાળે હથોડા, ઘંટ તણો ઘડનાર,<br>
દિન કે રાત ના નીંદર લેતો (ને) નૈવેદ્ય તું ધરનાર,<br>
ખરી તો એની પૂજા, પૂજારી તું પાછો જા!<br>
દ્વાર આ સાંકડાં કોણ પ્રવેશે? બહાર ખડી જનતા;<br>
સ્વાર્થ તણું આ મંદિર બાંધ્યું, પ્રેમ નહિ પથરા,<br>
એ તું જોને જરા! પૂજારી તું પાછો જા!<br>
ઓ રે પૂજારી! આ મંદિર કાજે મજૂર વહે પથરા<br>
લોહીનું પાણી તો થાય એનું ને નામ ખાટે નવરા,<br>
અરે તું ના શરમા! પૂજારી તું પાછો જા!<br>
ખેડૂતને અંગ માટી ભરાતી, અર્ઘ્ય ભર્યો નખમાં,<br>
ધૂપ ધર્યો પરસેવો ઉતારી ઘંટ બજે ઘણમાં;<br>
પૂજારી સાચો આ, પૂજારી તું પાછો જા!

## શબ્દ-સમજૂતી

**નાદે** અવાજથી **કાન ફૂટવા** (કાન ફૂટી જાય - બહેરા થઈ જાય તેવો) અસહ્ય ઘોંઘાટ લાગવો **ધૂપથી** ધૂપસળી કે બીજાં કોઈ સુગંધી દ્રવ્યોથી **શ્વાસ રૂંધાય** ગૂંગળામણ થવી, શ્વાસ લેવામાં મુશ્કેલી થવી, રૂંધાવું તે **અંગ** શરીર **અભડાય** અભડાવું, અપવિત્ર થવું **નૈવેદ્ય** પ્રસાદ, દેવને ધરાવેલી ખાવાની વસ્તુ **મહાલય** (અહીં) પવિત્ર ધામ, મંદિર **પાષાણ** પથ્થર **ચિહ્ન** નિશાની **એરણ** અમુક આકારનું લોખંડનું ગચિયું, જેના ઉપર સોની, લુહાર વગેરે ઘડે છે. **અફાળ** અફાળવું, ટીચવું, પછાડવું, અથડાવવું **હથોડા** ટીપવાનું કે ઠોકવાનું મોગરી જેવું સાધન **સાંકડાં** પહોળાઈમાં ઓછાં, સાંકડવાળાં **કાજે** માટે, વાસ્તે **વહે** વહન કરવું **ઉપાડવું** - ઊંચકવું તે, ઊંચકીને લઈ જવું તે **ખાટવું** ફાયદો મેળવવો **અર્ઘ્ય** પૂજા, સન્માન **ઘણમાં** મોટો ભારે હથોડો પછાડવાથી થતાં અવાજમાં

## રૂઢિપ્રયોગ

**લોહીનું પાણી થવું** ખૂબ મહેનત પડવી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઈશ્વરને પોતાના કાન ફૂટતા હોય તેવું શાથી લાગે છે?

(2) ઈશ્વરને ભવ્ય મંદિર કેવું લાગે છે?

(3) ઈશ્વર મંદિરની દીવાલો શાથી તોડી નાખવાનું કહે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઈશ્વર સાચી પૂજા કોની ગણાવે છે? શા માટે?

(2) નામ ખાટી જનારા લોકો પર ઈશ્વરે શો કટાક્ષ કર્યો છે?

(3) ઈશ્વરની દૃષ્ટિએ સાચો અર્ઘ્ય અને સાચો ધૂપ શો છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઈશ્વર પૂજારીને પાછો જવાનું શા માટે કહે છે? આ વાત કાવ્યને આધારે સમજાવો.

(2) આ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર તમારા શબ્દોમાં લખો.

(3) 'પૂજારી તું પાછો જા' - શીર્ષક સમજાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- પ્રસ્તુત કાવ્યને સમૂહપ્રાર્થનામાં ગાઓ.
- સામાજિક કે ધાર્મિક આડંબર અંગેનાં અન્ય કાવ્યો એકઠાં કરીને સામૂહિક વાચન-શિબિર યોજો.

'ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય,
ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય'

● ખરેખર તો ધૂપ, દીપ, ફૂલ જેવી પૂજાસામગ્રી ભગવાનને રીઝવવા ધરાવાતી હોય છે, પણ ભગવાનને વાચા ફૂટે તો તેનાં મુખે કેવાં વચનો આવે તેનું બયાન અહીં વાપરેલાં ત્રણ ક્રિયાપદો (કાન ફૂટવા, શ્વાસ રૂંધાવો, અંગ અભડાવું)થી થયું છે જે સરસ વિરોધ રચે છે.

'લોહીનું પાણી તો થાય એનું ને નામ ખાટે નવરા'

● મારું મંદિર બનાવવા પાછળ મજૂરો લોહીનું પાણી કરે છે અર્થાત્ ખૂબ પરિશ્રમ કરે છે તેની વાહવાહી નવરા મેળવી જાય છે. અહીં કવિએ લોહીનું પાણી કરવું રૂઢિપ્રયોગ પંક્તિમાં સરસ રીતે વણી લીધો છે.

● પોતાની પૂજા કરવાનો ઠાલો આડંબર કરનારા પૂજારીને પાછા જવાની આજ્ઞારૂપ ભગવાનના ધ્રુવપંક્તિરૂપ ઉદ્ગારને અંતે મુકાયેલ ઉદ્ગારચિહ્નની નોંધ લો.

'ધૂપ ધર્યો પરસેવો ઉતારી ઘંટ બાજે ઘણમાં'

● મહેનતકશ આદમીનો પરસેવો ધૂપ અને તેના હાથે થતા ઘણના ઘા (ઉત્પાદકશ્રમ)નો નાદ જ મારો ઘંટ, અહીં શબ્દાનુપ્રાસ પણ આકર્ષક છે.

## શિક્ષકપ્રવૃત્તિ

● 'સાપ ગયા ને લિસોટા રહ્યા' - કહેવતને આધારે 'શ્રદ્ધા અને અંધશ્રદ્ધા' વિશે વિદ્યાર્થીઓને માહિતી આપો, એ અંગેનાં પુસ્તકો વાંચવાનું સૂચન કરો.

●

| 14 | દાદાજી |
|---|---|

**કુન્દનિકા કાપડિયા**
**(જન્મ : 11-1-1927)**

કુન્દનિકા પરમાનંદ કાપડિયાનો જન્મ લીંબડીમાં થયો હતો. મુખ્યત્વે વાર્તા, નવલકથા, નિબંધ અને અનુવાદમાં તેમનું અર્પણ રહ્યું છે. 'પ્રેમનાં આંસુ', 'વધુ ને વધુ સુંદર', 'કાગળની હોડી', 'જવા દઈશું તમને' વગેરે તેમના જાણીતા વાર્તાસંગ્રહો છે. 'પરોઢ થતાં પહેલાં', 'અગન-પિપાસા' અને 'સાત પગલાં આકાશમાં' વગેરે તેમની પ્રખ્યાત નવલકથાઓ છે. તેમણે ભિન્નભિન્ન વિષયના કેટલાક સુંદર લેખો પણ આપ્યા છે.

કોઈ અનાથ બાળકને પણ જો અખૂટ સ્નેહથી ઉછેરવામાં આવે તો તે સ્વજનથી પણ વિશેષ મમત્વ અને પ્રેમ અર્પે છે એ રહસ્યને લેખિકાએ આ વાર્તામાં કૌશલપૂર્વક સૂચવ્યું છે. જિદુનાથે સોળ વર્ષ પહેલાં અનાથ નવજાત બાળકીને પોતાની પૌત્રી ગણીને પાળીપોષી તેથી કલ્યાણીને માટે એકલવાયું જીવન ગુજારતો જિદુનાથ અભિન્ન એવો 'દાદાજી' બની ગયો. લેખિકાએ કલ્યાણી અને જિદુનાથ કેવાં એકમેકનો આધાર બની ગયાં છે તેનું ભાવવાહી આલેખન કર્યું છે. બંને પાત્રોના ઉદ્‌ગારોમાં, મનોવ્યાપારોમાં અને વ્યવહારોમાં એમના ઊંડા સ્નેહનું દર્શન કરાવ્યું છે. વાર્તાલેખિકા અહીં કલ્યાણી સોળ વરસે પરણીને સાસરે જતાં અડધેથી પાછી દાદાજી પાસે આવે છે એવા વાર્તાવસ્તુના વળાંક માટે પેલા રેંકડીવાળા અને તેની સ્નેહાળ પૌત્રીનો ઉપપ્રસંગ મૂકીને મમતાભર્યા સ્નેહનું મહત્ત્વ સ્થાપે છે. લેખિકાએ કેન્દ્રવર્તી ભાવપરિસ્થિતિ, પાત્રોની મનઃસ્થિતિઓ અને પ્રસંગમાં આવતા પલટાની ઔચિત્યપૂર્વક માવજત કરી છે.

---

'કલ્યાણી...!' જિદુનાથે કંઈક ધ્રૂજતા સ્વરે બૂમ પાડી.

'આવી, દાદાજી...' અંદરથી કલ્યાણીએ ઉત્તર આપ્યો અને ઝટપટ એનું કામ છોડીને બહાર આવી. જિદુનાથના હાથમાંથી વસ્તુઓ લઈ લેતાં દુઃખી થઈને તે બોલી : ''તબિયત જરાય સારી નથી, દાદાજી! શા માટે આટલી બધી મહેનત કરો છો?''

દર્દને દબાવી જિદુનાથ ફિક્કું હસ્યો. કોમળ કંઠે એણે કહ્યું : 'મહેનત તો કરવી જ પડે ને બેટી! લગ્નનો દિવસ હવે દૂર નથી. કામ ન કરું તો કેમ ચાલે, કહે જોઉં?'

કલ્યાણીનું મોં પડી ગયું. કશું બોલ્યા વગર બધી વસ્તુઓ લઈને ચૂપચાપ એ અંદર ચાલી ગઈ.

એને જતી જોઈને જિદુનાથે એક નિઃશ્વાસ મૂક્યો અને પછી ધીરે ધીરે એ અંદર આવી બેઠા.

જીવનની પાનખર હવે આવી પહોંચી છે. સુક્કા થઈ ગયેલા આ ખખડધજ વૃક્ષને ઢળી પડવાને હવે વાર નથી રહી. એવે ટાણે જ જાણે અચાનક પાણી સીંચી-સીંચીને એમને કોઈ નવજીવન આપવાના પ્રયત્નો કરી રહ્યું છે, પાણી ઓછું પડે ત્યારે આંસુ સારીનેય મૂળિયાંને જીવતાં રાખવાના અથાક પ્રયાસો આદરી રહ્યું છે. જિદુનાથનું મન ખિન્ન થઈ ગયું.

સોળ વરસ પહેલાંની વાત એમને નજર સમક્ષ તરવરવા લાગી. એક દી વહેલી સવારે નદીકિનારે ફરવા જતાં મળેલા એક તરતના જન્મેલા બાળકને કેવળ અનુકંપાથી પ્રેરાઈને એ ઘેર લાવ્યા હતા. પોતે તો જીવનમાં પચાસ વરસ સુધી એકલરામની બેફિકર મસ્ત જિંદગી ગાળી હતી, પણ એમના પર જે-જે મમતા રાખતાં હતાં એ તમામ પર શ્રદ્ધા રાખીને એ પેલી બાળકીને પોતાની સાથે લઈ આવ્યા હતાં. પેલાં નંદુબહેન, રેવાબહેન, કાશીમા - સહુ કેટલાં ભલાં હતાં! પણ એમાંથી કોઈએ એ બાળકને રાખવાની ને પાળવાની હા પાડી નહોતી. હા-ઘસીને સ્પષ્ટ ના પાડી દીધી હતી. ઉપરથી એક-બે કડવાં વચનો પણ સંભળાવ્યાં હતાં. જાણે બાળકના જીવનનાં મૂલ્ય માબાપની કાયદેસરતા પર જ અવલંબેલાં હતાં, જીવનનો જીવન તરીકે ત્યાં કોઈ સ્વીકાર નહોતો.

જિદુનાથને બધું યાદ આવવા લાગ્યું. બધેથી જાકારો મેળવીને નિરાશ હૈયે, અસૂઝ મને એ ઘેર પાછા ફર્યા હતા. પોતાના પરિચિતોમાં પોતે જે શ્રદ્ધા આરોપી એ કેવળ અજ્ઞાનનું જ બીજું સ્વરૂપ હતું એવું સ્પષ્ટ સમજીને નંદવાઈ ગયેલી આશાએ એ પાછા ફર્યા ત્યારે બપોર પડી ગઈ હતી. આ જ ખાટલા પર બાળકીને સુવાડી, એની સામે અનિમેષ નયને તાકીને એ ક્યાંય સુધી ઊભા રહ્યા હતા. જ્યારે છોકરી રડી ત્યારે ચમકીને એ ભાનમાં આવ્યા હતા અને દૂધ લેવા જલદી નીચે ઊતરી પડ્યા હતા.

દિવસો ને રાત્રિઓ ત્યાર પછી વીતતાં ચાલ્યાં છે. બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ, ને વધતાં-વધતાં આજે કલ્યાણી એક સોહામણી ફૂલવેલ બની ગઈ છે. આ બુઢ્ઢા આદમીના પ્રાણને એણે સ્નેહને ઝુલે ઝુલાવ્યો છે. જીર્ણ એવા દેહ પર મમતાનો હાથ ફેરવ્યો છે. ઝીણીઝીણી એની કાળજીને લઈને એમને અવશ બનાવી મૂક્યા છે.

કલ્યાણી કોઈ પરાઈ કન્યા છે, કુળ કે ઘરબાર વગરની માતાપિતાથી ત્યજાયેલી કન્યા છે એ વાત સમયલીન સ્મૃતિ સરખી થઈ ગઈ છે. આજ કલ્યાણીના દેહ પર પણ વસંતફૂલની મહેક પ્રગટી ઊઠી છે, પણ એના જીવનની તમામ કેડીઓ જાણે જુદે જુદે માર્ગે જૂઈને આખરે દાદાના અસીમ સ્નેહ-સાગરે જ વિલીન થાય છે. એને ખબર નથી પોતે કોણ છે, પોતાનાં માતા-પિતા કોણ છે. જન્મના પ્રારંભે પોતાને કારણે જિદુનાથને પરિચિતો તરફથી કાંઈક સહન કરવું પડ્યું છે અને એને જ કારણે એ લગભગ એકલા જેવા રહે છે એ વાતનીય એને ખબર નથી. બહારના લોકો સાથે જિદુનાથ બહુ હળતામળતા નથી એટલે કદાચ દુનિયાના વિશાળ પટ પર કલ્યાણી માત્ર એક જ વ્યક્તિને ઓળખે છે. દાદાજી એના માથા પરનું આસમાન છે, પગ નીચેની સુગંધિત ધરતી છે, એની આંખો સામેનો પ્યારો સમુદ્ર છે, એના દેહને સ્પર્શીને ચાલી જતી મધુર હવા છે. દાદાજી એના જીવનનો આધાર છે. એનું સર્વસ્વ છે.

જિદુનાથના મનમાંયે હવે રહીરહીને સ્નેહનાં પૂર પ્રગટી ઊઠ્યાં છે. કલ્યાણીને એ આવા કોઈ ખ્યાલ વગર જ ઉછેરતા આવ્યા હતા. પોતાને નહિ આવડે એવા ડરથી ઊલટું એમણે વધુ ને વધુ કાળજીપૂર્વક એનું જતન કર્યું હતું પણ અજાણપણે એ જેને પાળતા-પોષતા આવ્યા હતા એનામાં એ પોતાની જાતને જ પરોવી રહ્યા હતા એ વાતની એમને છેક હવે ખબર પડી છે. સાન્નિધ્યમાં જેનું સ્વરૂપ નહોતું સમજાયું એને આજ વિદાયની વેદના-જ્વાળાના અજવાળામાં એ સ્પષ્ટપણે સમજી રહ્યા છે.

આ બધું આંખ બંધ કરીને વિચારતાં એકાએક ચોંકી જવાય છે, પણ સાચેસાચું ખુલ્લી આંખે આટલા દિવસથી જીવ્યે જવાતી જિંદગીમાં જે અકલ્પ્ય હતું, એ બધું જ તદ્દન જ સંગત અને સ્વાભાવિક બનીને ગોઠવાઈ ગયું છે. જાણે આમ બનવા સિવાય બીજું કશું બનવાનું કદી શક્ય જ નહોતું.

જિદુનાથની તબિયત હવે તદ્દન ખરાબ થઈ ગઈ હતી. કલ્યાણીનાં લગ્નની વાટ જોઈને જ એ જાણે જીવી રહ્યા હતા. કલ્યાણી હજી તો તદ્દન બાળક જેવી ભોળી, સરલ, નિર્મળ હતી. લગ્નના વ્યાપક અર્થ વિશે એક કાંઈ સમજતી નહોતી, પણ હવે મોડું કરવાનું પાલવે એમ નહોતું. અત્યંત ઝડપથી જિદુનાથ જીવનશક્તિ ગુમાવી રહ્યા હતા.

એક દિવસ કલ્યાણી ખાટલા પર બેસીને જિદુનાથનું માથું દબાવી રહી હતી. બંધ આંખે જ જિદુનાથે પૂછ્યુંઃ 'કલ્યાણી, હવે હું ખૂબ ઘરડો થયો છું. લોકો કહે છે, માણસ ઘરડો થાય એટલે એણે સંન્યાસી બનીને હિમાલય બાજુ ચાલ્યા જવું જોઈએ. હું જાઉં તો તને ગમશે ને?'

ઉજ્જવલ હાસ્યથી બેઉ આંખોને ભરીને કલ્યાણી બોલી : 'ગમશે જ તો દાદાજી! કહો ક્યારે જઈશું?'

જિદુનાથે નિઃશ્વાસ મૂક્યો : 'તારાથી સાથે ન અવાય બેટા, હું તો મારે માટે કહું છું.'

કલ્યાણીનું મન મ્લાન થઈ ગયું. પળવાર રહીને એ બોલી : 'તમે મને એકલી મૂકીને જશો, દાદાજી?'

'તારાં લગ્ન થશે, બેટા! પછી તું એકલી નહિ રહે. જે ગામ તારાં લગ્ન થશે એ ગામ તું આ બધું છોડીને ચાલી જશે. ત્યાં નવાં લોકો હશે, પણ એ બધાં તને પ્રેમથી રાખશે.'

કશાય ખ્યાલ વગર એમ ને એમ જ કલ્યાણી બોલી ગઈ :

'તમે પણ સાથે આવશો ને, દાદાજી?'

'મારાથી સાથે ન અવાય, બેટા!' જિદુનાથ સ્નેહકરુણ કંઠે બોલ્યા. કલ્યાણી ઘડીક શાંત રહી. થોડી વાર પછી બોલી : 'મારે લગ્ન નથી કરવાં, દાદાજી! તમને છોડી હું ક્યાંય નહિ જાઉં. શું કામ તમે મારાં લગ્ન કરો છો?'

જિદુનાથની બંધ આંખોમાંથી ગરમ આંસુ ઝરવા લાગ્યાં. બીજી બાજુએ મોં ફેરવી લઈને એ શાંત સૂઈ રહ્યા. હાય રે જે જિંદગી તદ્દન મુક્ત હતી, કોઈનાયે સ્નેહના બંધનમાં જકડાયા વગરની હતી, એ જ જિંદગીની

આસપાસ આ શાના તાણાવાળા વીંટળાઈ વળ્યા છે? કોણ કરુણ કંઠે 'દાદાજી, દાદાજી,' પુકારીને પિંજરામાં કદી ન પુરાયેલા એમના ચંચળ પ્રાણને આમ બાંધી રહ્યું છે?

*

લગ્ન નક્કી થઈ ગયાં છે. દિવસો હવે બહુ દૂર નથી રહ્યા. જિદુનાથે એમની તમામ મિલકત આમાં વાપરી નાખવાનું નક્કી કર્યું છે. રોજરોજ એ કલ્યાણી માટે નવતર વસ્તુઓ લઈ આવે છે, પણ કલ્યાણી મૂંગી થઈ ગઈ છે. સુંદર વસ્તુઓ જોઈને એના મનમાં આનંદ પ્રગટતો નથી. શ્રાવણની વાદળકાળી રાત જેવી ઉદાસી એના ચહેરાને છાઈ રહી છે.

એના મોં સામે જોઈને જિદુનાથનું દિલ બળી જાય છે. એમની આંખમાં મલિન દુ:ખની છાયા ભરાઈ બેઠી છે. વાતવાતમાં, આ ઘરની દીવાલોને અને અંદર ફરતી એક નાની ફૂલવેલશી કન્યાને હાસ્યની લખલૂટ છોળોથી હસાવી મૂકનારનું મોં આજ મલકાતું નથી. જમતાં હાથમાં કોળિયો અધ્ધર રહી જાય છે ને આંખો શૂન્ય બની હવામાં જડાઈ રહે છે. પાણી પીવા પ્યાલો ભરે છે ને પાણી પીધા વિના જ ઢોળી નાખે છે.

સોળ વરસથી સાથે વણાતી આવેલી બે જિંદગીમાં એટલું એકત્વ આવી ગયું છે કે એ બેને જુદી પાડવાની વાત દેહથી પ્રાણને જુદા પાડવા જેવી વાત લાગે છે. બહારની દુનિયાના કોલાહલથી દૂર માત્ર પોતાની જ સૃષ્ટિમાં સંપૂર્ણપણે જીવી રહેલાં એ બે માનવીઓની આંખો જાણે આવનાર ભાવિ સામે ઉજ્જડ બનીને ખોડાઈ ગઈ છે. જિદુનાથને ક્યારેક થઈ આવે છે, 'ના, શા માટે કલ્યાણીનાં લગ્ન કરવાં?' ખબર નથી - પણ દૂરથી દોડ્યાં આવતાં સાગરનાં મોજાંની જેમ જ બરોબર ઘુઘવાટ કરી આ કાર્યને સામે કિનારે પહોંચી જવા દિલ તરસે છે. કિનારા પર તો છે શું? પથ્થર જ માત્ર, જેને અફળાઈને ભાંગી જવાનું જ કેવળ શેષ રહે છે. છતાંય ઇચ્છા નથી રોકી શકાતી, એ અનિવાર્ય પણ લાગે છે. કલ્યાણીનાં લગ્ન થશે જ.

લગ્નનો દિવસ આવી પહોંચ્યો. આગલે દિવસે કલ્યાણી બારી પાસે ઉદાસ ચહેરે ઊભી હતી. સંધ્યાનાં અજવાળાં આછાં બની ગયાં હતાં. ત્યાં જિદુનાથ થાકેલા દેહે, હાથમાં કેટલીક વસ્તુઓ લઈને ચૂપચાપ દાખલ થયા અને વસ્તુઓ ઠેકાણે મૂકી, ધીરે પગલે કલ્યાણી પાસે આવીને ઊભા રહ્યા.

રડુંરડું થતા અવાજે કલ્યાણી બોલી : 'શા માટે આટલી બધી વસ્તુઓ લઈ આવો છો, દાદાજી?'

'કાલે જ તારાં લગ્ન છે! તું શણગાર નહિ સજે?'

મ્લાન કંઠે કલ્યાણી બોલી : 'તમને છોડીને જવું ગમતું નથી, દાદાજી! મનમાં કાંઈક થઈ જાય છે.'

જિદુનાથની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં, મોં ફેરવી લઈને સ્નિગ્ધ કોમળ અવાજે તે બોલ્યા : 'દીકરી તો સાસરે શોભે ને, બેટા!'

'કોણ ક્યાં શોભે એની મને ખબર નથી, દાદાજી! પણ તમારા સિવાય તો હું કોઈને ઓળખતી નથી. સાચે જ શું તમે કોઈ અજાણ્યા ગામના અજાણ્યા લોકોની વચ્ચે મને મૂકીને ચાલ્યા જશો?'

જિદુનાથ હવે રહી શક્યા નહિ. બે હાથ વડે એમણે મોં ઢાંકી દીધું. એમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. જીવનના છેલ્લા દિવસોમાં અજાણપણે જ ક્યાંકથી સ્નેહનો જે ઝરો ફૂટી નીકળ્યો છે, એનાં નીર પાછાં વાળ્યાં વળાય એમ નથી રહ્યાં. અસહાય, અતૃપ્ત હૃદયની પ્યાસ એક બુઢ્ઢા આદમીના પ્રાણને વિહ્વળ બનાવી રહી છે.

*

લગ્નના દિવસે જાનૈયાઓ આવી પહોંચ્યા. ખાસ માણસો નથી. વર સહિત બધાં મળીને કુલ ચાર જણાં છે. જિદુનાથની તબિયત સારી નથી એટલે એ વધુ કાંઈ કરી શક્યા નથી. બહાર કશી ધામધૂમ કે ધમાલનો અભાવ છે. જિદુનાથે કેટલીક મહેનત પછી આ કુટુંબને શોધી કાઢ્યું છે. કુટુંબમાં છે પણ કોણ? એમના જેવાં જ તરછોડાયેલાં છતાં ભદ્ર લોકો... યુવક, એની બુઢ્ઢી મા અને નાની બહેન. એ લોકો બહુ પૈસાદાર નથી પણ ખાનદાન છે. વર છે કાંતિમાન, સંસ્કારી, કુલીન. કલ્યાણી જિદુનાથની પુત્રી નથી એ વાત એ જાણે છે પણ એના પ્રત્યે એણે વિરક્તિ દાખવી છે. કલ્યાણી એને ગમી છે. લગ્ન પછી જિદુનાથ પણ પોતાના ઘેર આવીને

જ રહે એવો એણે ખૂબ આગ્રહ કર્યો હતો. જિદુનાથને, કલ્યાણીને કારણે ક્યારેક એવી ઇચ્છા પણ થઈ જતી, પણ એને અનુચિત સમજીને હૃદયની દુર્બળ લાગણીઓને એમણે દૃઢતાના દોરથી બાંધી લીધી હતી - ને હવે જીવવા જેવી એમની તબિયત પણ ક્યાં હતી?

આખરે લગ્નનો સમય થયો. દિવસો જેના વીત્યા વીતતા નહોતા એની સાંજ તે દી જલદી પડી. જિદુનાથે કન્યાદાન આપ્યું. એમનું શરીર થરથર ધ્રૂજતું હતું.

કલ્યાણીની આંખોમાંથી શ્રાવણધાર નીતરી રહી. એનું હૃદય ભેદીને જાણે સ્વરો બહાર નીકળવા મથી રહ્યાઃ 'તમને છોડીને કયાંય નહિ જાઉં-કયાંય નહિ જાઉં, દાદાજી!' પણ યજ્ઞના ધૂમ્રગોટમાં, એ સ્વરોને આંસુની વરાળ બની ઊડી જવા સિવાય બીજો કોઈ માર્ગ મળ્યો નહિ.

લગ્નની વિધિ સમાપ્ત થઈ ગઈ. નવદંપતી જિદુનાથને પગે લાગવા આવ્યાં. બંનેએ જિદુનાથના પગમાં માથું નમાવ્યું. જિદુનાથ પગથી માથા સુધી કંપી ઊઠ્યાં. ભાંગતા અવાજે તે બોલ્યાઃ 'સુખી રહો બેટા....' કલ્યાણીએ એક ડૂસકું ખાધું. એના નમેલા માથા પર જિદુનાથનાં આંસુ ટપકવા લાગ્યાં. દીવાલનો એણે આશ્રય લીધો. એની આંખે અંધારાં આવવા લાગ્યાં.

કલ્યાણી પાછી ફરી દાદર ઊતરવા લાગી. પગથિયાં ઊતરતાં-ઊતરતાં એ અટકી ગઈ. એણે પાછળ જોયું. કોઈએ છેડો પકડીને થોભાવી કે શું? પણ એ તો પેલી સફેદ બિલાડી હતી - કલ્યાણીની હંમેશાની સાથીદાર. નજર પડતાં જ કૂદકો મારીને દૂર નાસી ગઈ. 'દાદાજી!... દાદાજી!' કલ્યાણીના ગળામાં શબ્દો રૂંધાવા લાગ્યા, 'જવું ગમતું નથી, દાદાજી!' એનું મન લાખલાખ વાર એકની એક વાત ઘૂંટી રહ્યું.

સ્ટેશન ભણીના રસ્તા પર વરની સાથે કલ્યાણી ચાલી જતી હતી. ઝરૂખામાં ઊભો ઊભો જિદુનાથ એ તરફ અનિમેષ જોઈ રહ્યો. અંધારાં ઘેરાં બનતાં હતાં. કલ્યાણી આઘીપાછી છાયા જેવી, પડછાયા જેવી બનતી હતી. આખરે ઝરૂખામાંથી એ દેખાતી બંધ થઈ. જિદુનાથે કપાળ પર હાથ ફેરવીને નીચે ઊતરી આવેલા વાળ ઊંચા કર્યા. દક્ષિણ દિશાએથી ફરફરાટ કરતો પવન વહેવા લાગ્યો. દૂરના કોઈ ઘરઆંગણે લગ્નની શરણાઈ ગુંજી ઊઠી. હવે કાંઈ દેખાતું નહોતું. ઓળાઓ સરી ગયા હતા. પાછળ રહ્યો હતો કેવળ સૂનો ઉદાસ અંધકાર.

અંધકારમાં વનજંગલોની વચ્ચેથી રેલગાડી દોડી જતી હતી. ડબામાં બેઠેલી કલ્યાણી શું વિચારતી હતી એનો એના પતિને ખ્યાલ નહોતો. ક્યારેક-ક્યારેક એ કલ્યાણી સામે નજર ઊંચી કરી, એક મીઠું સ્મિત વેરી ફરી નજર વાળી લે છે. કલ્યાણીની આંખની અટારીએ આંસુનાં તોરણ બંધાઈ ગયાં છે. સ્મિતનો ઉત્તર વાળવા જાય છે ને એની આંખ છલકાઈ જાય છે.

આંચકા સાથે એક મોટા સ્ટેશન પર ગાડી ઊભી રહી. અંધકારમાં બત્તીઓનો પ્રકાશ ઝબકે છે. ચારે બાજુ ઉતારુઓનો અવાજ અને કોલાહલ સ્વપ્ન જેવાં લાગે છે. આ જંક્શન હતું. અહીંથી ગાડી બદલવાની હતી,પણ બીજી ગાડી આવવાને હજુ બે કલાકની વાર હતી. વેઇટિંગ રૂમમાં જઈ સહુએ ઘડીભર આરામ લેવાનો વિચાર કર્યો. કલ્યાણીના વરે એની આંખોમાં આંખો પરોવી, મૃદુ સ્વરે કંઈક કહ્યું. કલ્યાણી કશું સમજી નહિ પણ એને લાગ્યું કે એ થોડીવાર સૂઈ જવાનું કહે છે. એણે ડોકું ધુણાવ્યું ને આરામ લેવાનો પ્રયત્ન કર્યો. બીજાં બધાં પણ સૂઈ ગયાં.

કલ્યાણીની આંખો મીંચાઈ નહિ. હૃદયમાં ઊંડે ઊંડે વેદના થતી હતી. એણે ચારે બાજુ નજર ફેરવી. બીજાં પણ બે-ત્રણ કુટુંબો ત્યાં આરામ કરતાં હતાં. એને અકળામણ થવા લાગી. બે-ત્રણ પડખાં ફેરવીને છેવટે ઊઠીને એ બહાર આવી.

નિરભ્ર આકાશમાં તારા ચમકી રહ્યા હતા. ચારે બાજુ છૂટાછવાયા ઉતારુઓ પડ્યા હતા. કોઈક જાગતા વાતો કરતા હતા. કલ્યાણી વેઇટિંગ રૂમથી સહેજ આગળ આવીને થોભી ગઈ. 'દાદાજી શું કરતા હશે?' એના મનમાં પ્રશ્ન ઊઠ્યો. 'દાદાજીનું માથું દુખતું હશે?' એના મનમાં બીજો વિચાર આવ્યો. 'રાત્રે એમને પાણી કોણ આપશે?' એનું દિલ બોલ્યું.

સામે થોડા રેંકડીવાળા ઊભા હતા. એમાં એક બુઢ્ઢો હતો. દેહ પર ચામડી જાણે સંકોચાઈ ગઈ હતી. 'દાદાજી આવા જ લાગે છે.' એણે મનમાં જ કહ્યું. વળી એને થયું, 'દાદાજી અત્યારે શું કરતા હશે?'

પોતાની સામે જોઈ રહેલી આ છોકરીને જોઈને બુઢ્ઢો રેંકડીવાળો એની રેંકડી લઈને એની આગળ આવ્યો.

ડોસો મુસલમાન લાગતો હતો. કોમળ અવાજે એણે કહ્યું : 'કાંઈ લેશે, મા? આ સફરજન સરસ છે.' ને એણે બે સુંદર સફરજન સામે ધર્યાં. કલ્યાણી એની સામે જોતી ઊભી રહી ગઈ. આવો જ અવાજ એણે પહેલાં ક્યાંક સાંભળ્યો છે. આ જ માયાળુ અવાજ, આવી જ કોમળ નજર. આ બરાબર દાદાજીનો જ અવાજ છે. કલ્યાણીને કાંઈ ન બોલતાં શાંત ઊભેલી જોઈ ડોસો બોલ્યો : 'પસંદ ન પડ્યાં? તો આ કેળાં... ખૂબ પાકાં મધ જેવાં ગળ્યાં છે.' પણ કલ્યાણી હજુય કાંઈ બોલી નહિ. 'દાદાજી!'.... એના મનમાં શબ્દો ઘૂંટાતા હતા... એટલામાં જ એણે સાંભળ્યું-'ચાચાજી!'... આશ્ચર્યથી એણે અવાજની દિશામાં જોયું. એક નાની આઠેક વરસની મીઠી છોકરી ડોસા ભણી દોડતી આવતી હતી. પાસે આવતાં જ ડોસાએ એને ગોદમાં ઉઠાવી લીધી. 'ક્યૂં બેટી?' એણે એના જ પેલા માયાળુ અવાજે પછ્યું. છોકરી એના કાલા સ્વરે બોલી : 'માને કહા, ચાચાજી કો બુખાર હૈ - રાત મેં ફિરનેસે જ્યાદા બઢ જાયેગા. ઉનકો ઘર લે આ... ક્યું ચાચા, ઘર જાયેંગે ના?' ડોસાએ વહાલથી એના માથા પર હાથ ફેરવતા કહ્યું : 'હા, બેટી! જરૂર જાયેંગે...' છોકરીએ તેનો હાથ પકડ્યો, 'ચાચાજી, આપકે હાથ ખૂબ ગરમ લગતે હૈ....' ડોસાએ એને નીચે ઉતારતાં કહ્યું : 'હા, બેટી! ઠહર. અભી આતા હૂં...'

પવનની એક તીવ્ર લહર આવી. ડોસાનું તાવવાળું શરીર કંપી ઊઠ્યું. કલ્યાણી દુઃખથી વિચલિત બની ગઈ. ચિત્કાર કરીને એ બોલી : 'દાદાજી... તમે પણ માંદા છો-' ડોસો આ સાંભળીને આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યો. કલ્યાણીના ચહેરા પર ગાઢ વેદના જોઈને એ દુઃખ પામ્યો હોય એમ કાંઈક બોલવા જતો હતો એટલામાં જ બીજી બાજુથી એકદમ કોલાહલ સંભળાવા લાગ્યો. થોડા ઉતારુઓ બેઠા થઈ ગયા. કેટલાક સામાન એકઠો કરવા લાગ્યા. બીજી બાજુથી ગાડી આવી રહી હતી.

કલ્યાણી આ બધું જોઈ રહી. દૂરથી ગાડી ધસી આવી રહી હતી. 'આ ગાડી કઈ બાજુ જશે?' એણે પેલા ડોસાને પૂછ્યું. 'બાદલપુર.' પોતાના જ ગામ ભણી ગાડી જઈ રહી હતી. 'દાદાજીને કોણ પથારી પાથરી આપશે?' વળી એનું મન બોલ્યું. ગાડી આવી પહોંચી. સ્ટેશન પર ચારે બાજુ પાછો અવાજ-કોલાહલ વ્યાપી ગયો. ધક્કામુક્કી કરતાં ઉતારુઓ ચડતા હતા. પેલો ડોસો ઊભો થઈ રેંકડી આગળ લઈ જવાનું કરતો હતો. એટલામાં એ અટક્યો. એણે પાછળ જોયું. પેલી છોકરી એના પહેરણની ચાળ પકડીને બોલતી હતીઃ 'નહિ ચાચાજી, ઘર ચલો - માને કહા હૈ, બુખાર બઢ જાયેગા - ચલો ના, ચાચાજી!'

કલ્યાણીનું મન હાહાકાર કરી ઊઠ્યું. એની નજર સમક્ષ જિદુનાથનો જીર્ણ થઈ ગયેલો દેહ દેખાવા લાગ્યો. એને થયું, દાદાજી સૂતાં સૂતાં પોતાની પાસે પાણી માગી રહ્યા છે. ક્ષીણ કંઠે આવતો એ અવાજ એના કાન પર પડે છે : 'કલ્યાણી! બેટા પાણી આપશે?' એ વિહ્‌વળ બની ગઈ. પેલી છોકરી હજુય ડોસાને ખેંચી રહી હતી. 'ઘર ચલિયો ચાચાજી આપકે હાથ ખૂબ ગરમ હોતે જા રહે હૈ!' સામે ટ્રેન ઊભી હતી. કલ્યાણી હવે થોભી શકી નહિ. 'આ ગાડી બાદલપુર જાય છે,' - ડોસાનું વાક્ય એને યાદ આવ્યું. પાગલની જેમ એ દોડતી ગઈ. ગાડીનું બારણું ઉઘાડી એમાં ચડી ગઈ.

❋

અગાસી ઉપરથી જિદુનાથ નીચે આવીને ખાટલા પર બેઠો. પળો બધી જાણે લાંબી લાંબી થવા લાગી. એની છાતી પર દુઃખનો ભાર વધવા લાગ્યો. નીરવ હૃદયસાગરે ઘુઘવાટ કરી નિરંતર જે એનાં ગીત સંભળાવી રહ્યું હતું. વારંવાર મનમાં જેની સુગંધ મહેકી જતી હતી એ ક્યાં છે, રે! ક્યાં છે? ક્યાંય નથી - નથી એના ઘરની ચાર દીવાલોની વચ્ચે - નથી સામે પથરાયેલા મેદાન પર, નથી ઊંચે આકાશમાં, છે માત્ર એના આંસુ નીતર્યા અંતરની ભીતરમાં. કેટલાય સુંદર દિવસો, શોકસુખની કેટલીય અવસ્થાઓને જેણે પોતાના સ્નેહથી અંકિત કરી દીધી હતી તેની મૂગી સ્મરણસુધા જ માત્ર ઘરને ખૂણેખૂણેથી ઝરી રહી છે.

જિદુનાથના મનમાં મૂંઝવણ થવા લાગી. રાત પડતી જતી હતી. ઘરમાં અંધારું હતું. સાંજ પડ્યે કલ્યાણી દીવો સળગાવી જતી. રાત પડ્યે કોઈ ખૂણામાં ધૂપસળીની મહેક ફરકી જતી. પ્રેમ ભરપૂર કંઠે આવીને એ પૂછી જતી :

'દાદાજી, જમવા બેસીશું?'

'જિદુનાથે બળપૂર્વક બધું હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ દુઃખભરી, મધુર સ્મૃતિનો બોજ એમના મનને તંદ્રિત બનાવી દેતો હતો. એને એ આલિંગી શકતો નથી, દૂર પણ ધકેલી શકતો નથી. હૃદયની નિર્બળ લાગણીઓ જીવનના બળને વિખેરી રહી છે. મન અભાન બનતું જાય છે.

જિદુનાથની આસપાસ અંધારાં ઘેરાવા લાગ્યાં. પેલું નાનકડું વ્યાકુળ મોં વારેવારે જાણે કહી રહ્યું હતું : 'શા માટે મને દૂર મોકલી દો છો, દાદાજી! તમને શું હવે મારે માટે સ્નેહ નથી રહ્યો?'

જિદુનાથનાં હૃદયની વેદના વધવા માંડી. મૃત્યુ પહેલાંની વેદના ઊંડી, ઘેરી, ઘૂંટાતી વેદનાનો બોજ એમના પર ખડકાવા લાગ્યો. છાતી પર જાણે ગંજના ગંજ ખડા થઈ ગયા. ક્યાંક કલ્યાણીનાં પગલાંનો ઝણકાર સંભળાય છે. શ્વાસ લેવાનું મુશ્કેલ બનતું જાય છે ને બહારની ધૂળવાળી દીવાલો પરથી દૂરદૂરની હવામાંથી સુરભિમય એ સૂરો આવવા લાગ્યા : 'દાદાજી! ઓ દાદાજી!' હવે તો નથી રહેવાતું. સિતારના તાર જાણે રણઝણી ઊઠ્યા. જિદુનાથે વ્યાકુળ બની બૂમ મારી : 'કલ્યાણી! બેટી?'

દાદર ચડતી કલ્યાણીનું મન પ્રસન્ન થઈ ગયું. આવેગભર્યા, ઊર્મિથી કંપતા સૂરે એણે ઉત્તર આપ્યો : 'આવું છું, દાદાજી!...'

જિદુનાથે ઘેરાતી આંખો મહામહેનતે ઉઘાડી. સામે કલ્યાણીને ઊભેલી જોઈ. આઘાતથી એ બેહોશ બની ગયા : 'ચાલી આવી, કલ્યાણી? વરને છોડીને ચાલી આવી, અભાગી?'

કલ્યાણી કશું સમજી નહિ. પહેલાંની જેમ જ જિદુનાથનું માથું એણે ખોળામાં લીધું ને હળવે હાથે દાબવા લાગી, 'તમને છોડીને જવું ગમતું નહોતું, દાદાજી! - કેમે કર્યું ગમ્યું નહિ. વચ્ચેથી જ ચાલી આવી. હવે કદી નહિ જાઉં.'

*

અચાનક જંકશન સ્ટેશન પરના આરામઘરમાંથી એકાએક રાતે ગુમ થઈ ગયેલી કલ્યાણીને શોધવા બીજે દિવસે સવારે વરપક્ષના લોકો જિદુનાથને ઘરે આવ્યા ત્યારે જિદુનાથના ઠંડા પડતા જતા દેહની પાસે બેઠી બેઠી કલ્યાણી એમનું માથું દબાવતાં મૃદુ કોમળ કંઠે બોલી રહી હતી :

'હવે તમને છોડીને ક્યાંય નહિ જાઉં, દાદાજી!'

## શબ્દ-સમજૂતી

**જીવનની પાનખર** વૃદ્ધાવસ્થા, જીવનસંધ્યા **ખખડધજ** (વૃદ્ધ છતાં) મજબૂત બાંધાનું **અનુકંપા** દયા, સહાનુભૂતિ **નંદવાઈ ગયેલી** તૂટી ગયેલી, ભાંગી ગયેલી **સોહામણી** સુશોભિત **જીર્ણ** છેક જૂનું, ઘસાઈ કે ખવાઈ ગયેલું **અવશ** પરતંત્ર, લાચાર **અસીમ** સીમા વિનાનું, **વિલીન** લય પામેલું, લીન થયેલું **જતન** સંભાળ, સાચવણી **સાન્નિધ્ય** પાસે, નજીક **અકલ્પ્ય** કલ્પના ન કરી શકાય તેવું **સંગત** સંબંદ્ધ, સુસંગત **તાણાવાણા** વણાટ વખતે તાણેલા લાંબા ઊભા તાર (તાણા) અને આડા તાર (વાણા), (અહીં) સ્નેહબંધનના તાણાવાણા **મલિન** મેલી **લખલૂટ** પુષ્કળ **એકત્વ** એક હોવાપણું, એકતા **ઉજ્જડ** વેરાન **અતૃપ્ત** અસંતુષ્ટ **વિહ્વળ** બાવરું, આતુર **ભદ્ર** (અહીં) સભ્ય, ખાનદાન **વિરક્ત** અનુરાગ કે સ્પૃહા વિનાનું **નિરભ્ર** અભ્ર (વાદળાં) વગરનું **બુખાર (હિં)** તાવ **ફિરનેસે (હિં.)** ફરવાથી **વિચલિત** અસ્થિર, હાલતું **ચિત્કાર** ચીસ **ક્ષીણ** નબળું, (અહીં) ધીમું **નીરવ** અવાજ વગરનું, શાંત **નિરંતર** સતત, હંમેશ **તંદ્રિત** તંદ્રાવાળું, સુસ્ત **વ્યાકુળ** બાવરું, ગભરાયેલું **અભાગી** કમનસીબ

## રૂઢિપ્રયોગ

**મોં પડી જવું** ઝંખવાણું પડી થવું **મન મ્લાન થઈ જવું** ખિન્ન-ગમગીન બની જવું **આંખોમાંથી શ્રાવણધાર નીતરવી** ખૂબ જ રડવું **મન હાહાકાર કરી ઊઠવું** ખૂબ જ ઉદ્વેગ થવો **છાતી પર ગંજ ખડકાઈ જવા** ખૂબ જ ઉપાધિમાં મુકાઈ જવું

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) જદુનાથે એમની તમામ મિલકત શામાં વાપરી નાખવાનું નક્કી કર્યું ?

(2) લગ્ન માટે આવેલા યુવકના કુટુંબમાં કેટલાં સભ્યો હતાં ?

(3) યુવક પૈસાદાર નથી, પણ કેવો છે ?

(4) વેઈટિંગરૂમની બહાર કલ્યાણીને દાદાજી જેવું કોણ દેખાયું ?

(5) જિદુનાથના મનને કોણ તંદ્રિત બનાવી દેતું હતું ?

**2. નીચેના દરેક પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) વૃદ્ધ હોવા છતાં જિદુનાથ શા માટે ખૂબ દોડધામ કર્યા કરતા હતા?

(2) નદીકિનારેથી મળી આવેલ બાળકને જિવાડવા અને ઉછેરવા માટે જિદુનાથે શું કર્યું?

(3) કલ્યાણી લગ્નનો અર્થ બરાબર સમજતી ન હતી તેનો ખ્યાલ શા ઉપરથી આવી શકે છે?

(4) જિદુનાથે કેવા પરિવારમાં કલ્યાણીનું લગ્ન ગોઠવ્યું?

(5) રેંકડીવાળા ડોસાને જોવાથી કલ્યાણીના મન પર શી અસર થઈ? એણે શો નિર્ણય લીધો?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) કલ્યાણીના લગ્નની તારીખ નક્કી થયા પછીના જિદુનાથના મનોભાવોને વર્ણવો.

(2) કલ્યાણીનાં લગ્ન પછીની જિદુનાથની વેદના અને તેનું પરિણામ વર્ણવો.

(3) કલ્યાણીનું પાત્રાલેખન કરો.

**4. નીચેનાં વાક્યોનો મર્મ સમજાવો :**

(1) જાણે બાળકના જીવનનાં મૂલ્ય માબાપની કાયદેસરતા પર જ અવલંબેલાં હતાં, જીવનનો જીવન તરીકે ત્યાં કોઈ સ્વીકાર નહોતો.

(2) સાન્નિધ્યમાં જેનું સ્વરૂપ નહોતું સમજાયું એને આજ વિદાયની વેદના-જ્વાળાના અજવાળામાં એ સ્પષ્ટપણે સમજી રહ્યા છે.

(3) દિવસો જેના વીત્યા વીતતા ન હતા એની સાંજ તે દી જલદી પડી.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- પિતા-પુત્રીની વાર્તાઓ ભેગી કરીને સમૂહમાં વાંચો.
- દીકરીના સાસરવાસ જવા અંગેનાં ગીતો કે કાવ્યો એકઠાં કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'જીવનની પાનખર હવે આવી પહોંચી છે, સુક્કા થઈ ગયેલા આ ખખડધજ વૃક્ષને ઢળી પડવાને હવે વાર રહી નથી. એવે ટાણે જ જાણે અચાનક પાણી સીંચી-સીંચીને એમને કોઈ નવજીવન આપવાના પ્રયત્નો કરી રહ્યું છે...'

આ રૂપકાત્મક વર્ણન તમે ધ્યાનથી વાંચો. અહીં ખરેખર તો વૃક્ષની વાત થઈ રહી હોય તેવું લાગે છે પણ

'જીવનની પાનખર' એટલે જીવનનો અંત ભાગ. આમ વૃદ્ધાવસ્થામાં સારી સેવાચાકરી પામવાની વાત તમને તરત જ સમજાશે.

'મારાથી સાથે ન અવાય, બેટા' જિદુનાથ સ્નેહકરુણ કંઠે બોલ્યા.

● સંસાર જીવનની આંટીઘૂંટીથી અજાણ એવી કલ્યાણી દાદાજીને પણ પોતાની સાથે સાસરે આવવાનું કહે છે ત્યારે જિદુનાથને પોતાની નાદાન દીકરી પર સ્નેહ-હેત થાય છે. સાથે સાથે દયા પણ આવે છે એ બતાવવા સર્જકે ઉપરના વિધાનમાં 'સ્નેહકરુણ કંઠે' લખીને બેય બાબતને એકસાથે વણી લીધી છે.

'....નંદવાઈ ગયેલી આશાએ એ પાછા ફર્યા ત્યારે બપોર પડી ગઈ હતી.'

● આપણે સામાન્ય રીતે સવાર પડી, સાંજ પડી, રાત પડી, એમ કહેતા-લખતાં હોઈએ છીએ પણ 'બપોર પડી' એમ લખતા કે બોલતા નથી અહીં ખરેખર 'બપોર થઈ ગઈ હતી' એમ હોવું જોઈએ.

**શિક્ષકપ્રવૃત્તિ**

● આટલું કરો : જિદુનાથની સ્વગતોક્તિ લખો અને ભજવો.

●

# 15 એક જ દે ચિનગારી

**હરિહર ભટ્ટ**

**(જન્મ : 1-5-1895, અવસાન : 10-3-1978)**

કવિ હરિહર પ્રાણશંકર ભટ્ટનો જન્મ સૌરાષ્ટ્રના વેકરિયામાં થયો હતો. શિક્ષણ સાવરકુંડલા, ભાવનગર અને મુંબઈમાં લીધું. અકોલા(મહારાષ્ટ્ર)ની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. અસહકારની લડતમાં સત્યાગ્રહી તરીકે પકડાતાં અઢાર માસ કારાવાસ વેઠેલો. ભો.જે. વિદ્યાભવન, અમદાવાદમાં જ્યોતિષશાસ્ત્રના અધ્યાપક તથા પીએચ.ડી.ના માર્ગદર્શક. અમદાવાદની વેધશાળાના પુરસ્કર્તા તથા નિયામક.

આ કવિએ પ્રભુશ્રદ્ધા, જીવન-આશા, રાષ્ટ્રભાવ અને ગાંધીચીંધી દલિતભક્તિ જેવા વિષયો અને ગેય ઢાળોમાં રચેલાં એકવીસ લઘુ ઊર્મિકાવ્યોને સમાવતો કાવ્યસંગ્રહ 'હૃદયરંગ' આપ્યો છે. આ સંગ્રહમાં રાષ્ટ્રભક્તિ અને અંધશ્રદ્ધા પરત્વેનો ઉપહાસ આલેખતી રચનાઓ જોવા મળે છે. એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળેલો છે.

આ ગીતમાં મનુષ્યની ઈશ્વરકૃપા માટેની તીવ્ર ઝંખનાનો નિર્દેશ થયો છે. વેદાંતમાં આત્મા અને પરમાત્માનું અદ્વૈત સૂચવાયું છે. આત્માની ગતિ હંમેશાં પરમાત્મા તરફની હોય છે, અર્થાત્ મનુષ્યનું લક્ષ્ય અસત્યથી સત્ય તરફ, અંધકારથી પ્રકાશ તરફ, મૃત્યુથી મોક્ષ તરફ ગતિ કરવાનું છે. પરમાત્મા તો જ્ઞાનપ્રકાશનો મહાનલ છે. તેના માટે એક ચિનગારી આપવી મુશ્કેલ નથી, પણ તે માટે જીવાત્માની ઉત્કટ આરઝૂ ને તીવ્ર ઈશ્વરઝંખના હોવી જોઈએ. આ કવિતામાં એવી ઝંખનાનું મૂર્તરૂપ શબ્દરૂપ પ્રગટ્યું છે.

---

એક જ દે ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી. એક જ દે.
ચકમક લોઢું ઘસતાં-ઘસતાં,
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો.
ન ફળી મહેનત મારી!
મહાનલ, એક જ દે ચિનગારી. 1
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ-અટારી
ના સળગી એક સગડી મારી-
વાત વિપતની ભારી,
મહાનલ, એક જ દે ચિનગારી. 2
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ, હું અધિક ન માગું
માગું એક ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી. 3

## શબ્દ-સમજૂતી

**ચિનગારી** તણખો **મહાનલ** મહાન મોટો અનલ-અગ્નિ, પરમાત્મા **ચકમક** એક જાતનો પથ્થર (તેની સાથે લોખંડ અફાળવાથી અગ્નિ ઝરે છે) **જામગરી** બંદૂક કે તોપના દારૂને સળગાવવા માટેની કાકડી - પલીતો **તણખો** દેવતાની ચિનગારી કે અંગારો **મહેનત ન ફળવી** કાર્યમાં નિષ્ફળતા મળવી **આભ-અટારી** આકાશરૂપી ઝરૂખો **સગડી** કોલસા બાળવાનું એક સાધન, ચૂલાનું કામ દેતી એક બનાવટ **વિપત** દુ:ખ-આફત, મુશ્કેલી-અડચણ **થથરે** કંપે, ધ્રૂજે **વિશ્વાનલ** અગ્નિરૂપી પરમાત્મા **અધિક** વધારે

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ ઈશ્વર પાસે શું માગે છે?

(2) મહાનલ શબ્દ કવિએ કોના માટે પ્રયોજયો છે?

(3) કવિની ધીરજ ક્યારે ખૂટી જાય છે?

(4) કવિએ આખી જિંદગી કેવી રીતે ખર્ચી નાખી હતી?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'ન ફળી મહેનત મારી' એમ કવિ શા માટે કહે છે?

(2) ચાંદા અને સૂરજનાં દૃષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માગે છે?

**3. નીચેના દરેક પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ કાવ્યમાં રજૂ થયેલી કવિની ઝંખના વર્ણવો.

(2) 'એક જ દે ચિનગારી' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● પ્રાર્થનામાં આ ગીતનું સમૂહમાં ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યના શીર્ષક પરથી ખ્યાલ આવે છે કે અહીં કંઈક માગણી કરવામાં આવી છે. આ માગણી 'મહાનલ' પાસે કરવામાં આવી છે. મહા + અનલ = મોટો અગ્નિ અર્થાત્ સૂરજ, એટલે કુદરતી તત્ત્વ.

'ચકમક લોઢું ઘસતાં-ઘસતાં
ખરચી જિંદગી સારી,'

● અહીં 'ઘસતાં-ઘસતાં' વચ્ચે 'ડેશ' મૂક્યો છે. એવી જ રીતે 'આભ-અટારી'માં પણ. પહેલામાં એક જ ક્રિયાનું આવર્તન બતાવવા માટે, જ્યારે બીજામાં આભની અનંત ઊંચાઈ બતાવવા માટે મૂક્યો છે. એ તમે બરાબર સમજો. 'ખરચી (ખર્ચી) જિંદગી સારી.' 'સારી'નો તમે શો અર્થ કરશો?

● ભક્તની યાચના નાનકડી છે, જ્યારે મહાનલ પાસે તો ચિનગારીની કાંઈ વિસાત નથી. મહાનલના પર્યાય તરીકે કવિએ વિશ્વાનલ શબ્દ મૂકીને પોતાની યાચનાને વધારે નાની બનાવી છે. તેમાં કવિની પ્રભુપ્રાપ્તિની ઝંખના - અધીરાઈ ભરી ઝંખના 'ખૂટી ધીરજ મારી'માં વ્યક્ત થાય છે.

● આભ-અટારીમાં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લગાવતાં આભની અટારી થાય, અર્થાત્ તત્પુરુષ સમાસ થયો. 'ચકમક' શબ્દ 'રવાનુકારી' પ્રયોગ છે એ પણ સમજો.

## શિક્ષકપ્રવૃત્તિ

● આ કાવ્યનું ભાવવાહી રૂપે સમૂહગાન કરાવો.

● પ્રાર્થનાગીતો એકઠાં કરાવી હસ્તલિખિત અંક તૈયાર કરો.

●

# 16 મૌન એ જ વીરતા

**ચંદ્રકાન્ત મહેતા**

**(જન્મ : 6-8-1939)**

કવિ, વાર્તાકાર, સંપાદક ડૉ. ચંદ્રકાન્ત હરિશંકર મહેતા 'શશિન્'નો જન્મ અમદાવાદમાં થયો હતો. એમનું વતન સરોડા (જિ. અમદાવાદ) છે. તેઓ હિન્દી વિષયના અધ્યાપક અને નિયામકપદે રહેલા છે.

'ધીરે વહે છે ગીત' એમનો ગઝલ અને ગીતનો સંગ્રહ છે. 'મન મધુવન' અને 'સ્વપ્નલોક'ની વાર્તાઓમાં મુખ્યત્વે પ્રણય અને દાંપત્યજીવનની વાત છે. 'સ્વાતંત્ર્યસેનાની યોગાનંદ' અને 'ડૉ. આંબેડકર' વગેરે એમની કિશોરોપયોગી ચરિત્રપુસ્તિકાઓ છે. 'કેસરક્યારી' તથા 'નારી તારાં નવલખ રૂપ'માં પ્રેરક પ્રસંગો છે, તો 'એક જ દે ચિનગારી' તથા 'અંતર્દ્વાર' એમનાં ચિંતનાત્મક લેખોનાં પુસ્તકો છે. 'ગુજરાત સમાચાર'માં ચાલતી 'ગુફ્તેગો' કૉલમ નિમિત્તે લખાયેલું 'ગુફ્તેગો' યુવાનો અને પરિણય' એમનું સાંસારિક બોધનું પુસ્તક છે. એમણે 'લોકકવિ મીર મુરાદ' અને 'મુરાદવાણી' નામે પુસ્તકો આપ્યાં છે. આ ઉપરાંત એમણે વિવેચન અને સંપાદનો પણ કર્યાં છે.

ભસવું એ કૂતરાનો સ્વભાવ છે અને મૌન એ માનવીનો. ગમે-ત્યાં, ગમે-તેમ બબડતાં માણસો મળે, ભસતાં કૂતરાંએ મૌન ધારણ કરીને પડોશીને વિચારતા અને તેઓ ઇચ્છે તો મૌન રહેતાં કરી દીધા છે.

કૂતરું બોલી શકે તેમ નથી, પણ મનુષ્ય ઇચ્છે તો મૌન રહી શકે તેમ છે. સંયમ અને સમજણપૂર્વકનું આવું મૌન ઘણીવાર વણજોઈતી પીડા-પ્રશ્નોમાંથી મુક્તિ અપાવે છે. બેવકૂફીભર્યો વાણીવિલાસ એ અંતરનો ખાલીપો સૂચવે છે. જ્યારે મૌન પોતે જ ઉત્તમ ભાષણ સાબિત થાય છે. આત્માનો પરમાત્મા જોડેનો સંવાદ મૌનની મધુર મેડીએ જ સંભવે છે એ આ ગદ્યખંડ દ્વારા સારી રીતે સમજાય છે.

---

એક માણસનું પાલતુ કૂતરું ખરા બપોરે ભસતું હતું, એને કારણે પડોશીની ઊંઘમાં ખલેલ પડી એટલે તરત જ એણે પેલા શ્વાનના માલિકને કહ્યું : 'તમને કૂતરાં પાળવાનો શોખ છે, તો એમને કેળવવાની પણ આદત રાખો.' પોતાના માલિક પર આગંતુકોને ક્રોધે ભરાયેલા જોઈને કોણ જાણે કેમ પણ પેલું કૂતરું શાંત થઈ ગયું!

એ જોઈને પેલા પડોશીને આશ્ચર્ય થયું... એણે શ્વાનના માલિકને કહ્યું : 'તમારું કૂતરું ભારે સમજુ છે!'

કૂતરાના માલિકે તક ઝડપી લેતાં કહ્યું : 'હા, કદાચ એ મૌન ધારણ કરીને એમ કહેવા ઇચ્છે છે કે હું માણસ પાસેથી બોલવાનું નહિ શીખી શકું, પણ માણસ મારી પાસેથી ચૂપ રહેવાનું શીખે તોય ઘણું છે!' પડોશીને પોતાની ભૂલ સમજાઈ. શ્વાનના માલિકને દુભવ્યા બદલ દુઃખ થયું.

માણસ શોરને 'જન્મસિદ્ધ' અધિકાર માને છે, એને બદલે 'મૌન' સર્વોત્તમ ભાષણ છે, એવું માણસ સમજતો હોત તો એની કેટલી બધી ઉપાધિઓ ઓછી થઈ જાત?

વાણી એ શબ્દોની અનાવશ્યક લહાણી માટેનું માધ્યમ નથી! હકીકતમાં 'શોર' એ માણસની સમજશક્તિનું દેવાળું છે. આંતરિક ખાલીપાવાળા માણસો 'ગરજે' છે. આંતરિક સમૃદ્ધિવાળા લોકો મૌનનો મહિમા સમજીને મલકે છે.

બકબક કરવાની વૃત્તિ એ માણસના મનમાં ઘૂઘવતા અશાંતિના મહાસાગરની ચાડી ખાય છે! સંયમી માણસો શબ્દની શક્તિ પિછાણતા હોય છે એટલે જ એમને એ વાતની ખબર હોય છે કે મૌનના વૃક્ષ પર જ શાંતિનાં ફળ બેસતાં હોય છે! પરમાત્માના ટપાલી જેવું ફૂલ મૌન હોવા છતાં કેવો મહત્ત્વનો સંદેશ આપી જાય છે!

ભયજન્ય મૌનમાં કાયરતા છે, સંયમજન્ય મૌનમાં વીરતા! વાચાળતા સુલભ છે, મૌન માટે સાધના કરવી પડે છે...! લોકપ્રિયતા માણસના નસીબમાં 'શોરબકોર' લખે છે અને 'આત્મમૈત્રી' પ્રદાન કરે છે, મૌનની મહાશક્તિ!

ઈશ્વર આપણી સાથે સંવાદ સાધવા આતુર છે, પણ ધાંધલ-ધમાલ અને શોરબકોરમાં આપણે તેનાં પગલાંનો અવાજ સાંભળી શકતા નથી! પરમાત્મા કહે છે : મારે બોલવું છે, પણ તમારો આત્મા પહેલાં ચૂપ રહે, એ શરતે!

ઈશ્વરના આ પડકારને ઝીલવા માટે આંતરિક શાંતિના ઉપાસક બનવું પડે! સંસ્કૃતિ મૌન-મહિમાની ગાયિકા છે, જ્યારે વિકૃતિ છે શોરબકોરની છડીદાર!

## શબ્દ-સમજૂતી

**આગંતુક** આવી ચડેલું, વગર નોતરે આવેલું **દૂભવવું** દુભાવવું, દુઃખી કરવું **લહાણી** ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી **દેવાળું** નાદારી **સુલભ** સહેલાઈથી મળે એવું **સાધના** સાધવું તે, સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન કે ક્રિયા કરવાં તે **ઉપાસક** ભક્ત, સાધક **સંસ્કૃતિ** સભ્યતા, સુધારો, સામાજિક પ્રગતિ, સિવિલિઝેશન **વિકૃતિ** વિકાર **છડીદાર** છડી ઝાલનાર

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કૂતરું જાણે શાથી શાંત થઈ ગયું ?

(2) પડોશીને શાથી આશ્ચર્ય થયું ?

(3) પડોશીને પોતાની કઈ ભૂલ સમજાઈ ?

(4) લેખકની દૃષ્ટિએ કોણ ગરજે છે ?

(5) ઈશ્વરનો અવાજ આપણે કેમ સાંભળી શકતા નથી ?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) લેખક 'વાણી' અને 'શોર' વિશે શું કહે છે ?

(2) 'સંયમજન્ય મૌનમાં વીરતા' છે એમ લેખક શા માટે કહે છે ?

**3. પાઠને આધારે 'વિવેક અને વાણી' વિશે તમારા શબ્દોમાં પાંચ વાક્યો લખો.**

•

# એકમ-4 | શુદ્ધ-અશુદ્ધ વાક્યરચના

**શુદ્ધ-અશુદ્ધ વાક્યરચના :**

કોઈ પણ ભાષા તેના મહાવરાથી જ સારી રીતે શીખી શકાય છે. તેનું નિયમિત વાંચન-અર્થગ્રહણ કરવાથી ભાષાની ખૂબીઓ વાચકની પકડમાં આપોઆપ આવતી જાય છે. ગુજરાતી ભાષાનો પણ અનુકૂળતા હોય એટલો નિયમિત અભ્યાસ કરતાં રહેવાથી આપોઆપ ભાષા પરનો કાબૂ વધતો જશે. કોઈ પણ ભાષા શીખતી વખતે શરૂઆતમાં ખોટી વાક્યરચના પણ ક્યાંક-ક્યારેક થાય છે, પણ એ શા માટે ખોટી છે અને સાચી વાક્યરચના કઈ છે તેનો થોડો અભ્યાસ જરૂરી છે.

અહીં આવી થોડી ખોટી વાક્યરચનાઓ દ્વારા શુદ્ધ વાક્યરચના સમજવાનો આપણે પ્રયત્ન કરીએ :

**(1)** એક અલંગ નામનું બંદર છે. (અશુદ્ધ)
આ વાક્યમાં અલંગની આગળ 'એક' વિશેષણ મુકાયું છે. ખરેખર, 'એક' એ બંદરનું વિશેષણ છે.
અલંગ એક બંદર છે. (શુદ્ધ)

**(2)** તમે અમારે ઘરે સહકુટુંબ સાથે આવજો. (અશુદ્ધ)
અહીં સહકુટુંબ એટલે જ કુટુંબ સાથે એવો અર્થ થાય. સહ એટલે સાથે. ફરી વાર સાથે શબ્દની જરૂર છે?
તમે અમારે ઘેર સહકુટુંબ આવજો. (શુદ્ધ) અથવા
તમે અમારે ઘરે કુટુંબ સાથે આવજો. (શુદ્ધ)

**(3)** મારાં મોટા ભાઈ ભાવનગર ગયાં. (અશુદ્ધ)
પુરુષ જાતિ માટેનાં સંબંધ ધરાવતાં પદો - ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ વગેરે માટે અનુસ્વાર વપરાતું નથી.
મારા મોટાભાઈ ભાવનગર ગયા. (શુદ્ધ)

**(4)** મારા કાકી આજે વડોદરાથી આવ્યા છે. (અશુદ્ધ)
સ્ત્રીજાતિ માટેનાં સંબંધ ધરાવતાં પદોમાં અનુસ્વાર વપરાય છે.
મારાં કાકી આજે વડોદરાથી આવ્યાં છે. (શુદ્ધ)

**(5)** પરેશ, મીરાં અને રામભાઈ બસમાં બેઠા. (અશુદ્ધ)
અહીં પરેશ અને રામભાઈ પુરુષ છે, પણ સાથે મીરાં સ્ત્રી (બાળકી) છે. એક પણ નારીજાતિનું નામ નર જાતિનાં નામ સાથે હોય તોપણ સંબંધિત પદો અનુસ્વાર ધારણ કરે છે.
પરેશ, મીરાં અને રામભાઈ બસમાં બેઠાં. (શુદ્ધ)

**(6)** શૈલેષ 'માનવીની ભવાઈ', 'કુરુક્ષેત્ર' અને 'હિમાલયનો પ્રવાસ' વાંચી. (અશુદ્ધ)
અહીં ત્રણેય પુસ્તકોનાં નામ છે. ત્રણેય ચોપડીનાં નામ છે એમ પણ કહેવાય. પુસ્તક કેવું (નાન્યતર જાતિ) અને ચોપડી કેવી (નારી જાતિ.) નાન્યતર જાતિ કે નારી જાતિનાં એકથી વધારે નામો હોય ત્યારે પણ તેને સંબંધિત પદોમાં અનુસ્વાર મુકાય છે. વળી ચોપડી એક નથી. એકથી વધારે છે એટલે ક્રિયાપદનું બહુવચન બનાવી અનુસ્વાર મુકાય છે.
શૈલેષે 'માનવીની ભવાઈ', 'કુરુક્ષેત્ર' અને 'હિમાલયનો પ્રવાસ' વાંચ્યાં. (શુદ્ધ)

**(7)** રમેશ પારેખે ઘણા બધા ગીતો લખ્યા છે. (અશુદ્ધ)
અહીં ગીત (કેવું)એ નાન્યતર જાતિનો શબ્દ છે. 'ગીતો' એ એનું બહુવચન છે. નાન્યતર જાતિ બહુવચન હોય ત્યારે તેને સંબંધિત તમામ પદો અનુસ્વાર ધારણ કરે છે.
રમેશ પારેખે ઘણાં બધાં ગીતો લખ્યાં છે. (શુદ્ધ)

**(8)** ઑફિસમાં સફાઈકામ કરતા કર્મચારીઓ એકઠા થવાના છે. (અશુદ્ધ)

સંસ્થામાં ગમે ત્યાં સફાઈકામ કરતાં હોય પણ મળવાનું સ્થળ ઑફિસ છે.

સફાઈકામ કરતા કર્મચારીઓ ઑફિસમાં એકઠા થવાના છે. (શુદ્ધ)

**(9)** વિદ્યાર્થીનું એકમાત્ર લક્ષ હોય છે - ઉત્તમ અભ્યાસ. (અશુદ્ધ)

લક્ષ એટલે લાખની સંખ્યા. લક્ષ એટલે ધ્યાન, નિશાન પણ અહીં તો લક્ષ્ય એટલે હેતુ, ધ્યેય.

વિદ્યાર્થીનું એકમાત્ર લક્ષ્ય હોય છે - ઉત્તમ અભ્યાસ. (શુદ્ધ)

**(10)** ગોપાલભાઈ સજ્જન વ્યક્તિ છે. (અશુદ્ધ)

સજ્જન એટલે સત્ (સારા) - જન (વ્યક્તિ). પછી ફરીથી વ્યક્તિ કહેવાની જરૂર ખરી?

ગોપાલભાઈ સજ્જન છે. (શુદ્ધ) અથવા

ગોપાલભાઈ સારા વ્યક્તિ છે. (શુદ્ધ)

અહીં જે-તે અશુદ્ધ રચનાઓમાં કઈ અશુદ્ધિ છે તેનો તમને થોડી સ્પષ્ટતા સાથે નિર્દેશ કર્યો છે. હવે નીચેનાં થોડાં ઉદાહરણો દ્વારા તેમાં રહેલી અશુદ્ધિને સમજવાનો પ્રયત્ન કરવાથી શુદ્ધ રચના બનાવવા તેમાં શો ફેરફાર કરવો તે આપોઆપ સમજાઈ જશે.

**(1)** એક ગૌતમ નામના ઋષિ હતા. (અશુદ્ધ)

ગૌતમ એક ઋષિ હતા. (શુદ્ધ)

**(2)** સવિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું. (અશુદ્ધ)

સવિનય આપને હું આ હકીકત જણાવું છું. (શુદ્ધ)

વિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું. (શુદ્ધ)

**(3)** બસ હાઈવે-રોડ પર જતી હતી. (અશુદ્ધ)

બસ હાઈવે પર જતી હતી. (શુદ્ધ)

બસ હાઈ-રોડ પર જતી હતી. (શુદ્ધ)

**(4)** મારા બા ખેતરેથી આવ્યા નથી. (અશુદ્ધ)

મારાં બા ખેતરેથી આવ્યાં નથી. (શુદ્ધ)

**(5)** મારાં દાદા મંદિરે ગયાં છે. (અશુદ્ધ)

મારા દાદા મંદિરે ગયા છે. (શુદ્ધ)

**(6)** કનુભાઈ, પ્રવીણ અને દીપક સોમનાથ ગયાં છે. (અશુદ્ધ)

કનુભાઈ, પ્રવીણ અને દીપક સોમનાથ ગયા છે. (શુદ્ધ)

**(7)** રામ અને સીતા અયોધ્યા આવ્યા. (અશુદ્ધ)

રામ અને સીતા અયોધ્યા આવ્યાં. (શુદ્ધ)

**(8)** સુદામા ભગવાન શ્રીકૃષ્ણ પાસે જઈ રહ્યાં હતાં. (અશુદ્ધ)

સુદામા ભગવાન શ્રીકૃષ્ણ પાસે જઈ રહ્યા હતા. (શુદ્ધ)

**(9)** ગાડીમાં અનાજ ભરાય રહ્યું હતું. (અશુદ્ધ)

ગાડીમાં અનાજ ભરાઈ રહ્યું હતું. (શુદ્ધ)

**(10)** કોને કીધું કે તેઓ આજે આવશે? (અશુદ્ધ)

કોણે કીધું કે તેઓ આજે આવશે? (શુદ્ધ)

**(11)** મેં ઘણા સફરજન ખાધા હતા. (અશુદ્ધ)

મેં ઘણાં સફરજન ખાધાં હતાં. (શુદ્ધ)

**(12)** તેણે આ કામ કરવુંજ જોઈએ. (અશુદ્ધ)

તેણે આ કામ કરવું જ જોઈએ. (શુદ્ધ)

**(13)** મહર્ષિને રાજાએ એક પ્રશ્ન પૂછ્યો ( અશુદ્ધ)
મહર્ષિને રાજાએ એક પ્રશ્ન પૂછ્યો (શુદ્ધ)

**(14)** તારી સાથે હું ય આવીશ. (અશુદ્ધ)
તારી સાથે હુંય આવીશ. (શુદ્ધ)

**(15)** બીમાર માણસે હંમેશાં મગજ ખાવું જોઈએ. (અશુદ્ધ)
બીમાર માણસે હંમેશાં મગ જ ખાવા જોઈએ. (શુદ્ધ)

**(16)** શુદ્ધ ગાયનું ઘી વાપરજો. (અશુદ્ધ)
ગાયનું શુદ્ધ ઘી વાપરજો. (શુદ્ધ)

**(17)** આ ટીશર્ટની શું કિંમત છે? (અશુદ્ધ)
આ ટીશર્ટની શી કિંમત છે? (શુદ્ધ)

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યો સુધારીને તમારી નોટબુકમાં લખો :**

(1) પેલી યુવતીને હસવું આવ્યું.
(2) બાળકના અણું અણુંમાં ઊભરાતી ઉત્સાહ શમી જતી.
(3) હું માદા પડ્યો છું.
(4) તેમને મારા જીવનને રોશન કર્યું છે.
(5) શું મજા પડી ?
(6) તેણે ગોળ વર્તુળ દોર્યું.
(7) આપણા કહી શકાય તેવા પુસ્તકો ગણ્યાગાઠ્યા છે.
(8) તમે કેટલાં વાગે આવશો ?
(9) મૂળશંકરને તો ઘણું ય પૂછવું હતું
(10) 'કયું મોઢું લઈ ને હું પુછવાય જાઉં ?'

**2. સાચાં વાક્યો સામે (✓) નિશાની કરો અને ખોટાં વાક્ય સામે (×) કરો, ખોટાં વાક્યો સુધારીને તમારી નોટમાં લખો :**

(1) દરેક વિદ્યાર્થીઓએ મેદાન ઉપર હાજર રહેવું. ( )
(2) મેહુલ 'મહાભારત' નાટકમાં દ્રૌપદી બની. ( )
(3) યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ. ( )
(4) તેણે ઘણી વાર મને મદદ કરી છે. ( )
(5) તારા ટેબલ ઉપર મેં કાગળ, પેન અને રબર મૂક્યાં છે. ( )
(6) બંને મિત્રોએ સલાહ કરી લીધી. ( )
(7) પ્રેમાનંદ મધ્યકાલીન યુગમાં થઈ ગયા. ( )
(8) મારે જવાનું જલદી છે. ( )
(9) ચાર વાગે તમે મને મળજો. ( )
(10) આ તો હું તમારું લક્ષ્ય દોરું છું. ( )

# 17 મારું ઘર

રાજેન્દ્ર શાહ

**(જન્મ : 28-1-1913, અવસાન : 3-1-2010)**

રાજેન્દ્ર કેશવલાલ શાહ 'રામ વૃંદાવની'નો જન્મ ખેડા જિલ્લાનાં કપડવંજમાં થયો હતો. તેઓ વ્યવસાય અર્થે વર્ષો સુધી મુંબઈમાં રહ્યા હતા. તેઓ અનુગાંધીયુગના આપણા અગ્રણી કવિ છે. 'ધ્વનિ', 'આંદોલન', 'ઉદ્‌ગીતિ', શાંત કોલાહલ', 'ચિત્રણા', 'વિષાદને સાદ', 'ક્ષણ જે ચિરંતન', 'મધ્યમા', 'દક્ષિણા', 'પત્રલેખા', 'પ્રસંગ સપ્તક', 'કિંજલ્કિની', 'વિભાવન', 'દ્વાસુપર્ણા', 'ચંદનભીની અનામિકા', 'પંચપર્વા', 'નીલાગ્જના', 'આરણ્યક', 'વિરહમાધુરી', 'સ્મૃતિ સંવેદના' જેવા અનેક કાવ્યસંગ્રહો એમણે આપ્યા છે. તેમના સોળ કાવ્યસંગ્રહોને સમાવીને 'સંકલિત કવિતા' નામનો બૃહત્ કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયો છે. ગ્રામજીવન અને પ્રકૃતિના પરિવેશનું આલેખન તેમની કવિતામાં રમણીય રીતે થયું છે. એમની કવિતાના વિષયોમાં મુખ્યત્વે પ્રભુ, પ્રેમ, પ્રકૃતિ, રહસ્યવાદ અને સાંપ્રત પરિસ્થિતિનું નિરૂપણ તેમજ ચિંતન તથા અધ્યાત્મ છે. તેમણે કેટલાંક ઉત્તમ ગીતો અને સૉનેટ આપીને ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. એમની કવિતા પર કવિ રવીન્દ્રનાથનો પ્રભાવ જોવા મળે છે. તેમણે બાળકાવ્યોના સંગ્રહો ઉપરાંત અનુવાદ, પદ્યરૂપકો, કેટલીક વાર્તાઓ તેમજ એકાંકીઓ આપ્યાં છે. પુરસ્કારોમાં તેમને 'કુમાર ચંદ્રક', 'રણજિતરામ ચંદ્રક', 'દિલ્લી સાહિત્ય અકાદમી'નો એવૉર્ડ મળ્યો છે. ભારતીય સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ મનાતો 2001ના વર્ષનો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પણ તેમને એનાયત થયો છે.

---

ખુલ્લાં આ ખેતરોની ઉગમણી ગમ જે દૂર દેખાય કુંજ
એમાં અશ્વત્થ-ટોચે ફરકત ધ્વજ ત્યાં બાજુમાં લાલ નેવે
છાયેલું, સ્વર્ણ તેજે અનુપમ સુષમાનો ધરી સાન્ધ્ય રંગ,
જેની મેડીની બારી અહીં લગી નજરું ઢાળતી રે' સનેહે

તે મારું કાળ-જૂનું ભવન, નિખિલ આ કેન્દ્રથી વિસ્તરેલું,
એની સર્વત્ર, જ્યાં જ્યાં ગતિ મુજ ત્યહીં, રેલાય છાયા અદીઠ.
ક્ષેત્રે સંકલ્પ કેરાં અગણિત કંઈ જે બીજ વેરેલ તેનું
કૉળેલું સ્વપ્ન જાણે અનિમિષ દગ માંડી નિહાળે વ્યતીત!

ને આંહી સૂર્ય, ઝંઝા, જલ, જીવ, વનના ફાલનો જે અનંત
મેળો જામેલ તેના ઋતુ સમ રમતા નિત્ય કોલાહલે ય
એનો ગુંજત ઝીલું અરવ શ્રુતિ તણો અંતરે શાન્તિમંત્ર,
જેના આનંદછંદે મન મુજ અનુસંધાનમાં રે' સદૈવ.
હાવાં ગોધૂલિ-વેળા : દ્રુત દ્રુત રવ-દોણી ધરે દૂધ-સેર,
ચાલો એ ઘેર, ઘેલા પવનની અડતી અંગને ઠંડી લ્હેર!

### શબ્દ-સમજૂતી

**ઉગમણી ગમ** પૂર્વદિશા બાજુ **કુંજ** ઝાડ અથવા વેલાનાં પાંદડાથી થયેલી ઘટા, લતા-મંડપ **અશ્વત્થ-ટોચે** પીપળાના છેક ઉપરના ભાગે **ફરકત** ફરકતો **નેવે** નેવું, છાપરાના છેડા ઉપરનાં નળિયાં જેમાંથી પાણી નીચે બહાર પડે છે તે **છાયેલું** છવાયેલું, ઢંકાયેલું **સ્વર્ણ તેજ** સોના જેવા પીળા રંગના પ્રકાશે **અનુપમ** જેને ઉપમા નથી એવું, સર્વોત્તમ **સુષમા** અતિ સુંદરતા, સૌંદર્ય **ધરી** (અહીં) ધારણ કરી **સાન્ધ્ય** સંધ્યા સંબંધી, સંધ્યા કાળનું **મેડી** નાનો માળ **લગી** સુધી **નજરું ઢાળતી** નજર ઢાળવી, નજર નમાવવી **સનેહે** સ્નેહથી, પ્રેમથી **કાળ-જૂનું** ઘણા સમયનું જૂનું થઈ ગયેલું **ભવન** રહેઠાણ, મકાન **નિખિલ** બધે **વિસ્તરેલું** વિસ્તાર પામેલું, ફેલાયેલું **સર્વત્ર** દરેક સ્થળે **ગતિ**

(અહીં) પ્રવેશ, પ્રવેશ કરવાની બુદ્ધિ-શક્તિ **ત્યહીં** ત્યાં **રેલાય** રેલાવું, ફેલાય **છાયા** પડછાયો **અદીઠ** નહિ દેખાતું, અદૃષ્ટ **ક્ષેત્ર** સ્થાને **સંકલ્પ** ઇરાદો, ઇચ્છા, નિશ્ચય, મનસૂબો **કેરાં** નાં **અગણિત** અસંખ્ય **કોળેલું** પાંગરેલું, ખીલેલું **અનિમિષ** આંખનો પલકારો માર્યા વિનાનું **દગ** દૃષ્ટિ, નજર, આંખ **નિહાળે** નિહાળવું, ધારીધારીને જોવું **વ્યતીત** વીતી ગયેલું, પસાર થઈ ગયેલું **આંહીં** અહીં **ફાલ** પાક **અનંત** અપાર **ઋતુ** મોસમ **સમ** સમાન **નિત્ય** રોજનું **કોલાહલ** શોરબકોરે, ઘોંઘાટે **ગુંજંત** ગણગણાટ **ઝીલું** ઝીલવું **અરવ** રવ (અવાજ) વિનાનું, શાંત **શ્રુતિ** સાંભળવું તે **તણો** કેરો **આનંદ છંદે** આનંદની લતમાં **અનુસંધાન** આગળની વસ્તુ સાથેનું જોડાણ કે તેમ આવતી વસ્તુ **રે** રહે **સદૈવ** હંમેશાં **હાવાં** હવે **ગોધૂલિ-વેળા** ગાયો ચરીને સાંજે પાછી ફરતી હોય તે સમય, સમી સાંજનો સમય **દ્રુત** ઉતાવળું, ઝડપવાળું **રવ** અવાજ **દોણી** હાંલ્લી (દૂધ, દહીં વગેરે ભરવાની) હાંડલી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સંધ્યાના રંગો કેવા દેખાય છે?

(2) કવિના કયા સંકલ્પો પૂરા થયા હતા?

(3) કવિ કોનો-કોનો મેળો જામેલો છે એમ કહે છે?

(4) ગોધૂલિ-વેળા એટલે શું?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગોધૂલિ-વેળાની કઈ ઘટના કવિને ગમે છે?

(2) કાવ્યના અંતે કવિ કઈ ઇચ્છા વ્યક્ત કરે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'મારું ઘર' શીર્ષક સમજાવો.

(2) આ સૉનેટનો વતનપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● 'મારું ઘર' વિશે દસ વાક્યો લખો.

## ભાષા-અભિવ્યક્તિ

● પ્રથમ પંક્તિમાં 'ઉગમણી ગમ' શબ્દો વપરાયા છે. તેમાં 'ઉગમણી' એટલે પૂર્વ એ તો બરાબર પણ તમે 'ગમ' શબ્દનો શો અર્થ કરશો?

● આ કાવ્યની પાંચમી પંક્તિએ પહોંચીએ ત્યારે ખ્યાલ આવશે ! કવિ પોતાના 'જૂનું ઘર' વિશે વાત કરે છે. કવિ એ અહીં શરૂઆતની ચાર પંક્તિઓ ઘરનું 'લોકેશન' બતાવવામાં ખર્ચે છે છતાં તે વ્યર્થ નથી ગઈ તેનો ખ્યાલ આવશે.

'જેની મેડીની બારી અહીં લગી નજરું ઢાળતી રે' સનેહે'

● આખી પંક્તિ કેવું મનોહર ચિત્ર આપણી સામે ખડું કરી દે છે. દૂરથી દેખાતી ઘરની બંધ બારી જાણે કવિને પ્રેમથી આવકારવા તત્પર હોય તેવું લાગે છે.

● છેલ્લી કડીમાં ગોધૂલિ-વેળા, દ્રુત દ્રુત, રવદોણી, દૂધ સેર ગતિ-રવ-મંદતાનો અહેસાસ કરાવે છે.

## શિક્ષકપ્રવૃત્તિ

● નિરંજન ભગતનું 'ઘર તમે કોને કહો છો ?' તે કાવ્ય મેળવીને વિદ્યાર્થીઓને સમજાવો.

●

# 18 અણદો

**દિલીપ રાણપુરા**

**(જન્મ : 14-11-1932, અવસાન : 16-07-2003)**

નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર દિલીપ નાગજીભાઈ રાણપુરાનો જન્મ ધંધુકામાં થયો હતો. 1950માં વર્નાક્યુલર ફાઇનલ થયા. વિવિધ સ્થળે પ્રાથમિક શિક્ષક રહ્યા, બાદ બજાણામાં પ્રાથમિક શાળાના આચાર્ય થયા.

'સૂકી ધરતી સૂકા હોઠ', 'હું આવું છું', 'હળાહળ અમી', 'આતમ વીંઝે પાંખ', 'ભીંસ', 'મધુડંખ', 'હરિયાળાં વેરાન', 'કોઈ વરદાન આપો', 'નિયતિ', 'કાન તમે સાંભળો તો', 'અમે તરસ્યાં પૂનમનાં', 'રે અમે કોમળ કોમળ', 'કૂંપળ ફૂટ્યાની વાત', 'આંસુભીનો ઉજાશ', 'મીરાંની રહી મહેક', 'પીઠે પાંગર્યો પીપળો', 'અંતરિયાળ' એમની નવલકથાઓ છે. 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ', 'પણ માંડેલી વારતાનું શું?'- વાર્તાસંગ્રહો છે. 'વાત એક માણસની' અને 'છવિ' ચરિત્ર નિબંધસંગ્રહો છે.

અણદો રેખાચિત્ર છે. રેખાચિત્રમાં વ્યક્તિની પૂર્ણ છબી નહિ, પણ તેના વ્યક્તિત્વની થોડી ઊજળી રેખાઓનું સંવેદનસભર શબ્દચિત્ર હોય છે. અહીં લેખકે અણદાનું ઉપસાવ્યું છે. નામથી જ ગંદોગોબરો લાગતા અણદાને જોતાં જ લેખકનો ભ્રમ ભાંગે છે. અણદો સ્વચ્છતાનો આગ્રહી છે. ગામના છોકરાઓ તેને ગાંડો ગણી ચીડવે છે. કુટુંબીજનોએ તેને પાગલ માની ઘર બહાર કાઢી મૂક્યો છે. અઠવાડિયે-પંદર દિવસે દેખાતો તે ગામને વાળી-ચોળીને સાફ કરે છે, કચરો વીણી ગામ સ્વચ્છ રાખે છે. પગાર કે પૈસાની તેને પડી નથી. ભૂખ લાગે તો ભીખ માગે છે. મોજમાં આવે તો મોરલી વગાડે છે. કોઈ કપડાં કે વસ્તુ આપે તો ગરીબો ને જરૂરિયાતમંદોને આપી દે છે. ઘરે ઘરે ભીખ માગતો તે મળેલા રોટલાને ભિખારીઓમાં વહેંચી દે છે. ગામના તલાટી તેને વ્યંગમાં 'દાનેશ્વરી કર્ણ' કહે છે. લેખક તેની પાસેથી ભીખ ન માગવાનું વચન લે છે ત્યારે મજૂરી કરી પૈસા કમાતો તે એ પૈસામાંથી સીંગ-ચણા-મમરા ખરીદી ભૂખ્યા લોકોને વહેંચે છે. સાવ સામાન્ય લાગતા માણસમાં રહેલી સ્વચ્છતા અને સહકારની ભાવના આપણામાં પણ વિકસે એ આ રેખાચિત્રનો પ્રધાન સૂર ગણી શકાય.

---

'અણદો આવ્યો... અણદો આવ્યો...'ની બૂમો સાંભળી મેં બારી બહાર નજર કરી, પણ શેરીમાં કોઈ દેખાતું નહોતું ને શોર તો ચાલુ જ હતો.

મારા મનમાં કુતૂહલ જાગી ગયું. આ અણદો કોણ હશે? નામ ઉપરથી કલ્પના કરીએ તો કંઈક આવું ચિત્ર તૈયાર થાય. મેલા-ઘેલા ચીંથરેહાલ, લટુરિયા વાળવાળો, ગંદો-ગોબરો, ચામડીના દર્દથી પીડાતો, કૃશકાય, ચિડાતો, ઉશ્કેરાતો, ગાળો બોલતો, જે હાથમાં આવે તેને ઉપાડતો અને ઘા કરતો, પછી તે પથ્થર હોય કે છાણ કે વિષ્ટા.

આવી કલ્પના કરતાં જ મને સૂગ ચડી. મારું મન ઉબાવા લાગ્યું. મેં ફરી બારી બહાર નજર કરી, પણ કાંઈ દેખાતું નહોતું. છોકરાઓના અવાજો ચોક્કસ દિશામાં આંગળી ચીંધતાં હું જોઈ-સાંભળી રહ્યો હતો. મેં એક છોકરો દેખાતાં પૂછ્યું : 'કોણ છે અણદો? ક્યાં છે એ?'

'પેલો બેઠો સાહેબ.'

મેં કલ્પેલો એવો એનો દીદાર નહોતો. એનાં કપડાં ફાટલાં-તૂટેલ પણ સ્વચ્છ હતાં. હજામત વધેલી હતી પણ એમાં ધૂળ નહોતી. શરીર પર મેલના થર નહોતા. મેં એ છોકરાને પૂછ્યું : 'એ શું કરે છે? જાતે કેવો છે? કયાંનો છે?'

'અહીંનો છે. ગાંડો છે. અત્યારે કચરો ભેગો કરે છે.'

'શા માટે?'

'એ તો કેમ ખબર પડે, સાહેબ? પણ જ્યારે એ ગામમાં આવે છે ત્યારે આખી રાત ગામ સાફ કરે છે. બજાર શેરીઓ વાળી નાખે છે. ગામમાં ક્યાંય કચરો ન રહેવા દે.

'તે પંચાયત એને કાંઈ પગાર આપે છે?' મેં ઇરાદાપૂર્વક આડો સવાલ પૂછ્યો.

'ગાંડાને કોણ પગાર આપે? આ તો એની ધૂન છે. બસ, સફાઈ કરવી. કોઈ ના કહે તોપણ કરવી.'

'એનાં સગાં-સંબંધીઓ એને બોલાવીને ખવરાવે ખરાં?'

'એ જાય જ નહિ ને. ભૂખ લાગે તો ભીખ માગે.'

મને નવાઈ લાગી. અણદામાં રસ પણ જાગ્યો. એને વિશે જાણવાની મારી ઉત્સુકતા વધી ગઈ. પેલો છોકરો હજુ બોલતો હતો : 'એ ગાંડો છે, પણ મોરલી સરસ વગાડે છે. એક વખત સાંભળો તો બસ, ગાંડા જ થઈ જવાય.'

હવે હું અણદાને મળવા બેચેન થઈ ઊઠ્યો.

એક દિવસ અણદો મારા ઘરના બારણે સાવરણા સાથે આવીને ઊભો રહી ગયો. મેં અજાણ્યા હોવાનો ડોળ કરતાં પૂછ્યું : 'કોણ છે તું? શું કામ છે?'

'મારું નામ અણદો. કંઈ સાફ કરાવવું હોય તો કરી દઉં.'

'તું આ સિવાય બીજો કોઈ ધંધો કરે છે?'

'ના.'

'ભીખ માગે છે?'

'હા.'

'મોરલી વગાડે છે?'

'હા.'

'તો સંભળાવ.'

'સાહેબ, અત્યારે સાથે નથી.'

'ક્યાં મૂકી છે?'

'ચબૂતરામાં..'

'કેમ?'

'છોકરા બહુ હેરાન કરે છે. કોક દી મુજ રાંકનું સાધન તોડી નાખે... ને મોટા માણસો પરાણે વગાડવાનું કહે છે.'

'તો વગાડતો હો તો... બે-પાંચ પૈસા મળે.'

'મારે શું કરવા છે પૈસાને?'

'ભીખ માગવા કરતાં મોરલી વગાડીને પૈસા મેળવીને ખાતો હો તો?'

અણદો કશું બોલ્યા વગર ચાલતો થયો. એને હું જોઈ રહ્યો. ઠંડીથી એની કાયા ધ્રૂજતી હતી. મને એકાએક વિચાર આવ્યો. મેં સવિતાને કહ્યું : 'મારું પેલું શર્ટ અણદાને આપી દીધું હોય તો?'

'આપી દો, ટાઢનો પહેરશે.'

મેં અણદાને બોલાવવા છોકરાને મોકલ્યો. તેને શર્ટ આપતાં કહ્યું : 'પહેરજે, ફાડી નાખતો નહિ.'

'સારું સાહેબ...'

બીજે અઠવાડિયે મેં અણદાને જોયો. શર્ટ પહેરેલું નહોતું. મેં પૂછ્યું : 'અણદા, પેલું શર્ટ ક્યાં ગયું?'

અણદો કશું બોલ્યો નહિ.

'વેચી માર્યું કે શું?'

'ના, વેચ્યું નથી પણ....' તે અચકાઈ ગયો. મને થયું : ચોક્કસ શર્ટ વેચી નાખ્યું હશે.

'વેચી શું નાખે? કોકને આપી દીધું હશે.' તલાટી ગોપાલદાસે કહ્યું : 'એ દાનેશ્વરી કર્ણનો અવતાર છે. ગયા શિયાળે મેં એને ધૂંસો આપેલો. દસ-બાર દિવસ પછી મેં એની પાસે ધૂંસો ન જોયો એટલે પૂછ્યું : એલા ધૂંસો ક્યાં? એ કંઈ બોલ્યો નહિ. મને શક પડ્યો. નક્કી વેચી નાખ્યો લાગે છે પણ સવારે જોયું તો નિશાળ પાસે ત્રણ નાનાં છોકરાં એ ધૂંસો ઓઢીને બેઠેલાં. પૂછ્યું તો કહે : અણદાએ આપ્યો છે. એમ તમારું શર્ટ પણ કોઈને પહેરાવી દીધું હશે.

હું અણદા સામે જોવા જાઉં ત્યાં તો તે ચાલ્યો જતો દેખાયો.

ત્યાર પછી પંદરેક દિવસે રાણપુરમાં અણદાને ભીખ માગતો જોયો. બગલમાં કપડાની એક ઝોળી ને એમાં રોટલા. મેં પૂછ્યું : 'અણદા, આટલા બધા રોટલાનું તું શું કરીશ? નાહક અનાજનો બગાડ શા માટે કરે છે? તારા પેટ પૂરતું જ માગતો હો તો...'

અણદો જવાબ આપ્યા વગર ચાલ્યો ગયો.

સાંજે સ્ટેશન જતો હતો ત્યારે પચ્ચીસ-ત્રીસ ભિખારીઓના ટોળા વચ્ચે અણદો ફરતો દેખાયો. ઝોળીમાંથી રોટલા કાઢીને વહેંચતો હતો. બધાય રોટલા ખાવા લાગ્યા ત્યારે અણદો ઝોળીમાંથી મોરલી કાઢીને વગાડવા લાગ્યો.

અણદો મને સમજાતો નહોતો. ગામલોકોને મન એ ગાંડો હતો. કુટુંબીઓએ એને ગાંડો ગણીને કાઢી મૂક્યો હતો. છોકરાઓ એની પાછળ ધૂળ ઉડાડતા, કાંકરા મારતા, બૂમો પાડતા, ગાળો દેતા પણ અણદો કદી ચિડાતો નહિ. એ જે ગામમાં જતો એ ગામની સફાઈ દિલપૂર્વક કરતો, પણ બદલામાં કશું માગતો નહિ.

અણદો મારા માટે કોયડો હતો.

અચાનક એક વખત અણદો ટ્રેનમાં મળી ગયો. ત્યાં પણ એનું સાફસૂફીનું કામ ચાલતું હતું. અણદો મને ઓળખી ગયો. મેં એને મારી પાસે બેસાડ્યો. કહ્યું :

'તું ભીખ ન માગે તો?'

'તો શું કરું?'

'મહેનત કર. મહેનત કરી શકે એવું તારું શરીર છે. એય ન કરો તો મોરલી વગાડવાનો તારો કસબ છે. તેમાંથી તું તારા પેટ પૂરતા પૈસા કમાઈ શકે. તારે ભીખ ન માગવી પડે.'

અણદો મૂંઝવણમાં પડી ગયો.

'અણદા, મને વચન આપે કે તું કદી ભીખ નહિ માગે....' મેં કહ્યું.

'નહિ માગું સાહેબ...' અણદો આવેશમાં બોલી ગયો. પછી થોડી વારે અટકીને બોલ્યો : 'પણ સાહેબ...'

'શું પણ?'

'સાહેબ, બીજા માટે ભીખ ન માગું? કોઈ દીનદુખિયા, રોગિયા-દોગિયા, ભૂખ્યા, તરસ્યા, નાગાપૂગા માટેય નહિ?'

'ના. તું વધુ મહેનત કર, તારી જાત ઘસી નાખ, પણ ભીખ ન માગ. બીજાને દીનદુખિયાને મહેનત કરતાં શીખવ.'

તે મૌન હતો. રાણપુર આવતાં તે ઊતરી ગયો.

ત્યાર પછી એકાદ મહિને ધંધુકાના એસ.ટી. સ્ટૅન્ડે અને ગામમાં મજૂરી કરતો મેં તેને જોયો. મજૂરી કરતાં સમય મળ્યે તે સફાઈનું કામ કરતો. રાતના થાક્યો પાક્યો મોરલીના સૂરમાં લીન થઈને આત્માનંદ મેળવે છે છે. મજૂરીના પૈસામાંથી એ પોતાના પેટ પૂરતું ખાય છે. વધેલા પૈસામાંથી સીંગ-ચણા-મમરા લઈને સાધુ-ભિખારીઓને વહેંચે છે.

છેલ્લાં તેર વર્ષથી અણદાને જોયો નથી. ક્યાંય મળે તો....

('વાત એક માણસની'માંથી)

## શબ્દ-સમજૂતી

**વિષ્ટા** મળ **દીદાર** ચહેરો, સ્વરૂપ **ધૂન** લગની, તાન **ઉત્સુક્તા** આતુરતા, અધીરતા **ડોળ કરવો** ઢોંગ કરવો **રાંક** ગરીબ **ધૂંસો** જાડો કમળો **કસબ** હુન્નર, કળા, કારીગરી **લીન થઈ જવું** તલ્લીન-એકાકાર થઈ જવું **આત્માનંદ** આત્માનો આનંદ

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) અણદા પાસે શો કસબ હતો?

(2) અણદો પોતાનું વાદ્ય ચબૂતરામાં શા માટે મૂકી દેતો?

(3) લેખકે કલ્પેલું અણદાનું માનસિક ચિત્ર કેવું હતું?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) અણદાના વાસ્તવિક દેખાવનું વર્ણન કરો.

(2) અણદા વિશેની લેખકની જિજ્ઞાસા શાથી વધી ગઈ?

(3) અણદો દાનેશ્વરી હતો તેમ શાથી કહી શકાય?

(4) લેખકે અણદા પાસે કયું વચન માગ્યું હતું? શા માટે?

(5) અણદાએ લેખકને આપેલું વચન શી રીતે પાળ્યું?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) અણદો લેખક માટે કોયડા સમાન હતો તેમ શાથી કહી શકાય?

(2) અણદાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો અથવા અણદાની વિવિધ વિશેષતાઓ જણાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- તમારી શાળા, શેરી કે ગ્રામ સફાઈનું આયોજન કરો.
- અણદો ખરેખર ગાંડો છે કે તેને આપણે ગાંડો ગણીએ છીએ? **10-15** લીટીમાં આ વિધાન વિશે તમારી નોટબુકમાં લખો.
- તમારા ગામ-વિસ્તારમાં જોવા મળતાં અણદા જેવાં પાત્રોનું મૌનભાવે પાત્રનિરૂપણ કરો.
- 'પુરુષાર્થ એ જ પારસમણિ' વિશે નાનકડો નિબંધ લખો.
- ગરીબ કે ભિક્ષુક લોકોને મદદરૂપ બનો.

## ભાષા-અભિવ્યક્તિ

પાઠમાં મુકાયેલો આ સંવાદ ધ્યાનથી વાંચો.

● મેં સવિતાને કહ્યું : 'મારું પેલું શર્ટ અણદાને આપી દીધું હોય તો?'

'આપી દો. ટાઢનો પહેરશે.'

● મેં અણદાને બોલાવવા છોકરાને મોકલ્યો. તેને શર્ટ આપતાં કહ્યું : 'પહેરજે, ફાડી નાખતો નહિ.'
'સારું સાહેબ....'

બીજે અઠવાડિયે મેં અણદાને જોયો. શર્ટ પહેરેલું નહોતું.

મેં પૂછ્યું : 'અણદા, પેલું શર્ટ ક્યાં ગયું?'

અણદો કશું બોલ્યો નહિ.

'વેચી માર્યું કે શું?'

'ના, વેચ્યું નથી પણ...' તે અચકાઈ ગયો.

- આ સંવાદમાં મુકાયેલાં વિરામચિહ્નો નોંધો.

● અલ્પવિરામ, પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન, ગુરુવિરામ, અવતરણચિહ્ન, ટપકાંચિહ્ન - આટલાં વિરામચિહ્નો અહીં વપરાયાં છે. તેનો અભ્યાસ કરો. તમે જોશો કે જે વાક્યો કોઈ પણ વ્યક્તિના ઉદ્ગારો છે તેને જ અવતરણ ચિહ્નોમાં મુકાય છે પણ લેખકના સામાન્ય બોલાયેલાં વાક્યોને અવતરણ ચિહ્નોમાં મુકાતાં નથી.

● હવે જે વાક્યો અવતરણચિહ્નોમાં નથી મુકાયાં તે વાક્યો કયાં છે? અવતરણચિહ્નોમાં મુકાયેલાં વાક્યો કયાં છે? અભ્યાસ કરવાથી તમારી ચોકસાઈ અને લેખનદૃષ્ટિનો વિકાસ થશે.

## શિક્ષકપ્રવૃત્તિ

● ભિક્ષુકની આત્મકથા લખાવડાવો.

● માણસ હોય છે કંઈ ને લોકો તેને સમજે છે કંઈ - અણદાના પાત્ર આધારે આ ઉક્તિનું વિવરણ કરો.

● પોતાની આસપાસ જોવા મળતા કોઈ ગરીબ કે ભિક્ષુક અથવા મજૂરની દિનચર્યાનું અવલોકન નોંધવા કહો.

● અભાવમાં પણ કંઈ મળે તો તે વધુ જરૂરિયાતમંદને આપી દેવું એ સૂર અણદાને સુપર હીરો બનાવે છે - હા/ ના. શા માટે? આવા પ્રશ્નોની ચર્ચા કરો.

●

# 19 રસ્તા વસંતના

**મનોજ ખંડેરિયા**
**(જન્મ : 6-7-1943, અવસાન : 27-10-2003)**

કવિ મનોજ વ્રજલાલ ખંડેરિયાનો જન્મ જૂનાગઢમાં થયો હતો. શિક્ષણ બહાઉદ્દીન કૉલેજ જૂનાગઢમાં. બી.એસસી., એલએલ.બી. કરી વકીલાતનો વ્યવસાય. આધુનિક કવિતાના ભાગરૂપે આવેલી નવી ગઝલના કેટલાક પુરસ્કર્તા કવિઓમાં એમનું સ્થાન માનભર્યું છે. નાજુક અભિવ્યક્તિ અને પ્રયોગમુખર બન્યા વગરનું ભાષાકર્મ એમની ગઝલોનો વિશેષ છે. સૌરાષ્ટ્ર અને ખાસ તો જૂનાગઢના અધ્યાસોનો વિનિયોગ પણ એમની ગઝલોમાં વિશિષ્ટ બન્યો છે. 'અચાનક', 'અટકળ', અને 'હસ્તપ્રત' એમના કાવ્યસંગ્રહો છે. તેમણે ગીત, ગઝલ અને અછાંદસ રચનાઓ આપી છે. એમણે અંજનીગીતના પ્રયોગો પણ કર્યા છે. એમને ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક મળેલ છે.

આ ગઝલમાં કવિના પ્રકૃતિપ્રેમનો સરસ પરિચય મળે છે. પ્રકૃતિવર્ણનની સમાંતરે યુવાહૈયાની સંવેદન પણ રજૂ થઈ છે. મ્હોરેલી વૃક્ષની ડાળીઓ, ફૂલો, આમ્રમંજરી વગેરે ઉલ્લેખ દ્વારા પ્રાકૃતિક પરિવેશ અને તે નિમિત્તે પ્રગટતાં માનવહૃદયનાં સૂક્ષ્મ સંચલનો-સંવેદનો અહીં કાવ્યરૂપ પામ્યાં છે. વૃક્ષોની વાંકીચૂકી ડાળોને વસંત ઋતુના રસ્તાઓ તરીકે અને ખીલેલાં ફૂલોને વસંતનાં પગલાં રૂપે કલ્પે છે.

---

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કંઈ નથી - પગલાં વસંતનાં.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ રસ્તા વસંતના.

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.

ઊગી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.

ફાંટું ભરીને સોનું સૂરજનું ભરું હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

### શબ્દ-સમજૂતી

**વસંત** ચૈત્ર-વૈશાખ માસની ઋતુ, ઋતુરાજ **મલયાનિલો** મલય પર્વતમાંથી આવતા શીતળ ને સુગંધીદાર પવન **નકશા** જગા કે પ્રદેશના માપસર આલેખ **ચમન** બાગ, આનંદ, મોજમજા **ફાંટા પડવા** ફંટાવું, શાખ કે ભાગ થવા **મંજરી** મોર, ફૂલની કળીઓનું ઝૂમખું - ડાળખી, કૂંપળ **મોર્યા** (અહીં) ઊગ્યા **હૈયે** હૃદયે **ફાંટું** (અહીં) પોટકું, પોટલી **સોનું સૂરજનું** સૂર્યનો સોના જેવા પીળા રંગનો પ્રકાશ કે તડકો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) પ્રત્યેક ડાળ કવિને કેવી લાગે છે?

(2) ફૂલોની સરખામણી કવિએ કોની સાથે કરી છે?

(3) ઈશ્વર શાના વડે વસંતનો નકશો કંડારે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) વસંતના બે ફાંટા પડી ગયા એમ કવિ શાથી કહે છે?

(2) આ ગઝલમાં રજૂ થયેલા ઉત્પ્રેક્ષા અલંકારનાં ઉદાહરણો લખો.

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ કાવ્યમાં રજૂ થયેલું વસંતઋતુનું સૌંદર્ય તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● આ ગઝલનું સમૂહગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યમાં વપરાયેલા 'કૈ', 'લૈ' શબ્દો કઈ, લઈનાં રૂપો છે. આ શબ્દોના ઉચ્ચારણ વખતે પ્રગટતો ધ્વનિનાદ કાવ્યના નાદવૈભવમાં વધારો કરે છે.

'ફાંટું ભરીને સોનું સૂરજનું ભરું હવે,'

● પહેલી દૃષ્ટિએ 'ફાંટું' (ફાંટનું બહુવચન ફાંટું) ભરીને એટલે ગાંસડી ભરીને, અર્થાત્ અઢળક,

'સૂરજનું સોનું'

● વાસંતી તડકાનો રંગ સોના જેવો હોવાથી - કવિ તડકા-પીળા તડકાની ફાંટું બાંધવાની વાત કરીને એક પ્રકારના સૌંદર્યનો બોધ કરાવે છે.

## શિક્ષકપ્રવૃત્તિ

● અલબેલી વસંત અથવા વસંતનો વૈભવ વિષય પર નિબંધ લખાવો.

● વસંત વનમાં અને જનમાં કાવ્ય આધારે લેખન કરો.

●

# 20 દિલાવરી

**રાઘવજી માધડ**

**(જન્મ : 1-6-1961)**

રાઘવજી દાનાભાઈ માધડનો જન્મ અમરેલી જિલ્લાના દેવળિયા ગામે થયો. એમ.એ., પીએચ.ડી., સુધીની પદવી પ્રાપ્ત કરી છે. નવલિકા, નવલકથા, નાટક તેમજ લોકસાહિત્યક્ષેત્રે તેમનું પ્રદાન મૂલ્યવાન રહ્યું છે. 'ઝાલર', 'અમરફળ', 'જળતીર્થ', 'કૂખ', 'લોકવાણી', 'બે શબદની વાત...' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. સાહિત્યની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન-પારિતોષિક પ્રાપ્ત થયાં છે. શિક્ષણક્ષેત્રે અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક નિર્માણ તેમજ પ્રશિક્ષણ-સંશોધનક્ષેત્રે રાજ્ય તેમજ રાજ્ય બહાર તેમણે મહત્ત્વનું કાર્ય કર્યું છે. 'મારી શિક્ષણગાથા', તેમજ 'વર્ગ એ જ સ્વર્ગ' એમનાં શિક્ષણ વિશેનાં પુસ્તકો છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી) ગાંધીનગરમાં સેવારત છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા એમનું પુસ્તક 'લોકવારતાની લ્હાણ' પ્રગટ થયું છે, એમાંથી આ લોકકથા લીધી છે.

કાઠિયાવાડ પંથકના સાવ નાનકડા ગામમાંથી, એક રાજવી-દરબાર પસાર થાય છે. ગામ પોતાના જાણીતા કવિરાજનું હોવાથી તેમને યાદ કરે છે. કવિરાજ ગામના પાદરમાં આવે છે અને દરબારને આગ્રહ કરી પોતાના ઘરે લઈ જાય છે. એકબીજાના ખબર-અંતર પૂછે છે. વરસ નબળું હોવાથી ખાસ અનાજ પાક્યું નથી એવું દરબાર જાણી લે છે. પછી પોતાના રાજમાં જઈ કવિરાજ માટે અનાજનાં ગાડાં મોકલાવે છે. કવિરાજ એકાએક આવેલા રાજનાં ગાડાં જોઈ વિચારમાં પડી જાય છે. દરબારે પોતાને લાલચુ તો નહિ સમજ્યો હોય ને? એને લાગી એવું આવે છે પણ પછી થાય છે કે દરબારની ઉદારતાને લીધે અનાજ મોકલ્યું હશે. આ કથામાં તળપદ પરિવેશ, રીત-રિવાજ, લોકબોલીનો વિનિયોગ અને નિહિત મૂલ્ય-સંસ્કારની એક વિસરાયેલી સંસ્કૃતિ જાણે સજીવન થાય છે.

---

સૂરજ આથમવાની તૈયારીમાં છે. ખુલ્લા આભમાં કેસરી રંગના દીવડા ઝળહળવા લાગ્યા છે. સલૂણી સાંજ નવોઢા નારીની જેમ ધીમે ધીમે પગલાં ભરતી જાણે ચકલીના માળા જેવા ગામમાં ગૃહપ્રવેશ કરી રહી છે. આભ વીંઝતાં પંખીડાં પણ માળા ભણી પ્રયાણ કરી રહ્યાં છે. ગામનું મહેનતું મનેખ ઢોર-ઢાંખર સાથે ગામ ભણી આવી રહ્યું છે. વહેલી પરોઢથી ઉલેચાઈ ગયેલું ગામ પાછું સભર થવા લાગ્યું છે.

આવી અહુરી વેળાએ, કાઠિયાવાડ તાબેના નાનકડા એવા સનાળી ગામના પાદરમાંથી એક ઘોડાગાડી પસાર થઈ રહી છે. કોઈ ગામ આવ્યાનો અણસાર આવતા, અંદર બેઠેલા દરબારે હળવો ખોંખારો ખાધો. તે સાથે જ ચાલકે લગામ ખેંચી... ને તેજીલા તોખાર હણહણાટી કરતા ઊભા રહી ગયા હતા. ત્યાં દરબારનો રૂઆબદાર અવાજ પ્રગટ્યો : 'ભાઈ! કયું ગામ આવ્યું!'

'બાપુ!' ઘોડાગાડીના ચાલકે ઉત્તરમાં કહ્યું : ' આપડું સનાળી ગામ છે!'

'હે...! સનાળી ગામ... તો તો કવિરાજ ગગુભાનું ગામ!'

'હા, બાપુ....' ચાલકે વાતમાં સાક્ષી પુરાવતાં કહ્યું : 'છે તો ગગુભાનું ગામ.'

'તો પછી કવિરાજને ખબર દેવડાવો....' આમ કહેતાં દરબાર ઘોડાગાડીમાંથી બહાર આવ્યા. પોતાના દરબારી લેબાશને જરી ઠીકઠાક કર્યો. પછી સ્વગત બોલતા હોય એમ બોલ્યા : 'કાલ સવારે ગગુભાનો મીઠો ઠપકો સાંભળવો પડે - પાદરમાંથી નીકળ્યા તોય મને યાદ ના કર્યો!?'

'હા બાપુ, હમણાં કો'ક હારે હંદેહો કે'વડાવું છું....' ચાલક આમ કહી કોઈ જણને શોધતો ઊભો રહ્યો.

હડાળા આમ તો ફૂલડા જેવું નાનું રૂપાળું રજવાડું પણ તેની સુગંધ ચોમેર પ્રસરી ગયેલી. ખાસ તો દરબારી ગઢમાં કસુંબલ ડાયરો ભરાય. તેમાં સત, ધરમ ને સાહિત્યની મંડાણ મંડાય. દરબારની સારપ ને મોટપ માથે આ છોગું હતું. તેથી સુવાસ પ્રસરેલી. આ ડાયરામાં લીલા શાખના ચારણ કવિ ગગુભા ને સામે સમંદર સમા દરબાર વાજસુર વાળાની પણ બેઠકો થાય. ક્યારેક મોંઘેરા મહેમાન એવા કલાના સાગર 'કલાપી'નાં પણ પગલાં થાય.

હડાળા રાજના ત્રીજા રાજવી એવા રામવાળા મૂળુ વાળાને ત્યાં પણ ગગુભા આવે... તેમની મનભરી

મહેમાનગતિ માણે. ગગુભા ક્યારેક દરબારને મીઠી ને આગ્રહભરી વિનંતી કરે : 'બાપુ, અમે તો આંયા, પેટમાં ટાઢક વળે એવી મેં'માનગતિ લ્હાવો લઈ છીએ પણ આપ તો અમ ગરીબની ઝૂંપડીએ પધારો! પછી કહે : 'અમારું આગણું પાવન કરો!'

'ભલે કવિરાજ...! તમારો આગ્રહ છે પણ અન્નજળ હશે તો ક્યારેક આવી જવાશે!' દરબાર આમ મીઠી વિનંતીનો આશાભર્યો ઉત્તર આપે. આમ વખતોવખત ચાલે... પણ આજે ખરેખરનો મોકો મળી ગયો.

આ બાજુ કવિરાજ ગગુભાને સંદેશો મળ્યો કે, દરબારસાહેબ ગામના પાદરમાં પધાર્યા છે. વાત સાંભળતાં તો ગગુભાએ ભાવવિભોર થઈ ઉઘાડા પગે દોટ દીધી : 'હેં...! બાપુ રામ વાળા પાદરમાં ઊભા છે!'

ગામડાંના ઉબડખાબડ રસ્તાને ઝાંખુંપાંખું અજવાળું વીંધતા કવિરાજ ઉતાવળા પગે ગામના પાદરમાં આવ્યા ને અંતરના અઢળક ઉમળકાથી આવકારતા દરબારને કહ્યું : 'પધારો... પધારો... મારા અન્નદાતા.... આજ ચકલીના માળે ગરુડ પધાર્યા... અમારું આંગણું પાવન કરો!'

દરબાર કવિરાજના ઉમળકાને હૃદયના કરંડિયામાં શ્વાસથી ભરી રહ્યા હતા.

'બાપુ! આપ આમ પધાર્યા ને જાણે સોનાનો સૂરજ ઊગ્યો...!' કવિરાજ ગગુભાના સ્વરમાંથી જાણે નરવી ને ગરવી લાગણીની સરવાણી ફૂટવા લાગી.

ગામનું પાદર, ઝાંખુંપાંખું અજવાળું ને તેમાં આવા મબલક મેળા જેવાં મનેખની મીઠી ગોઠડી સાંભળવા વટેમાર્ગુ પણ ઊભા રહી ગયાં હતા અને સાંજ તો જાણે આગળ વધવાનું ભૂલી ગઈ હતી!

'કવિરાજ! દરબારે કહ્યું : આપની લાગણીને હું સમજું છું. મને પણ આપને ત્યાં આવવાની તાલાવેલી છે પણ મોડું થઈ ગયું છે.. રોકાવાય એમ નથી.'

ગગુભા હાથ જોડી એમ ઊભા રહ્યા.

'આ તો અહીં નીકળ્યા તે થયું કે ગગુભાને મળતા જઈ!'

'આપ રાજવીએ મને ગરીબને આમ યાદ કર્યો તે ધન્ય ભાગ્ય... મારાં.' હર્ષાવેશમાં ગગુભાનો સ્વર ક્ષીણ થવા લાગ્યો હતો : 'પણ આજ રાતની રેણ રોકાવ તો ઘર જ નહિ, આખું ગામ રાજી થાશે!'

'આગ્રહ છે તો ચા-પાણી પીવડાવી દ્યો બસ...'

દરબાર ગગુભા ઘરે આવ્યા. ચા-પાણી પીધાં. એકબીજાના પરિવારના ખબરઅંતર પૂછ્યા. પછી દરબારે હળવેકથી પૂછ્યું: 'કવિરાજ! ઓણ સાલ અનાજ-પાણીનું કેવું છે!?'

ઓણ સાલ વરસાદ મન મૂકીને વરસ્યો નહોતો. નબળા ચોમાસાના લીધે ખેતરમાંથી ખાસ કાંઈ નીપજ્યું નહોતું. જેથી ગગુભાએ સાવ નબળો જવાબ આપતાં કહ્યું : 'છે નંઈ જેવા...'

દરબાર જવાબ સાંભળી પળભર વિચારતા થઈ ગયા. પછી થોડીવાર આડાઅવળી વાતો ચાલી. 'મોડું થયું છે...' આમ કહી દરબાર રવાના થયા. પણ તેઓના મનમાં એક વાત ઘર કરી ગઈ હતી. કવિરાજ ગગુભાએ જ્યારે કહ્યું કે, ચકલીના માળે ગરુડ પધાર્યા....! તેનો અર્થ એ નહિ થતો હોય ને, 'પણ ચકલી ચણ વગરની છે!?' આ સંશયનો રવૈયો દરબારના મનમાં ફરવા લાગ્યો. અંતરમનને કોરવા લાગ્યો. પોતાને ગરુડની ઉપમા આપી અને કવિરાજ ખુદ ચકલી સમાન રહ્યા...

દરબાર હડાળા આવ્યા. મોડેથી વાળુ-પાણી કરી, ઢોલિયે પોઢ્યા. પણ ઊંઘ આવી નહિ. પડખાં ઘસતા રહ્યા. રહીરહીને આ એક વાત મનમાં ઘમ્મરવલોણાની જેમ ઘૂમ્યા કરતી હતી.

'કવિરાજે ચકલી અને ગરુડની ઉપમા આપી ક્યાંક મરમમાં સંભળાવી તો નહિ દીધું હોય ને!?'

'એમ જ... નહિતર કવિરાજ બોલે શું કરવા!?' દરબારના દિલમાં રેણ થઈ ગઈ, પાકું થઈ ગયું.

સવારમાં દિ' ઊગતાંની સાથે જ દરબારે હુકમ કર્યો : 'ખારી ગામનો જે વજે, સનાળી ગામે મોકલી દ્યો.'

ખારી ગામેથી આવેલા અનાજનાં ગાડાં જે બગસરા ગામે મોકલવાના હતા પણ દરબારનો હુકમ થતાં સનાળી ગામ માટે સાબદાં કરાયા. સાથે કામદારે પસાયતા ભેળી એક ચિઠ્ઠી પણ લખી દીધી.

હાથમાં લ્યો તો મુઠ્ઠી ફાટી જાય એવા ફળદ્રુપ અનાજભરેલાં ગાડાં જ્યારે ખોબા જેવડા સનાળી ગામના પાદરમાં ઊભા રહ્યા ત્યારે ગામલોકોને નવાઈ લાગી.

ગગુભાને તેમના ઘરેથી બોલાવ્યા. રાજનું તેડું જાણી, ઉતાવળા પગે આવ્યા.

'લ્યો, ગગુભા! બાપુએ ચકલાં માટે ચણ મોકલાવી છે તો સંભાળી લ્યો!' આમ કહી પસાયતે ગર્વિત નજરે ગગુભા સામે જોયું. પછી આગળ કહ્યું : 'ને બાપુએ કીધું છે કે, દાદો સૂરજ નારાયણ ભરે છે તો સાંભળી લ્યો...'

દરબારનું આવું કહેણ અને ચિઠ્ઠીના શબ્દો ગગુભાને વસમા લાગ્યા. સમસમીને ઊભા રહ્યા.

'બાપુએ મને લાલચુ તો નહિ જાણ્યો હોય ને!' ગગુભા મનોમન ભાંગજડ કરવા લાગ્યા : 'બાપુ! મેં તો અમથું જ કીધું' તું કે... ચકલીના માળે પધારો... આપની મોટપ ખાતર આવી ઉપમા દીધી'તી...' પછી થોડા ઓશિયાળા થઈ સ્વગત કહે : 'પણ આપ તો મને ખરેખર ચકલી સમજી બેઠા!!'

ગગુભાના ગર્વિલા મોં પર ક્ષોભનું લીંપણ લીંપાઈ ગયું.

'- કે પછી મેં અનાજની નબળી વાત કરી એટલે...' પછી જાણે સામેથી અવાજ આવ્યો : 'એટલે જ અનાજ મોકલ્યું હોય... બાપુએ!'

ગગુભાના હૈયામાંથી ઉદ્‌ગાર ઊઠ્યાઃ 'વાહ અમારા અન્નદાતા, વાહ આપની દિલાવરી...!'

### શબ્દ-સમજૂતી

**મનેખ** માણસ, લોક **અહુરી વેળા** સાંજવેળા **તોખાર** ઘોડા **લેબાશ** પહેરવેશ **હંદેહો** સંદેશો **શાખ** અટક **આંયા** અહીં વટેમાર્ગુ-મુસાફર **રાતની રેણ** રાતવાસો **ઓણ સાલ** આ વરસે **જે વજે** ગણોત, મહેસૂલના સ્વરૂપે ખેડૂત પાસેથી લેવાતું અનાજ **પસાયતા ભેળી** સિપાઈની સાથે **ભાંગજડ** ભાંજગડ

### રૂઢિપ્રયોગ

**પેટમાં ટાઢક વળવી** નિરાંત કે શાંતિ થવી **ચકલીના માળે ગરુડ પધારવાં** નાની વ્યક્તિને ઘેર મોટી વ્યક્તિનું આવવું **સોનાનો સૂરજ ઊગવો** સારાંવાનાં થવાં

### સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઘોડાગાડી ક્યાંથી પસાર થઈ રહી હતી ?

(2) સનાળી ગામ કોના નામથી જાણીતું હતું ?

(3) ગગુભા દરબારને શી વિનંતી કરતા ?

(4) 'ચકલીના માળે ગરુડ પધાર્યા' એમ ગગુભાએ કોને કહ્યું ?

(5) દરબારના મનમાં કઈ વાત ઘૂમ્યા કરતી હતી ?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે સલૂણી સાંજને કોની સાથે સરખાવી છે ? શા માટે ?

(2) ઘોડાગાડીમાંથી બહાર આવી દરબાર મનોમન શું બોલ્યા ? શા માટે ?

(3) ગગુભાના મોં પર ક્ષોભનું લીંપણ શાથી લીંપાઈ ગયું ?

**3. પાત્રલેખન કરો :**

(1) કવિરાજ ગગુભા

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

● અન્ય લોકકથાઓ શોધી તેમાંથી રૂઢિપ્રયોગો અને કહેવતો શોધવી.

## ભાષા-અભિવ્યક્તિ

● સૂરજ આથમવાની વેળાનું, લોકકથામાંનું, દૃશ્ય વાંચો - જુઓ. ''સૂરજ આથમવાની તૈયારીમાં છે. ખુલ્લા આભમાં કેસરી રંગના દીવડા ઝળહળવા લાગ્યા છે. સલૂણી સાંજ નવોઢા નારીની જેમ ધીમેધીમે પગલાં ભરતી જાણે ચકલીના માળા જેવા ગામમાં ગૃહપ્રવેશ કરી રહી છે. આભ વીંઝતાં પંખીડાં પણ માળા ભણી પ્રયાણ કરી રહ્યાં છે. ગામનું મહેનતું મનેખ ઢોર-ઢાંખર સાથે ગામ ભણી આવી રહ્યું છે. વહેલી પરોઢથી ઉલેચાઈ ગયેલું ગામ પાછું સભર થવા લાગ્યું છે.''

● આથમતાં સૂરજની ગામના લોકજીવન ઉપર થતી અસરને વર્ણવવા લેખકે ભાષા દ્વારા જે પ્રયુક્તિઓ રચી છે તેને સમજાવવાની ભાગ્યે જ જરૂર છે ! ખુલ્લું આભ... કેસરી રંગના દીવા... નવોઢા... ચકલીના માળા જેવું ગામ... લોકો....

● તમે આથમવા સૂરજ વિશે તમારા શબ્દોમાં લખવાનો પ્રયત્ન કરો.

## શિક્ષકપ્રવૃત્તિ

● જુદા જુદા લેખકોની, ગુજરાતની ભિન્નભિન્ન બોલીઓમાં લખાયેલી લોકકથાઓ વિદ્યાર્થીઓને મેળવી આપીને વંચાવવી.

● ટીવી કે અન્ય માધ્યમો દ્વારા લોકકથા-ડાયરા વિશે વિદ્યાર્થીઓને જોવા-માણવા પ્રેરણા આપવી.

● એકાદ લોકકલાકાર કે લોકકથા કે વાર્તા કહેનારની મુલાકાત ગોઠવવી.

●

# એકમ-5 રૂઢિપ્રયોગ, કહેવતો અને અનુવાદ

**રૂઢિપ્રયોગો :**

આપણે સહુ જાણીએ છીએ કે દરેક શબ્દને પોતાનો ઓછામાં ઓછો એક અર્થ હોય છે. આ અર્થ રૂઢિ-પરંપરાથી જ નક્કી થયેલો હોય છે, તેને આપણે કોશગત અર્થ પણ કહીએ છીએ. જેમ કે, 'પીવું' શબ્દનો અર્થ 'મોઢામાં કોઈ પ્રવાહી લઈ તેને પેટમાં પહોંચાડવાની ઘટના' એવો થાય.

દા.ત., પાણી પીવું, દવા પીવી, રસ પીવો, દૂધ પીવું વગેરે. આ રીતે 'પીવું' ક્રિયાપદનો વિવિધ પ્રવાહી સાથે કેવી રીતે ઉપયોગ કરવો તે આપણે જાણીએ છીએ.

આ ઉદાહરણો જુઓ :

(1) વનિતા ક્યારની પતંગ માટે મારું લોહી પીએ છે.

(2) ગામલોકોએ એકઠા થઈને ચોરને ભૂ પાઈ દીધું.

આ બંને વાક્યોમાં લોહી પીવાની અને ભૂ પાઈ દેવાની વાત છે, પણ ઉપર 'પીવું' ક્રિયાપદનો અર્થ આપણે જેવો સમજ્યા તે અર્થમાં આ પ્રયોગ છે?

ના, અહીં વનિતા કજિયો કરે છે, કનડે છે એ અર્થમાં 'લોહી પીવું' શબ્દપ્રયોગ થયો છે. જ્યારે ચોરને શક્તિહીન બનાવી દેવાની ઘટના માટે 'ભૂ પાવું' પ્રયોગ થયો છે.

આ રીતે કોશગત અર્થથી જુદો પડતો વિશિષ્ટ અને લાક્ષણિક અર્થ લેવાની રીત એટલે જ રૂઢિપ્રયોગ. ધીરે ધીરે આવો અર્થ વ્યાપક બની, રૂઢ થતો જાય છે.

દરેક સમાજ પાસે અને દરેક પ્રદેશને પોત-પોતાના વિશિષ્ટ રૂઢિપ્રયોગો પણ હોય છે. કોઈ વાતને સરળ શબ્દોમાં રજૂ કરવાને બદલે રૂઢિપ્રયોગ દ્વારા રજૂ કરવામાં આવે તો અભિવ્યક્તિ વધુ અસરકારક અને પ્રભાવી બને છે. આવો પ્રયોગ કરનાર અને સાંભળનાર બંને તરફ આનંદ પ્રગટે છે. વળી, બહુ જ ઓછા શબ્દોમાં ઘણું બધું કહી દેવાય છે.

વળી, ભણેલાં કે અભણ કોઈ પણ લોકો સામાન્ય વાત-વ્યવહારમાં તેને પ્રયોજી શકે તેટલાં તે સાહજિક બની ગયા છે.

પોતાના સમાજની રહેણી-કરણી, આચાર-વિચાર, માન્યતાઓ, રીત-રિવાજ, સામાજિક વ્યવહારો તથા રોજબરોજની ઘટનાઓ રૂઢિપ્રયોગ દ્વારા પ્રતિબિંબિત થાય છે.

**રૂઢિપ્રયોગોના થોડા નમૂનાઓ જાઈએ :**

(1) ઘેર ઘેર માટીના ચૂલા હોવા : બધી જગ્યાએ આચાર-વિચાર લગભગ સમાન હોવા.
**વાક્યપ્રયોગ :** અરે ભાઈ, એમાં કશું નવું નથી, ઘેર ઘેર માટીના ચૂલા છે.

(2) આંટી ઉકલવી : મુશ્કેલી કે મૂંઝવણ દૂર થવી.
**વાક્યપ્રયોગ :** ઘણા સમયથી હું વિચાર કરતો હતો, આજે મારા મનની આંટી ઉકલી.

(3) કપાળ કાણું હોવુંઃ કમનસીબ- બદનસીબ હોવું.
**વાક્યપ્રયોગ :** શું થયું એના ઘરે ચોરી થઈ? એનું કપાળ જ કાણું છે.

(4) ગાંઠ પડી જવી : મનમાં પૂર્વગ્રહ બંધાઈ જવો.
**વાક્યપ્રયોગ :** આમ તો તેઓ સાથે જ રહેતા, પણ કોણ જાણે હવે કંઈક ગાંઠ પડી ગઈ છે.

(5) પોથીમાંનાં રીંગણાં : સિદ્ધાંતવિહોણી વાત, કોરો ઉપદેશ - આચાર નહિ.

**વાક્યપ્રયોગ :** ભલે એમની પાસે પૈસો ખરો, પણ વાતો બધી પોથીમાંનાં રીંગણાં.

(6) સૂરજ તપતો હોવો : ચડતી દશા હોવી

**વાક્યપ્રયોગ :** આજે ભલે તેને કોઈ ન સાંભળે, પણ એક દિ' તેનો સૂરજ તપતો હતો.

## સ્વાધ્યાય

**1. નીચેનાં વાક્યોમાંથી રૂઢિપ્રયોગ ઓળખાવી તેનો અર્થ લખો :**

(1) કુંતીના પુત્રોના જીવ ત્રાજવે તોળાઈ રહ્યા છે.

(2) આ બુઢ્ઢા આદમીના પ્રાણને એણે સ્નેહનો ઝૂલે ઝુલાવ્યો છે.

(3) તેઓ પાણીના મૂલે જમીનને વેચી દે છે.

(4) છોકરાને ભાઈબાપા કરીને તેમણે ભણવા શહેરમાં મૂક્યો.

(5) પહેલાં બંને મિત્રો હતા, પણ હવે તેમને બારમો ચંદ્રમા છે.

(6) હે ભગવાન! મારું નાક ન કપાય તેનું ધ્યાન રાખજો.

(7) બે પૈસા પાસે હોય એટલે ઢોલકી બજાવવાવાળાની કયાં તાણ છે?

(8) ઘડીના છઠ્ઠા ભાગમાં તો આખુંયે ખેતર પાણી પાણી થઈ ગયું.

(9) અરે આ જમીન ચોખ્ખી કરવામાં તો તેણે પોતાનો કસ કાઢી લીધો.

**2. રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યપ્રયોગ કરો :**

(1) કાગનો વાઘ કરવો
(2) આંખ ઊઘડવી
(3) પેટમાં ફાળ પડવી
(4) માથું ખાવું
(5) આબરૂના કાંકરા કરવા
(6) એકના બે ન થવું
(7) આસમાન તૂટી પડવું
(8) તારી પાડવું
(9) ગળે વાત ઊતરવી
(10) પાણી વલોવવું
(11) છાણે વીંછી ચડાવવો

**3. તમારા પાઠ્યપુસ્તકમાંથી રૂઢિપ્રયોગનો ઉપયોગ થયો હોય તેવાં પાંચ વાક્યો તારવીને લખો.**

*

**કહેવતો :**

રૂઢિપ્રયોગોની જેમ આપણા કાન પર અથડાતી બીજી ધ્વનિ-ઉક્તિઓ એટલે કહેવતો. અભિવ્યક્તિને વધુ સચોટ, સુંદર અને અસરકારક બનાવવા માટે વિશિષ્ટ શબ્દસમૂહ વપરાય છે. વળી તે સૌને કર્ણપ્રિય પણ લાગે છે. લગભગ સૌ તેનાથી પરિચિત પણ હોય છે. આવો પ્રયોગ એટલે જ કહેવત. મોટેભાગે કહેવતમાં ક્રિયાપદ હોતું નથી.

સાક્ષર-નિરક્ષર તમામ તેનો છૂટથી ઉપયોગ કરે છે. વળી પ્રદેશે-પ્રદેશે અને સમાજે-સમાજે તેના વપરાશમાં થોડો ફેરફાર રહે છે.

ભોજનમાં જેવી મીઠાશ મીઠું નાખવાથી આવે તેવી મીઠાશ રૂઢિપ્રયોગ કે કહેવત સાંભળવાથી આવે છે. માણસ ભણ્યો બિલકુલ ન હોય, પણ અનુભવી હોય તો તેના મુખે ઘણી વખત ધાણીફૂટ કહેવતો વપરાતી જોવા મળે છે. દરેક કહેવત પાછળ કોઈ કથા કે વાત જોડાયેલી હોય છે.

સમાસ, અલંકાર એ તો સાક્ષરો જ લગભગ પ્રયોજી શકે, પણ રૂઢિપ્રયોગ, કહેવતો તો કોઈ પણ વ્યક્તિ માટે સાહજિક બની રહ્યાં છે. થોડામાં ઘણું કહી દેવું એ તેની વિશિષ્ટતા છે.

'લાવરી અને એનાં બચ્ચાં'ની વાર્તાનો સાર એટલો જ કે, 'પારકી આશ સદા નિરાશ.', 'લોભિયો અને નાળિયેર' વાર્તાનો સંદેશ 'અતિ લોભ તે પાપનું મૂળ' રાવણ દ્વારા સીતાનું હરણ થવું એ આખી વાર્તા-ઘટનાનો સાર એટલો જ કે, 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'.

આ પ્રમાણે કોઈ લાંબી વાતનો માત્ર બે-ચાર શબ્દોમાં જ સાર આપતું સાધન એટલે કહેવત એમ આપણે સમજી શકીએ.

કહેવતો સૌપ્રથમ કોણે પ્રયોજી હશે, કેવા સંજોગોમાં તે વાપરી હશે તેની જાણકારી મળતી હોતી નથી.

ટૂંકમાં, કહેવતો એટલે ગાગરમાં સાગર કે બિંદુમાં સમાયેલો સિંધુ એમ કહી શકાય.

કહેવત સરળતાથી સૌને યાદ રહી જાય તેનું કારણ એ છે કે તેમાં લય અને પ્રાસ રહેલા હોય છે.

**કહેવતોનાં થોડાં ઉદાહરણો આપણે જોઈએ :**

(1) કરણી તેવી ભરણી
(2) ચમડી તૂટે પણ દમડી ના તૂટે.
(3) જર, જમીન ને જોરું, ત્રણે કજિયાનાં છોરું.
(4) જાગ્યા ત્યાંથી સવાર, સૂતાં ત્યાંથી રાત.
(5) તમાશાને તેડું ન હોય.
(6) અન્ન તેવો ઓડકાર.
(7) દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ.
(8) ન બોલ્યામાં નવ ગુણ.
(9) બહુ તંતુ બલવંત.
(10) વાડ વિના વેલો ન ચડે.
(11) સો જોશી અને એક ડોશી
(12) કોઈની હવેલી જોઈ ઝૂંપડું તોડી પાડવું નહિ

કહેવત એ આખરે અનુભવોનો નિચોડ છે. એટલે પરસ્પર વિરોધી સમજણ ધરાવતી કહેવતો - વિરોધી કહેવતો પણ આપણી આજુબાજુ આપણે સાંભળતા હોઈએ છીએ.

વિરુદ્ધ અર્થ ધરાવતી કહેવતો :

(1) ઝાઝી કીડીઓ સાપને તાણે.
(2) બોલે તેનાં બોર વેચાય.
(3) ધરમના કામમાં ઢીલ નહીં.
(4) મન હોય તો માળવે જવાય.
(5) ઝાઝા મળ્યા ને ખાવા ટળ્યા.
(6) ન બોલ્યામાં નવ ગુણ.
(7) ઉતાવળે આંબા ન પાકે.
(8) પાકે ઘડે કાંઠા ન ચડે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલી કહેવતોને પાંચ-સાત લીટીમાં સમજાવો :**

(1) ત્રેવડ ત્રીજો ભાઈ છે.
(2) દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.
(3) અન્ન તેવો ઓડકાર.
(4) સંપ ત્યાં જંપ.
(5) પૂછતા નર પંડિત.
(6) પછેડી પ્રમાણે સોડ તણાય.
(7) જીભમાં ઝેર તો જગતથી વેર.
(8) ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર.
(9) કકળાટનું મોં હંમેશાં કાળું.
(10) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

**2. તમારા પાઠ્યપુસ્તકમાં વપરાયેલી કોઈ પણ પાંચ કહેવત શોધી તેને પાંચ-સાત લીટીમાં સમજાવો.**

*

**અનુવાદ :**

એક ભાષાને અલગ અલગ લિપિઓમાં લખી શકાય છે.

(1) We are indians.

(2) વી આર ઈન્ડિયન્સ.

(3) वी आर इन्डियन्स.

ઉપરનાં ત્રણેય વાક્યોની ભાષા અંગ્રેજી છે, પણ પ્રથમ વાક્યની લિપિ અંગ્રેજી છે, બીજા વાક્યની લિપિ ગુજરાતી છે, ત્રીજા વાક્યની લિપિ દેવનાગરી છે.

આ વાક્યો વાંચો :

(1) Ame bazare jaiye chhiye.

(2) Ham bazar jate hain.

(3) We are going to bazar.

આ ત્રણેય વાક્યોમાં લિપિ અંગ્રેજી છે, પણ પ્રથમ વાક્યની ભાષા ગુજરાતી છે, બીજા વાક્યની ભાષા હિન્દી છે અને ત્રીજા વાક્યની ભાષા અંગ્રેજી છે.

તમે સમજ્યા હશો કે કોઈ પણ ભાષાને કોઈ પણ લિપિમાં લખી શકાય છે. ભાષાની ઉત્પત્તિ થયાને પાંચ લાખ વર્ષો થઈ ગયાં છે. ત્યારે લિપિ શોધાઈ નહોતી. લિપિની શોધને તો માંડ પાંચેક હજાર વર્ષો થયાં હશે. હજી પણ કેટલીક ભાષાઓને પોતાની લિપિ નથી, તે દેવનાગરી લિપિમાં લખાય છે.

હવે આપણે અનુવાદ વિશે જાણીએ.

કોઈ એક ભાષામાં લખેલા લખાણને, તેની હકીકતને બીજી ભાષામાં ઢાળવી એનું નામ અનુવાદ. એક ભાષાનાં તમામ વાક્યોને કોઈ બીજી ભાષામાં સમજાવવા - ઉતારવાનું કામ અનુભવ માગી લેતું કામ છે. એકથી વધારે ભાષાઓ જાણનાર - સમજનાર જ આ કામ કરી શકે છે. અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતો મહત્ત્વની ગણાય એ વિશે આપણે થોડું વિચારીએ :

(1) અનુવાદ કરતી વખતે અનુવાદ જે ભાષાનો થતો હોય તેના અર્થને - હાર્દને પકડવાં જોઈએ. તેનો શબ્દશઃ અનુવાદ કરવાથી તેમાં રહેલી વાસ્તવિકતા ખોડંગાય છે અને મૂળ ભાવ જોખમાય છે.

**E-cards are easy to carry.**

આ વાક્યનો શબ્દશઃ અનુવાદ થશે - 'ઇ-કાર્ડને લઈ જવું સહેલું છે.' પણ વાસ્તવમાં કહેવાનો આશય છે - ઇ-કાર્ડને સાથે રાખવું એ ઘણું સહેલું છે.

(2) કર્તા, કર્મ, ક્રિયાપદના વાક્યક્રમ દરેક ભાષામાં ફેરફાર ધરાવતા હોય છે, માટે આખું વાક્ય વાંચી-સમજીને અને જરૂર જણાય ત્યાં પાછળનાં વાક્યોને સમજીને જ અનુવાદ કરવો જોઈએ. આમ કરવાથી જ મૂળ લખાણ સાર્થક જળવાઈ રહે છે.

(3) ભાષા બદલવાથી એવું થઈ શકે કે એક વાક્યનો અનુવાદ કરવા માટે બે વાક્યો કરવાં પડે. ઘણી વખત બે-ત્રણ વાક્યોનો અર્થ એક વાક્યમાં પણ સમાવી શકાય. અનુવાદમાં પૂરી તટસ્થતા અને વાસ્તવિકતા યથાવત્ રહે એ ખૂબ જરૂરી ગણાય.

(4) ઘણી વખત જે-તે ભાષાના શબ્દો માટે અનુદિત થતી ભાષામાં યોગ્ય શબ્દ ન મળે તેવું બને છે, ત્યારે નજીકનો સમજી શકાય તેવો અર્થ લઈને ચલાવવું પડે છે. ઘણી વખત કોઈ કૃતિ તળપદી બોલીમાં લખાઈ હોય ત્યારે આવું વિશેષ બનવા પામે છે. ત્યારે એવા શબ્દોને ઘણી વખત મૂળ સ્વરૂપે જ રાખવામાં આવે છે. દા.ત. છાણાં, કોસ, પાળિયો, ઝાંપલી વગેરે.

(5) અનુવાદ જે ભાષામાં થતો હોય તે ભાષાના માન્ય શિષ્ટ શબ્દો વપરાય તે જરૂરી છે. અનૂદિત ભાષામાં પ્રાદેશિક - તળપદા શબ્દો વાપરવામાં કાળજી રાખવી.

હવે અહીં આપેલા અનુવાદના નમૂનાઓનો અભ્યાસ કરો :

(1) Lord make me an instrument of thy peace.
Where there is hatred, let me sow love.
Where there is injury, pardon.
Where there is doubt. faith.

**- Saint Francis**

આ કવિતાંશનો કુન્દનિકા કાપડિયાએ કરેલો અનુવાદ આ મુજબ છે :

હે પરમાત્મા, મને તારી શાંતિનું વાહન બનાવ.

જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું.

જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા.

જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા.

(2) The service of the fruit is precious,
The service of the flower is sweet,
but let my service be the service of the leaves,
in its shade of humble devotion.

**- Rabindranath Tagore**

**અનુવાદ :** ફળની સેવા મૂલ્યવાન છે,

ફૂલની સેવા મધુર છે, પણ મારી સેવા

પાંદડાની નમ્ર ભક્તિભરી છાયા સમી હજો.

(3) કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બેથી બે દીકરીઓ હતી, છેલ્લાં પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા, તેમાંનો છેલ્લો હું.

- મોહનદાસ ગાંધી, 'સત્યના પ્રયોગો'

**અનુવાદ :** कबा गांधी की भी चार शादियाँ हुई थीं । पहली स्त्री के मरने पर इसरी हुई, इसी तरह तीसरी और फिर चौथी । पहली दो पत्नियों से दो लड़कियों हुई । अंतिम पुतलीबाई से एक लड़की और तीन लड़के । सबसे छोटा मैं ।

**अनुवाद : महावीरप्रसाद पोद्दार**

Kaba Gandhi married for times in succession, having lost his wife each time by death. He had two daughters by his first and second marriages. His last wife, Putlibhai bore him a daughter and sons. I being the youngest.

**Translated by Mahadev Desai**

•

# 21 વિસામો

**વેણીભાઈ પુરોહિત**

**(જન્મ : 1-2-1916, અવસાન : 3-1-1980)**

વેણીભાઈ પુરોહિતનો જન્મ એમના વતનગામ સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં થયો હતો. પોતે પત્રકાર હતા અને જીવનભર મુંબઈમાં એ વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા. મુખ્યત્વે તેઓ કવિ હતા. વાર્તાઓ પણ લખી છે, એ વાર્તામાં ‘અત્તરના દીવા’ પુસ્તકરૂપે પ્રગટ થઈ છે. ‘સિંજારવ,’ ‘દીપ્તિ’ તેમજ ‘આચમન’ એમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. કવિ તરીકેની સર્જકતા વિશેષ કરીને ગીતો તેમજ ભજનોમાં વધુ ખીલી ઊઠતી પામી શકાય છે. ભાવોર્મિની, સરળ, સહજ અભિવ્યક્તિ, નાદલયયુક્ત ભાષા એમની કાવ્યશ્રેણીની વિશેષતા છે. ‘કાવ્યપ્રયાગ’માં એમણે વિવિધ કવિઓની કાવ્યરચનાઓના આસ્વાદો કરાવેલા છે.

પ્રસ્તુત કાવ્યમાં કવિ માનવીને, એકલપંડે, વિસામો લીધા વિના, જીવનમાં ઝૂઝવાનું કહે છે. ટાગોરે કહ્યું છે એમ, તારી સાથે કોઈ ન આવે તોપણ તું એકલો જજે. તું વિસામો લઈશ નહીં, પણ બીજાને વિસામો આપજે - એવી ભાવના આ કાવ્યના કેન્દ્રમાં છે.

---

થાકે ન થાકે છતાંયે હો માનવી ! ન લેજે વિસામો!
ને ઝૂઝજે એકલ બાંયે - હો માનવી! ન લેજે વિસામો!
તારે ઉલ્લંઘવાના મારગ ભુલામણા.
તારે ઉદ્ધારવાનાં જીવન દયામણાં:
હિમ્મત ન હારજે તું ક્યાંયે ...હો માનવી!
જીવનને પંથ જતાં તાપ-થાક લાગશે,
વધતી વિટંબણા સહતાં તું થાકશે:
સહજે સંકટ એ બધાંયે ...હો માનવી!
જાજે વટાવી તુજ આફતનો ટેકરો,
આગે આગે હશે વણખેડ્યાં ખેતરો:
ખંતે ખેડે એ બધાંયે ...હો માનવી!
ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે
આવે અંધાર તેને એકલો વિદારજે:
છો ને આ આયખું હણાયે ...હો માનવી!
લેજે વિસામો ન ક્યાંયે હો માનવી! દેજે વિસામો!
તારી હૈયા વરખડીને છાંયે હો માનવી! દેજે વિસામો!
ન લેજે વિસામો....

(‘સિંજારવ’માંથી)

### શબ્દ-સમજૂતી

**વિસામો** થાક ખાવો તે, વિશ્રાંતિ **ઝૂઝવું** મચ્યા રહેવું, જોરથી લડવું **એકલ બાંયે** એકલે હાથે **ઉલ્લંઘવુ** ઓળંગવું, પાર કરવું **ભુલામણા** ભુલાવે એવા **ઉદ્ધારવું** ઉદ્ધાર કરવો, (અહીં) સારી સ્થિતિ કરવી તે **દયામણાં** રાંક, ગરીબ, દયા ઊપજે એવાં **હિમ્મત ન હારવી** હામ-ધીરજ રાખવી **પંથ** માર્ગ **વિટંબણા** દુ:ખ, સંતાપ, મુશ્કેલી **સહતાં** સહન કરતાં **વણખેડ્યાં** ખેડ્યા વિનાનાં **ખંત** ચીવટપૂર્વક લાગ્યા-મંડ્યા રહેવાનો (મહેનતુપણાનો) ગુણ **ઝાંખું** ઓછા પ્રકાશવાળું, નિસ્તેજ **વિદારવું** સામનો કરી માર્ગ કરવો **આયખું** આવરદા, આયુષ્ય **વરખડી** એક ઝાડ

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ કેવા માર્ગો ઉલ્લંઘવાના કહે છે?

(2) આફતનો ટેકરો કવિ કેવી રીતે પાર કરવાનું કહે છે?

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) જીવનમાં આવતાં સંકટોનો કેવી રીતે સામનો કરવાનું કવિ કહે છે?

(2) હિમ્મત ન હારજે તું કયાંયે એમ કવિ શા માટે કહે છે?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

'વિસામો' કાવ્યના શીર્ષકથી યથાર્થતા તપાસો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- 'તારી સાથે કોઈ ન આવે તો....' ટાગોરનું કાવ્ય મેળવીને વાંચો.
- આ પ્રકારનાં કાવ્યો એકઠાં કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- **'ન લેજે વિસામો'**

વિસામો એ વિશ્રામ પરથી ઊતરી આવેલો શબ્દ છે. વિસામો એટલે આરામ લેવો, પોરો ખાવો, આરામ કરવો વગેરે. જીવનમાં જે-જે મુશ્કેલીઓ આવે તેનો સામી છાતીએ મુકાબલો કરવાનો સંકેત આ ધ્રુવ પંક્તિથી કવિ કરી દે છે.

'લેજે વિસામો ન ક્યાંયે હો માનવી! દેજે વિસામો!

તારી હૈયા વરખડીને છાંયે હો માનવી! દેજે વિસામો!'

- આ છેલ્લી કડીને તમે ધ્યાનથી વાંચો. અહીં કવિએ સરસ કરામત કરી છે.
- ધ્રુવ પંક્તિમાં પાછળ રહેલા 'લેજે વિસામો' શબ્દોને કવિએ છેલ્લી કડીમાં 'દેજે વિસામો' એમ કહીને કડીના પ્રારંભે મૂકી દીધા છે. એમાં માણસે અન્યને વિસામો દેવા માટે પોતાનો વિસામો ત્યાગવાની વાત ઉપસાવી છે.

## શિક્ષકપ્રવૃત્તિ

- જીવનને પ્રેરણા આપે એવાં કાવ્યો વાંચવા અંગે વિદ્યાર્થીઓને પ્રેરણા આપો.
- પુસ્તકાલયમાંથી પ્રેરણા આપે તેવા પ્રસંગો વિદ્યાર્થીઓને એકઠા કરવાનું કહો અને એનું સમૂહવાચન કરાવો.

●

# મચ્છુ-પિચ્છુ

**રમણલાલ ચી. શાહ**

**(જન્મ : 3-12-1926, અવસાન : 24-10-2005)**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધક, ચરિત્રકાર, પ્રવાસકથા લેખક રમણલાલ ચી. શાહ જૈન ધર્મના ઊંડા અભ્યાસી હતા. તેમનો જન્મ વડોદરા જિલ્લાના પાદરામાં થયો હતો. શિક્ષણ પાદરા અને મુંબઈમાં પ્રાપ્ત કર્યું. ઈ.સ. 1948માં ગુજરાતી-સંસ્કૃત સાથે બી.એ. થયા. એમ.એ.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. બ. ક. ઠાકોર સુવર્ણચંદ્રક તેમજ કે. હ. ધ્રુવ પારિતોષિક મળ્યાં. મુનિપુણ્યવિજયજી તથા પંડિત સુખલાલજીનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. ઈ.સ. 1961માં 'નળ દમયંતીની કથાનો વિકાસ' વિષયમાં સંશોધન નિબંધ લખી પીએચ.ડી. થયા. ઈ.સ. 1983માં મધ્યકાલીન જૈન સાહિત્યના સંશોધન માટે યશોવિજયજી જૈનગ્રંથમાળા સુવર્ણચંદ્રકથી તેમને સંમાનિત કરવામાં આવ્યા. નાટક, ચરિત્ર, નિબંધ, પ્રવાસવર્ણન, વિવેચન, સંપાદન, સંશોધન અને અનુવાદ જેવાં વિવિધ ક્ષેત્રોમાં એમણે દોઢ-સો પુસ્તકો આપ્યાં છે.

'રાણકપુર તીર્થ' તેમજ 'પાસપોર્ટની પાંખે' જેવા પ્રવાસગ્રંથો પોતે કરેલા પ્રવાસો ઉપર આધારિત પુસ્તકો છે. 'પાસપોર્ટની પાંખે' પ્રવાસકથાથી ગુજરાતી પ્રવાસવર્ણનોમાં નોંધપાત્ર ઉમેરણ થયું છે.

લેખક એમનાં પત્ની સાથે મધ્ય-દક્ષિણ અમેરિકાની ઈન્કા સંસ્કૃતિના અવશેષો જોવા ગયા હતા. ત્યાંની સંસ્કૃતિનું ભારતીય સંસ્કૃતિ સાથે સામ્ય છે એ વાત લેખકે પોતાનાં પ્રવાસનાં નિરીક્ષણો પરથી તારવી છે. નિબંધ એની રોચક શૈલી, ઝીણી નજરથી તારવેલાં નિરીક્ષણોને કારણે આપણા ભાવજગતને સમૃદ્ધ કરે છે.

---

મચ્છુ-પિચ્છુનાં દર્શન કરવાનો અવસર અમને સાંપડ્યો તે અમારા જીવનનો એક ધન્ય પ્રસંગ છે.

કોલંબસ ભારતની સફરે નીકળ્યો, પણ પહોંચ્યો અમેરિકાને કિનારે. તે વખતે એણે તો એમ જ માન્યું કે પોતે ભારત પહોંચી ગયો છે. એટલે એણે અમેરિકામાં જે લોકો જોયા તેઓ ભારતીય એટલે કે ઈન્ડિયન છે એમ માન્યું. અતિશય ઠંડીને લીધે ઈન્ડિયનોના ચહેરા રતાશવાળા હતા, એટલે તેઓને રેડ ઈન્ડિયન તરીકે ઓળખવામાં આવ્યા. કોલંબસે ભૂલથી ઓળખાવેલા ઈન્ડિયનો તે ખરેખર ભારતીય પ્રજાના જ વંશજો છે એમ કેટલાક નૃવંશશાસ્ત્રીઓ હવે માને છે.

એક મત એમ માને છે કે, એ બધી પ્રજા બેપાંચ હજાર કે તેથી વધુ વર્ષ પૂર્વે ભારતમાંથી સ્થળાંતર કરતી કરતી સૈકાઓ દરમિયાન ત્યાં જઈને વસેલી હોવી જોઈએ અને ભારતનો સંપર્ક લુપ્ત થતાં કંઈક અંશે જંગલી જેવી બની ગઈ હોવી જોઈએ.

મેક્સિકો, ગ્વાટેમાલા, પેરુ વગેરે દેશોમાં નિર્ભેળ એવા કેટલાક આદિવાસીઓ અને યુરોપીય પ્રજા સાથે આજે આપણને જોવા મળે છે. એ પ્રજાની મુખાકૃતિ, રીતરિવાજો, ભરતગૂંથણવાળાં કપડાં તથા ખાવાપીવાની ટેવોનું કેટલુંક સામ્ય ભારતીય પ્રજા સાથે જોવા મળે છે, જેમ કે યુરોપીય પ્રજા તીખું ખાઈ શકતી નથી, પરંતુ મેક્સિકોના કેટલાક ગોરા લોકો તીખું ખાવાના શોખીન હોય છે. વળી મેક્સિકોના કેટલાક લોકો પાંઉને બદલે રોટલી (મેક્સિકન શબ્દ 'ટોટિયા' ખાય છે.

મધ્ય અને દક્ષિણ અમેરિકામાં માયા સંસ્કૃતિ, ઈન્કા સંસ્કૃતિ વગેરે સંસ્કૃતિઓના જે પ્રાચીન અવશેષો મળે છે તે જુદા જુદા સમયના છે. ઈન્કા સંસ્કૃતિના અવશેષો એન્ડિઝની પર્વતમાળામાં ભિન્ન ભિન્ન સ્થળે જોવા મળે છે. આ અવશેષોમાંનું એક સુપ્રસિદ્ધ સ્થળ તે મચ્છુ-પિચ્છુ નામનું નગર છે.

આ અવશેષોની ખબર સંશોધકોને ઘણી મોડી મળી, કારણ કે ત્યાં પહોંચવાનું સરળ નહોતું. ત્યાં પહોંચવાનો માર્ગ નિર્જન વેરાનમાં, ગીચ ઝાડી અને ઊંચા ચઢાણને લીધે લુપ્ત થઈ ગયો હતો. પોર્ટુગલ અને ખાસ તો સ્પેનના લોકોએ પોતાની બંદૂકના જોરે ત્યાં હકુમત જમાવવા માટે સ્થાનિક ઈન્કા પ્રજાઓ ઉપર જે ક્રૂર અત્યાચારો કર્યા હતા અને તેમનાં માલમિલકતનો નાશ કર્યો હતો, તેનો ઈતિહાસ ઘણો કરુણ છે. સદ્ભાગ્યે આ વિનાશમાંથી મચ્છુ-પિચ્છુ બચી ગયું, પરંતુ ઈન્કા રાજાનો પરાજય થતાં, ખોરાક અને જીવન-જરૂરિયાતની ઈતર વસ્તુઓ ન પહોંચતાં ત્યાં રહેતા માણસો ક્રમે ક્રમે મૃત્યુને શરણે થયા હશે એમ મનાય છે. હું અને મારાં પત્ની લૅટિન અમેરિકામાં પેરુ જવાનાં હતાં. એટલે ત્યાં મચ્છુ-પિચ્છુના સાંસ્કૃતિક અવશેષો નજરે નિહાળવાની તક મળે તો

સારું એવી અમારી ભાવના હતી. મચ્ચુ-પિચ્છુ જવા માટે મુંબઈમાં અમે પેરુની કોન્સ્યુલેટની ઑફિસમાં તપાસ કરી હતી.

અમારા એક મિત્ર શ્રી ગુલાબચંદભાઈ શાહનાં બહેન શ્રીમતી કૃષ્ણાબહેને અમને કેટલીક માહિતી આપી અને કહ્યું, મચ્ચુ-પિચ્છુ જવા માટે તમારે લિમાથી પહેલાં કુસ્કો નામના શહેરમાં જવું પડશે. તમે કુસ્કો વિમાનમાં જવાનું રાખજો, કારણ કે ત્યાં ઇંગ્લિશ બોલનારાં માણસો કોઈક જ મળે છે. લગભગ બારસો કિલોમીટર બસમાં જવામાં બે આખા દિવસ લાગશે અને તમને ઘણી અગવડ પડશે, કારણ કે ત્યાં બસની સગવડ બહુ સારી હોતી નથી. વળી, કુસ્કો જાઓ તો તબિયત બરાબર સાચવજો, કારણ કે લિમા બરાબર સમુદ્રની સપાટીએ આવેલું શહેર છે અને કુસ્કો બાર હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. કુસ્કોની હવા ઘણી જ પાતળી છે. લિમાથી વિમાનમાં લગભગ પોણા કલાકમાં તમે સીધા આટલી ઊંચાઈએ પહોંચી જશો એટલે તમને પ્રાણવાયુની તકલીફ પડવા લાગશે માટે પહોંચીને તરત તમે બહુ હરફર કરતાં નહિ. સામાન બને તેટલો ઓછો લઈ જજો. સાધારણ વજનવાળી બૅગ કે બીજી કોઈ ચીજવસ્તુ તમે ઊંચકો કે જરાક ઝડપથી ચાલો કે તરત તમને શ્વાસની તકલીફ થવા લાગશે. તમે બેશુદ્ધ થઈ જશો. ઍરપૉર્ટ પહોંચીને તમે મોટર કે બસમાં હોટલ પર જાવ ત્યારે જ્યાં ચાલવાનું કે પગથિયાં ચડવાનું થાય ત્યાં આસ્તે આસ્તે ડગલાં માંડજો અને હોટેલમાં જઈને તરત જ પથારીમાં અડધો દિવસ સૂઈ રહેજો. એમ કરવાથી ચાર-છ કલાકમાં તમારાં ફેફસાં ધીમે ધીમે પાતળી હવાથી ટેવાઈ જશે. આ હું તમને અમારા અનુભવ પરથી કહું છું. અમે લિમાથી કુસ્કો ગયાં.

કુસ્કો નાનું શહેર છે. એની પ્રાચીનતા, એનાં મકાનો, રસ્તાઓ અને આદિવાસી માણસોના ચહેરા ઉપરથી દેખાઈ આવતી હતી. અમે એક બજારમાં ગયાં. ત્યાં હાથબનાવટની ચીજો વેચાતી હતી. પાસે પાસે આવેલી હાટડીઓ માલસામાનથી ખીચોખીચ હતી. વેપારીઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે હતી. ઘેરવાળા ચણિયા, લાંબી બાંયનાં પોલકાં, ઉપર ભરતકામ, લાંબા ચોટલા કે અંબોડા, ભરવાડોના જેવાં હાથપગનાં ઘરેણાં, ચામડીનો રંગ અને મુખાકૃતિ, બોલવાનો લહેકો - એ બધામાં અમને ભારતીય અણસાર વરતાતો હતો. જે દુકાને અમે જઈએ તે દુકાનની માલિક સ્ત્રી પોતાની ચીજવસ્તુઓ બતાવવાને બદલે મારાં પત્નીની સાડી અને ઘરેણાં વિશે પૂછપરછ કરતી. અલબત્ત, આ બધું ઈશારાથી થતું, કારણ કે અમને એકબીજાની ભાષા આવડતી નહોતી.

બીજે દિવસે અમે કુસ્કોની આસપાસ આવેલા કેટલાક સાંસ્કૃતિક અવશેષો જોઈ આવ્યા. અમારી સાથે એક ઇટાલિયન યુગલ હતું. તે અંગ્રેજી બોલતું હતું એટલે અમે રાજી થયાં. કંઈક વાત નીકળતાં ઇટાલિયન યુવતીએ કહ્યું, ‘અમે સાત દિવસથી કુસકોમાં છીએ.’

‘એમ? અહીં એટલું બધું જોવાનું છે?’ અમે પૂછયું.

‘ના. અમે હજુ આજે પહેલી વાર કુસ્કોના સાંસ્કૃતિક અવશેષો જોવા નીકળ્યાં છીએ.’

‘તો આટલા બધા દિવસ શું કર્યું?’

‘અમે હૉસ્પિટલમાં હતાં. અમારો કાર્યક્રમ અસ્તવ્યસ્ત થઈ ગયો છે. પહેલે દિવસે કુસ્કો પહોંચીને તરત જ અમે બજારમાં ફરવા નીકળી પડ્યાં. આ થોડાક પરિશ્રમને પરિણામે તે દિવસે બપોરે અમને સખત બેચેની લાગવા માંડી. માથું સખત દુઃખવા આવ્યું. રસ્તામાં ચાલતાં મારા પતિને ચક્કર આવ્યાં અને પડી ગયા. તેઓ બેભાન થઈ ગયા. હું પણ શ્વાસની તકલીફથી ગભરાઈ ગઈ હતી. અમને બંનેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. અઠવાડિયા પછી હવે અમારી તબિયત સારી થઈ છે. ડૉક્ટરે હવે અમને ફરવાની રજા આપી છે.’

એ યુગલની વાત સાંભળી અમને થયું કે, કુસ્કોમાં અમે પહેલાં આરામ કરી લીધો એ ડહાપણનું કામ કર્યું.

ત્રીજે દિવસે સવારે અમારો કાર્યક્રમ મચ્ચુ-પિચ્છુ જવાનો હતો. કુસ્કોથી મચ્ચુ-પિચ્છુ છોતેર માઈલ દૂર છે. તે કુસકો જેટલી ઊંચાઈએ નહિ પણ ચાર-પાંચ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. નેરોગેજ ટ્રેનમાં (આપણે ત્યાં માથેરાન કે સિમલામાં હોય છે તેવી) ત્યાં જવાય છે, પરંતુ આ ટ્રેનના પાટાની રચના વિચિત્ર છે. થોડું અંતર કાપી ટ્રેન પાટા બદલી પાછી આવે છે. એમ ચાર વાર આવજા કરે છે અને ઊંચે ચઢતી જાય છે. પછી સળંગ એક જ દિશામાં નીચે ઊતરતી જાય છે. પહાડનું ઘણું લાંબું ચક્કર ન લેવું પડે માટે આવી રચના કરી છે.

મચ્ચુ-પિચ્છુ એ પહાડના એક શિખર ઉપરના વિશાળ સપાટ વિસ્તારમાં પાંચસો વર્ષ પહેલાં વસેલું નાનકડું

નગર છે. જોતાં જ એની ભવ્યતા નજરને આકર્ષી લે છે. તદ્દન પાસે આવેલા બીજા ડુંગરનું વધુ ઊંચું શિખર એની ભવ્યતામાં ઉમેરો કરે છે.

મચ્ચુ-પિચ્છુની શોધ કેલિફોર્નિયા અને હાર્વર્ડ યુનિવર્સિટીના ઇતિહાસના અધ્યાપક તરીકે કામ કરતા હિરમ બિંગહામ (1875-1948) નામના હોનોલુલુના યુવાન ઇતિહાસકારે કરી હતી. એક વખત એક આદિવાસી ખેડૂતના બતાવ્યા પ્રમાણે ગીચ ઝાડીમાંથી ચડતાં ચડતાં તેઓ મચ્ચુ-પિચ્છુ આવી પહોંચ્યા. એ જોતાં જ તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. પોતાની આ શોધ વિશે એમણે પુસ્તક લખ્યું છે : 'The Lost city of the Incas'.

મચ્ચુ-પિચ્છુ શબ્દ અહીંનાં આદિવાસી ઇન્ડિયન લોકોની ક્યૂએચૂઆ નામની ભાષામાંથી આવ્યો છે. એનો અર્થ થાય છે 'જૂનું શિખર'.

અહીં ખોદકામ કરતાં મળી આવેલાં ચીની માટી અને ધાતુનાં વાસણો, હાથવણાટનાં કપડાં, શિલ્પાકૃતિઓ અને સ્થાપત્યના નમૂનાઓ ઉપરથી ઇતિહાસકારો એમ માને છે કે ઈ.સ. 1420ની આસપાસ આ નાનકડું નગર સ્થપાયું હોવું જોઈએ. 'ઇન્કા' વંશના રાજા પાચાકુતેકે ધરતીકંપ પછી જ્યારે કુસ્કો નગર ફરીથી વસાવ્યું ત્યારે એન્ડિઝની પર્વતમાળામાં બીજાં કેટલાંક નગરો પણ વસાવ્યાં હતાં. એ અરસામાં એણે આ મચ્ચુ-પિચ્છુ નગર વસાવ્યું હશે.

ઇતિહાસકારો માને છે કે, ઇન્કા વંશની આ એક ગુપ્ત નગરી હતી. આ નગરીની સ્થાપના ધાર્મિક હેતુથી કરવામાં આવી હતી. અહીં ધાર્મિક ક્રિયાકાંડો થતા. એ ક્રિયાકાંડો સામાન્ય રીતે બાલ-બ્રહ્મચારી હોય એવી સ્ત્રીઓ જ કરતી. એ સ્ત્રીઓ સૂર્યકુંવરી તરીકે ઓળખાતી. સમગ્ર રાજ્યમાંથી શરીરે સુદૃઢ અને અત્યંત બુદ્ધિશાળી હોય એવી નાની નાની બાળાઓ પસંદ થતી. તેઓને તેમના કુટુંબથી દૂર અહીં કાયમને માટે લાવવામાં આવતી. અહીં તેમના રહેવા તથા ખાવાપીવાની તમામ વ્યવસ્થા રહેતી. તેવી બાળાઓ પોતાનું સમગ્ર જીવન બ્રહ્મચારિણી તરીકે અહીં ધાર્મિક ક્રિયાકાંડોમાં વિતાવતી. મચ્ચુ-પિચ્છુના ખોદકામમાં મળેલા માનવઅવશેષોમાંથી 75 ટકાથી વધુ અવશેષો સ્ત્રીઓના છે એ પણ આ વાતની સાક્ષી પૂરે છે.

મચ્ચુ-પિચ્છુમાં જાણે બારે માસ વસંતઋતુ હોય એવું રમણીય કુદરતી આહ્લાદક હવામાન છે. ઇન્કા લોકોએ પોતાના પવિત્ર નગર માટે કરેલી આ સ્થળની પસંદગી બધી જ દૃષ્ટિએ ઉચિત હતી.

મચ્ચુ-પિચ્છુમાં અઢીસો જેટલાં પથ્થરનાં ઘરો છે. તેમાં કેટલેક ઠેકાણે કુદરતી ઝરણમાંથી પડતા પાણીને પીવા માટે એકત્ર કરી લેવા નીચે કુંડ જેવી રચના કરવામાં આવી છે. ડુંગરની ધાર ઉપર પગથિયાં જેવાં ખેતરો છે.

મચ્ચુ-પિચ્છુમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ઠેર ઠેર ઘડેલા પથ્થરના રસ્તાઓ કે પગથિયાં છે. ગુનેગારોને રાખવા માટેની જેલ અને ફાંસી આપવા માટેની જગ્યા પણ છે. કબ્રસ્તાન પણ છે અને ચોકિયાતોની ચોકી પણ છે. આ બધી રચનામાં આ પર્વતનો જ મજબૂત ગ્રૅનાઇટ પથ્થર વપરાયો છે.

મચ્ચુ-પિચ્છુમાં બરાબર મધ્યભાગમાં સૂર્યમંદિરનું ખંડિયેર છે એના પથ્થરોની દીવાલોની જાડાઈ તથા ઊંચાઈ તથા તેમાં સ્તંભ અને મોભ તરીકે વાપરવામાં આવેલા પથ્થરો પરથી કેવું બેનમૂન સ્થાપત્ય ઇન્કા લોકોનું હશે તેની પ્રતીતિ થાય છે. ઇન્કા લોકો આવા જબરદસ્ત મોટા પથ્થરો ખસેડવા, ચડાવવા, ગોઠવવા ઇત્યાદિ કાર્યો માટે શરીરે બહુ સશક્ત અને બાંધકામની કલામાં નિપુણ હશે એની પ્રતીતિ એ કરાવે છે.

આ આખા વસવાટનો પૂરો ઇતિહાસ આપણને મળતો નથી. પણ જેમ જેમ સંશોધન થતાં જાય છે, તેમ તેમ ઇન્કા સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓ ઉપર વધુ પ્રકાશ પડતો જાય છે.

ઇન્કા લોકો આપણી જેમ સૂર્ય અને ચંદ્રની પૂજા કરનારા હતા. તેઓનું કેલેન્ડર આપણું હોય છે તેમ ચાંદ્રાયણ હતું. ચંદ્રની કલાની વધઘટ પ્રમાણે તેઓ બાર મહિનાની ગણતરી ગણતા. વળી તેઓ સૂર્યની પણ પૂજા કરતા અને સૂર્યના ઉદયાસ્તના આધારે સમય નક્કી કરવા માટે સૂર્યઘટિકા (The Sun Dial - જેને માટે ઇન્કા શબ્દ છે.- ઇન્તિહુવાતાના)ની રચના ખુલ્લામાં કરતા. મચ્ચુ-પિચ્છુમાં પણ આવી સૂર્યઘટિકા છે. ઇન્કા લોકો ગ્રહો, નક્ષત્રો, સૂર્યોદય, સૂર્યાસ્ત, ગ્રહણ વગેરેની ગણતરીમાં કુશળ હતા. સૂર્ય અને ચંદ્રની ગતિને આધારે તેઓ કેટલાક દિવસને પર્વ તરીકે ઉજવતા. એવા પર્વને 'ઇન્તિરાયમી' પર્વ તરીકે તેઓ ઓળખાવતા.

મચ્ચુ-પિચ્છુમાં પર્વતના પથ્થરમાંથી યોજનાપૂર્વક કોરી કાઢવામાં આવેલી એક વિશાળ સપાટ જગ્યામાં વચ્ચે સ્તંભ જેવી એક આકૃતિ જોવા મળે છે. સદ્‌ભાગ્યે સ્પેનિયાર્ડ લોકોએ કે એના ધર્મગુરુઓએ આ આકૃતિ

તોડી નાખી નથી. આ સ્તંભ તે સૂર્યઘટિકા છે. એના ચારેય ખૂણા બરાબર કંપાસ પ્રમાણે ચારે દિશા દર્શાવે છે. ઈન્કા લોકોનું ગણિત કેટલું ચોકસાઈવાળું હતું તે એમની આ સૂર્યઘટિકા ઉપરથી સમજાય છે.

ઈન્કા સંસ્કૃતિના અવશેષરૂપ મચ્ચુ-પિચ્છુમાંથી અને એન્ડિઝની પર્વતમાળામાં બીજાં કેટલાંક સ્થળોએથી કેટલાંક મમી મળી આવ્યાં છે. ઈજિપ્તનાં મમી કરતાં આ મમી જુદાં છે. ઈન્કા લોકો પુનર્જન્મમાં માનતા. એટલા માટે શબના હાથપગને ઘૂંટણ અને કોણીથી વાળીને તેઓ પેટ અને છાતીને અડોઅડ એવી રીતે ગોઠવતા કે જેવી રીતે ગર્ભમાં બાળકની સ્થિતિ હોય. આવી રીતે ગોઠવ્યા પછી તેઓ શબમાં જાતજાતની ઔષધિઓ ભરતા અને તેને વિલેપન કરતા. ત્યાર પછી માટીના કોઈ મોટા માટલામાં કે કોઠીની અંદર તેને મૂકીને બંધ કરી દેતા. ઈન્કા લોકો શબને સૈકાઓ સુધી સાચવવાની ઔષધિઓના જાણકાર હતા તે ઉપરથી પણ એ પ્રજાની બુદ્ધિશકિતનો ખ્યાલ આવે છે.

મચ્ચુ-પિચ્છુના અવશેષો જોઈ બસમાં નીચે ઊતરી અમે રેલવે સ્ટેશન ઉપર સાંજે પાંચ વાગ્યે આવી પહોંચ્યા. આઠ વાગ્યે અમે કુસ્કો પહોંચવાનાં હતાં પરંતુ યુરોપ, ઉત્તર અમેરિકા, જપાન જેવી આ કોઈ નિર્ધારિત રેલવે નહોતી. જૂના ડબા અને જૂના એન્જિનવાળી આ ટ્રેન એક જ પાટા ઉપર જાય અને આવે. સમયનું ચુસ્ત પાલન પણ નહિ.

અમે ટ્રેનમાં બેઠાં પછી લગભગ બે કલાકે તે ઊપડી. બધાં ખૂબ કંટાળી ગયાં હતાં. ટ્રેન ઊપડી ત્યારે અંધારું થઈ ગયું હતું. મંદ ગતિએ ચાલતી અમારી ટ્રેન ત્રણેક સ્ટેશન વટાવ્યા પછી એક સ્ટેશન પાસે ખાસ્સી વાર ઊભી રહી. લગભગ કલાક પછી તો અમને ખબર પડી કે ટ્રેનનું એંજિન બગડી ગયું છે, એટલે બીજું એંજિન આવે ત્યાં સુધી ટ્રેન હવે જશે નહિ. બધાં ભૂખ્યાં થઈ ગયાં હતાં. વિદેશમાં બધે શાકાહારી ખોરાક કદાચ ન મળે એ માટે સાથે હંમેશાં થોડુંક ખાવાનું રાખવાની ટેવ અહીં અમને કામ લાગી. મોડું થતું જતું હતું. રાતના બાર વાગી ગયા હતા. બહાર અંધારું હતું. ટ્રેનમાં આછા અજવાળામાં પ્રવાસીઓની વાતચીતના અવાજો શમતા જતા હતા. કેટલાંક પોતાની બેઠકમાં ઝોકાં ખાવા લાગ્યાં હતાં. કુસ્કોથી પરોઢિયે અમારે લિમા માટે વિમાન પકડવાનું હતું.

રાતના બે વાગ્યે બીજું એન્જિન આવી પહોંચ્યું. ટ્રેન ચાલી. પ્રવાસીઓમાં ચેતનનો સંચાર થયો. સવારે ચાર વાગ્યે અમે કુસ્કો પહોંચ્યા ત્યારે અમને જાણવા મળ્યું કે અમને સ્ટેશને લેવા આવનારી ટુરિસ્ટ કંપનીની બસ બે કલાક રાહ જોઈ કંટાળીને પાછી ચાલી ગઈ હતી. અમે ટૅક્સી કરીને હૉટેલ પર પહોંચ્યાં. તરત ચા પીને, સામાન લઈને અમે એ જ ટૅક્સીમાં ઍરપોર્ટ પહોંચી ગયાં.

આખી રાતનો અમને ઉજાગરો થયો હતો, પણ વિમાન ચૂક્યાં નહોતાં એનો આનંદ હતો. વળી, મચ્ચુ-પિચ્છુનાં દર્શનના આનંદે અમારી યાત્રાને સાર્થક બનાવી હતી.

('પાસપોર્ટની પાંખે'માંથી ટૂંકાવીને)

## શબ્દ-સમજૂતી

**અવસર** (અહીં) પ્રસંગ **નૃવંશશાસ્ત્રી** વંશ આધારિત ઓળખ કરનાર **મુખાકૃતિ** ચહેરો **નિર્જન** વેરાન **સૂર્યઘટિકા** ઘડિયાળ, સમય જોવા માટે બનાવેલી રચના **પર્વ** ઉત્સવ

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'રેડ ઇન્ડિયન' નામ શાથી પડ્યું ?

(2) અમેરિકાની કઈ બે પ્રાચીન સંસ્કૃતિઓનો અહીં ઉલ્લેખ છે ?

(3) કુસ્કો જતાં ઓછું વજન લઈ જવાનું કેમ કહેવામાં આવ્યું ?

(4) કુસ્કોની પ્રાચીનતા શાના ઉપરથી દેખાઈ આવતી હતી ?

(5) કુસ્કોથી મચ્ચુ-પિચ્છુ કેટલું દૂર હતું ?

(6) હિરમ બિંગહામ કોણ હતા ?

(7) મચ્ચુ-પિચ્છુમાં પીવા માટેનું પાણી કેવી રીતે મેળવવામાં આવે છે ?

(8) આ પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

**2. નીચેના દરેક પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) કુસ્કોના બજારની સ્ત્રીઓને કોને મળતી આવતી હતી ? કેવી રીતે ?

(2) મચ્ચુ-પિચ્છુ નેરોગેજ ટ્રેનની પાટાની રચનાની શી વિશેષતા છે ?

(3) ઈન્કા લોકોનું કૅલેન્ડર કેવું હતું ?

**3. નીચેના દરેક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઈટાલિયન યુગલને કુસ્કોમાં શા માટે અઠવાડિયું રોકાઈ જવું પડ્યું ?

(2) ગુપ્તનગરી મચ્ચુ-પિચ્છુ વિશે ઇતિહાસકારો શું માને છે ?

(3) મચ્ચુ-પિચ્છુના લોકોની બાંધકામકલા વિશે પાંચ વાક્યો લખો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિના વૈવિધ્ય અને સામ્ય અંગે નોંધ કરવી.
- જગતના સાંસ્કૃતિક ઇતિહાસ વિશે પુસ્તકાલય કે શિક્ષક પાસેથી માહિતી મેળવવી.
- પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાપ્રાપ્તિની વ્યવસ્થા અંગે જાણકારી મેળવવી.

## ભાષા-અભિવ્યક્તિ

● પ્રવાસનિબંધની ભાષાની સરળતા-સાદગી આંખે વળગે એવી છે. ટૂંકાં, સરળ તેમજ સચોટ વાક્યોમાં ક્યાંય અલંકારો નથી. સાદગી સ્વયં આભૂષણ છે.

● જુઓ : ‘‘અમે એક બજારમાં ગયાં. ત્યાં હાથબનાવટની ચીજો વેચાતી હતી. પાસેપાસે આવેલી હાટડીઓ માલસામાનથી ખીચોખીચ હતી. વેપારીઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે હતી. ઘેરવાળા ચણિયા, લાંબી બાંયનાં પોલકાં, ઉપર ભરતકામ, લાંબા ચોટલા કે અંબોડા, ભરવાડોના જેવા હાથપગનાં ઘરેણાં, ચામડીનો રંગ અને મુખાકૃતિ, બોલવાનો લહેકો - એ બધામાં અમને ભારતીય અણસાર વરતાતો હતો.’’

● તમે પ્રવાસ દરમિયાન જોયેલા એકાદ સ્થાને આ પ્રકારે સાદી, સરળ ભાષામાં લખો અને વાંચો. તમારે જે કહેવું છે તે કહેવાયું છે કે નહિ, તેની જાતતપાસ કરો. અભિવ્યક્તિની કળા કેળવવામાં શી તકલીફ પડે છે ?

## શિક્ષકપ્રવૃત્તિ

- જુદી જુદી સંસ્કૃતિઓ વિશે વિદ્યાર્થીઓને ખ્યાલ આપવો.
- સાંસ્કૃતિક વૈવિધ્ય વચ્ચે રહેલા સામ્યનો પરિચય કરાવવો.
- શક્ય હોય તો સ્થળવિશેષ અંગેના નિબંધો વંચાવવા.

●

# 23 સહવાસ

**અશ્વિની પાનસે**

**અનુ. અરુણા જાડેજા**

અશ્વિની પાનસે પૂના (મહારાષ્ટ્ર)માં વસે છે. મરાઠી સાહિત્યનાં જાણીતાં યુવા-કવયિત્રી છે. તેઓ મરાઠી દૈનિક 'લોકસત્તા'ની પૂર્તિ 'ચતુરા'નાં લોકપ્રિય કવયિત્રી છે. તેમની આ કવિતા - સહવાસ - ભર્તૃહરિના જાણીતા ગ્રંથ 'નીતિશતક'ના એક શ્લોક પર આધારિત છે. એનો સુંદર અનુવાદ જાણીતાં ગુજરાતી લેખિકા અરુણા જાડેજાએ આપ્યો છે.

કવયિત્રીએ 'સહવાસ' કાવ્યમાં સંગતનો મહિમા કર્યો છે. ગુજરાતીમાં કહેવત છે : 'સંગ એવો રંગ', તેવી જ રીતે 'ધોળિયા સાથે કાળિયો બાંધો તો વાન ન આવે, પણ સાન તો આવે જ.' અર્થાત્ જેના સાન્નિધ્યમાં સતત રહેવાનું બને તેના વિચારોની અસર વ્યક્તિ પર પડતી હોય છે. અહીં આ વાત પાણીના ટીપાથી સમજાવી છે. પાણીના ટીપાની ત્રણેય પાત્ર સાથેની મૈત્રીનું પરિણામ જુદું જુદું છે. તાવડી સામાન્ય પદાર્થ છે, ગરમ પ્રકૃતિની છે, માટીની છે, તેનો સહવાસ પાણીના ટીપાના નાશનું નિમિત્ત બને છે. કમળસંગે મોતીનું સૌંદર્ય સાંપડે છે, તો છીપનો સહવાસ તુચ્છ ટીપાનેય મોતીનું મૂલ્ય બક્ષે છે. સંસ્કારી અને જાતવાન વ્યક્તિનો સહવાસ શુભ પરિણામ આપે છે.

---

પાણીનું એક ટીપું
જો એ તાવડી પર પડે
તો એનું અસ્તિત્વ જ મટે છે.

એ જો કમળનાં પાન પર પડે
તો મોતી જેવું ચમકી ઊઠે છે

અને જો છીપમાં પડ્યું
તો મોતી જ થઈ જાય છે.

પાણીનું ટીપું એ જ
તફાવત માત્ર સહવાસનો.

❋

ભર્તૃહરિના નીતિશતકના નીચેના શ્લોક તેમજ
અનુવાદનો અભ્યાસ કરો.

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते
मुक्ताकार तया तदेव नलिनीपत्रस्थितं दृश्यते ।
अन्तः सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते
प्रायेणाधममध्यमोत्तमगुण:संसर्ग तो जायते ॥

(તપેલા લોખંડ પર પડેલા પાણીનું નામનિશાન પણ જણાતું નથી. કમળનાં પાંદડાં પર રહેલું તે જ પાણી મોતીના આકારે શોભે છે. સ્વાતિ નક્ષત્રમાં દરિયાની છીપમાં પડેલું તે - પાણી - મોતી બની જાય છે. ઘણુંખરું અધમ, મધ્યમ કે ઉત્તમ સોબત-સંસર્ગ-થી થાય છે.)

❋

## શબ્દ-સમજૂતી

**તાવડી** પેણી, કઢાઈ **છીપ** દરિયાઈ જીવનું કોચલું **સહવાસ** સોબત, સંબંધ

## સ્વાધ્યાય

1. **નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**
   (1) પાણીનું ટીપું તાવડી પર પડે તો શું થાય?
   (2) કોના સહવાસથી ટીપું મોતીની જેમ ચમકે છે?
   (3) ટીપું મોતીમાં ક્યારે રૂપાંતર પામે છે?
2. **નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**
   સહવાસ કાવ્યને આધારે સહવાસનું માહાત્મ્ય સમજાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- તમને ગમતી હિન્દી કવિતાનો અનુવાદ કરો.
- 'એકલો જાને રે,' અનુ. મહાદેવભાઈ દેસાઈ અને 'પ્રેમલ જયોતિ'- અનુ. નરસિંહરાવ દિવેટિયા - મેળવીને પઠન કરો.
- અનુવાદ એટલે શું? તે કેવી રીતે કરી શકાય તે શિક્ષક પાસેથી જાણો.

## શિક્ષકપ્રવૃત્તિ

- અનુવાદનું મહત્ત્વ સમજાવો.
- ભાષાંતર અને અનુવાદ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
- થોડા અન્ય અનુવાદો મેળવી વર્ગમાં રજૂ કરો.

●

# 24 કેટલી જમીન જોઈએ?

**લિયો ટૉલ્સ્ટૉય**

**(જન્મ : 9-9-1828, અવસાન : 20-11-1910)**

લિયો ટૉલ્સ્ટૉય મૂળે રશિયાના હતા, પણ એમના જીવન તેમજ સાહિત્યનો પ્રભાવ વિશ્વકક્ષાએ આદરપાત્ર બન્યો. નવલકથા, નવલિકા, નાટક તેમજ નિબંધક્ષેત્રે એમનું પ્રદાન મૂલ્યવાન રહ્યું. અનેકવિધ ધ સાહિત્યસ્વરૂપોમાં એમણે માતબર ખેડાણ કર્યું છે. 'વૉ એન્ડ પીસ', 'અન્ના કેરેનિના', 'એ કન્ફેશન', 'ધ કિન્ગડમ્ ઑફ ગોડ ઇઝ વિધીન યુ', એમની જગવિખ્યાત કૃતિઓ છે. ગુજરાતીમાં પણ 'વૉર એન્ડ પીસ'ના ચાર ભાગનો 'યુદ્ધ અને શાંતિ' નામે તેમજ 'અન્ના કેરેનિના'ના અનુવાદ થયા છે. એમના સમયના આ મહાન સર્જકના સાહિત્યનો અનુવાદ વિશ્વની અનેક ભાષાઓમાં થયો છે.

ગાંધીજી તેમજ માર્ટિન લ્યુથર કિંગ જેવી મહાન વ્યક્તિઓએ પણ ટૉલ્સ્ટૉયની પોતાના જીવન પર થયેલી અસરની નોંધ લીધી છે.

પાહોમ ચિંતામુક્ત-મોજીલું જીવન જીવતો ખેતમજૂર છે. પોતાની પત્ની સાથે આનંદ-કિલ્લોલથી જિંદગી જીવે છે. દિલથી કામ કરે, સુખેથી રોટલો ખાય અને આનંદથી ઊંઘી જાણે છે. કોઈ કાળ ચોઘડિયે તેના ચિત્તમાં શેતાન પેઠો ને તેને જમીનદાર બનવાની લ્હાય ઊપડી. ધીરેધીરે તે શ્રમિકમાંથી કૃષક અને અંતે જમીનદાર પણ બન્યો - બસ અદમ્ય તૃષ્ણાનો કીડો પેઠો. સુંદર મકાન, ઉત્તમ રાચરચીલું અને પુષ્કળ પૈસા મળ્યાં, પણ જીવને જંપ વળ્યો નહીં. હજુ વધારે જમીન, અઢળક પૈસો અને મબલખ સુખની આકાંક્ષા અને ઘેલછાએ તેને મોટો-અતિ મોટો જમીનદાર બનવાની કમત સૂઝી. તેનાં ઊંઘ-આનંદ વેરણ થયાં ને સુખ-શાંતિ-સંતોષ ગાયબ થયાં અને અંતે તૃષ્ણાનો જ નહિ, તેના જીવનનો કરુણ અંત આવ્યો. સંયમ-સંતોષ અને વિવેક શીખવતી સિદ્ધ-પ્રસિદ્ધ રશિયન સાહિત્ય સ્વામી ટૉલ્સ્ટૉયની જગપ્રસિદ્ધ વાર્તાની કલાત્મક ગૂંથણી સદાકાળ ખુશબો પ્રેરે તેવી છે.

મહાન રશિયન સાહિત્યકાર ટૉલ્સ્ટૉયે લખેલી આ વાર્તા પરથી સુરતની જીવનભારતી શાળાના આચાર્ય ધીરુભાઈ દોશીએ આ પાઠ તૈયાર કર્યો છે.

---

'અરે! ભગવાન મારું તો કંઈ જીવન છે? બસ, દરરોજ સવારથી સાંજ સુધી જમીન ખેડ્યા કરવાની! મારી પાસે માલિકીની થોડી જમીન હોય તો કેવું સારું! પણ મારા જેવા મજૂરના ભાગ્યમાં ખેડૂત થવાનું ક્યાંથી હોય?' કહીને પાહોમ નામના ખેતમજૂરે નિસાસો નાખ્યો.

પાહોમ એક જમીનદારને ત્યાં ખેતમજૂર તરીકે રહેતો હતો. પતિપત્ની બંને મજૂરી કરે. કામ વિના એમને ચેન પડે નહિ. કામ કરે એટલે એવો થાક લાગે કે રાતે ઘસઘસાટ ઊંઘી જાય. કામ કરે તેથી ભૂખ પણ સારી લાગે. શરીર પણ બંનેનાં સશક્ત. મજૂરી પૂરતી મળતી, તેથી ખાય, પીએ ને લહેરથી રહે. છતાં એકવાર એનાથી ઉપર મુજબ નિસાસો નખાઈ ગયો.

એને મનમાં થયું : 'જમીન મળે તો હું પણ ખેડૂત બનું, મોટો ખેડૂત બનું, જમીનદાર બનું. બસ, પછી લીલાલહેર. કામ ઓછું ને આરામ વધારે. શ્રમ ઓછો ને સંપત્તિ વધારે. મજૂરો પાસે કામ કરાવું ને હું મોજ કરું.' એનામાં રહેલા શયતાને એને એશ-આરામના આવા વિચારો કરતો કરી દીધો અને પછી તો એ લહેરથી જીવતા આદમીની ઊંઘ પણ ઓછી થઈ ગઈ.

એના જમીનદાર ખૂબ ભલા હતા. એને કોઈ સંતાન ન હતું, કોઈ વારસદાર નહોતો, તેથી એણે તદ્દન ઓછી કિંમતે પોતાના મજૂરોને જ બધી જમીન વેચાતી આપી દીધી. પાહોમે પણ પાંચ એકર જમીન ખરીદી. હવે એ મજૂર મટીને ખેડૂત બની ગયો.

એણે મજૂર પાસે જમીન ખેડાવી, સારું બિયારણ વાવ્યું. ઈશ્વરકૃપાથી વરસાદ થયો. ખેતરમાં લહેરાતો મોલ જોઈને પતિ-પત્ની બંને ખુશ ખુશ થઈ ગયાં, પછી તો દર વરસે સારો પાક થતો ગયો. ધીમે ધીમે એણે પોતાનું મકાન બનાવ્યું, સારી ઘરવખરી વસાવી. એની પાસે થોડા પૈસા પણ થયા આમ છતાં એને સંતોષ ન થયો.

એકવાર એણે એની પત્નીને કહ્યું : 'આપણી પાસે પાંચ જ એકર જમીન છે. આટલી ઓછી જમીનથી તો કાંઈ વળતું નથી. આપણે આનાથી વધારે જમીન મેળવવા પ્રયત્ન કરીએ તો ?' પત્નીને પણ એની વાત ગમી ગઈ, તેથી એણે પણ કહ્યું : 'હા, વાત તો ખરી, પણ વધારે જમીન મેળવવી શી રીતે?'

ત્યાં તો એક દિવસ પાહોમને કાને વાત આવી : 'વોલ્ગા નદીના કિનારે એવી ફળદ્રુપ જમીન છે કે જેમાં ઓછી મહેનતે ને ઓછા ખાતરે બહુ સારો પાક થાય છે. વરસાદ પડ્યા પછી ઘઉં ઓરી દીધા કે જમીનના ભેજથી જ ઊંચોઊંચો ઘઉંનો મોલ ઊગવા માંડે છે. વળી, એ જમીનની કિંમત તો નહિ જેવી છે.'

પાહોમે અહીંની જમીન વેચી નાખી. જે પૈસા મળ્યા તે લઈને એ કુટુંબ સાથે વોલ્ગાના કિનારે ઊપડ્યો. પચાસ એકર જમીન ખરીદીને એણે ત્યાં જ વસવાટ કર્યો. થોડાં ઢોર પણ ખરીદ્યાં. કસદાર જમીન ને દુધાળાં ઢોરને કારણે એ શ્રીમંત ખેડૂત બની ગયો. એની સુખસમૃદ્ધિ દિન-પ્રતિદિન વધતી ગઈ, વધતી ગઈ. મજૂરો પાસેથી કામ લેવાનું, તેથી નવરાશનો પાર નહિ. આવી સારી સ્થિતિથી પણ એને સંતોષ ન થયો. નવરાં બેઠાં એને સતત વિચારો આવ્યા કરે : 'હજુ આના કરતાં વધારે જમીન મળે તો? પછી તો મોટો જમીનદાર ગણાઈશ. મારી પાસે અનેક મજૂરો ને નોકરો કામ કરતા હશે.'

જમીનદાર થવાની લાયમાં ને લાયમાં એનાં આનંદ ને ઊંઘ હરામ થઈ ગયાં. સાચું સુખ સંતોષમાં છે એ વાત એ ભૂલી ગયો.

એકવાર એક મુસાફર એને ત્યાં પાણી પીવા આવ્યો. એની સાથે થોડી વાતચીત થઈ, તે દ્વારા જાણવા મળ્યું : 'અહીંથી અઢીસો કિલોમીટર દૂર વિશાળ સ્ટેપીઝ પ્રદેશ છે. ત્યાં બશ્કીર લોકો રહે છે. સ્વભાવે તેઓ બહુ સરળ છે. એમની પાસે એટલી બધી જમીન છે કે નાની એવી ભેટથી પણ ખુશ થઈને તેઓ પાણીના મૂલે જમીનને વેચી દે છે. એ મુસાફર ત્યાં વસવાટ કરવા જતો હતો.'

પાહોમને વિચાર આવ્યો : 'હું પણ ત્યાં શા માટે ન જાઉં? આ પચાસ એકર જમીન મારા માટે પૂરતી ન ગણાય. પાંચસો એકર જમીન તો ત્યાં સહેલાઈથી મેળવી શકીશ.'

પાહોમે પત્નીને વાત કરી : 'જો સાંભળ, હું વોલ્ગા નદીની દક્ષિણે બસોએક કિલોમીટર દૂર હોડી દ્વારા જવાનો છું. ત્યાંથી પચાસેક કિલોમીટરના અંતરે સ્ટેપીઝ પ્રદેશ છે. ત્યાં રહેતા બશ્કીર લોકો મફતના ભાવે જમીન આપે છે. હું તપાસ કરી આવું. તું ઘરની સંભાળ રાખજે. '

પાહોમ એક હજાર રૂબલ લઈને એના નોકર સાથે નીકળી પડ્યો. હોડીમાં લાંબો પ્રવાસ કરીને નદીકાંઠે આવેલા શહેરમાં બંને પહોંચ્યા. પેલા મુસાફરે સૂચવ્યા પ્રમાણે ત્યાં ભેટ આપવા માટે મનગમતી વસ્તુઓ ખરીદી અને ત્યારબાદ એક દિવસ સતત ચાલ્યા પછી બંને ત્યાં પહોંચી ગયા.

આ પ્રદેશમાં બશ્કીર લોકો નદીકિનારે તંબૂ બાંધીને રહેતા હતા. તેઓ ભારે મોજીલા હતા. ચાર મહિના કશું કામ ન કરે, માત્ર મોજ કરે.

પાહોમને જોતાં જ બશ્કીર લોકો તંબૂમાંથી બહાર નીકળીને એની આસપાસ વીંટળાઈ વળ્યા. સૌએ જાણી લીધું કે નવા ગ્રાહક આવ્યા છે. એને તંબૂમાં લઈ જઈને એનું સ્વાગત કર્યું. પાહોમ તો આગતાસ્વાગતાથી ખુશ થઈ ગયો.

થોડીવારમાં જ્યારે એમનો નાયક આવ્યો ત્યારે નાયક તરીકે એનો પરિચય આપવામાં આવ્યો.

પાહોમે અભિવાદન કર્યું અને એણે આણેલી સર્વ બક્ષિસ એને ભેટ ધરી.

નાયકે ખુશ થઈને કહ્યું : ''તમારી ભેટસોગાદથી અમે ખૂબ રાજી થયા છીએ. તમે જમીન માટે આવ્યા છો ને? તમારે જોઈએ તેટલી જમીન તમે લઈ શકો છો.''

'મારે શી કિંમત આપવાની છે?'

'અમારો ભાવ હંમેશાં એક જ હોય છે : દિવસના હજાર રૂબલ.'

પાહોમ સમજ્યો નહિ. એણે પૂછ્યુંઃ 'દિવસના હજાર રૂબલ? જમીનનું આવું માપ કેવું? એમાં મને કેટલા એકર જમીન મળશે?'

'અમે જમીન માપીને આપતા નથી. ચારે બાજુ ફરતાં ફરતાં પગે ચાલીને એક દિવસમાં તમે જેટલી જમીન આવરી શકો તેટલી બધીય જમીન તમારી માલિકીની ગણાય.'

પાહોમ આશ્ચર્ય થયું : 'એક દિવસમાં તો ઘણી બધી જમીન આવરી લેવાય !

નાયક હસ્યો. ''હા, ખરી વાત છે. એ બધી જમીન તમારી. પણ એક શરત છે : જે સ્થળેથી તમે ચાલવા માંડો તે જ સ્થળે સાંજે પાછા પહોંચી જવું જોઈએ. આ શરતનું પાલન ન થાય તો તમારા રૂબલ જાય.''

પાહોમને તો આ શરત ગમી ગઈ.

પાહોમ એના ઉતારે ગયો. રાતના એને પૂરી ઊંઘ ન આવી, કારણ કે એને પાર વગરની જમીનના માલિક થવાના વિચારો આવ્યા કર્યા. જ્યાં વહેલી સવારે એકાદ ઝોકું આવ્યું, ત્યાં તો બૂમ પડી : ''પાહોમભાઈ, ઊઠો !''

સૂર્યોદય થાય એ પૂર્વે બશ્કીરો સાથે નીકળી જવાનું હતું. પાહોમ પણ કોદાળી લઈને બશ્કીરે આણેલા ઘોડા પર સવાર થઈ ગયો. એક ટેકરીની સામે નજર ન પહોંચે એવડું મોટું મેદાન હતું. સૌ ત્યાં પહોંચ્યા.

નાયકે પાહોમની પાસે આવીને કહ્યું : ''જુઓ, સામે દેખાય છે તે જમીન. આમાંથી તમારે જેટલી જોઈએ તેટલી સાંજ સુધીમાં મેળવી શકશો.'' પછી માથેથી પોતાની ઊંચી ટોપી ઉતારીને નિશાન મૂક્યું અને જણાવ્યું : ''અહીંથી તમારે ચાલવાનું છે. તમારે જોઈએ તેટલી જમીન મેળવવા જમણા હાથ તરફથી કે ડાબા હાથ તરફથી વળીને સૂર્યાસ્ત થયા પહેલાં અહીં પાછા આવી જવાનું છે.''

પાહોમની આંખો આનંદથી પ્રકાશી ઊઠી. હથેળી જેવી સપાટ ને સરસ એ જમીન હતી. પાહોમે ખીસામાંથી એક હજાર રૂબલ કાઢીને ટોપી પર મૂક્યા.

પાહોમે ઉપર પહેરેલો લાંબો કોટ ઉતારી નાખ્યો, કમરનો પટ્ટો ઢીલો કરીને પેટ નીચે રાખ્યો, ને ફરીથી સખત બાંધ્યો. એણે ખીસામાં નાસ્તો મૂક્યો ને રોટલા તથા શાકની નાની પોટલી ખભે બાંધી. એણે કમર પર પાણીની નાની બૅગ પટ્ટા સાથે ભરાવી દીધી. હાથમાં કોદાળી લઈને એ ચાલવા તૈયાર થયો. એને લાગ્યું કે સામે પડેલી વિશાળ જમીન પોતાને બોલાવી રહી છે. 'આજથી આ આટલી બધી જમીન મારી !' આ વિચારે એના હરખનો પાર ન રહ્યો. કઈ બાજુથી ચાલવાનું શરૂ કરવું એ વિચારમાં જ થોડો સમય પસાર થઈ ગયો. છેવટે વિચાર્યું : 'કંઈ નહિ, ઊગતા સૂર્યની દિશામાં જ ચાલીશ.' સૂર્યનારાયણે આકાશને અજવાળી મૂક્યું કે તરત જ એણે ચાલવાનું શરૂ કર્યું.

બેએક કિલોમીટર ચાલીને એણે કોદાળીથી નાનો ખાડો કર્યો અને એના પર ઘાસની ઢગલીનું નિશાન મૂક્યું. થોડે દૂર જઈને પાછું બીજું નિશાન કર્યું. એમ થોડેથોડે અંતરે એ નિશાન મૂકતો ગયો ને વધુ ને વધુ અંતર કાપતો ગયો.

પાછળ જોયું તો સૂર્યના પ્રકાશમાં પેલી ટેકરી જરા દૂર, પણ સ્પષ્ટ વરતાતી હતી. પાહોમને લાગ્યું : 'હું હજી તો માત્ર પંદરેક કિલોમીટર ચાલ્યો છું.' થોડી ગરમી લાગવા માંડી એટલે એણે જાકીટ ઉતારીને ખભે મૂકી દીધું અને પાછું સીધા જ ચાલવા માંડ્યું.

એણે આકાશમાં જોયું તો સૂર્ય ઠીકઠીક ઊંચે આવી ગયો હતો. થોડી વાર એ થોભ્યો, નાસ્તો કર્યો ને પાણી પીધું અને પાછું ચાલવા માંડ્યું. એને થયું કે જો આરામ લેવા રહીશ તો આટલી સારી જમીન હાથમાંથી સરી જશે. તેથી થોડી વધુ ઝડપથી એણે ચાલવા માંડ્યું :

ફરી વાર પાછળ જોયું તો ટેકરીથી એ ઘણો દૂર આવી ગયો હતો. ટેકરી ખૂબ ઝાંખી લાગતી હતી. ત્યાં ઊભેલા માણસો કીડી જેવા જણાતા હતા.

હવે એને ચાલતાં પરસેવો વળતો હતો, થાકની અસર વરતાતી હતી, વારેવારે તરસ પણ લાગતી હતી. છતાં જમણી તરફ પણ એ સારું એવું ચાલ્યો. કકડીને ભૂખ લાગતી હતી, તેથી ત્યાં રોકાઈને ઉતાવળથી રોટલો ને શાક ખાધાં. આંખમાં ઊંઘની અસર જણાવા લાગી. 'અત્યારે થોડી તકલીફ પડશે, પણ કાયમનું સુખ થઈ જશે ને?' એમ વિચારીને પૂરો આરામ લીધા વિના એણે તો ચાલવા જ માંડ્યું. સમય તો પસાર થઈ રહ્યો હતો, છતાં આસપાસની જમીન એને હૈયે વળગી રહી હતી. પણ હવે એને પાછા ફર્યા વિના ચાલે એમ ન હતું. સૂર્ય આકાશમાં પશ્ચિમ તરફ અર્ધો નીચે ઊતરી રહ્યો હતો અને અંતર વધારે કાપવાનું હતું.

'મૂળ જગ્યાએ પાછા નહી પહોંચાય તો શું થશે?' એને ધ્રાસકો પડ્યો. એનો શ્વાસોચ્છ્શ્વાસ વધી ગયો. એણે દોડવા માંડ્યું. પરસેવાથી એ રેબઝેબ થઈ ગયો. તરસથી એનું મોં સુકાવા લાગ્યું. 'હવે હું મરી જઈશ તો ? પણ મારે મોતથી ડર્યા વિના પૂરી તાકાતથી દોડવું જાઈએ. લોકો મને મૂર્ખ કહેશે અને મારા રૂબલ જશે એ જુદા.' આવા વિચારો એને આવ્યા કરતા હતા. દૂર ઊભેલા નાયકે બૂમ પાડી : 'પાહોમ, જલદી દોડો. હમણાં સૂર્યાસ્ત થઈ જશે. નિશાન હવે હાથવેંતમાં જ છે.' આ સાંભળીને એ ઉત્સાહિત બન્યો. ટોપી તદ્દન નજીક છે

એવો ભાસ થયો, પણ હવે એનાથી દોડાતું ન હતું. એ ખૂબ થાકી ગયો હતો. પાછા વિચારો આવ્યા : 'અરે, મેં આટલી બધી જમીન મેળવવાનો લોભ રાખીને ભારે ભૂલ કરી છે. હું એ ભોગવવા રહી શકવાનો નથી. હું મૂળ સ્થાને કોઈ રીતે નહિ પહોંચી શકું. મારો સઘળો પરિશ્રમ એળે જશે.'

સામે સૂર્ય પશ્ચિમની ક્ષિતિજમાં પહોંચી ગયો હતો. લોકો ને નાયક એને જલદી પહોંચી જવા બૂમ પાડતા હતા. એને આંખે અંધારાં આવતાં હતાં, એના પગ લથડતા હતા, ચાલવા જેટલી પણ શક્તિ એનામાં નહોતી રહી. છતાં એ પરાણેપરાણે ચાલવા લાગ્યો. આખરે એ પડી ગયો, પરંતુ એનો હાથ સીધો ટોપી પર જ પડ્યો.

નાયક બોલી ઊઠયો : 'શાબાશ! બહાદુર પુરુષ, તેં ઘણી જમીન મેળવી લીધી.'

પાહોમનો નોકર દોડ્યો. એને ઊભો કરવા એણે પ્રયત્નો કર્યા, પણ એનાથી ઊભા થઈ શકાય એમ ન હતું. એની સામે જોયું તો એના મોંમાથી લોહી વહેતું હતું. એના શરીરમાં ચેતન ન હતું.

નોકરે કોદાળી લઈને કબર ખોદી. એને એમાં સુવાડી દેવામાં આવ્યો. માથાથી પગ સુધીની લંબાઈની માત્રા છ ફૂટ જમીનની જ એને જરૂર હતી!

## શબ્દ-સમજૂતી

**નિસાસો નાખવો** દુઃખ કે નાસીપાસીની આહ નાખવી **બિયારણ** અનેક બીજનો સમૂહ, વાવવા માટેનાં બીજ **ઘરવખરી** ઘરને લગતો સરસામાન, રાચરચીલું **વોલ્ગા** રશિયાની એક નદી **લાય** તીવ્ર ઝંખના **રૂબલ** રશિયાનો રૂપિયા જેવો સિક્કો **નાયક** આગેવાન, સરદાર **અભિવાદન** નમસ્કાર **જાકીટ (અં.)** એક પ્રકારનું પહેરવાનું વસ્ત્ર **ધ્રાસ્કો** ફાળ **એળે જવું** નકામું જવું **ક્ષિતિજ** પૃથ્વી અને આકાશ જ્યાં મળતાં દેખાય તે કલ્પિત રેખા

## રૂઢિપ્રયોગ

**આંખે અંધારાં આવવાં** તમ્મર આવવાથી ન દેખાવું **ચેન ન પડવું** સુખ કે આરામ ન લાગવો, નિરાંત ન હોવી **ઊંઘ હરામ થવી જવી** ઊંઘ જતી રહેવી, ચિંતાને લીધે ઊંઘ ન આવવી **પાણીના મૂલે** સાવ સસ્તા ભાવે **હૈયે વળગવું** ખૂબ આકર્ષણ હોવું

## સ્વાધ્યાય

1. **નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**
   (1) પાહોમે શો નિસાસો નાખ્યો ?
   (2) પાહોમ મજૂર મટીને ખેડૂત શી રીતે થયો ?
   (3) પાહોમ વૉલ્ગાના કિનારે શા માટે ગયો ?
   (4) જમીનદાર થવાની લ્હાયમાં પાહોમ શું ભૂલી ગયો ?
   (5) નાયકે પાહોમ આગળ કઈ શરત મૂકી ?
2. **નીચેના દરેક પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**
   (1) ખેતમજૂર તરીકે પાહોમનું જીવન કેવું હતું ?
   (2) જમીનદાર બન્યા છતાં એને સંતોષ કેમ ન થયો ?
   (3) પાઠના આધારે બશ્કીર લોકો વિશે ટૂંકી નોંધ લખો.
   (4) સ્ટેપીઝ પ્રદેશમાં પાહોમને કઈ શરતે જમીન મળતી હતી ?
   (5) શક્ય એટલી વધુ જમીન મેળવવા પાહોમે કેવો પુરુષાર્થ કર્યો ?
3. **નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**
   'માથાથી પગ સુધી લંબાઈની માત્ર છ ફૂટ જમીનની જ એને જરૂર હતી!' આ વાક્ય સમજાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- ટૉલ્સ્ટૉયની અનૂદિત વાર્તાઓ મેળવીને વાંચો.
- ટૉલ્સ્ટૉયની ગાંધીજી ઉપર થયેલી અસર વિશે માહિતી મેળવો.
- પાહોમ વિશેની એકોક્તિ તૈયારી કરી ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

નીચેનાં વાક્યો વાંચો :

● 'પતિપત્ની બંને મજૂરી કરે. કામ વિના એમને ચેન પડે નહિ. કામ કરે એટલે એવો થાક લાગે કે રાતે ઘસઘસાટ ઊંઘી જાય. કામ કરે તેની ભૂખ પણ સારી લાગે. શરીર પણ બંનેનાં સશક્ત. મજૂરી પૂરતી મળતી, તેથી ખાય, પીએ ને લહેર કરે...'

● જેમ માળાના મણકા, ક્રમમાં દોરા(સૂત્ર)થી ભેરવેલા હોય ને માળા સુંદર લાગે એમ એક વાક્યથી બીજું વાક્ય અર્થ-ભાવના સૂત્રથી કેવા બંધાયેલા છે તે જુઓ. સરળ ભાષા, સદી કડી. છેલ્લા વાક્યમાં ઓછા શબ્દો ને માત્ર ક્રિયાપદોથી કેવું કામ લેખકે લીધું છે ?- 'ખાય, પીએ ને લહેર કરે...' તરત સમજાઈ જાય એવું સરળ, સ્પષ્ટ લખાણ લખવું અઘરું નથી. તમે પણ આવી રીતે તમારા વિચારો વ્યક્ત કરવાનો પ્રયત્ન કરો. તમારા શિક્ષકનું માર્ગદર્શન લો.

## શિક્ષકપ્રવૃત્તિ

- 'સંતોષમાં સુખ છે.' - એમ માનવાથી વ્યક્તિનો વિકાસ વધે કે ઘટે ? - વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદ ગોઠવી શકાય.
- ભૌતિક વિકાસ અને આંતરિક મુખ વિશેની અન્ય વાર્તાઓ વિદ્યાર્થીઓને કહી શકાય.
- ઇન્ટરનેટ દ્વારા ટૉલ્સ્ટૉય વિશે તેમજ એમની કૃતિઓ વિશે વિશેષ માહિતી મેળવવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

●

# એકમ-6 | નિબંધ, સંક્ષેપીકરણ, વિચારવિસ્તાર અને પત્રલેખન

**નિબંધ :**

કોઈ એક વિષય પર મુદ્દાસર અને ક્રમબદ્ધ રીતે માહિતી આપવી એનું નામ નિબંધ. સૂચવેલ વિષય પરનાં વાક્યોને અલગ અલગ મુદ્દાઓમાં વિભાજિત કરવા. ત્યાર બાદ તેને ક્રમશઃ ગોઠવવા. વચ્ચે વચ્ચે જે-તે વાત - વિચારને ઉપસાવવા માટે અન્ય જાણીતી પંક્તિઓ, જાણીતાં અવતરણો વગેરેને પણ મૂકી શકાય. એનાથી નિબંધ વધુ સારો બનશે. વાંચનારને પણ મજા પડશે.

નિબંધલેખન કરવું એ અઘરું કામ નથી. પણ હા, તે મહાવરો માગી લેતું કામ છે. થોડા નિબંધના નમૂનાઓનું વાંચન કરવાથી ધીરે ધીરે ફાવટ આવતી જાય છે. પરીક્ષામાં પુછાયેલા નિબંધના વિષયથી મોટે ભાગે તમે પરિચિત હો છો. આ પરિચિત વિષય ઉપર થોડો વિચાર કરવાથી તે વિષય ઉપર વાક્યો તૈયાર થાય છે. હવે મુદ્દાના વિષય પ્રમાણે ક્રમશઃ ગોઠવવાનાં અને વચ્ચે વચ્ચે તેને પૂરક (Supproted) - અવતરણો પંક્તિઓને ગોઠવવાથી નિબંધ તૈયાર થશે.

આપણે નિબંધલેખન સમયે કેવી કેવી કાળજી રાખવી તે વિશે થોડી જાણકારી મેળવીએ :

(1) લખતી વખતે વાક્યો અતિશય લાંબાં ન બને તેવી કાળજી રાખવી.

(2) વાક્યો સ્પષ્ટ રીતે પોતાનો અર્થ રજૂ કરે તેવાં શુદ્ધ રીતે લખાયેલાં હોવાં જોઈએ.

‘દિવાળી તહેવાર રાજા ગણાય છે.’ આ વાક્યને ‘દિવાળી એ તહેવારોનો રાજા ગણાય છે.’ એમ લખવાથી સ્પષ્ટ લખ્યું ગણાય. ‘ગાળીને પાણી હંમેશાં પીવું જોઈએ.’- આ વાક્યનાં પદોનો ક્રમ બરાબર નથી. ‘પાણી હંમેશાં ગાળીને પીવું જોઈએ.’- આ પ્રમાણે લખવાથી તે બરાબર લખાયું કહેવાય.

(3) લખાણમાં પરિચ્છેદો (ફકરાઓ) હોવા જોઈએ. તે અતિશય લાંબા પણ ન હોવા જોઈએ.

(4) વિરામચિહ્નોનો સમજપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

(5) વિભક્તિના પ્રત્યયો જે-તે શબ્દની સાથે જોડીને લખવા જોઈએ. ‘કસરત કરવાથી શરીરની તંદુરસ્તીમાં વધારો થાય છે.’

આ વાક્યમાં રહેલા પ્રત્યયો થી, ની અને માં તેની આગળના પદ સાથે જોડીને લખવા જોઈએ.

‘કસરત કરવાથી શરીરની તંદુરસ્તીમાં વધારો થાય છે.’

(6) કાગળમાં યોગ્ય હાંસિયો રાખવો અને દરેક પરિછેદની શરૂઆતમાં એકાદ ઈંચ જેટલી જગ્યા મૂકીને લખવાનું રાખવું જોઈએ.

(7) નિબંધનું શીર્ષક અને નિબંધના મુદ્દાઓ થોડા મોટા અક્ષરે લખવા.

(8) આખો નિબંધ લખાઈ ગયા પછી પણ એક વખત તેને વાંચી જવો. જેનાથી તેમાં રહી ગયેલી નાની-મોટી ક્ષતિઓ સુધારી શકાય છે.

(9) નિબંધમાં વચ્ચે વચ્ચે યોગ્ય જગ્યાએ વિષયને બંધબેસતી કાવ્યપંક્તિઓ, શ્લોકો, કહેવતો, ઉક્તિઓ વગેરે અન્ય ભાષાની મૂકી શકાય છે.

**સંક્ષેપીકરણ :**

સંક્ષેપીકરણ એટલે ટૂંકાણ. લેખનમાં જે વાત લંબાણથી કહેવાઈ હોય તેને ટૂંકાણમાં, પોતાના શબ્દોમાં પણ સચોટ રીતે લખવી એટલે સંક્ષેપ કર્યો કહેવાય.

કોઈ લખાણનો સંક્ષેપ કરવા માટે આ મુદ્દાઓ ધ્યાને લેવા :

● લખાણને ત્રણ-ચાર વખત ધ્યાનથી વાંચી જવું.

● લખાણમાં કોઈ શબ્દનું પુનરાવર્તન થતું હોય કે કોઈ શબ્દ માટે શબ્દસમૂહ વપરાયો હોય તો તેને દૂર કરવો. શક્ય હોય તો બે-ત્રણ લીટીઓ સાંકળીને તેને એક વાક્યમાં સમાવવા પ્રયત્ન કરવો.

દા.ત., 'મહારાજા પોતાને પચાસ વર્ષ પૂરાં થયાનો ઉત્સવ ઊજવી રહ્યા હતા. તેમણે સગાં-વહાલાં અને ગ્રામજનોને આ કાર્યક્રમમાં સહભાગી બનાવ્યાં હતાં.'

આ વાક્યોનો સંક્ષેપ આ પ્રમાણે કરી શકાય :

'મહારાજાએ પોતાના સુવર્ણમહોત્સવમાં સગાં-વહાલાં અને ગ્રામજનોને આમંત્ર્યાં હતાં.'

● સંક્ષેપ કરતી વખતે મૂળ લખાણનો વિચાર જળવાઈ રહેવો જોઈએ.

● સંક્ષેપ લગભગ મૂળ લખાણના ત્રીજા ભાગ જેટલો થવો જોઈએ.

● લખાણની ભાષા સાદી, સરળ અને સચોટ હોવી જોઈએ.

● સંક્ષેપને યોગ્ય શીર્ષક આપવું જોઈએ.

અહીં ઉદાહરણો દ્વારા આપણે સંક્ષેપીકરણ સમજીએ :

(1) 'ઝાડ ઉપર સરસ ફળ ઊગેલાં જોઈ લોભી માણસ એ ફળ તોડે છે. ઉપર ચડવાનું શક્ય ન હોય અથવા એટલી મહેનત પણ કરવી ન હોય, તો ફળ તરફ તાકીને લોભી માણસ પથ્થર ફેંકે છે. વૃક્ષ આવા માણસ ઉપર પણ ક્રોધ કર્યા વગર એને પોતાનું ફળ આપી છૂટે છે. ખરેખર, આ વૃક્ષો જ પૂરાં પરોપકારી છે. એમને ધન્ય છે. હે મારા મન! તને માણસનો દેહ મળ્યો એ વ્યર્થ છે. વૃક્ષ જેટલી પણ ભલાઈ તું બતાવતો નથી.'

**- કાકા કાલેલકર**

આ ગદ્યખંડનો સંક્ષેપ આ મુજબ થઈ શકે :

'વૃક્ષ પોતાને પથ્થર મારનારને પણ હસીને પોતાનું ફળ આપી દે છે, પણ મનુષ્ય પોતાના જીવનમાં વૃક્ષ જેટલો પરોપકારી થઈ શકતો નથી.'

શીર્ષક - પરોપકાર

(2) ગામનાં બાળકો, ગામનાં આંગણાં, ગામની શેરીઓ, ગામનાં કૂવા-તળાવ કે જાજરૂને હું જ્યારે ગંદાં જોઉં છું ત્યારે મને એમ થાય છે કે હજુ આપણે સ્વચ્છતાના પ્રાથમિક સંસ્કારો પણ દૃઢ નથી કર્યા. એને લીધે જ આપણું આરોગ્ય ખોરવાઈ ગયું છે, અનેક ચેપી રોગોનો ફેલાવો થાય છે, આપણી પ્રગતિમાં પણ અનેક અંતરાયો આવે છે. અલબત્ત, આમાં આપણી ગરીબી બહુ મોટો ભાગ ભજવે છે, પણ મારું તો એવું દૃઢ માનવું છે કે સતત સ્વચ્છતાના સંસ્કારોની કેળવણી કર્યા કરવી એ જ એનો સાચો ઉકેલ છે. જો સ્વચ્છતાના સંસ્કારો દૃઢ થઈ જશે તો માણસ જ સ્થિતિમાં હશે એમાં પણ સ્વચ્છતા સાચવવાનો પ્રયત્ન કરશે. **- બબલભાઈ મહેતા**

**સંક્ષેપીકરણ :**

ગામડામાં લોકો પોતાની સ્વતંત્ર કે જાહેર વસ્તુઓ કે સ્થળોને ચોખ્ખાં રાખતાં નથી. એને કારણે જ ગામડામાં રોગોનું પ્રમાણ વધે છે. માણસો ભલે ગરીબ હોય પણ પોતાની સ્વચ્છતા સાચવશે તો આપણી પ્રગતિ ચોક્કસ થશે.

અહીં આપણે ગુજરાતીમાં આપેલ ગદ્યખંડમાં સંક્ષેપ કરવા માટેનાં પગથિયાં અને ઉદાહરણો જોયાં. આ મુજબ જ ફકરો અંગ્રેજીમાં આપ્યો હોય તો તેને આ પગથિયાંઓ મુજબ બરાબર સમજી તેનો ત્રીજા ભાગ જેટલો સાર-સંક્ષેપ ગુજરાતીમાં લખવો અને એને યોગ્ય શીર્ષક આપવું.

**વિચારવિસ્તાર :**

જ્યારે સર્જક તેના ચિંતન, વિસ્તાર કે અનુભવની વાત સાવ જ ટૂંકાણમાં રજૂ કરે ત્યારે બધાને માટે તે વાતનો અર્થ કરવાનું મુશ્કેલ હોય છે. એ વખતે સર્જક વિચારને વિવિધ ઉદાહરણો, દાખલા-દલીલો, કહેવતો અને સરળ વાક્યો દ્વારા સમજાવવાથી તે સર્વજન સુલભ બને છે. આ રીત ગદ્ય કે પદ્ય પંક્તિમાં રહેલા ભાવ-અર્થને સરળતાથી સમજાવવાની પ્રક્રિયા એટલે જ અર્થવિસ્તાર. તેને વિસ્તૃતીકરણ કે વિચારવિસ્તાર પણ કહી શકાય.

કોઈ પંક્તિનો અર્થવિસ્તાર કરવા માટે કઈ બાબતો ધ્યાને લેવી તેના વિશે આપણે થોડું વિચારીએ :

1. પંક્તિને ત્રણ-ચાર વખત એકચિત્ત થઈ વાંચવી.
2. પંક્તિમાં રહેલા અઘરા શબ્દના અર્થ સમજવાનો પ્રયત્ન કરવો.
3. કોઈ શબ્દના એકથી વધારે અર્થ થતા હોય તો અહીં કયો અર્થ અનુકૂળ છે તે વિશે થોડો વિચાર કરવો. આટલું કરવાથી પંક્તિનો ભાવ-અર્થ ધીરે ધીરે સ્પષ્ટ થતો જશે.
4. ત્યારબાદ આ અર્થને અનુરૂપ દૃષ્ટાંતો, કહેવતો, અવતરણો વગેરે યાદ કરવા.
5. હવે પછી આ બધી વાતને સરળ રીતે સમજાવવા માટેની વાક્યરચના મનમાં ગોઠવતાં જવી.
6. શક્ય એટલાં ટૂંકાં વાક્યોમાં વાચકને સરળ રીતે સમજાય એ રીતે ક્રમશઃ પંક્તિને સમજાવતા જવી.
7. જોડણી, વિરામચિહ્ન વગેરેનો સમજપૂર્વક ઉપયોગ કરવો.
8. અંતે, અર્થબોધની દૃષ્ટિએ તેને યોગ્ય શીર્ષક પણ આપી શકાય.

આપણે અહીં એક અર્થવિસ્તારનો નમૂનો સમજીએ :

જે કર ઝુલાવે પારણું, તે જગત પર શાસન કરે.

આ પંક્તિમાં માતાનો મહિમા કરવામાં આવ્યો છે. બાળકના ઘડતરમાં માતાની ભૂમિકા બહુ મોટી હોય છે. બાળકમાં સંસ્કારોનું ઘડતર સૌથી વધુ માતા જ કરી શકે, એટલે જ માતાનું સ્થાન શિક્ષકો કરતાંયે ચડિયાતું ગણાય છે.

દુનિયામાં જે માણસો પોતાનાં સારાં કાર્યો દ્વારા પ્રસિદ્ધ થયા એ બધા પર પોતાની માતાની વિશેષ અસર તેઓ બતાવતા રહ્યા છે. શિવાજી, વિનોબાજી, બબલભાઈ મહેતા, સમ્રાટ સિકંદર, ભગતસિંહ - આ બધી વ્યક્તિઓએ એમની માતાનો ખૂબ જ આદર કર્યો છે.

'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' એમ કંઈ અમસ્તું ગવાતું હશે! માતાના ગુણો અપરંપાર છે એટલે જ કહેવાયું છે કે, 'ભગવાન ઘેર ઘેર પહોંચી ન શકે એટલે એમણે માતાનું સર્જન કર્યું. બાળક સાથે સૌથી નિકટ તો માતા જ રહે છે ને?'

આવી માતાઓ દ્વારા સંસ્કાર-સિંચન કરીને દીકરો જ્યારે સમાજમાં સારાં કાર્યો કરે, સુવ્યવસ્થા સ્થાપે તો એનો યશ તો માતાને જ મળે ને? વળી, દીકરો માતાની મર્યાદા અને માતાનું માન તો આજીવન સાચવવાનો જ ને એટલે જ પારણું ઝુલાવનાર હાથ એટલે કે માતા જ બધું કરી શકે. દીકરો તો માતાના વિચારોનું માધ્યમ છે.

પોતાનો દીકરો સજ્જન બનીને, સામાજિક જવાબદારી નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક અદા કરી રહ્યો હોય ત્યારે માતા કેટલી ખુશ થતી હોય છે. દીકરાની સફળતા માટેનો સૌથી વધુ આનંદ તો માતાને જ હોય છે. રામાયણમાં ભગવાન રામના મુખે પણ આ શબ્દો બોલાયા છે.

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી!'

આમ, સંસ્કારી માતાઓ દ્વારા ઘડાતા સંસ્કારી પુત્રો જ જગત ઉપર અજવાળું પાથરતા રહે છે. સાચું સ્વર્ગ તો માતાનાં ચરણોમાં છે. કવિ દુલા ભાયા કાગે પોતાની મા વિશે કહ્યું છે :

'મુખેથી બોલું મા, સાચે જ નાનપણ સાંભરે,
મોટપની બધી મજા, કડવી લાગે 'કાગડા'.'

- આપણે અર્થવિસ્તાર થઈ શકે તેવી થોડી પંક્તિઓ વાંચીએ :
- નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન.
- જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી.
- શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી,
  ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન.
- મને મળી નિષ્ફળતા અનેક,
  તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.
- મળે છે કષ્ટ લીધા વિણ, જગતમાં ઉન્નતિ કોને?
  વિહંગો પાંખ વીંઝે છે, પ્રથમ નિજ ઉડ્ડયન માટે.
- હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
  લડો પાપો સામે અડગ દિલનાં ગુપ્ત બળથી.

**સ્વાધ્યાય**

**તમારા પાઠ્યપુસ્તકના કાવ્યમાંથી અથવા અન્ય જગ્યાએથી શોધીને કોઈ પણ ચાર પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો.**

*

**પત્રલેખન :**

થોડાં વર્ષો પહેલાં ટેલિફોન કે મોબાઇલ ફોનનો આપણે ત્યાં વપરાશ નહોતો. એ સમયે લોકો પત્ર દ્વારા એક-બીજાથી દૂર આપલે કરતા. આજે પત્રનો ઉપયોગ આપણે ત્યાં ખૂબ જ ઓછો થાય છે. પત્રલેખન એ પણ કલા છે. આપણી વાતને શબ્દોમાં ઢાળવાનો આનંદ પણ અનોખો હોય છે. મૌખિક રીતે વાતચીત કરવી અને એ વાતને લખવી એ બંને વચ્ચે ઘણું અંતર છે. પ્રત્યક્ષ વાતચીતને તો પરસ્પર પ્રશ્નોત્તર દ્વારા સારી રીતે સમજી શકાય. પણ પત્રમાં તો લખનારે જ પોતાની વાત અસરકારક રીતે સમજાવવી પડે. વળી તેનાથી લખનારને પોતાની લેખનશક્તિની અને અક્ષરોની નબળાઈ-સબળાઈનો પણ ખ્યાલ આવે.

પત્રલેખનનો મહાવરો ચાલુ રહે એટલા માટે પણ દરેકે પ્રસંગોપાત પત્રો લખવા જોઈએ.

પત્રલેખના પ્રકારો આ મુજબ છે :

(1) અંગત પત્રો

(2) ધંધાદારીના પત્રો

(3) અરજીપત્ર

અહીં આપણે અંગત - પારિવારિક પત્રો વિશે ટૂંકમાં જાણીએ.

અંગત પત્રમાં લખનારની અને તેના પરિવારની લાગણી તથા નાનાં-મોટાં કામોની ઘરગથ્થુ વિગતોનું આલેખન હોય છે. પત્રનું માળખું આ મુજબ હોય છે :

**(1) સરનામું :** પત્ર લખનાર વ્યક્તિનું પોતાનું સરનામું પત્રની ઉપરના ભાગે જમણી બાજુ લખાય છે. સરનામામાં પિનકોડ ખાસ લખવો. તેનાથી પત્રની તારવણી કરવામાં કર્મચારીઓને સરળતા રહે છે. સરનામું લખતી વખતે સૌપ્રથમ લખનારનું નામ, ત્યાર પછી મકાનનું નામ, પ્લૉટ કે ફ્લૅટનું નામ, વિસ્તારનું નામ અને પછી શહેરનું નામ - આ ક્રમે સરનામું લખવું જોઈએ. ભૌગોલિક વિસ્તારના ચડતા ક્રમે ગોઠવણી કરવી જોઈએ.

**ઉદાહરણ :** ધ્રુવકુમાર પટેલ

26, શેરી નં. 4, જવેલ સર્કલ પાસે,

વિજયરાજનગર, ભાવનગર-364003

સરનામું પૂરું થાય ત્યાર બાદ તેની નીચે પત્ર લખ્યાની તારીખ લખાય છે.

**(2) સંબોધન :** પત્ર લખનારનો, જેના પર પત્ર લખાયો છે તેની સાથે કયા પ્રકારનો સંબંધ છે તે મુજબ સંબોધન કરવામાં આવે છે. ઉંમરમાં મોટી વ્યક્તિ માટે પૂ. આદરણીય, વડીલ, મુરબ્બી વગેરે લખાય છે. સરખી ઉંમરની વ્યક્તિ માટે પ્રિય, સ્નેહી વગેરે સંબોધન કરાય છે. જો નાની ઉંમરની વ્યક્તિને પત્ર લખતાં હોઈએ તો ચિરંજીવી (ચિ.) લખાય છે. સંબોધન પત્રમાં તારીખ પછીની લાઈનમાં ડાબી બાજુએ લખાય છે.

**(3) પત્રનો વિષય :** પત્રમાં સંબોધન પછી તરત પરસ્પરની શુભકામના વ્યક્ત કરતા શબ્દો મુકાય છે. ત્યાર બાદ જે કામ માટે પત્ર લખ્યો હોય તેની વાત ટૂંકમાં અને સરળ શૈલીએ લખવામાં આવે છે. આ વિષયને આપણે ત્રણ ભાગમાં આ રીતે મૂકી શકીએ - આરંભમાં શુભકામનાઓને અને રાજી-ખુશીના સમાચાર, મધ્યમાં જે કામ માટે પત્ર લખાયો છે તેનું મુદ્દાસર વર્ણન - રજૂઆત અને અંતે અન્ય સંબંધી-સગાનાં સમાચાર, ભલામણ, શુભેચ્છા કે ભાવિ કાર્યક્રમને અતિ ટૂંકાણમાં લખવામાં આવે છે.

**(4) સમાપન :** પત્રને અંતે જમણી બાજુ સંબંધ અનુસાર તારો મિત્ર, તમારો પુત્ર, તારી બહેન, આપનો આજ્ઞાંકિત વગેરે શિષ્ટાચાર લખાય છે.

ત્યાર બાદ પત્ર જેને લખાયો છે તેનું પોસ્ટલ સરનામું અગાઉ સૂચવેલા ક્રમ મુજબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં લખવામાં આવે છે.

**પત્રનો નમૂનો**

તમારો મિત્ર ધોરણ 10માં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયો છે તેને શુભેચ્છા આપતો પત્ર લખો.

કેનિલ વી. અવૈયા

303, બ્રહ્મલોક એપાર્ટમેન્ટ, વાડી વિસ્તાર,

ડભોલી રોડ, કતાર ગામ, સુરત

તા. 15-05-2016

પ્રિય મિત્ર મલય,

પરિવાર સાથે સાથે સૌ મજામાં હશો. અમારો પરિવાર ખૂબ જ આનંદમાં છે. અહીં ઉનાળો બરાબર જામ્યો છે.

ધોરણ 10માં 90 ટકા જેટલા ઉચ્ચ ગુણાંક મેળવી તું ઉત્તીર્ણ થયો એ સમાચારથી સૌને ખુશી થઈ. ગયા દિવાળી વૅકેશનમાં પણ તારા અભ્યાસને કારણે તું અહીં આવી શક્યો નહોતો. તારી મહેનતનું તને ખૂબ જ સારું પરિણામ મળ્યું. ખરું જ કહ્યું છે ને- 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.' આમ તો ભણતરમાં તને પહેલેથી જ ખૂબ રસ છે. વૅકેશનમાં પણ તું કંઈક વાંચન કર્યાની વાતો અમને કરતો રહે છે. એટલે આ વર્ષે તો બોર્ડની પરીક્ષા હતી એટલે તેં કચાશ રાખી જ ન હોય.

અમારા આખો પરિવાર તને શુભકામનાઓ પાઠવે છે. હવે અગિયારમું ધોરણ તો જુલાઈ મહિનામાં શરૂ થશે. તે દરમિયાન ત્રણ-ચાર દિવસ માટે અહીં ફરવા આવવાનું હું તને આમંત્રણ આપું છું. અનુકૂળતા છે જ, એટલે ચોક્કસ તારી રાહ જોઈશ.

હવે પછી અગિયારમું ધોરણ શરૂ થાય પછી વળી પાછો તું બે વર્ષ માટે મહેનત કરવા લાગી જશે. એમાં પણ તને ધારેલી સફળતા મળે એવી અમારી આગોતરી શુભેચ્છાઓ છે.

અમારું વૅકેશન જૂન માસના અંતમાં ખૂલશે, તે દરમિયાન મેં ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં ફરવા જવાનો કાર્યક્રમ બનાવી રાખ્યો છે. બસ, હવે તારી રાહમાં છું. તારાં મમ્મી-પપ્પા અને ખુશાલીને અમારી સૌની યાદ.

તારો મિત્ર,

કેનિલ

પ્રતિ,
મલયકુમાર બી. પટેલ
203, આકાશગંગા કૉમ્પ્લેક્સ, પાલડી રોડ,
સૅટેલાઇટ, અમદાવાદ-380015

## સ્વાધ્યાય

**1.** તમારી નાની બહેનને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો પત્ર
42, ન્યૂ હોસ્ટેલ, કાલાવાડ રોડ, રાજકોટથી લખો.

**2.** તમે પ્રવાસે ગયા હતા તેનું વર્ણન કરતો પત્ર સુરતમાં રહેતા તમારા મિત્રને લખો.

**3.** પંદરમી ઑગસ્ટની શાળામાં થયેલ ઉજવણીનો પત્ર અમદાવાદ રહેતા તમારા કાકાને લખો.

**4.** તમારી શાળામાં ધોરણ 10ના વિદ્યાર્થીઓનો વિદાય-સમારંભ રાખેલો હતો તેની વિગત વર્ણવતો પત્ર ભાવનગર તમારા મોટાં બહેનને લખો.

•

# 1 વ્હાણું વાય

પ્રિયકાન્ત મણિયાર
(જન્મ : 24-1-1927, અવસાન : 25-6-1976)

પ્રિયકાન્ત મણિયારનું મૂળ વતન અમરેલી. અમદાવાદમાં ચૂડી બનાવવાના વ્યવસાય સાથે જ એમણે કાવ્યસર્જન કર્યું હતું. 'પ્રતીક', 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'સમીપ', 'પ્રબલ ગતિ', 'લીલેરો ઢાળ' અને 'વ્યોમલિપિ' એમના કાવ્યસંચયો છે. 'આ નભ ઝૂક્યું તે-' એમની સમગ્ર કવિતાનો સંચય છે. પ્રેમ, પ્રકૃતિ અને જીવનલીલાનું માર્મિક આલેખન કરનાર આ કવિએ વિવિધ ભાવોનાં સુચારું ગીતો આપ્યાં છે.

આ ગીતમાં પરોઢ થયા પહેલાં સૃષ્ટિમાં ચાલતી રમણાઓનું આલેખન છે. આભમાં તેજલોક પ્રગટે પછી ધરતી જાગે છે. સૂર્ય કિરણો પાથરે છે પછી ચન્દ્ર આથમે છે. દેવતા જાગે - એને ભજનારા જોગી જાગે, પછી માણસો જાગે છે. પહેલાં શેરીઓ જાગીને ચોકમાં પહોંચે છે. જળ જાગે પછી મીન, પહેલાં ડુંગરા કળાય છે, પછી ગહન ખીણો ભળાય છે. પીપળો ભીતરમાં જાગે છે ને પછી પાન પલપલે છે. ધરતી-માટી પછી ખેતરના મોલ જાગે છે. પ્રથમ પનિહારી પગલું માંડે છે ત્યારે જ પંથ જાગીને પંથપણું પામે છે. પંડિતજી સજાગ ન હોય તો ગ્રંથના અર્થો જાગતા નથી; એટલે પહેલાં પંડિત, પછી ગ્રંથ જાગે છે. વાયરો તથા ફૂલ; ફૂલડાં ને શૂલ; રાફડા ને નાગ; વાંસળી અને રાગ પણ આમ ક્રમમાં જાગે છે ને પોતાનાં કાર્યોનો પ્રભાવ પાથરે છે. ગાવડી જાગે પછી દૂધધારા મળે છે. પહેલાં, જેમાં દૂધદહીં આખરેલાં હોય તે ગોરસી જાગે પછી વલોણાં મંડાય છે. કાનકુંવર પહેલાં જાગે અને પછી જશોદા જાગે ! કાનજીના આરાધકોના પ્રભાતિયાં સાથે સવાર જાગતું પમાય છે. વિલક્ષણ ક્રમમાં સવારની જાગૃતિવાળાનું કલ્પનામધુર સૃષ્ટિચિત્ર સરસ લયગતિમાં ઉપસાવી આપે છે.

---

પ્હેલાં તે જાગ્યું આભલું ને પછીથી જાગી ભોમ;
પ્હેલાં તે જાગ્યા ભાણજી ને પછીથી સૂતો સોમ.
પ્હેલાં તે જાગ્યા દેવતા ને પછીથી જાગ્યા લોક;
પ્હેલાં તે જાગી શેરીઓ ને પછી જાગ્યા ચોક.
પ્હેલાં તે જાગ્યાં સ્રોવરો ને પછીથી જાગ્યાં મીન;
પ્હેલાં તે જાગ્યા ડુંગરા ને પછીથી જાગી ખીણ.
પ્હેલાં તે જાગ્યો પીપળો ને પછીથી જાગ્યાં પાન;
પ્હેલાં તે જાગ્યા ખેતરો ને પછીથી જાગ્યાં ધાન.
પ્હેલાં તે જાગી પનિહારી ને પછીથી જાગ્યો પંથ;
પ્હેલાં તે જાગ્યા પંડિતજી ને જાગ્યા પછીથી ગ્રંથ.
પ્હેલાં તે જાગ્યો વાયરો ને પછીથી જાગ્યાં ફૂલ;
પ્હેલાં તે જાગ્યાં ફૂલડાં ને પછીથી જાગી શૂલ.
પ્હેલાં તે જાગ્યા રાફડા ન પછીથી જાગ્યા નાગ;
પ્હેલાં તે જાગી વાંસળી ને પછીથી જાગ્યા રાગ.
પ્હેલાં તે જાગી ગાવડી ને પછીથી દૂધની ધાર;
પ્હેલાં તે જાગી ગોરસી ને પછી વલોણાં વાર.
પ્હેલાં તે જાગ્યા કાનજી ને પછી જશોદા માય;
પ્હેલાં તે જાગ્યાં પ્રભાતિયાં ને પછીથી વ્હાણું વાય.

**('સ્પર્શ'માંથી)**

**શબ્દ-સમજૂતી**

**આભલું** આભ, આકાશ **ભોમ** પૃથ્વી, જગત **ભાણજી** સૂર્ય **સોમ** ચંદ્ર, સરોવર **મીન** માછલું **પંથ** રસ્તો **શૂલ** કાંટો **ગોરસી** દહીંદૂધ રાખવાનું માટીનું વાસણ **વલોણું** રવૈયો **ગાવડી** ગાય **પ્રભાતિયાં** વહેલી સવારે ગવાતાં પદ કે ભજન

# 2 બાબુ વીજળી

**અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

**(જન્મ : 11-11-1935, અવસાન : 31-7-1981)**

અનિરુદ્ધ લાલજી બ્રહ્મભટ્ટનો જન્મ ઉત્તર ગુજરાતના પાટણ ગામમાં થયો હતો. તેઓ વિવેચક, કવિ, વાર્તાકાર અને ચરિત્રકાર છે. આધુનિક સાહિત્ય અને વિશ્વસાહિત્યની જાણકારી સાથે વિવેચનક્ષેત્રે તેમણે કામ કર્યું છે. 'અન્વીક્ષા', 'ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા', 'પૂર્વાપર' જેવા તેમના વિવેચનગ્રંથો છે. 'કિમપિ'માં એમનાં કાવ્યો સંગૃહિત થયાં છે. 'અજાણ્યું સ્ટેશન' તેમનો વાર્તાસંગ્રહ છે. 'નામરૂપ' ચરિત્રનિબંધોનો સંગ્રહ છે.

અહીં બાળપણનો મિત્ર બાબુ ભણવામાં ઠોઠ હોવા છતાં 'વર્નાક્યુલર ફાઇનલ' સુધી પહોંચ્યો હતો. આંકડા જોઈને એ ગભરાઈ જતો; ગણિતમાં સાવ ઢ, પણ રામાયણ, મહાભારતના પ્રસંગો સારી રીતે યાદ રહેતા. ચોપાઈઓ અને ભજનો બરાબર લલકારતો. બાબુ માતાજીના ચોકમાં ખેલાતી ભવાઈમાં ખેલ કરતો અને સ્ત્રીનો પાઠ ભજવતો. એના અભિનયથી ખુશ થઈ છોકરાઓએ એનું નામ 'વીજળી' પાડ્યું હતું. આ રંગદર્શી અને યાદગાર વ્યક્તિચિત્ર છે.

---

પોષ મહિનાના છેલ્લા દિવસો. ઠંડી ઓછી થઈ ગયેલી. રાત્રે જમ્યા પછી લગભગ આઠેક વાગ્યે હું નીકળ્યો. રસ્તે અંધારું અને ઉત્તર ગુજરાતના એક નાના ગામડાનો ધૂળિયો રસ્તો. ફાનસનું પીળું અજવાળું આછું આછું કેટલાંક ઘરોમાં દેખાય. લગભગ સોપો પડી ગયા જેવું વાતાવરણ. સિવાય કે થોડાંક ઘરોમાંથી વાતચીતના આછા અવાજો સંભળાય.

થોડા દિવસ માટે મારા એક સંબંધીને ત્યાં હું આવ્યો હતો. એ વખતે હું વડોદરામાં માધ્યમિક શાળામાં ભણું, પણ આ નાના ગામથી પરિચિત. થોડાક મિત્રો પણ ગામમાં મને મળી આવ્યા હતા. રાત્રે જમ્યા પછી થયું કે ચાલ એકાદ મિત્રને પકડું અને થોડેક સુધી આંટો મારું. એક વળાંક વટાવી હું આગળ ચાલ્યો તો એકનું એક વાક્ય મેં અનેકવાર બોલાતું સાંભળ્યું :

'મીર જાફર નામનો નવાબ હતો.' જઈને જોઉં તો બાબુ એની ઓશરીમાં દિવેલના દીવાના ઝાંખા અજવાળામાં ગોદડું ઓઢીને બેઠો બેઠો ધૂણતો હોય એમ ડોલતો ડોલતો ઉપરના વાક્યનો મંત્રજાપ કરે ! એ ત્યારે ગુજરાતી સાતમા ધોરણમાં ભણે અને 'વર્નાક્યુલર ફાઇનલ'ની પરીક્ષાની તૈયારી ચાલે. વચ્ચે એણે કેટલાંક ધોરણોમાં બબ્બે વર્ષ કાઢ્યાં હતાં, છેક સાતમા સુધી પહોંચ્યાં હતો ! ઉંમરમાં અમે બંને લગભગ સરખા.

બાબુ પાસે હું ગયો ત્યારે એના ઘરમાં પગથિયાં પાસે ડાબી બાજુએ ભેંસ બાંધેલી અને જમણી બાજુએ-ત્રણ કૂતરાં બેઠેલાં. મને જોયો એટલે ફગાવી દઈ એ ઊભો થઈ ગયો અને મોટેથી બોલ્યો : 'મીર જાફર નામનો નવાબ હતો' પછી કહે : 'ચ્યારનો ગોખુ સુ પણ દિયોરનું ઈયાદ જ નથ રે'તું'.

'આમાં યાદ રાખવાનું છે શું ?'

'મીર જાફર નામનો એક નવાબ હતો.'

'તું વાંચતો હતો એમાં 'એક' નથી.'

'સાપ્પાનું ભૂલી જ્યા હસી.'

'એવું નથી. એનો બીજો એક અર્થ થાય છે.' મેં કહ્યું. બાબુની આંખો પહોળી થઈ ગઈ : 'ચિયો !'

'મીર જાફર નામનો, એટલે કે માત્ર કહેવાનો નવાબ હતો.'

'ઓત્તારી બુનનું ભલું થાય...' ને એ પુસ્તકના પાનાને કુતૂહલથી જોઈ રહ્યો. પછી થોડી વારે બોલ્યો : 'આવી ભુલભુલામણી ચ્યમ સાપતા હસી ? મીર જાફર ઠોયા જેવા નવાબ હતો ઈમ સાપતાં ઈયોંના બાપનું સુ જતુ'તું ?' પછી ધીરે રહીને બોલ્યો : 'મીર જાફર નામનો નવાબ હતો. મારી હાહુનું જબરું સ હોં !' ને એના મગજમાં એ બરોબર ઊતરી ગયું હોય એમ એ હળવોફૂલ થઈને હસી પડ્યો.

'તેં ગોદડું કેમ ઓઢેલું ?'

'ઓઢ્યા વિના કોંય ઈયાદ જ ના રે.' એણે હાથની ઝાપટ મારીને દીવો હોલવી નાખ્યો અને કહે : 'હેંડો, પરસાદ ખાવા જઈએ.'

'ભાભીને પૂછી જો.' એનાં માને હું ભાભી કહેતો. નાની ઉંમરે એ વિધવા થયેલાં. બાબુ એમનો એકનો એક દીકરો. એને મોટો કરતાં ભાભીને ઘણું દુઃખ પડેલું; પણ હવે તો બાબુ ખેતી સંભાળી લેતો અને છેક 'ફાઇનલ' સુધી પહોંચ્યો હતો. ગામમાં 'ફાઇનલ'થી આગળ ભણેલું ભાગ્યે જ કોઈ મળે. ગામ નાનું એટલે હાઈસ્કૂલ હતી જ નહિ. ગામના છોકરા 'ફાઇનલ' સુધી ભણીને કાં તો પ્રાથમિક શાળામાં શિક્ષક થાય ને કાં તો થાય તલાટી. જે ભણી ન શકે તે ખેતી કરે અથવા વાણિયાની દુકાને વાણોતર થાય.

'મા તો ભજનમાં ગઈ.' એ બોલ્યો અને અમે ચાલી નીકળ્યા. ત્રણેય કૂતરાં પાછળ થયાં. એમાંથી એકને એણે પાછળ આવવા દીધું અને બીજાં બેને લાત લગાવી પાછાં કાઢ્યા.

'આવવા દે ને !' મેં કહ્યું.

'આ ભલ આવ. ભગત સ. પેલાં ઘરની ખબર રાખસી.'

ગામની ભાગોળે આવેલા રામજી મંદિરમાં અમે ગયા. કૂતરું બહાર બેઠું. 'જે રામજી કી'ની બૂમ બાબુએ લગાવી. અંદરથી અવાજ આવ્યો : 'ઈતના લેટ ક્યું આયા ?'

'બાપુજી, પઢનેકુ બેઠા થા.'

મેં જોયું તો બાવાજી ખાટલામાં બેઠાંબેઠાં ચલમ પીએ. મંદિરમાં રામ-સીતાની મૂર્તિઓ પાસે દીવો બળે. બાકી બધે અંધકાર. ચલમનો દેવતા તગતગે. અમે બાવાજીના પગ પાસે બેઠા. એમણે બાબુને દીવી કરવા કહ્યું અને મને 'રામાયણ' વાંચવા બેસાડ્યો. ઘીના દીવાના પ્રકાશમાં નાગરીલિપિમાં મોટા મોટા અક્ષરે છાપેલું તુલસીદાસજીનું રામાયણ મેં મોટેથી વાંચવા માંડ્યું. બાવાજીએ ચલમ હોલવી પથારીમાં લંબાવ્યું અને મોટેથી એક ચોપાઈ લલકારી. બાબુએ બાવાજીના પગ દબાવવા માંડ્યા. થોડી વાર થઈ હશે ત્યાં બાબુથી રહેવાયું નહિ એટલે એણે પૂછ્યું : 'બાપુજી' પરસાદ-બરસાદ કુછ હૈ કિ નહિ ?' બાવાજી મોટેથી હસી પડ્યા : 'મેં તેરી દાનત જાનતા હૂં.' એમણે ઊભા થઈને અમને બંને એકેક પેંડો આપ્યો. 'જે રામજી કી.' કહીને અમે નીકળ્યા. કૂતરું બહાર રાહ જોઈને બેઠું હતું તેને પકડીને એનું જડબું પહોળું કરીને બાબુએ પેંડાનો ટુકડો મૂક્યો.

'કૂતરાને પેંડો ભાવે ?' મેં પૂછ્યું.

'પરસાદ સ. આગલે જનમ આ કૂતરું નહિ થાય. ભગત સ. ઈના કપાળ ટીલું સ. ખલાં મારતું મી ઈન કદી જોયું નથી.'

બાબુને પહેલેથી કૂતરાં વહાલાં. આખા મહોલ્લાનાં કૂતરાંની ખાસિયતો એ જાણે. બપોરે એ નવરો બેઠો હોય ત્યારે કૂતરાં એના ઘરનાં પગથિયાં પાસે ભેગાં થાય. બાબુ કૂતરાંના શરીર પરથી ઈતરડી વીણે. કોઈ કૂતરી વિયાણી હોય તો બાબુ મહોલ્લામાં લોટ, ગોળ, ઘી ઉઘરાવવા નીકળે અને શીરો કરી કૂતરીને ખવડાવે. કુરકૂરિયાંને એ 'કતીલા' કહે. જન્મતાંની સાથે જ એણે બે રૂપાળાં કતીલાં બોટી લીધાં હોય. એ નાનાં હોય ત્યારથી બાબુ એમને કેળવવાનું શરૂ કરે. કોઈ અજાણ્યું કૂતરું આવી ચડ્યું હોય તો એની પાછળ કેમ પડવું તે બાબુ 'હૂડ દો, હૂડ દો' બોલતો દોડતો દોડતો શીખવે. એ નિશાળે જાય ત્યારે એનો 'ભગત' એને મૂકવા જાય અને સાંજે છૂટે ત્યારે લેવા ગયો હોય ! નિશાળેથી આવ્યા પછી ઘરનાં પગથિયાં પાસે કૂતરાંને એ લાઈનમાં બેસાડીને અને 'કૉલ' દેતાં શીખવે. જો એકાદને ન આવડ્યું તો તો એને પગથી દૂર ફંગોળે 'કૂતરું 'કાઉ કાઉ' કરતું ભાગી જાય પણ થોડી વાર પછી પાછું આવીને ઊભું રહે ! બાબુ ખેતરે જાય ત્યારે ત્રણચાર કૂતરાં તો એની પાછળપાછળ હોય જ.

ભાભીને બાબુ ખોટનો દીકરો હતો; એટલે એને માતાજીના સ્થાનકે રમતો મૂકેલો અને બોલેલાં : 'મારી મા, તમારો છે ને તમે જાળવજો.' એવી માનતા પણ રાખેલી કે દર વર્ષે નવરાત્રિમાં માતાજીની માંડવી બંધાય ત્યારે બાબુ માતાજીના ચોકમાં ખેલાતી ભવાઈમાં ખેલ કરે અને સ્ત્રીનો પાઠ ભજવે. બાબુને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. માંડવી પાસે લાકડાની પાટો ગોઠવીને સ્ટેજ બનાવ્યું હોય તેના પર 'નાટક' ભજવાય. પરદો નહિ. શરૂઆતમાં ગણપતિનો વેશ આવે. પૂજાવિધિ થયા પછી વિદૂષક પ્રવેશે. વિદૂષકે જોકરના જેવી ઊંચી દીવાલની ચળકતી ટોપી પહેરી હોય અને હાથમાં ચામડાનો પટ્ટો રાખ્યો હોય. સ્ટેજ પર આવીને એ પટ્ટો ફટકારે અને ગાય : 'વહા...લી વીજ...ળીને આ...વતાં કેમ લા...ગી વા...ર ?' જામતી રાતની શાંતિમાં એનો અવાજ દૂરદૂર સુધી પડઘાતો ફેલાઈ જાય. એનું ગીત સાંભળીને ત્રણેક 'સુંદરીઓ' સ્ટેજ પર પાછળથી કૂદીને પ્રવેશ કરે : 'આ...વી આ...વી વિદૂસક વહાલા...' આમાં બાબુ એના તીણા અવાજથી જુદો તરી આવે. ઓઢણીમાં છોકરી જેવે જ લાગે ! પગે ઘૂઘરા બાંધ્યા હોય અને તાલબદ્ધ પગ પછાડતો ઠેકડા મારતો એ ગાતો હોય ! ભૂંગળો વાગે અને બીજા 'અદાકારો' સાથે બાબુ 'તાતા તાતા થૈયા' કરતો હોય એ દૃશ્ય હું ભૂલી શકું તેમ નથી. એના અભિનયથી ખુશ થઈ છોકરાઓ એને 'વીજળી' કહેતા !

એક વેળા મેં ભાભીને પૂછી જોયું હતું : 'બાબુ પરણશે, ઘરે વહુ આવશે ત્યારેય એ વીજળી બનીને નાચશે ?'

'નાચસીસ્તો ! માતાજીનું કરવેઠુ સ. મીં ઈન માતાજી પોંહે રમતો મૂચ્યો સ. ઈંનો બાપેય ઘાઘરો પે'રીને નાચતા.'

બાબુ માથે વાળ મોટા રાખે અને સ્ત્રીના વેશમાં પાટિયાં પાડીને હોળે. બીજે દિવસે કૂવે પાણી ભરવા જતી યુવાન વહુવારુઓ 'બાબુભૈ, ચોટલો લેવા તો તમારી પોંહે આવવું પડસી' કહીને, હસીને પસાર થઈ જતી. બાબુ હરખાતો હરખાતો 'હેડો મારો બાપ્પો કરું' કહેતો બળદોને હાંકતો ચાલ્યો જતો.

એક સાંજે હું બાબુને ઘેર ગયો. ભાભી ઓટલે બેઠેલાં. એકે કૂતરું આંગણામાં જોયું નહિ એટલે મને થયું કે બાબુ ઘેર નથી.

'બાબુ ક્યાં ?'

'ડોબુ પાવા જ્યો સ, ભૈ. આબ્બામાં જ સ.'

હું બેઠો. ઘર ચોખ્ખુંચણક. ત્રાંબા-પિત્તળનાં વાસણો માંજીને ચકચકાટ કરીને અભરાઈઓ પર ગોઠવેલાં. પાણિયારાની ફરતે દીવાલ પર ચળકતી વાડકીઓ માટી વડે ચોંટાડેલી. બાજુમાં નવા વર્ષે આવેલાં ભગવાનની છબીવાળાં કાર્ડની હાર જોવા મળે. એમાં શંકર, ગણપતિ, સરસ્વતી, અંબાજી, દત્તાત્રેય, રામ, કૃષ્ણ... કોઈ દેવદેવી બાકી નહિ. દરેક દેવદેવીના ભાલ પર કંકુના ચાંલ્લા. રાચરચીલું કંઈ જ નહિ, છતાં ઘર ભર્યુંભર્યું લાગે. શેતરંજીનો એક ટુકડો સામે ભીંત પાસે પાથરેલો. બાજુમાં ડામચિયો, ખૂણામાં ખેતીનાં થોડાં ઓજારો પડેલાં.

હું અરધોએક કલાક બેઠો પણ બાબુ ન દેખાયો. થોડી વારે એની ભેંસ દેખાઈ. ભેંસ ખીલે આવીને ઊભી રહી પણ બાબુનાં દર્શન ન થયાં. 'ચ્યોંક વાતો કરવા રોકાણો હસી.' ભાભી બોલ્યાં અને એમણે ભેંસને ખીલે બાંધી. મેં ઊભા થઈને ચાલવા માંડ્યું. મનમાં એમ કે રસ્તે બાબુ મળશે. રસ્તે શંકર મળ્યો. એને મેં પૂછ્યું તો કહે કે બાબુ તો મોટરે લટકીને ગયો તે રાતે આવશે ! હું સમજી ગયો. બાબુને મોટરનું ભારે આકર્ષણ. ગામને પાદર થઈને જતાઆવતા ખટારા કે કોઈની જીપ કે કોઈની ગાડીનો અવાજ સાંભળે કે 'હમકારો થ્યો' કરતાં બાબુ દોટ મૂકે. કોઈ રસ્તો પૂછે તો એ તરત બારણું પકડીને પગથિયાં પર ઊભો થઈ જાય ને કહે : 'હેડો બતાડું.' ખાડાટેકરાવાળા ધૂળિયા રસ્તે એ આમ લટકતાં ગાઉ બે ગાઉ સુધી જાય અને રસ્તો બતાવી 'હેંકુટ' ખાધાના આનંદ સાથે રાત્રે અંધારામાં ઘરે પાછો આવે. કૂતરાં એની પાછળ દોડીને થાકીને અધવચ્ચેથી પાછાં વળ્યાં હોય. મોટરનાં પૈડાંની ધૂળમાં પડેલી છાપને એ આંગળીઓ વડે પંપાળી જુએ ત્યારે જ એને ચેન પડે ! રાત્રે મહોલ્લાના છોકરાઓને ભેગા કરીને મોટર કેમ ચલાવાય તેનો કીમિયો સમજાવે !

બાબુ સીધોસાદો છોકરો. એને કશું વ્યસન ન મળે. એની ઉંમરના છોકરા ચા પીએ તો એ દૂર ભાગતા ફરે. હા, એને એક વ્યસન હતું - 'પરસાદ'નું. રામજી મંદિરના બાવાજી પ્રસાદ ન આપે ત્યાં સુધી બાબુ ખસે નહિ. આમ જુઓ તો એનું ભણતર જ બાવાજી પાસે થયેલું. રામાયણ, મહાભારત, ભાગવતની કથાઓ એને મોંએ; પણ નિશાળમાં એ પાણી બહારનું માછલું. એના એક શિક્ષકે મને કહેલું કે ગણિતનો સહેલો દાખલો હોય પણ આંકડાની જટાજાળ જોઈને એ આખેઆખો ધ્રૂજવા માંડે. ઇતિહાસની તારીખો અને રાજા-નવાબોનાં નામ એને ગભરાવી મૂકે. ગોદડું ઓઢીને ગરીબડો થઈને એ ગોખવા મંડે; પણ એમાંનું કશુંય એના મગજમાં ન ઊતરે ! શતરૂપા, વિકર્ણ, અલર્ક જેવાં ભાગવત-મહાભારત-રામાયણનાં અનેક પાત્રોનાં નામો અને એમની ઝીણી ઝીણી વિગતો એને ઊંઘમાંથી ઉઠાડીને પૂછો તોય એ કહી આપે, પણ 'મીર જાફર' એને ઠંડી રાતે પરસેવે રેબઝેબ કરે ! બાવાજીનું ઉમંગભેર કામ કરતાં અને એમની વાતો સાંભળતાં બાબુ ખરેખર ખીલી ઊઠતો; પણ નિશાળમાં ગરીબ ગાય બની જતો.

ગામમાં રામલીલા આવી હોય, તૂરીની ટોળકી રમવા આવી હોય કે નટવાનો ખેલ હોય તો બાબુ અચૂક હાજર હોય. એ રમનારાઓ સાથે દોસ્તી બાંધે, એમનો સાજસરંજામ જુએ અને જરૂર પડ્યે કામ પણ કરે. આવી દોસ્તીમાં જ એ ઢોલક વગાડતાં શીખી ગયેલો; પણ એને ઢોલક લાવી કોણ આપે ?

વૅકેશનમાં હું ગયો હોઉં તો બાબુ નવરોધૂપ હોય. ખેતીનું કામ હોય નહિ ને ભણવાનું વૅકેશનમાં બંધ ! ઘરનું થોડુંક કામ કરે, મંદિરમાં બાવાજી પાસે ગપાટા મારે અને 'હમકારો' સાંભળવા ગામની ભાગોળે હનુમાનની દેરીના ઓટલે બેસે; પણ રાત્રે એ ભજનોની રમઝટ જમાવે. ઉનાળામાં રોજ કોઈકને ત્યાં ભજનમંડળી બેસે. બાબુ હાથમાં મંજીરાં લઈને તીણો રાગ કાઢીને ભજન ગાય. જો ક્યાંકથી ઢોલક મળી ગયું તો આનંદનો પાર ન રહે. એ મને ભજનમંડળીમાં લઈ જાય. મધરાતે એનો અવાજ ગામના સીમાડાઓ સુધી પડઘાતો હોય : 'તારી બેડલીને બૂડવા નઈ દઉં જાડેજા રે!' ઈમ તોળલ કે'સ જી...' 'જી જી'. ફરીથી બોલીને એ મંજીરાંની રમઝટ બોલાવે. આરતી થાય ત્યારે એનું એક પ્રિય ભજન અચૂક સાંભળવા મળે :

**'તમે' જમોને જમાડું રે જીવણ મારા.**
**વ્હાલાજી મારા ઘેબર, જલેબી ને લાડુ**
**જમો ને થાય ટાઢું રે, જીવણ મારા !**

એક વેળા મને પૂછે : 'આમાં જલેબી ને લાડુ તો હમજ્યો, પણ ઘેબર સુ સ ?' 'એક જાતની મીઠાઈ'. મેં કહેલું; પણ એને સંતોષ નહોતો થયો. બીજી વાર જવાનું થયું ત્યારે વડોદરાથી યાદ કરીને હું ઘેબર લઈ ગયેલો. જોઈને બાબુ કહે :'ઓત્તારીનું, આ તો ખાધેલું.' 'ક્યાં ?' મેં પૂછ્યું.

'પેલો રબારી નઈ ?' વીહો ? ઈના લગન ટાણે ખાધેલું. ચોખ્ખા ઘીનું. ગોગના.' કહીને એ છલાંગ મારતો ઓરડામાં ગયો અને મીઠાઈ પટારામાં મૂકીને મારે માટે સુખડી લઈ આવ્યો. અમે ખાતાં બેઠા હતા ત્યાં ભાભી આવ્યાં.

'ભૈ, આને શિખામણ આલો. ભણતો નથી ને ચ્યોંક નટવા બજાણિયાની ટોળી ભેગો હેંડ્યો જ્યો તો મારા તો ભોગ લાગસી.'

'તમને મૂકીને ક્યાંય નહિ જાય.'

'ભણસી નૈ ને લખ્ખણ હારાં નૈ હોય તો કન્યા કુણ દેસી ?' ભાભીએ ચિંતા વ્યક્ત કરી.

'કો'ક તપ કરતી હશે.' બાબુ શરમથી લાલઘૂમ થઈ ગયો. ઊઠીને ઘરમાંથી ડોલ, દોરડું અને કપડાં લઈને આવ્યો. મને કહે : 'હેંડો, કૂવ આબ્બુસ ?'

'કેમ ?'

'કપડાં ધોકવવાનાં સ.'

'તને કૂવે મૂકીને હું આગળ ચાલ્યો જઈશ.' મેં કહ્યું. અમે ચાલ્યા. એની પાછળ કૂતરાં તો હોય જ. વીંધીને જવાનું. એ એક 'દોકાને' થોભ્યો. પછી દોડતો મારી સાથે થઈ ગયો. ગાતો હતો : 'ઓઘડસંગજી રે, તમુંને એક આનો આલ્યો...'

'આ શું ગાય છે.'

'ઓઘડસંગજી...'

'એટલે ?' એણે ચડ્ડીના ખિસ્સામાંથી કાઢીને એક ગોળમટોળ સાબુની ગોટી બતાવી. કઠણ પથ્થર જેવો સાબુ. ઉપર અક્ષરો ઉપસાવેલા, 'ઓઘડસંગજી', એ ગોટી એ એક આનામાં ખરીદી લાવ્યો હતો. એનું પણ એ ગીત ગાય ! સ્વભાવે આનંદી. સવારે એનાં બા ખેતર ગયાં હોય અને એ વાસણ માંજતો હોય ત્યારે પણ ગીત ગાતો હોય. ગાતું પંખી જ જોઈ લો.

કૂવા પર કન્યાઓ અને વહુવારુઓ પાણી ભરે. બાબુ જેવા થોડાક છોકરાય ખરા. કૂવાથી થોડે દૂર પડેલા પથ્થરો પર લોક કપડાં ધુએ. બાબુ પહોંચ્યો, એની સાથે જ અવાજો સંભળાયા : 'બાબ્ભૈ, આટલા ઘડો ભરી આલો ભૈ ! 'ને 'ભૈ કૂવામાંથી ડોલ ખેંચીખેંચીને સૌને પાણી ભરી આપે ! પાછા ફરતાં મેં જોયું તો બાબુ માથે, શરીર 'ઓઘડસંગજી' ઘસીને નહાય. કપડાં ધોવાઈ ગયેલાં. નહાતાં નહાતાં ગાતો હતો : 'હરિ તારાં હજાર નામ, ચિયા નામે લખવી કંકોતરી...!' એક ચડ્ડી પહેરીને ઉઘાડા શરીર પર ખભે ધોયેલાં કપડાં મૂકીને હાથમાં ડોલ-દોરડું ઝુલાવતો એ ઘરે આવે. ડોલ પાણીથી ભરેલી હોય. પાછળ ત્રણચાર કૂતરાં આવતાં હોય !

'તને આ કૂતરાંનો કંટાળો નથી આવતો ?'

'ધરમરાજાનેય કૂતરું વહાલું હતું' એ કહેતો.

'પણ તું તો એક નહિ, આખું સૈન્ય રાખે છે !'

'તે રાખું સ્તો. એકલદોકલ હોય તો રબારીના કૂતરા ફાડી ખાય. આ ચાર સ તીની હોંમે કૂતરું આવ સ?' એમાં જો કોઈ છોકરાએ આવીને ચાડી ખાધી કે ફલાણું કૂતરું ખિસકોલી પકડીને ખાતું'તું તો કૂતરાનું આવી બન્યું જ સમજવું. બાબુ બેઠો હોય ત્યાંથી ઊભો થાય. કૂતરું શોધી કાઢે. એનું જડબું એક હાથે પકડીને બીજા હાથે ફટકારે. એ બોલતો હોય : 'ખલી તો રોંમને વ્હાલી તી. તુને રોંમની આંગળિયુંના ચટાપટા નથી દેખાતા ?' હું એને કહું કે કૂતરાને એની સમજ ન પડે પણ એ માને નહિ !

મારે વડોદરા જવાનું હોય ત્યારે એ સ્ટેશને અચૂક મૂકવા આવે. દૂરથી ગાડીના ધુમાડાનું છોગું દેખાય ને એ કોઈ લશ્કરમાં સૈનિકને કૂચ કરવાની હોય એમ બધું બળ એકઠું કરીને તૈયાર થઈ જાય. ગાડી ઊભી ન રહી હોય ત્યાં તો એ સળિયા પકડીને ચડી જાય. ઊતરનારને ઊતરવા ન દે ! 'ભૈ હેંડો હેંડો'ની બૂમો મારે ! ધક્કામુક્કી કરતો એ જગ્યા 'બોટી' લે!' હું પહોંચું એટલે એ ડબ્બાની બારીમાંથી ઠેકડો મારીને નીચે ઊતરે. નાનું સ્ટેશન એટલે ગાડી આવી એવી તરત જ ઊપડે. 'એ વે'લા વે'લા પાસા આવજો ની એ બૂમ મારે. જોઉં તો એનું મોં પડી ગયું હોય. ચાલતી ગાડીએ બારીમાંથી હું જોઉં તો એ ધીમાં ડગલાં ભરતો જતો હોય અને પાછળ એવી જ ધીમી ગતિએ ચાલતાં હોય કૂતરાં ! **('નામરૂપ'માંથી)**

### શબ્દ-સમજૂતી

**ચ્યારનો ગોખુ સુ** ક્યારનો ગોખું છું. **ઈયાદ** યાદ **સાપ્પાનું ભૂલી જ્યા હસી** છાપવાનું ભૂલી ગયા હશે. **ચ્યમ સાપતા હસી ?** કેમ છાપતા હશે ? **ઠોયો** જડ **ઈયોંના** તેના **વાણોતર** ગુમાસ્તો **ભલ આવ** ભલે આવે. **રાખસી** રાખતો **લેટ** લેઇટ (અં.) મોડો **લચ્છમન** લક્ષ્મણ **ખલાં** ખિસકોલાં **બોટી લેવું** પહેલેથી જ કબજો કરી લેવો **નાચસીસ્તો** નાચશે જ તો ! **કરવેઠું** પરંપરિત બાધા **મીં ઈન... સ** માતાજીને મેં જ સમર્પિત કર્યો છે. **હમકારો** (મોટર-ખટારાનો) ચમકારો **હેંકુટ** અન્નકુટ **શતરૂપા** ભગવાન મનુની માતા **વિકર્ણ** કૌરવોનો ભાઈ **અલર્ક** ઋતુધ્વજ અને મદાલસાનો સૌથી નાનો દીકરો (મહાભારત) **નટવો** દોરડા પર નાચનાર **સાજસરંજામ** સાધન-સામગ્રી **આબ્બુસ ?** આવવું છે ?

●

# 3 બે મા

**અહેમદ નદિમ કાસમી**

**(જન્મ : 20-11-1916)**

મૂળ નામ પીરઝાદા અહેમદ શાહ છે. તેઓ ઉર્દૂ ભાષાના નામાંકિત કવિ, વાર્તાકાર અને પત્રકાર છે. 'ફુનૂન' સામયિકના તંત્રીપદે પણ કાર્ય કર્યું છે.

'રીમઝીમ' (કતઆત), 'જલાલોજમાલ', 'શોઅલા એ ગુલ', 'દશતેવફા', 'મહીત', 'દૌમ' એમના કાવ્યસંગ્રહો છે. 'ચૌપાલ', 'બગુલે', 'ગરદાબો સૈલાબ', 'આંચલ', 'આબલે', 'આસપાસ', 'દરોદીવાર', 'બર્ગેહિના', 'બાઝારે હયાત', 'ઘર સે ઘર તક', 'કપાસ કા ફૂલ' એ ટૂંકી વાર્તાઓના સંગ્રહો છે. 'તેહઝીબોફન' એમનો નિબંધસંગ્રહ છે.

ઉર્દૂ ભાષાની આ કૃતિમાં રાજાસાહેબ અને ખ્વાજાસાહેબનાં પાસે પાસે રહેતાં બે ખાનદાનો વચ્ચેની કથા છે. બંનેની પત્નીઓ વચ્ચે સતત ઝઘડો ચાલતો. ક્યારેક બંને કુટુંબો ઘરોબો પણ દર્શાવતાં. રાજાસાહેબ પાસે બ્લેડ ન હોય તો બેગમખ્વાજા બ્લેડ એમના હાથમાં મૂકતાં અને ખ્વાજાસાહેબને ક્યારેક બૂટપૉલિશની જરૂર પડે તો રાજાસાહેબનાં બેગમ એ એમની શોધી આપતાં. આમ સંપ-કુસંપની ચઢઊતર બંને ખાનદાનોમાં નિરંતર ચાલ્યા કરતી. ક્ષણવાર પહેલાં ઝઘડેલાં આ ખાનદાનો આમ હળીમળી જતાં એ જોઈ પાડોશીઓને પણ આશ્ચર્ય થતું. દડો ફેંકાયાની એક ઘટનામાંથી બેગમોએ એકબીજાના દીકરાઓ મરે એવી ભયાનક કામનાઓ પણ પ્રગટ કરી હતી. એવામાં એક દિવસ બેગમરાજાનો દીકરો બેગમખ્વાજાના દીકરાની જાંઘમાં પેન્સિલ ઘોંચી દે છે. આ ઘા બેગમરાજા જોઈ-સહી શકતી નથી. એ પોતાના દીકરાને બેસુમાર મારે છે. એને ડામ આપવા પોતાના ઘરમાંથી સળગતું લાકડું લાવે છે ત્યારે બેગમખ્વાજા એના હાથમાંથી એ લાકડું છીનવી લે છે. બેગમરાજા બેગમખ્વાજાના દીકરાને છાતીએ વળગાડી રડવા લાગે છે. આસપાસનાં બધાં આ દૃશ્ય જોઈ મલકી ઊઠે છે અને ત્યારે બેગમો પણ 'આપણેય તે કેવી મૂરખીઓ !' કહી હસી ઊઠે છે.

આ વાર્તામાં માતૃત્વની હોડ છે. સાચી માતા માત્ર પોતાના બાળકને જ નહીં, પણ અન્યના બાળકને પણ પોતાનું જ ગણે છે. અહીં સ્ત્રી ઉપર માતાનો, સ્ત્રીત્વ ઉપર માતૃત્વનો વિજય બતાવવામાં આવ્યો છે. 'મા તે મા' કહેવત પણ અહીં સાર્થક થતી લાગે છે.

---

મહોલ્લાનાં લોકોને એવો એક પણ દિવસ યાદ નથી કે જ્યારે રાજાસાહેબ અને ખ્વાજાસાહેબનાં ઘરવાળાંની વચ્ચે ચકમક ન ઝરી હોય. જે દિવસે ચકમક ન જામે કે સહેજ વિલંબ થાય તે દિવસે વહેમી લોકો બીકનાં માર્યાં આકાશ તરફ જોવા લાગતાં. આકાશ ક્યાંક તૂટી તો નહિ પડે ને ? બંને બેગમોની વચ્ચે ખરેખર એવું જ હતું.

રાજાસાહેબ અને ખ્વાજાસાહેબનાં ઘર આમ તો અડોઅડ હતાં. એકની દીવાલ પર ખીલી ઠોકાતી ત્યારે બીજાની દીવાલ પરનું પ્લાસ્ટર ખરવા માંડતું. એક દિવસ તો આ કારણે જ બીજી વાર ઝઘડો થયો. રિવાજ પ્રમાણેનો ઝઘડો તો બપોરે જ પતી ગયો હતો. પણ તે દિવસે સાંજે ધરતીકંપનો હળવો આંચકો લાગ્યો. બેગમરાજાને એવું લાગ્યું કે બેગમખ્વાજાએ પોતાના ઓરડામાં પલંગ ખસેડ્યો. એટલે એણે દોડીને, બારીમાંથી અડધું અંગ બહાર કાઢીને જોયું. પછી બેગમખ્વાજાને એવું-એવું સંભળાવ્યું કે પેલી બિચારી ધરતીકંપની વાત જ ભૂલી ગઈ. પછી એમના પતિદેવોએ એમને કહ્યું કે હવે કુરાનની આયાત પઢો. ધરતીકંપ થવાનો છે. ત્યારે જ બેગમરાજાને સાચી વાતનો ખ્યાલ આવ્યો અને ત્યારે એ ત્યાં ઢગલો થઈને બેસી ગઈ. એણે એવું સાંભળેલું કે ધરતીકંપ થાય ત્યારે જો કોઈ ગબડી પડે તો એને વાઈનું દરદ થઈ આવે. એ વખતે બેગમખ્વાજાએ એના તરફ તિરસ્કારથી જોયું.

ન તો રાજાસાહેબની લાજ બેગમખ્વાજા કાઢતી કે ન તો ખ્વાજાસાહેબની લાજ બેગમરાજા કાઢતી. અરે ઘણી વાર તો એવું પણ બનતું કે રાજાસાહેબ હજામત કરવા બેઠા હોય ત્યારે જ ખ્યાલ આવે કે બ્લેડ નથી. એટલે બારીએ જઈને બૂમ મારે : ''ખ્વાજાસાહેબ, એક બ્લેડ તો આપો, ભલા માણસ !'' અને એ બ્લેડ બેગમખ્વાજાએ રાજાસાહેબના હાથમાં મૂકી હોય, એમ પણ બનતું. એવી જ રીતે ઘણી વાર ખ્વાજાસાહેબને પણ બૂટપૉલિશની કે ગરમ પાણીની જરૂર પડી હોય અને એમણે રાજાસાહેબને બૂમ મારી હોય ત્યારે ખુદ બેગમરાજાએ જ એ વસ્તુઓ ખ્વાજાસાહેબના હાથમાં લાવીને મૂકી હોય. આવો ઘરોબો આ બંને કુટુંબો વચ્ચે હતો. છતાં આ બંને સ્ત્રીઓ પોતપોતાના પતિદેવોની હાજરીમાં પણ એવું ઝઘડતી કે... ''મારે તને મારી આંખ સામે વિધવા થતી જોવી છે'' ત્યાં સુધી વાત પહોંચી જતી. પણ તે પછી તરત જ રાજાસાહેબ બારીએ આવીને ટહુકો કરતા : ''કેમ છો ખ્વાજાસાહેબ ફરવા જશું ને ?'' અને ખ્વાજાસાહેબ કોઈક ભળતા જ ઓરડામાંથી હોંકારો આપતા : 'હા, હા, જરૂર જઈએ, આ આવ્યો !'

અને જે મહોલ્લાવાસીઓએ થોડીવાર પહેલાં જ બંનેની બેગમો વચ્ચે થતી ગાળાગાળી સાંભળી હોય તેઓ

આ દૃશ્ય જોઈને દંગ થઈ જતા કે રાજાસાહેબ અને ખ્વાજાસાહેબ હાથમાં હાથ પરોવીને ખડખડાટ હસતા હસતા થઈ રહ્યા છે.

રાજાસાહેબ અને ખ્વાજાસાહેબ માટે એમની બેગમો વચ્ચે થતી લડાઈ એક સામાન્ય બાબત બની ચૂકી હતી. જેમ કોઈ વસ્તુ ખરીદતી વખતે દુકાનદાર પાસેથી આપણે બીજી કોઈ અપેક્ષા નથી રાખતા તેમ આ બંને બેગમોના ઝઘડામાં પણ દખલ કરવાનું એમને નિરર્થક લાગતું હતું.

એકવાર એક વડીલે બંનેને રસ્તા વચ્ચે ઊભા રાખીને કહ્યું હતું : ''તમે બંને તો સમજુ છો પણ તમારાં ઘરવાળાંઓને કાંક કો'ને, આખો મહોલ્લો વગોવાય છે.''

ત્યારે રાજાસાહેબે અત્યંત વિનયપૂર્વક એ વડીલને કહ્યું હતું : ''આ તો સ્ત્રી-સ્ત્રી વચ્ચેની તકરાર છે, વડીલ ! આપણે એમાં માથું ન મારીએ એ જ બસ. પણ તમે તમારાં પત્નીને મોકલીને એમને સમજાવી શકતા હો તો અમને વાંધો નથી, નહિતર આવું તો ચાલ્યા જ કરે. ભેગાં મૂકેલાં વાસણો ખખડેય ખરાં. આ તો ભાઈસાબ બે જીવતી-જાગતી સ્ત્રીઓ છે.'' ત્યાં ખ્વાજાસાહેબે ટાપશી પૂરતાં કહ્યું : ''જીવતી-જાગતી ને પાછી બોલતી-ચાલતી.'' અને બંને હસી પડ્યા. વડીલ પણ ચાલતા થઈ ગયા.

બંને બેગમો ઝઘડતી ત્યારે આક્ષેપો ઓછા ને અભિશાપો વધુ રહેતા. કદાચ એ કારણે જ મહોલ્લાવાસીઓને બહુ મજા નો'તી આવતી. પુરુષો તો પહેલેથી જ આમાં રસ નહોતા લેતા પણ સ્ત્રીઓ તો બેગમરાજા કે બેગમખ્વાજાનો બોલ સાંભળતાં જ હડી કાઢીને પોતપોતાના ઘરની અગાસીઓ પર પહોંચી જતી, કાં તો બારીની બહાર અડધું અંગ કાઢીને જોવા લાગતી પણ જેવો ઝઘડો પૂરો થતો કે તરત નિરાશ ચહેરે પાછી આવતી - આજે જામી નહીં એમ કહેતી.

બેગમરાજાએ બેગમખ્વાજાના કોઈ ઓળખીતા વિશે કંઈ કહ્યું નહીં. છતાં બેગમખ્વાજાએ તો બેગમરાજા વિશે એમ કહ્યું કે તું તો લગ્ન પહેલાંથી જ એવી હતી. એટલા માટે પણ સ્ત્રીઓને આ ઝઘડો પરાણે સાંભળવો પડતો હતો. જેમ કોઈ માંદા માણસને મીઠાં-મરચાં વિનાની રસોઈ ખાવી પડે તેમ.

આ ઝઘડો જેમ અકારણ શરૂ થતો તેમ અકારણ બંધ પણ થઈ જતો. જેમકે એક દહાડે બેગમરાજાના દીકરાનો દડો બારીમાંથી ઊછળીને સીધો બેગમખ્વાજાની ડોલમાં જઈને પડ્યો. એટલે તરત જ એણે ફૂંફાડો માર્યો કે તેં જાણી જોઈને જ દડો ભીનો કર્યો. જેથી ભીનો દડો માટીમાં પડે એટલે માટીવાળો થાય એટલે કપડાં બગડે એટલે ધોવાં પડે. ધોવા માટે સાબુ જોઈએ. સાબુ માટે ખરચ કરવો પડે... તે વખત બગડે તે નફામાં.

બીજી બાજુ બેગમખ્વાજાને પાકો વહેમ છે કે દડો ખુદ બેગમરાજાએ જ ફેંક્યો હશે. કેમકે નળ બંધ થઈ ગયા છે. એટલે હવે પીવાના પાણી માટે પણ ભિસ્તીને કહેવામાં આવે તો એક મશક પાણીના પૂરા બે આના લેશે !

પછી તો વાત વધતાંવધતાં આ હદે વધી જતી હતી -

''ભગવાન કરે ને તારો દીકરો મરે !''

''મારો દીકરો તો ભગવાને આપ્યો છે પણ ભગવાન તારા દીકરાને મારે, જેથી હું મારી સગી આંખે તને તારું માથું કૂટતાં જોઉં !''

''ક્યારેક હું બારીમાંથી કૂદકો મારીને આવીશ ને તારી જીભ પર આગ મૂકી દઈશ.''

''એ પહેલાં હું તારો ટાંટિયો જ નહિ ભાંગી નાખું?''

''ટાંટિયો ભાંગે તારો ને તારાં થનારાંનો !''

આમ, બંને એકમેકને ઘૂરકતી, ગાળો દેતી, પછી પોતપોતાનાં કામમાં લાગી જતી.

ઝઘડાની શરૂઆત સામાન્ય રીતે તો બેગમખ્વાજા જ કરતી. બેગમરાજાનો વાંક એટલો જ કે એ જાણે આની શરૂઆત થાય તેની જ વાટ જોઈને ન બેઠી હોય !

પણ એક દિવસ એક વિચિત્ર ઘટના બની. બેગમખ્વાજા લાલ આંખ કરીને બારીએ આવી ને કહેવા લાગી-
''એય બેગમ, આમ સામે તો આવ.''

બેગમરાજા સાંભળતાંવેંત આવીને ઝઘડાની શરૂઆત કરવામાં જ હતી. ત્યાં બેગમખ્વાજાએ એને કહ્યું :

''આજે તો તારા લાડકાએ મારા દીકરાની જાંઘમાં પેન્સિલ ઘોંચી દીધી. એની જાંઘમાં ચીરો પડી ગયો છે. એ બિચારો રડી રડીને અધમૂઓ થઈ ગયો છે. હવે હું તારા દીકરાને એના પેટમાં ચપ્પુ મારી દઉં તો ?''

''તો તો હું તારું ક્લેજું જ ખાઈ જઉં ને !'' બેગમરાજાએ પણ વળતો ઘા કર્યો.

''ગજબ કર્યો બાઈ ! કહું છું તારા દીકરાએ ઘાયલ કર્યો મારા દીકરાને ને ન્યાય તો જુઓ. કહે છે તારું કલેજું ખાઈ જાઉં !''

‘‘અરે તું મારા દીકરાના પેટમાં ચાકુ મારે ને હું તારું કલેજું ન ખાઈ જાઉં તો શું તને પોંખું ?’’ બેગમરાજાએ કહ્યું, પણ પછી જરા નરમ થઈને કહે : ‘‘પણ તારો લાલ છે ક્યાં ? જરા જોઉં તો ખરી. ખરેખર જ એને વાગ્યું છે કે તું અમથીઅમથી બકબક કર્યા કરે છે ?’’

બેગમખ્વાજા અંદર જઈને પોતાના દીકરાને લઈ આવી ને બારી પર બેસાડ્યો. પછી એની જાંઘ પરથી પાયજામો ઊંચો કરીને બતાવ્યું : ‘‘લે જોઈ લે. સગી આંખે, તારા દીકરાનાં પરાક્રમ !’’

બેગમરાજા એકદમ બારીની નજીક આવી - ‘‘લાવ, જરા જોઉં તો ખરી !’’

અને કોણ જાણે શું થયું તે એ એકદમ ડઘાઈ ગઈ. થોડીક ક્ષણો તો એ ત્યાં જ જડાઈ ગઈ. પછી અણીદાર પેન્સિલથી જે ભાગની ચામડી છોલાઈ ગયેલી હતી ત્યાં પોતાની આંગળી મૂકીને જોઈ જોયું. ત્યાં લોહીનું ચકામું પડી ગયું હતું. છોકરો રાડ પાડી ઊઠ્યો. એટલે બેગમરાજાએ બેગમખ્વાજાના દીકરાને ઊંચકી લીધો. પોતાની કેડ પર બેસાડીને એને પંપાળવામાં લાગી. પછી રડતી-રડતી કહેવા લાગી : ‘‘આગ લાગે એ હાથોને જેણે તારી જાંઘ છોલી નાખી છે, આવવા દે કેસરને, તારી નજર સામે જ એને ઢીબી નાખું. એયે ખો ભૂલી જાય !’’ એમ કહીને એ બેગમખ્વાજાના દીકરાનાં આંસુ લૂછવા લાગી. એને બચીઓ ભરવા લાગી. ‘‘તું સો વરસનો થજે બેટા. સરસ મજાની વહુ લાવજે. હું તો બંદગી કરું છું કે ખ્વાજાખિઝર તને સુખી રાખે. બસ. આ એક તારી મા મરી જાય !’’

એટલું કહીને એણે બેગમખ્વાજા તરફ જોયું. તો એ પણ ત્યાં ઊભી ઊભી પોતાનાં આંસુ લૂછી રહી હતી. ને પોતાના મરવાની વાત સાંભળીને રડતાં-રડતાં હસતી પણ હતી.

એટલામાં બેગમરાજાનો દીકરો આવી પહોંચ્યો. એને જોતાં જ બેગમરાજા એની ઉપર તૂટી પડી. ચારપાંચ લાતો ચોડી દીધી. છોકરો બિચારો રાડારાડ કરવા લાગ્યો. રસોડામાં જઈને લાકડું લઈ આવી ને કહેવા લાગી - ‘‘તેં આને જખ્મી કર્યો ? હું તને એવા જ ડામ મૂકું છું. એટલે તને ખબર પડે કે બીજાનાં શરીરમાંયે જીવ હોય છે !’’

બેગમરાજાનો દીકરો તો માનો આ ગુસ્સો જોઈને અને હાથમાં ઊંબાડિયું જોઈને એકદમ અવાચક થઈ ગયો અને પેલી બાજુથી બેગમખ્વાજાએ પણ બૂમ મારી : ‘‘રહેવા દે, કહું છું, ઊંબાડિયું મૂકી દે. નહિતર મારા જેવી ભૂંડી કોઈ નથી !’’

‘‘કેમ ?’’ બેગમરાજાને બેગમખ્વાજાની આ દખલગીરી ખૂંચી. ‘‘તું કોણ મને રોકવાવાળી ? હું એને સજા કરીશ.’’ અને પોતાના દીકરા પાસે જઈને એને કહ્યું - ‘‘બોલ, મારીશ હવે કોઈને ?’’ અને પેલો કંઈ જવાબ આપે તે પહેલાં તો ઊંબાડિયું ફટકારી દીધું.

બેગમખ્વાજા બારીમાંથી કૂદકો મારીને દોડી આવી. બેગમરાજાના રાડારાડ કરતા છોકરાને છાતીએ વળગાડીને કહેવા લાગી - ‘‘થઈ શું ગયું એટલામાં ? પેન્સિલ જ વાગી છે ને... જરા અમથી.’’

‘‘જરા અમથી ?’’ બેગમરાજાએ બેગમખ્વાજાના દીકરાનો પાયજામો ઊંચો કરી બતાવ્યું : ‘‘આ જરા અમથું છે ?’’ અને એ ફરી પાછી રડવા લાગી. બાળકને પંપાળવા લાગી. છાતીએ ચાંપીને ચૂમવા લાગી.

ત્યારે જ આસપાસ ઊભેલી સ્ત્રીઓને ખ્યાલ આવ્યો કે આ બંને જણીઓ તો એકમેકના દીકરાને છાતીએ વળગાડીને રડી રહી છે. પછી એ બંનેને પણ ખ્યાલ આવી ગયો. એટલે હસી પડી. ત્યાં બેગમખ્વાજાએ કહ્યું : ‘‘હાય હાય, અલી, આપણેય તે કેવી મૂરખીઓ !’’

‘‘મૂરખી હશે તું !’’ બેગમરાજાએ કહ્યું. પછી એ હસવા લાગી.

બેગમખ્વાજાએ પણ એમાં પોતાનો સૂર પુરાવ્યો.

પછી બંનેએ અચાનક હસવાનું બંધ કર્યું, કેમકે પોતાની માને હસતી જોઈને બંને બાળકો પણ ખિલખિલાટ હસતાં હતાં.

**(અનુવાદ : મોહન દાંડીકર)**

**શબ્દ-સમજૂતી**

**ચકમક ઝરવી** કજિયો થવો **આયાત** કુરાનનાં વાક્યો **ઢગલો થવું** હતાશ થઈ જવું, સાવ ઢીલા પડી જવું **વાઈ** ફેકરું (અં.) હિસ્ટીરિયા **વગોવવું** નિંદા કરવી **અભિશાપ** શાપ **હડી કાઢવી** દોડવું **આનો** જૂનું નાણું, એક રૂપિયાનો સોળમો ભાગ, આજના છ પૈસા જેટલા **અધમૂઉં** અડધું મરેલું **ખ્વાજાખિઝર** ફરિશ્તા **ઊંબાડિયું** ખોયણું, બળતું લાકડું

●●●